## જ્ઞાનયોગી શ્રીમદ્ રાજચંદ્રજી વિશેષાંક

RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 4 • ISSUE : 12 • MARCH 2017 • PAGES 116 • PRICE 20/-

ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૪ (કુલ વર્ષ-૬૫) અંક-૧૨ • માર્ચ ૨૦૧૭ • પાનાં ૧૧૬ • કિંમત રૂા. ૨૦/-







## જિન-વચન

**દુ:ખ ભોગવતી વખતે રક્ષણ કરવા કોઈ સમર્થ નથી**

माया पिया ण्हुसा भाया भज्जा पुत्ता य ओरसा।
नालं ते मम ताणाय लुप्पंतस्स सकम्मुणा ।।
(ઉ. ૬-૩)

માતા, પિતા, પુત્રવધૂઓ, ભાઈઓ, ભાર્યા અને પુત્રો-એ બધાં મારાં કર્માનું દુ:ખ ભોગવતી વખતે મારું રક્ષણ કરવાને સમર્થ નથી.

Mother, father, daughters-in-law, brothers, wife and sons will not be able to give any protection when I am suffering for my own evil deeds.

ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન' માંથી

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુન: પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૭ માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૫મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૪.
- કુલ ૬૫મું વર્ષ.
- ૨૦૦૮ ઑગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબસાઈટ ઉપરથી જોઈ-સાંભળી શકશો.
- **'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે તેમ માનવું નહીં.**

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

## પૂર્વ તંત્રી મહાશયો

| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |

## કર્મના ચમત્કાર

હું તમને કેટલીક સામાન્ય વિચિત્રતાઓ કહી જઉં છું; એ ઉપરથી વિચાર કરશો તો તમને પરભવની શ્રદ્ધા દૃઢ થશે.

એક જીવ સુંદર પલંગે પુષ્પશય્યામાં શયન કરે છે, એકને ફાટેલ ગોદડી પણ મળતી નથી. એક ભાત ભાતનાં ભોજનોથી તૃપ્ત રહે છે, એકને કાળી જારના પણ સાંસા પડે છે. એક અગણિત લક્ષ્મીનો ઉપભોગ લે છે, એક ફૂટી બદામ માટે થઈને ઘેર ઘેર ભટકે છે. એક મધુરાં વચનથી મનુષ્યનાં મન હરે છે, એક અવાચક જેવો થઈને રહે છે. એક સુંદર વસ્ત્રાલંકારોથી વિભૂષિત થઈ ફરે છે, એકને ખરા શિયાળામાં ફાટેલું કપડું પણ ઓઢવાને મળતું નથી. એક રોગી છે, એક પ્રબળ છે. એક બુદ્ધિશાળી છે, એક જડભરત છે. એક મનોહર નયનવાળો છે, એક અંધ છે. એક લૂલો છે, એક પાંગળો છે. એક કીર્તિમાન છે, એક અપયશ ભોગવે છે. એક લાખો અનુચરો પર હુકમ ચલાવે છે, એક તેટલાના જ ટુંબા સહન કરે છે. એકને જોઈને આનંદ ઊપજે છે, એકને જોતાં વમન થાય છે. એક સંપૂર્ણ ઈન્દ્રિયવાળો છે, એક અપૂર્ણ છે. એકને દીન દુનિયાનું લેશ ભાન નથી, એકના દુ:ખનો કિનારો પણ નથી.

એક ગર્ભાધાનથી હરાયો, એક જન્મ્યો કે મૂઓ, એક મૂએલો અવતર્યો, એક સો વર્ષનો વૃદ્ધ થઈને મરે છે.

કોઈના મુખ, ભાષા અને સ્થિતિ સરખાં નથી. મૂર્ખ રાજગાદી પર ખમા ખમાથી વધાવાય છે, સમર્થ વિદ્વાનો ધક્કા ખાય છે!

આમ આખા જગતની વિચિત્રતા ભિન્નભિન્ન પ્રકારે તમે જુઓ છો; એ ઉપરથી તમને કંઈ વિચાર આવે છે? મેં કહ્યું છે, છતાં વિચાર આવતો હોય તો કહો તે શા વડે થાય છે?

પોતાનાં બાંધેલાં શુભાશુભ કર્મ વડે. કર્મ વડે આખો સંસાર ભમવો પડે છે. પરભવ નહીં માનનાર પોતે એ વિચાર શા વડે કરે છે? એ વિચારે તો આપણી આ વાત એ પણ માન્ય રાખે.

**-શ્રીમદ્ રાજચંદ્ર**

*પરમ પુરુષ પ્રભુ સદ્ગુરુ પરમ જ્ઞાન સુખધામ;*
*જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ.*

* * *

*દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;*
*તે જ્ઞાનીના ચરણોમાં, હો વંદન અગણિત.*




**આ અંકનું મુખપૃષ્ઠ**

વવાણિયાબંદરમાં શ્રીમદ્ રાજચંદ્રજીનું જૂનું ઘર. ઈ. સ. ૨૦૦૧ના ભૂકંપમાં ક્ષતિગ્રસ્ત થતાં એ સ્થળે નવું જન્મભવન બનાવવામાં આવ્યું છે. આ જ ઘરમાં શ્રીમદ્જીનો જન્મ ૧૫૦ વર્ષ પહેલાં થયો હતો.

# પ્રબુદ્ધ જીવન : જ્ઞાનયોગી શ્રીમદ્ રાજચંદ્રજી વિશેષાંક : સર્જન સૂચિ : માર્ચ ૨૦૧૭


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૦૧. | મન મને મારાથી ઉગાર... (તંત્રીસ્થાનેથી) | ડૉ. સેજલ શાહ | ૫ |
| ૦૨. | આ અંકના વિદ્યાનુરાગી વિદ્વાન ડૉ. અભય દોશી | ડૉ. સેજલ શાહ | ૯ |
| ૦૩. | સંપાદકીય | ડૉ. અભય દોશી | ૧૦ |
| ૦૪. | અપૂર્વ જ્ઞાનયોગી શ્રીમદ્ રાજચંદ્ર | ડૉ. અભય દોશી | ૧૧ |
| ૦૫. | પરમયોગી અધ્યાત્મપુરુષ શ્રીમદ્ રાજચંદ્ર જીવન ઝરમર | ડૉ. માલતી શાહ | ૧૫ |
| ૦૬. | 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'–આત્માનું ઉપનિષદ | પૂજ્ય ગુરુદેવ રાકેશભાઈ | ૨૦ |
| ૦૭. | શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથ: અધ્યાત્મનો વિશ્વકોશ | ડૉ. અતુલભાઈ શાહ | ૩૦ |
| ૦૮. | રાજના હૃદયસખા ભવ્ય શ્રી સૌભાગ | શ્રી વિક્રમભાઈ શાહ | ૪૨ |
| ૦૯. | મુનિ શ્રીમદ્ લઘુરાજસ્વામી (પ્રભુજી) | શ્રી સુરેશ શાહ | ૪૮ |
| ૧૦. | સંતકવિ શ્રીમદ્ રાજચંદ્રજીનાં 'સુબોધ સંગ્રહ'માં નારી ચેતનાને જાગૃત કરતી ગરબીઓ તથા અન્ય પદો | ફાલ્ગુની ઝવેરી | ૫૨ |
| ૧૧. | શ્રીમદ્ રાજચંદ્રના પત્રો અને કાવ્યકૃતિમાં વ્યક્ત થતું આત્મચિંતન | ડૉ. રશ્મિ ભેદા | ૫૯ |
| ૧૨. | યમ, નિયમ, સંયમ કિયો | પ્રા. ડૉ. કોકિલા શાહ | ૬૩ |
| ૧૩. | અમૂલ્ય તત્ત્વવિચાર | આત્માર્પિત દેવાંગભાઈ | ૬૭ |
| ૧૪. | 'પૂર્ણ માલિકા મંગલ' એક અદ્ભૂત રચના | સૂર્યવદન ઝવેરી | ૭૨ |
| ૧૫. | સત્સંગ અને સત્ તત્ત્વ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૭૪ |
| ૧૬. | બે સાધકો: આચાર્ય બુદ્ધિસાગરજી અને શ્રીમદ્ રાજચંદ્રજીના જીવનમાં અધ્યાત્મ | ડૉ. રેણુકા પોરવાલ | ૮૦ |
| ૧૭. | શ્રીમદ્ રાજચંદ્રજી અને જૈન સંતો | ગુણવંત બરવાળિયા | ૮૨ |
| ૧૮. | શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધી: અપૂર્વ વ્યક્તિત્વો, અપૂર્વ સંબંધ અને અપૂર્વ પુસ્તકો | સોનલ પરીખ | ૮૬ |
| ૧૯. | મહોપાધ્યાય યશોવિજયજી કૃત 'સમકિત સડસઠ બોલની સજ્ઝાય' અને શ્રીમદ્ રાજચંદ્રકૃત 'આત્મસિદ્ધિશાસ્ત્ર' સાથે તુલનાત્મક અધ્યયન | ડૉ. ભાનુબહેન જે. સત્રા | ૮૮ |
| ૨૦. | શ્રીમદ્ રાજચંદ્ર અને વેદાંતદર્શન | ડૉ. નરેશ વેદ | ૯૪ |
| ૨૧. | જૈન પરંપરાના પુનરુદ્ધારકો પંડિત સુખલાલજી: વિરલ દાર્શનિક પ્રતિભા | આચાર્ય શ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી મ. સા. | ૯૭ |
| ૨૨. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી | — | ૯૮ |
| ૨૩. | આચાર્ય બુદ્ધિસાગરજીની સાહિત્યિક કૌશલ્યતા | ડૉ. રશ્મિ ભેદા | ૯૯ |
| ૨૩. | જ્ઞાન-સંવાદ | — | ૧૦૧ |
| ૨૪. | શ્રી દત્ત આશ્રમ જનસેવા ટ્રસ્ટમાં ચૅક અર્પણ વિધિ | — | ૧૦૩ |
| ૨૫. | ઉત્તરાધ્યયન સૂત્ર ૧-૨-૩ની પરીક્ષાનું પરિણામ | — | ૧૦૩ |
| ૨૬. | ભાવ -પ્રતિભાવ | — | ૧૦૪ |
| ૨૭. | સર્જન સ્વાગત | | |
| ૨૮. | મોરારજી દેસાઈનો પત્ર શ્રીમદ્ રાજચંદ્રના નામે... | મોરારજી દેસાઈ | ૧૧૬ |


**આ અંકનું સૌજન્ય રૂપિયા ૮૦.૦૦**



*આણે મારા પ્રતિ ઉચિત કર્યું એવું સ્મરણ ન રાખ.*

પ્રબુદ્ધ જીવન

| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| | **ENGLISH SECTION** | | |
| 1. | A Panorama towards Jain conviction...Enthralling the rising Generation! | Prachi Dhanvant Shah | 109 |
| 2. | Enlighten Yourself by Self Study of Jaionlogy Lesson Sixteen `Woman - The Jaina Perspective' | Dr. Kamini Gogri | 111 |
| 3. | Story of Srimad Rajchandraji & Pictorial Story | Dr. Renuka Porwal | 114-115 |



## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત

**આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત, જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદયસ્પર્શી પ્રભાવક વાણીમાં**

**ડી.વી.ડી.**



**।। મહાવીર કથા ।।**
**બે ડી.વી.ડી. સેટ**

ભગવાન મહાવીરના જીવનનાં રહસ્યોને પ્રગટ કરતી, ગણધરવાદની મહાન ઘટનાઓને આલેખતી અને વર્તમાન યુગમાં ભગવાન મહાવીરના ઉપદેશોની મહત્તા દર્શાવતી સંગીત-સભર '**મહાવીરકથા**'. કિંમત રૂા.



**।। ગૌતમ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમ-સ્વામીના પૂર્વજીવનનો ઇતિહાસ આપીને એમના ભવ્ય આધ્યાત્મિક પરિવર્તનનો ખ્યાલ આપતી, અજોડ ગુરુભક્તિ અને અનુપમ લઘુતા પ્રગટાવતી રસસભર '**ગૌતમકથા**'. કિંમત રૂા. ૧૫૦



**।। ઋષભ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

રાજા ઋષભના જીવનચરિત્ર અને ત્યાગી ઋષભનાં કથાનકોને આવરી લેતું જૈનધર્મના આદિ તીર્થંકર ભગવાન શ્રી ઋષભ-દેવનું ચરિત્ર અને ચક્રવર્તી ભરતદેવ અને બાહુબલિનું રોમાંચક કથાનક ધરાવતી અનોખી '**ઋષભ કથા**'



**।। નેમ-રાજુલ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

નેમનાથની જાન, પશુઓનો ચિત્કાર, રથિ નેમીને રાજુલનો વૈરાગ્ય ઉદ્‌બોધ અને નેમ-રાજુલના વિરહ અને ત્યાગથી તપ સુધી વિસ્તરતી હૃદયસ્પર્શી કથા. કિંમત રૂા. ૧૫૦



**પાર્શ્વ-પદ્માવતી કથા**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

પાર્શ્વનાથ ભગવાનના દસ પૂર્વભવોનો મર્મ. ભગવાનનું જીવન અને ચ્યવન કલ્યાણક. શંખેશ્વર તીર્થની સ્થાપના. પદ્માવતી ઉપાસના. આત્મ-સ્પર્શી કથા. કિંમત રૂા. ૧૫૦

**।। શ્રી હેમચંદ્રાચાર્ય કથા ।।**
**ત્રણ ડીવીડીનો સેટ**



કલિકાલ સર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રનું નામ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. તેઓ એક મહાન ગુરુ, સમાજ-સુધારક, ધર્માચાર્ય અને અદ્ભુત પ્રતિભા હતા. તેમણે સાહિત્ય, દર્શન, યોગ, વ્યાકરણ, કાવ્યશાસ્ત્ર અને વાઙ્મયનાં દરેક અંગો પર નવા સાહિત્યની રચના કરી તથા નવા પંથકોને આલોકિત કર્યા. તેમના જીવન અને કવન વિશે વધુ જાણો ડીવીડી દ્વારા...
ત્રણ ડીવીડી કિંમત રૂા.૧૫૦

**।। શ્રીમદ્ રાજચંદ્ર કથા ।।**
**ત્રણ ડીવીડીનો સેટ**



ગાંધીજીના આધ્યાત્મ ગુરુ શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ દેવદિવાળીના દિવસે મોરબી પાસેનાં વવાણિયા ગામે થયો હતો.તેઓ નાનપણમાં 'લક્ષ્મીનંદન', પછીથી રાયચંદ અનેત્યારબાદ શ્રીમદ્ રાજચંદ્ર તરીકે પ્રસિદ્ધ થયા. કહેવાય છે કે તેમને સાત વર્ષની વયે પૂર્વ જન્મનું જ્ઞાન થયું હતું. આઠ વર્ષની ઉંમરે કવિતા લખવાનો આરંભ કર્યો હતો. વધુ જાણો આ ડીવીડી દ્વારા.ત્રણ ડીવીડી કિંમત રૂા.૨૦૦

**એક ડીવીડીના ચાર સેટ સાથે લેનારને ૨૦% ડિસ્કાઉન્ટ**

**ઘરે બેઠાં દીવાનખાનામાં ધર્મતત્ત્વ કથાશ્રવણનો દૃશ્ય લાભ**
**કુમારપાળ દેસાઈની સંગીતને સથવારે ભાવભરી પ્રભાવક વાણી દ્વારા વહેતી આ કથાઓ આપને દિવ્ય જ્ઞાનભૂમિનું આત્મસ્પર્શી દર્શન કરાવશે જ.**
**સમૂહમાં સ્વાધ્યાય અને શ્રવણનો દિવ્ય આનંદ મેળવી સામાયિકનું પુણ્ય પ્રાપ્ત કરો. ● વસ્તુ કરતાં વિચારદાન શ્રેષ્ઠ છે.**

**ધર્મ પ્રચાર અને પ્રભાવના માટે કુલ ૭૫ ડીવીડી – પ્રત્યેક કથાના ૨૫ સેટ – લેનારને ૫૦ % ડિસ્કાઉન્ટ**

● બૅંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રાર્થના સમાજ બ્રાંચ, A/c. No. 0039201 000 20260 IFSC : BKID 0000039 માં રકમ ભરી ઑર્ડરની વિગત સાથે અમને સ્લીપ મોકલો એટલે ડી.વી.ડી. આપને ઘરે કુરિયરથી રવાના કરાશે.રવાનગી ખર્ચ અલગ

ઉપરની **ડી.વી.ડી. સંઘની ઑફિસ** શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪માં મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬.




*આણે મારા પ્રતિ અનુચિત કર્યું એવું સંભારતા ન શીખ.*







Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453 ISSN 2454–7697

• 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૪ (કુલ વર્ષ ૬૫) • અંક : ૧૨ • માર્ચ ૨૦૧૭ • વિક્રમ સંવત ૨૦૭૩ • વીર સંવત ૨૫૪૩ • ફાગણ વદ તિથિ-૪ •

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

## જ્ઞાનયોગી શ્રીમદ્ રાજચંદ્રજી વિશેષાંક

● ● વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- ● ●     ● ● છૂટક નકલ રૂા. ૨૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. સેજલ શાહ

આ અંકના વિદ્વાન સંપાદક :

ડૉ. અભય દોશી

## મન મને મારાથી ઉગાર,

## શ્રીમદ્‌ના શબ્દે શબ્દે, આત્માને ઉગાર

### તંત્રી સ્થાનેથી...✍

**રાગ, વિરાગ, મુક્તિ-મોક્ષ, અપાર અવસ્થાઓની માયાજાળ**
**ક્ષણમાં જીવું છું, ક્ષણમાં બધું વેરાન છે;**
**'છે અને નથી'ની ભ્રમણાઓ અનંત છે,**
**ત્યાં તમારા શબ્દોનો તરાપો આવીને**
**મને દોરે છે,**
**અનંત રહસ્ય સુધી પહોંચેલી તમારી**
**અવસ્થાના અંશને હું પામી શકું તેમ**
**નથી,**
**મારી ભૌતિક આંખોથી હું તમારા**
**એ વીતરાગી રૂપને જોઉં છું, આકારીત શબ્દોના માધ્યમથી હું એ**
**રહસ્યના ઊંડાણને પામવા મથું છું,**
**મારી અવસ્થા રજકણ સમાન છે,**
**પણ એ અવસ્થાને જો હું તમારા શબ્દોથી ઉગારી શકું તો કેવું સારું !**

* * *

આ અંકના સૌજન્ય દાતા

**શ્રીમતી નિલમબેન બિપીનચંદ્ર**
**કાનજીભાઈ જૈન પરિવાર**

પ્રબુદ્ધ વાચકો, છેલ્લા કેટલાય મહિનાઓથી આપણો મનોમંથનરૂપી સંવાદ અવિરત ચાલુ છે, પણ સદ્‌ગુરુ વિના સઘળાં મારગ સૂનાં...સામે પ્રકાશ હોય પણ આંખ પરથી પાટા ઉતારનાર ગુરુ વગર કોણ ચેતવે ? સામે જ દરિયો હોય પણ આંગળી ઝાલનાર ગુરુ વગર કોણ તારે ? આંખ ચોળીનો ચારે તરફ પટપટાવીને જોઉં છું, મુશળધાર અંધારું છે, છેદવા માટે હાથ હવામાં વીંઝી રહી છું. એ મૂંઝવણની વચ્ચે ક્યાંકથી કેટલાંક ગ્રંથો, કેટલીક વાતોના ઝીણા સૂર સંભળાય છે. ૨૦મી અને ૨૧મી સદીના આકરા વાતાવરણમાં, એક શાતાદાયી, અલૌકિક, પરમ સત્યભણી લઈ જતો અવાજ એટલે શ્રીમદ્ રાજચંદ્ર. જિનવચનોને

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬
● ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. No. 0039201 000 20260.
● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990



એક ભવના થોડા સુખ માટે અનંત ભવનું અનંત દુઃખ નહીં વધારવાનો પ્રયત્ન સત્પુરુષો કરે છે.

સાર્થક કરી, વીતરાગ વચનોને સિદ્ધ કરી, એની પ્રતીતિ કરાવનાર શ્રીમદ્ રાજચંદ્રના જન્મને ૧૫૦ વર્ષ થયા. એ નિમિત્તે આ વિશેષાંક.

૩૪ વર્ષના ટૂંકા શ્રીમદ્ તરીકેના આયુષ્યકાળ દરમ્યાન વિશાળ વાંચન, મનનના પરિણામે મોટી સંખ્યામાં સાહિત્ય સર્જન કર્યું. કવિ, વિચારક, મીમાંસક, યોગી અને એવા કેટકેટલાય તેમના રૂપો જોઈ આશ્ચર્ય ન અનુભવાય તો જ નવાઈ! વવાણીયાના નાનકડા તાલુકાથી આ નામ વિશ્વકક્ષાએ પ્રચલિત થયું, વૈશ્વિક બૌદ્ધિકો એમનાથી પ્રભાવિત થયા. જેના વિશે મારે ભાગ્યે જ કશું આપને જણાવવાનું હોય, કારણ એ વાત બહુ જ પ્રચલિત છે.

ગૂઢ વિષયોને સરળ અર્થમાં માત્ર સમજાવીને નહીં પરંતુ પોતે જે આત્મસાત્ કર્યું તેના અનુભવને બળે, શક્યતમ સમજ આપી, સોળ વર્ષની નાની વયમાં, 'મોક્ષમાળા' જેવું વિશેષ વિષયનું શાસ્ત્રોક્ત વિવેચન કરતું ૧૦૮ પાઠના પુસ્તકનું સર્જન માત્ર ત્રણ દિવસમાં કર્યું. બે સીમા સ્તંભ સમાન કાર્ય 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' અને 'અપૂર્વ અવસર', એકમાં તત્ત્વજ્ઞાનની અપાર મીમાંસા અને બીજાનાં અંતરભાવોનું પદ્યમાં નિરૂપણ. આ બંને કાર્યમાં શ્રીમદ્‌ની ગહનતા અને વિસ્તારની સમજ વાચકને મળે છે. બીજી તરફ એમના પત્રસાહિત્ય અને ડાયરીમાં આત્માર્થના માર્ગનું ચિંતન મળે છે. તેઓ કહે છે **'સર્વ કલેશથી અને સર્વ દુ:ખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે. વિચાર વિના આત્મજ્ઞાન થાય નહીં, અને અસત્સંગ તથા અસત્પ્રસંગથી જીવનું વિચારબળ પ્રવર્તતું નથી.'** આત્મજ્ઞાનની મહત્તા અધ્યાત્મ ગુરુ જણાવે છે, જ્યાં સુધી વૈચારિક નિર્મળતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી કઈ રીતે જીવ આત્મસમાધિની સ્થિતિ પ્રાપ્ત કરી શકે? શ્રીમદ્ આત્માને જાણીને આત્મસમાધિની અંતિમ અવસ્થા સુધી પહોંચવા માટેની આવશ્યકતા જુદા જુદા સંદર્ભે વર્ણવી છે. એક તરફ તેઓ આત્માના રૂપને સ્પષ્ટ કરતાં જાય છે તો બીજી તરફ એ આત્માને યોગ્ય માર્ગે વાળવા માટે અને આત્મવિક્ષેપથી સ્થિર થવાનો માર્ગ પણ સૂચવે છે. વેદાંત સિદ્ધાંત અને જિનના આગમ સિદ્ધાંતમાં રહેલાં ભેદને સ્પષ્ટ કરી આપે છે. તીર્થંકરની વાણીને પ્રત્યક્ષ કરી આપવાનું કાર્ય એમણે કર્યું છે. આવનારા થોડાં વર્ષો પછી આ સમગ્ર ઘટના કોઈને ચમત્કાર જ લાગે કે આટલી નાની ઉંમરમાં કઈ રીતે આટલી ગહનતાને તેઓ પામ્યા હશે? તેમને સતત સજાગતાનું આજીવન વરદાન મળ્યું હશે? પરંતુ કેટલીક અકલ્પનીય ઘટનાઓ પૈકી આ એક ઘટના છે. જ્યારે સંદેહની શક્યતાઓ નિર્માણ થાય ત્યારે આવા વાસ્તવિક ચમત્કારો દ્વારા જ એ સિદ્ધ થાય છે.

શ્રીમદ્‌ના બોધવચનો કણેકણને પુલકિત કરે છે. આ વચનો જિનતત્ત્વ પ્રત્યેના વિશેષ રૂપે છે. સામાયિક અને પ્રતિક્રમણના અર્થ અંગેની સમજ સ્પષ્ટ કરી છે. બત્રીષ દોષથી રહિત સામાયિક કરવી જોઈએ. સામાયિકમાં જીવની એકાગ્રતા સાધવાની છે, સમય અભ્યાસમાં કેળવવો, મૂળ તો એમણે સામાયિકના અર્થ સુધી પહોંચવાની વાત કરી છે, એ જ રીતે પ્રતિક્રમણમાં પણ દોષનું સ્મરણ કરીને પશ્ચાતાપ સુધી પહોંચવાની વાત કરી છે. આત્મા મન, વચન અને કાયાના યોગથી જે અનેક પ્રકારના કર્મ બાંધે છે, તે કર્મથી મુકત થવાની આ ક્રિયા છે. શુદ્ધ ભાવ વડે કરેલા પશ્ચાતાપથી આત્મા કોમળ બને છે, **ત્યાગવા યોગ્ય વસ્તુનો વિવેક આવે છે.** આ વિચાર જ કેટલો અદ્‌ભુત છે, ત્યાગવા યોગ્ય વસ્તુનો વિવેક આવવો. જે વસ્તુ ત્યાગવાની છે એની ખબર હોવી અને એ અંગેની સમજણ હોવી એમાં ભિન્નતા છે, કારણ સમજણ લાંબા ગાળા સુધી ટકે છે. કર્મ નિર્જરાના આ અતિ ઉત્તમ માર્ગની જાગૃતિ અને એની સાધના આત્મા કલ્યાણ ભણી લઈ જશે. ધર્મના મર્મને ખોલીને એના પ્રકાશને પાથરવાનો પ્રયાસ એમના લખાણમાં જોવા મળે છે. ચિંતન કણિકાઓ, વિચાર કણિકાઓમાં મનુષ્યે શું કરવું અને ન કરવું, એ અંગેની સમજ કોતરી આપી છે. એક તરફ તત્ત્વ અને બીજી તરફ પદ્યનો ઉપયોગ, એ એમની બીજી લાક્ષણિકતા છે.

તા. ૧લી એપ્રિલ ૨૦૧૬ થી પરદેશ માટેના લવાજમના દર નીચે પ્રમાણે છે.

**૧ વર્ષના લવાજમના $ 30 ● ૩ વર્ષના લવાજમના $ 80 ● ૫ વર્ષના લવાજમના $ 100 ● ૧૦ વર્ષના લવાજમના $ 200/-**

વાર્ષિક લવાજમ આપશ્રી **$ (ડોલર)** માં મોકલાવો તો **$ પાંચ બેંક ચાર્જીસ** ઉમેરીને મોકલશો.

તા. ૧લી એપ્રિલ ૨૦૧૭થી ભારત માટેના લવાજમના દર નીચે પ્રમાણે રહેશે.

**ભારતમાં વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ રૂા. ૭૫૦ ● પાંચ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫૦ ● દસ વર્ષનું લવાજમ રૂા. ૨૫૦૦**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c No. : બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c No. 003920100020260.

**જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ,**
**કોઈ કોઈ પલટે નહીં, છોડી આપ સ્વભાવ.**
**જડ તે જડ ત્રણ કાળમાં, ચેતન ચેતન તેમ,**
**પ્રગટ અનુભવરૂપ છે, સંશય તેમાં કેમ?**

જગતની પરિસ્થિતિને પોતાના સ્થિર, કેન્દ્રિત ચિત્ત વડે સમજીને પામી છે, ભક્તિ ભાવમાં શુદ્ધતા અને તે માટે જ્ઞાનની આવશ્યકતા છે. બાહ્ય પરિસ્થિતિ બદલવાની બાલિશતા કરનાર આત્માને સમજાવે છે. ચાર અતિ સુંદર શબ્દો સાંભળવા જેવા છે. **વિશાળ બુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા** અને **જિતેન્દ્રિયપણું** આટલા ગુણો, જે આત્મામાં હોય તે તત્ત્વ પામવાનું ઉત્તમ પાત્ર છે. આત્માની મુક્તિ માટેની પાત્રતા કેળવવાની છે. જો એ જ ન કેળવાય તો શું કામનું? જેમ આત્મા દોષ રહિત થવો જોઈએ તેમજ મનુષ્યે માત્ર વીતરાગી દેવની આજ્ઞાના પ્રવર્તક બનવું જોઈએ. એમને જૈન દર્શનમાં ચાલતા વિવિધ મતો વિશે પણ સ્પષ્ટતા કરી છે. જે ધર્મે અનેકાંતની વાત કરી છે, તે ધર્મ આજે મતમાં વિભાજીત થઈ જાય તે વાત યોગ્ય નથી. મતભેદ જો ક્રિયા સંદર્ભે હોય તો તેનાથી મુક્ત થઈ શકાય. શ્રીમદ્‌ના આ વિચારોને આજના સંદર્ભમાં સ્વીકારીને એ માટેનો માર્ગ એમાંથી શોધી શકાય છે.

આ વાતને શ્રીમદ્‌ના શબ્દોમાં જોઈએ તો, 'એકાંતવાદ એ જ જ્ઞાનની અપૂર્ણતાની નિશાની, હે વાદીઓ! મને તમારે માટે દર્શાવે છે, કારણ 'શિખાઉ' કવિઓ કાવ્યમાં જેમ તેમ ખામી દબાવવા 'જ' શબ્દનો ઉપયોગ કરે છે, તેમ, તમે પણ 'જ' એટલે 'નિશ્ચયતા', 'શિખાઉ' જ્ઞાન વડે કહો છો. મારો મહાવીર એમ કોઈ કાળે કહે નહીં, એ જ એની સત્કવિની પેઠે ચમત્કૃતિ છે!!!'

વૈચારિક સ્પષ્ટતા અને જ્ઞાન-અનુભવની દૃઢતાને કારણે આપણી શ્રધ્ધા સહજરૂપે એ તરફ આકર્ષાય છે.

પત્રસાહિત્યની વિશાળતા જોતાં એમણે પોતાના સમયમાં કેટલાંયે વિદ્વાનોથી શંકાઓ ટાળી એમને ખરો માર્ગ દેખાડ્યો. જીવનમાં તપ, જપ, ભક્તિ, ધ્યાન કઈ રીતે કરવા, સંબંધના અર્થો, વાણી વ્યવહારના અર્થો, ગુરુ વચનો, જીવ, સત્ પરમાર્થ, કાળ, પરબ્રહ્મ, પરમાર્થ અને આ યાદી ખૂબ લાંબી કહી શકાય, અનેકાનેક વિષયોની વાત કરી, બને તેટલી શંકાઓનું નિવારણ આપ્યું છે. અહીં માત્ર બોધ નથી પરંતુ સામી વ્યક્તિને ગળે ઉતરે એવી તાર્કિક, સૂત્રાત્મક વાત છે.

અન્ય પ્રત્યેની કરુણા આ ઉપદેશથી ઘડાય છે. 'જેવી દૃષ્ટિ આ આત્મા પ્રત્યે છે, તેવી દૃષ્ટિ જગતના સર્વ આત્માને વિષે છે, જેવો સ્નેહ આ આત્મા પ્રત્યે છે તેવો સ્નેહ સર્વ આત્મા પ્રત્યે વર્તે છે... અને આમ જે જે આ આત્મા માટે ઈચ્છીએ છીએ તે ભાવ સર્વ આત્મા પ્રત્યે ઈચ્છીએ છીએ.' આમ સર્વ પ્રત્યેનો સમભાવ, સમાન વર્તન, વૈશ્વિક સમાજનું નિર્માણ કરવામાં સહાયરૂપ બને છે. શ્રીમદ્‌ના શબ્દો કેળવણી આપે છે.

બીજી તરફ કર્મની સત્તામાંથી કઈ રીતે મુક્ત થઈ શકાય, તે પણ સ્પષ્ટ કર્યું છે.

**જો ચેતન કરતું નથી, નથી થતાં તો કર્મ,**
**તેથી સહજ સ્વભાવ નહીં, તેમજ નહીં જીવ ધર્મ.**

આત્મા જે કર્મ ન કરે તો એનો અર્થ એ નથી કે કર્મ અનાયાસે થાય છે, આત્માનો સ્વાભાવિક ધર્મ છે, પરંતુ જ્યારે આત્મા અન્ય પ્રત્યેના ભાવથી મુક્ત છે, આત્મામાં સંતાપ, ક્રોધ આદિ ભાવ આવતાં નથી. આત્મા જ્યારે શુદ્ધ, ચૈતન્ય સ્વભાવમાં હોય ત્યારે તે જ પોતાના સ્વભાવનો કર્તા છે અને આત્મા જ્યારે સ્વરૂપના ભાનમાં વર્તે નહીં ત્યારે કર્મના પ્રભાવનો કર્તા છે. ટૂંકમાં જે વિચારે સક્રિયતા નિરૂપણ કરી છે, તે વિચારના પરમાર્થને ગ્રહીને સક્રિયતા, અક્રિયતા કહેતાં કશો દોષ નથી.

## શ્રીમદ્‌ની વાણી...

*જ્યાં ત્યાંથી રાગ-દ્વેષ રહિત થવું એ જ મારો ધર્મ છે અને તે તમને અત્યારે બોધી જઉં છું. પરસ્પર મળીશું ત્યારે હવે તમને કંઈપણ આત્મત્વ સાધના બતાવાશે તો બતાવીશ. બાકી ધર્મ મેં ઉપર કહ્યો તે જ છે અને તે જ ઉપયોગ રાખજે. ઉપયોગ એ જ સાધના છે. વિશેષ સાધના તે માત્ર સત્પુરુષના ચરણકમળ છે. તે પણ કહી જઉં છું.*

*આત્મભાવમાં સઘળું રાખજો, ધર્મધ્યાનમાં ઉપયોગ રાખજો, જગતના કોઈપણ પદાર્થ સગા, કુટુંબી, મિત્રનો કંઈ હર્ષ-શોક કરવો યોગ્ય જ નથી. પરમ શાંતિપદને ઇચ્છીએ એ જ આપણો સર્વ સમ્મત ધર્મ છે. અને એ જ ઇચ્છામાં ને ઇચ્છામાં તે મળી જશે. માટે નિશ્ચિંત રહો. હું કોઈ ગચ્છમાં નથી, પણ આત્મામાં છું એ ભૂલશો નહીં.*

*પૂર્વના અશુભ કર્મ ઉદય આવ્યે વેદતાં જો શોચ કરો છો તો હવે એ પણ ધ્યાન રાખો કે નવા બાંધતાં પરિણામે તેવા તો બંધાતા નથી?*

**સંકલન: મહેન્દ્ર યુ. શાહ**

આજના સમયમાં આ સ્પષ્ટતા, સમજૂતીનો જેણે સતત અનુભવ કર્યો, તેમને માટે આ શબ્દો શાસ્ત્રગ્રંથોનો પ્રત્યક્ષ અનુભવ થતો હોય એવો રોમાંચ છે. પછીની પેઢી પણ પોતાના આ નિકટના ઈતિહાસ સાથે વધુ નૈકટ્ય અનુભવે એમાં નવાઈ નથી. પોતાના વિચારોને જીવનાર, પોતાના વિચારોને મિત્ર, સ્વજન, ગુરુ બનીને સહજ રૂપે જ્યારે કોઈ સમજાવે છે ત્યારે તેમાં શંકાની શક્યતાઓ ઓછી રહે છે. આજે આ વિચારોને પણ વધુ સરળ કરી ફરી મનન કરવાની આવશ્યકતા છે. આ વિચારોને સમયનો કાટ લાગી શકે તેમ નથી કારણે મૂળ કેન્દ્રને છોડીને સપાટીની વાતમાં રાચ્યાં નથી.

શ્રીમદ્‌ના શબ્દોની મહત્તા એ છે કે આ શબ્દો અનુભૂતિમાંથી પ્રગટ્યાં છે. જેમ તેમણે એક જગ્યાએ કહ્યું છે કે મહા પુરુષોનાં આચરણ જોવા કરતાં તેનું અંતઃકરણ જોવું એ વધારે પરીક્ષા છે. તેમજ કહેલા શબ્દો માત્ર ઉપદેશને બદલે અનુભૂતિમાંથી પ્રગટે ત્યારે તેની તીવ્રતા અને પારદર્શીપણાંને કારણે સીધા હૃદયને પ્રજ્વલિત કરે છે. એમ અહીં પણ આ વચનો માટે એવું અનુભવાય છે.

અતલ ઊંડાણના ચમકદાર પ્રકાશને પાથરવાનો પ્રયાસ કરનાર આ યુગપુરુષે સદીના માનવી ગાંધીજીને માર્ગ ચીંધ્યો, તેમ વિશ્વને માર્ગ ચીંધી રહ્યાં છે. જરૂર છે આપણે એ તરફ જોઈએ. એમના શબ્દોને સાકાર કરીએ, મેળવાને બદલે યથાર્થ રીતે પ્રત્યક્ષ કરી અનુભવીએ તો સાર્થક ઠરશે આ જ્ઞાનયજ્ઞ.

એક જગ્યાએ એમણે લખ્યું છે, 'મારું ચિત્ત, મારી ચિત્તભૂતિઓ એટલી શાંત થઈ જાઓ કે કોઈ મૃગ પણ આ શરીરને જોઈ જ રહે, ભય પામી નાસી ન જાય!' સહજ જ કલાપીની પંક્તિ યાદ આવે કે, 'રે પંખીડા સુખથી ચણજો, ગીતડાં કાંઈ ગાજો, શાને આવા મુજથી ડરીને ખેલ છોડી ઊડો છો...' **મારી હયાતી કોઈને ખલેલ જ પહોંચાડે, એવા આંતરભણી મારો પ્રવેશ થાય.** પોતાના કેન્દ્ર/આત્મામાં રમમાણ. અન્ય માટે, મારું અસ્તિત્વ સાવ નગણ્ય ભલે બની જાય, હું અને માત્ર મારો આત્મા; એટલે જ આગળ જતાં તેઓ લખે છે, 'મારી ચિત્તવૃત્તિ એટલી શાંત થઈ જાઓ કે કોઈ વૃદ્ધ મૃગ જેના માથામાં ખૂજલી આવતી હોય તે આ શરીરને જડપદાર્થ જાણી પોતાનું માથું ખૂજલી મટાડવા આ શરીરને ઘસે!'

આ શરીર પ્રત્યે એટલા નિસ્પૃહ બનવાની આ શક્તિ ક્યાંથી લાવવી?

શ્રીમદ્‌ના આ વિચારોની વાત કરતાં સમય, સ્થળ બધું જ વીસરી જવાય, પણ અહીં અટકવું પડશે. પ્રબુદ્ધ વાચકો, આપની સમક્ષ આખો અંક હાજર છે, પ્રવેશદ્વાર છે આ, શ્રીમદ્‌ના સાહિત્યદ્વારનું માત્ર! પછી, અનંતસૃષ્ટિમાં તો તમે જાતે જ રમમાણ કરશો, કારણ એક અંક ક્યારેય પૂરતો ન હોઈ શકે, પણ આ એક શરૂઆત છે. આમ તો નવેમ્બર મહિનામાં એમના જન્મને ૧૫૦ વર્ષ થયા પરંતુ ત્યારે શક્ય ન બન્યું, એટલે વિચાર્યું કે એપ્રિલ મહિનામાં એમણે દેહ છોડ્યો હતો, એટલે એ મહિનામાં અંક પ્રગટ કરીએ.

શ્રીમદ્‌નું વ્યક્તિત્વ ધર્મના વાડાથી મુક્ત અધ્યાત્મમાં રત હતું અને આજની વૈશ્વિક પરિસ્થિતિમાં આ શબ્દો અને આ પ્રસંગો ફરી ફરી કહેવાય અને પુનરાવર્તન દ્વારા એક વાતાવરણ જન્માવે અને વિશ્વમાંગલ્યની ભાવનામાં એકાદ અંશ ઊમેરી શકાય. આપણા આત્માની આસપાસ પડેલા અનેક પડળોમાં એક છેદ કરી શકે, બાહ્ય વિકારોને વિંધી આંતરિક પારદર્શીપણા ભણી એક પગલું. બાકી તો બીજું કંઈ નહીં. આપણે જેવા છે, તેવા જોવાની અને સ્વીકારવાની શક્તિ પણ આપી શકે, તો ભયો ભયો!

વાચકો, આ અંક તમને સહુને અર્પણ છે, કારણ આજે પ્રબુદ્ધ પરિવારમાં પ્રવેશને પણ એક વર્ષ પૂરું થાય છે અને તમારા અસીમ પ્રેમ અને વાત્સલ્યથી આ પ્રવાસ કરી શકી છું, વંદન.

* * *

મારા નિકટના સ્વજન જેને કહી શકું તેવા રેશ્માબેન જૈનને ઘરે હું ઑગસ્ટ મહિનામાં ગઈ હતી, ત્યારે તેમણે અને તેમના પિતાએ મને શ્રીમદ્‌નું એક-એક પુસ્તક ભેટ આપ્યું, ઘરે આવી વાંચતી ગઈ. અનેક વાર મન થયું કે રેશ્માબેનના પિતાશ્રી બિપીનભાઈ જૈનની લાયબ્રેરીમાંથી બીજા પુસ્તકો લઈ વાંચું, મનન કરું, પરંતુ સમય-અંતર, મુંબઈના પ્રવાસો શક્ય બનતાં નહોતા. ત્યારથી મનમાં વિચારો સતત આવતા હતાં. તેમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘની એક મિટીંગમાં વિચાર આવ્યો કે જો 'શ્રીમદ્ પર વિશેષાંક કરીએ તો કેમ?' તરત જ મિટીંગમાં હાજર રહેલા વડીલોને પૂછ્યું, બધાએ 'હા' પાડી. વ્યક્તિ વિશેષનો વિશેષાંક કરતાં મન પાછું સવાલ પૂછતું હતું પણ એમના વિચારોનો વિસ્તાર, ઊંડાણ મને આ કાર્ય કરવા માટે અત્યંત ખેંચાણ કરતાં હતાં. આ વ્યક્તિ વિશેષ નહીં પણ જ્ઞાનયોગી અધ્યાત્મ ગુરુ. તેમનું પુનઃ પુનઃ વાંચન પદાર્થની સ્પષ્ટતા ભણી લઈ જાય છે. એ જ સમયમાં પરમ પૂજ્ય શ્રી રાકેશભાઈ ઝવેરી-ગુરુદેવના

'યુગપુરુષ' નાટક વિશે સાંભળ્યું. મનનો વિચાર દૃઢ થતો ગયો. ડર એ હતો કે આખા સાગરને, સીમિત પાનામાં કઈ રીતે સમાવીશ. પરંતુ ડૉ. અભય દોશી માટેની મારી શ્રદ્ધાએ મને બળ આપ્યું. મને ખાત્રી હતી કે તેઓ આ કરી બતાવશે. મેં તેમને પૂછ્યું અને બહુ વિચાર્યા પછી એક ધીમી પણ મક્કમ 'હા' મળી જેના ફળ રૂપે છે આ વિશેષાંક. હું ખૂબ જ એમની આભારી છું કે એમને અનેક વ્યસ્તતાની વચ્ચે આ કાર્ય સ્વીકાર્યું. સાથે અહીં બીજી એક વ્યક્તિનો વિશેષ આભાર માનીશ, ટોરેન્ટો સ્થિત શ્રી પ્રકાશભાઈ મોદી. શ્રીમદ્‌ના વિશેષાંક માટે જોઈતી બધી જ મદદ અને સંદર્ભો પૂરા પાડ્યાં અને સાથે સાથે છેલ્લા પાના પર મૂકેલો મોરારજીભાઈનો પત્ર પણ એમણે જ મોકલાવ્યો. તેઓના આ રસ અને સહકારનું ઋણ સ્વીકારું છું.

અંતે શ્રીમદ્‌ને વાંચતા સ્ફૂરી આવેલી કેટલીક પંક્તિઓ :

સંકેલી લઉં જાતને બધી વિટંબણાઓથી,
કરી દઉં મનને રાગ-દ્વેષ મુક્ત બધા અજંપાઓથી,
થોડાં ઉગતાં સ્વપ્નાંઓને લાવ ગાળી લઉં,
બાકી રહ્યાં વિકારોને તળિયે બેસવા દઉં.
નીતર્યાં જળને હૈયેભરી ચાલ મન સિધાવ,
હવે કોઈ હિમાલયને આપણી વચ્ચે ના લાવ,
ચાલ મન, ચાલ હવે, મને મારાથી ઉગાર.

☐ **સેજલ શાહ**
sejalshah702@gmail.com
Mobile : +91 9821533702

## આ અંકના વિદ્યાનુરાગી વિદ્વાન સંપાદક

# ડૉ. અભય દોશી

મુંબઈના જૈન જગતમાં ખૂબ જાણીતું અને માનીતું પ્રિય નામ એટલે ડૉ. અભય દોશી. આજે આ નામ ભારતમાં પ્રચલિત થયું છે. ગંભીર પ્રકૃતિ અને ઊંડું મનન કરતાં ડૉ. અભય દોશી મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ છે. ૧૯૯૦માં તે ગ્રેજ્યુએટ થયા અને પછી એમ.એ. કરી ૨૦૦૩માં તેમને પીએચ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત કરી. આરંભના વર્ષોમાં મીઠીબાઈ કૉલેજમાં અધ્યાપક તરીકે કાર્ય કરીને ૨૦૦૮માં તેઓ મુંબઈ વિદ્યાપીઠમાં જોડાયા. ઉપરાંત ત્રણ વર્ષ તેમણે ફિલોસોફી વિભાગમાં પણ વિઝીટિંગ ફેકલ્ટી તરીકેનું કાર્ય કર્યું. તેમને ચોવીસી સ્વરૂપ અને સાહિત્ય પર શોધ નિબંધ લખી ડૉક્ટરેટની ડીગ્રી પ્રાપ્ત કરી. તેમના હાથ નીચે પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ તૈયાર થઈ રહ્યા છે. તેમના ચાર વિદ્યાર્થીઓને ડીગ્રી મળી ગઈ છે અને અન્ય આઠ વિદ્યાર્થીઓ તૈયાર થઈ રહ્યા છે. વિભાગમાં તેમને અનેક જૈન સંશોધનલક્ષી પરિસંવાદોનું આયોજન કર્યું છે. જૈન પરિસંવાદો, જ્ઞાનસત્રોમાં તેમની હાજરી હંમેશ જોવા મળે છે. જૈન ધર્મચિંતન અને શિક્ષણ ક્ષેત્રે તેઓ તેજસ્વી કારકિર્દી ધરાવે છે.

ઉચ્ચ શૈક્ષણિક કારકિર્દી ધરાવતા અભયભાઈ પાસેથી છ વધુ પુસ્તકો મળ્યાં છે. તેમને ડૉ. કીર્તિદાબેન શાહ સાથે મળીને જ્ઞાનવિમલ સજ્જાય સંગ્રહનું સંપાદન કર્યું, શેત્રુંજય ગિરિરાજ પૂજા, અનીલ શાહ સાથે અર્હદ ભક્તિ સાગર, જૈન રાસ વિમર્શ, મધ્યકાલીન પદ્ય કૃતિ વિમર્શ વગેરે અનેક પરિસંવાદોમાં ભાગ લઈ પેપરો રજૂ કર્યા છે, ઉપરાંત મુંબઈ જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળા, જૈન અધ્યાત્મ સ્ટડી સર્કલના વ્યાખ્યાનોમાં વક્તા તરીકે તેમણે અનેક વખત સેવા આપી છે. જૈન અભ્યાસના નિષ્ણાંત અને ઊંડી સંશોધન ક્ષમતા તેમની વિશેષતા છે. હંમેશાં મદદરૂપ થવું અને સમતાભાવ ધારણ કરી તેમણે જૈન ધર્મને પોતાના જીવનમાં પણ ઉતાર્યો છે. તેમના પિતા ઇન્દ્રચંદ્ર દોશી પાસેથી તેમને ધર્મના સંસ્કાર વારસારૂપે પ્રાપ્ત થયાં છે. પિતા પંડિત અને એમના પુત્ર પણ એ જ દિશામાં જ આગળ પ્રયાણ કરી રહ્યા છે. 'જૈન સાહિત્યમાં કથનકળા' ઉપર યુનિવર્સિટી ગ્રાન્ટ કમીશન તરફથી તેમને અનુદાન પ્રાપ્ત થયું છે. તેમના મારવાડી પરિવારમાં ધર્મના સંસ્કારનું ઊંડાણ જોવા મળે છે.

☐ **સેજલ શાહ**
sejalshah702@gmail.com
Mobile : +91 9821533702

# સંપાદકીય...

'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી ડૉ. સેજલ શાહનો એક સવારે ફોન રણક્યો. 'શ્રીમદ્જીના ૧૫૦મા જન્મદિવસના ઉપલક્ષ્યમાં આપણે 'પ્રબુદ્ધ જીવન'નો વિશેષાંક કરીએ, અને તેનું સંપાદન તમે સંભાળો. પ્રારંભે તો અનેક પરિસંવાદોનું આયોજન નિર્ધારિત કરેલું હોવાથી મુશ્કેલી દર્શાવી, કિન્તુ સેજલબેનના પ્રેમાગ્રહે આ કાર્ય સંભાળ્યું.

શ્રીમદ્જીના તત્ત્વજ્ઞાનથી પ્રેરિત થયેલી સંસ્થાઓ સાથે સંકળાયેલ વિદ્વાનો પાસે શ્રીમદ્ની કૃતિઓની મીમાંસા કરતા લેખો મંગાવ્યા. આ લેખો મોકલનાર સર્વ વિદ્વાનોનો અંતઃકરણપૂર્વક આભાર. આત્માર્પિત શ્રી દેવાંગભાઈ પીએચ.ડી. માટે મુલાકાત માટે આવેલા, તેમને પણ લેખ લખવાનું કહ્યું, અને થોડાજ સમયમાં સુંદર લેખ મોકલ્યો તે માટે તેમ જ. માલતીબેન ઝવેરીને જીવન પરિચય લખી મોકલવા વિનંતી કરી, અને ટૂંક સમયમાં જીવન પરિચય મોકલાવ્યો, તે માટે કૃતજ્ઞતા અભિ વ્યક્ત કરું છું. શ્રીમદ્જીથી પ્રેરિત થયેલી સંસ્થા સાથે સંકળાયેલા વિદ્વાનો ઉપરાંત જૈન સાહિત્ય જગત સાથે સંકળાયેલા વિદ્વાનોએ પણ મારા આમંત્રણને માન આપી લેખ મોકલાવ્યા, તે બદલ સર્વેનો અંતઃકરણપૂર્વક આભાર. કેટલાક લેખો અનિવાર્ય કારણોસર પ્રકાશિત નથી થઈ શક્યા, તે લેખકોની ક્ષમા ચાહું છું.

૨૦૦૯માં જૈન અધ્યાત્મ સ્ટડી સર્કલમાં વિવિધ વિષયો પર વ્યાખ્યાનો આપ્યા તેમજ ૨૦૧૨માં શ્રી લાલભાઈ દલપતભાઈ પ્રાચ્ય વિદ્યામંદિરના નિયામક અને પરમ આત્મીય શ્રી જિતેન્દ્ર શાહના સૂચનથી કોબામાં શ્રી આત્માનંદજી મહારાજના સાન્નિધ્યમાં પર્યુષણમાં 'સમ્યક્ પરાક્રમ અધ્યયન' વિશે વ્યાખ્યાન આપવા જવાનું બન્યું હતું. આ પ્રસંગોથી શ્રીમદ્ રાજચંદ્રજીના સાહિત્યના પ્રગાઢ સંપર્કમાં આવવાનું બન્યું. એ પછીના વર્ષોમાં 'રાજપથ' કાર્યક્રમમાં આસ્વાદકર્તા તરીકે અને વિવિધ રીતે શ્રીમદ્ના સાહિત્ય સાથે સંકળાવવાનું બન્યું. અનુભવરસથી રસાયેલી, કાવ્યતત્ત્વનો ઝળહળાટ ધરાવતી અને આત્મતત્ત્વનો ઉઘાડ કરાવનારી શ્રીમદ્જીની વાણીની એક અપૂર્વ મોહિની અનુભવાય છે.

આ અપૂર્વ મોહિની અને એક સાધકના વિચાર, વિકાસ અને વિસ્તારના સાક્ષી બનવાનું આપણને અપૂર્વ સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. આ વિશેષાંકના માધ્યમે આપણે શ્રીમદ્જીના જીવન અને સાહિત્યને, તેમના સાથી-મુમુક્ષુઓને, તેમના કાળપટને ફરી આપણા ચિત્તપટલ પર ધબકતો કરીએ એ શુભભાવના સાથે વિરમું છું અને અંતે પુનઃ આ નિમિત્તે શ્રીમદ્જીના સાહિત્યનો અભ્યાસ કરવાની તક આપી એ માટે તંત્રીશ્રીનો તથા લેખો મોકલનાર વિદ્વાનોનો તેમજ પૂ. શ્રી રાકેશભાઈ, અતુલભાઈ અને સૂર્યવદનભાઈ ઝવેરીનો લેખ મેળવી આપવા માટે ડૉ.રશ્મિબેન ભેદાનો પણ આભાર માનું છું.

પ્રેમપૂર્વક સુંદર મુદ્રણ કરી આપનારા જવાહરભાઈ અને પ્રૂફરીડીંગ કરનારા કાયમના સાથી પુષ્પાબેનને પણ કેમ ભૂલાય.

જિનાજ્ઞા વિરૂદ્ધ કાંઈ પણ કહેવાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

□ **ડૉ. અભય દોશી**

## શ્રીમદ્ની વાણી...

અમારા ચિત્તમાં તો એમ આવે છે કે, મુમુક્ષુ જીવને આ કાળને વિષે સંસારની પ્રતિકૂળ દશાઓ પ્રાપ્ત થવી તે તેને સંસારથી તરવા બરાબર છે. અનંતકાળથી અભ્યાસેલો એવો આ સંસાર સ્પષ્ટ વિચારવાનો વખત પ્રતિકૂળ પ્રસંગે વિશેષ હોય છે, એ વાત નિશ્ચય કરવા યોગ્ય છે.

...આવો એક તમને સાધારણ પ્રતિકૂળ પ્રસંગ બન્યો છે તેમાં મુંઝાવું ઘટતું નથી. એ પ્રસંગ જો સમતાએ વેદવામાં આવે તો જીવને નિર્વાણ સમીપનું સાધન છે. વ્યાવહારિક પ્રસંગોનું નિત્ય ચિત્ર-વિચિત્રપણું છે. માત્ર કલ્પનાઓ તેમાં સુખ અને કલ્પનાએ દુઃખ એવી તેની સ્થિતિ છે. અનુકૂળ કલ્પનાએ તે અનુકૂળ ભાસે છે, પ્રતિકૂળ કલ્પનાએ તે પ્રતિકૂળ ભાસે છે, અને જ્ઞાની પુરુષોએ તો બેય કલ્પના કરવાની ના કહી છે. અને તમને તે કરવી ઘટતી નથી. વિચારવાનને શોક ઘટે નહીં એમ શ્રી તીર્થંકર કહેતા હતા.

* * *

...ઉપાર્જિત કર્મની સ્થિતિને સમપરિણામે, અદીનપણે, અવ્યાકુળપણે વેદવી એ જ જ્ઞાની પુરુષોનો માર્ગ છે, અને તે જ ભજવો છે, એમ સ્મૃતિ થઈ સ્થિરતા રહેતી આવી છે. એટલે આકુવાદિ ભાવની થતી વિશેષ મુંઝવણ સમાપ્ત થતી હતી.

*આજે જો તું દુષ્કૃતમાં દોરાતો હો તો મરણને સ્મર.*

# અપૂર્વ જ્ઞાનયોગી શ્રીમદ્ રાજચંદ્ર

❑ ડૉ. અભય દોશી

નાનપણમાં શ્રીમદ્ રાજચંદ્રજીની 'અપૂર્વ અવસર'ની પ્રારંભની પંક્તિઓ સાંભળવા મળી.

*'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?*
*ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો ?'*
*સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને*
*વિચરશું કવ મહત્પુરુષને પંથ જો !*

આ શબ્દોને સાંભળતાં જ થયું; કેવી નિર્ગ્રંથતાની પ્રાપ્તિ માટેની અંતરની તરસ ? જાણે મીરાંની શ્રીકૃષ્ણ માટેની ઝંખના. એથી પણ વધુ આ સાધકના હૃદયમાં પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરવાની અભિલાષા. કોઈ સાધનાથી ભ્રષ્ટ થયેલા સાધકનો પુનઃ સાધનામાં પ્રવેશ કરવા માટેનો અંતરતમનો તલસાટ. કોઈ અપૂર્વ મુહૂર્તે જ આ યુગોયુગોની ઝંખનાની આવી સહજ રીતે અભિવ્યક્તિ થઈ હશે. પછીની ૨૧ કડીઓમાં આખોય સાધનામાર્ગ શ્રીમદ્જી  કંડારી આપે છે.

સર્વ બંધનોને છેદી એ મહાપુરુષના પંથે વિચરવાની આ ભાવનામાં કેવું ધ્યાન પ્રવર્તે છે તેનું આલેખન પણ અપૂર્વ છે; સાધક પોતાના આત્માના વિકાસના આલેખ (Graph)ના સ્પષ્ટ રીતે દર્શન કરી શકે ત્યારે સાધનાની ઊંચાઈ કેવી હશે ?

*દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે,*
*દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો,*
*તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે,*
*વર્તે એવું શુદ્ધ સ્વરૂપનું ધ્યાન જો. ૩.*

આત્માને આવરનારા આઠ કર્મોમાં મુખ્ય કર્મ મોહનીય કર્મ છે. આ મોહનીય કર્મના બે પ્રકારો દર્શન મોહનીય અને ચારિત્રમોહનીય. દર્શન મોહનીય કર્મ આત્માના શુદ્ધ સ્વરૂપના દર્શનને અટકાવે છે. સાધનાપથમાં આગળ વધતા સાધકને દર્શનમોહનીય કર્મ ક્ષીણ થઈ જતાં આત્માનો દેહ પ્રત્યે મમભાવ રહ્યો નહિ. આ મમભાવનો લોપ થવાથી દેહથી ભિન્ન પરમચૈતન્યના, આત્મસ્વરૂપનું જ્ઞાન થયું અને આ જ્ઞાને સંસાર પ્રત્યેની આસક્તિરૂપ ચારિત્ર-મોહનીય કર્મને ક્ષીણ કરી દીધું. આથી દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય એકદમ ક્ષીણ થતાં આત્માના શુદ્ધ સ્વરૂપનું ધ્યાન અખંડભાવે પ્રવર્ત્યું.

કવિ આમ સાધકની એક પછી એક સ્થિતિને સુંદર રીતે વર્ણવે છે. સાધનાના ઉચ્ચતમ સ્તરો પર પહોંચવાની અભિલાષા દર્શાવે છે. જૈન પરિભાષામાં કહીએ તો, ગુણસ્થાનકોની સ્થિતિઓને વર્ણવે છે. પોતાની બારમા ગુણસ્થાનકે કેવી સાધકદશા હશે, તે વર્ણવતાં કહે છે;

*મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,*
*સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો;*
*અંતસમય ત્યાં પૂર્ણસ્વરૂપ વીતરાગ થઈ,*
*પ્રગટાવું નિજ કેવલજ્ઞાન નિધાન જો. ૧૪.*

શ્રીમદ્જીની કેવી ઊંચી ભાવદશા પ્રવર્તતી હશે ? સમગ્ર સંસારમાં વ્યાપ્ત મોહ માટે સ્વયંભૂરમણ સમુદ્ર (સૌથી વિશાળ સમુદ્ર)ની ઉપમા સહજ રીતે સ્ફૂરી આવે છે. પોતાના આત્માના પ્રગાઢ પુરુષાર્થ વડે આ સમુદ્રને તરવાના દૃઢ સંકલ્પયુક્ત મનોરથના દર્શન થાય છે. બારમા ગુણઠાણે પહોંચી તેના અંતિમ સમયે પોતાની અંદર રહેલ પણ આજ સુધી ઢંકાયેલી કેવળજ્ઞાનની જ્યોતિના પ્રાગટ્યનો આ અદ્ભુત સંકલ્પ યોગીરાજ આપણા હૃદય સુધી પહોંચાડે છે.

અંતે સિદ્ધદશાનું વર્ણન પણ અદ્ભુત રીતે કરવામાં આવ્યું છે. શ્રીમદ્જીના શબ્દોમાં કહીએ તો 'દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત' એવા વિશેષ અનુભવયોગી જ્ઞાની પુરુષ જ સિદ્ધત્વના આ અનુભવનું આવું વિલક્ષણ આલેખન કરી શકે.

*એક પરમાણુમાત્રની મળે ન સ્પર્શના,*
*પૂર્ણ કલંકરહિત અડોલ સ્વરૂપ જો,*
*શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,*
*અગુરુલઘુ, અમૂર્ત સહજપદ રૂપ જો.*

'અપૂર્વ અવસર'ને અંતે યોગીરાજ અત્યંત નમ્રતા અને સાથે જ આત્મવિશ્વાસથી કહે છે, એમાં પણ એક વિલક્ષણ સાધકની જીવનરીતિના દર્શન થાય છે;

*એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન જો;*
*ગજા વગર તે હાલ મનોરથરૂપ જો,*
*તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો;*
*પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો.*

નિશ્ચય ખરો, પરંતુ આ નિશ્ચયમાં પણ બળ પ્રભુઆજ્ઞાનું રહ્યું છે, એમ કહેવામાં કવિની અપૂર્વ નમ્રતા અને વિલક્ષણ ભક્તિભાવનું સંયોજન થયું છે.

શ્રીમદ્જીની 'અપૂર્વ અવસર' જેવી જ વિશિષ્ટ અને થોડીક

દુર્ગમ કહી શકાય તેવી રચના 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' છે. આ 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' અંગે શ્રીમદ્જી પોતે જ અધિકારી સિવાય અન્યને ન આપવા માટેના અત્યંત આગ્રહી હતા. આ રચનામાં જ્ઞાનયોગરૂપી સિંહણનું દૂધ ભર્યું છે. આથી આ રચનાને વાંચવા માટે ભાવકોએ સોનાના પાત્ર જેવી યોગ્યતા કેળવવી જોઈએ. શ્રીમદ્જી પોતે લખે છે;

'શ્રી ડુંગરને 'આત્મસિદ્ધિ' મુખપાઠે કરવાની ઇચ્છા છે. તે માટે જે પ્રત એમને આપવા વિશે પૂછાવ્યું તો તેમ કરવામાં અડચણ નથી. શ્રી ડુંગરને એ શાસ્ત્ર મુખપાઠે કરવાની આજ્ઞા છે. પણ હાલ તેની બીજી પ્રત નહીં ઉતારતાં આ પ્રત છે તે ઉપરથી જ મુખપાઠે કરવા યોગ્ય છે...

જે જ્ઞાન મહાનિર્જરાનો હેતુ થાય છે તે જ્ઞાન અનધિકારી જીવોના હાથમાં જવાથી તેને અહિતકારી થઈ ઘણું કરી પરિણમે છે.'

પત્ર-૭૨૧, પૃ. ૫૫૮-૫૫૯.

'આત્મસિદ્ધિ શાસ્ત્ર'ના પ્રારંભમાં જ ત્રીજી કડીમાં આવતા શબ્દો 'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા' અને ચોથી કડીમાં આવતા ક્રિયાજડના સ્વરૂપનું વર્ણનને આગળ કરી વર્તમાન જૈન સંઘમાં કેટલાક લોકો ક્રિયાનો નિષેધ કરે છે, તેમણે ત્રીજી કડીનો પછીના ચરણાર્ધ તેમ જ પાંચમી કડીમાં વર્ણવાયેલ શુષ્કજ્ઞાનીના સ્વરૂપનો પણ વિચાર-વિમર્શ કરવો યોગ્ય છે. શ્રીમદ્જીને જ્ઞાનરહિત ક્રિયામાં મોક્ષમાર્ગ દેખાયો નથી, તો સાધનાના લક્ષ્ય વિનાના જ્ઞાનમાં પણ મોક્ષમાર્ગ દેખાયો નથી. આથી સાધકોને નમ્ર વિનંતી છે કે, 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' રૂપી ઉત્તમ જ્ઞાનયોગમાં પ્રવેશ કરવા પહેલાં તત્ત્વાર્થસૂત્ર, નવતત્ત્વ કે અન્ય ગ્રંથોના માધ્યમથી જૈન તત્ત્વજ્ઞાનનો યથાયોગ્ય શુદ્ધ, બોધને પ્રાપ્ત કરી 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' રૂપી વિશદ જ્ઞાનયોગમાં પ્રવેશ કરે.

'આત્મસિદ્ધિ શાસ્ત્ર'માં આત્માના શુદ્ધ સ્વરૂપને પામવાનો માર્ગ અત્યંત સંક્ષેપમાં દર્શાવ્યો છે. તેઓ કહે છે-

'કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ;
પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમાં શો સંદેહ? ૧૦૪.

(ક્રોધાદિ ભાવથી કર્મબંધ થાય છે, અને ક્ષમાદિક ભાવથી તે હણાય છે; અર્થાત્ ક્ષમા રાખવાથી ક્રોધ રોકી શકાય છે, સરળતાથી માયા રોકી શકાય છે, સંતોષથી લોભ રોકી શકાય છે, એમ રતિ-અરતિ આદિના પ્રતિપક્ષથી તે તે દોષો રોકી શકાય છે, તે જ કર્મબંધનો નિરોધ છે; અને તે જ તેની નિવૃત્તિ છે. વળી, સર્વને આ વાતનો પ્રત્યક્ષ અનુભવ છે, અથવા સર્વને પ્રત્યક્ષ અનુભવ થઈ શકે એવું છે. ક્રોધાદિક રોક્યાં રોકાય છે. એ માર્ગ પરલોકે નહિ, પણ અત્રે અનુભવમાં આવે છે, તો એમાં શો સંદેહ કરવો?)

આમ કષાયની ઉપશાંતતા (કષાયોને પાતળા પાડવું), મોક્ષનો પ્રબળ અભિલાષ, સંસારના ભોગ પ્રત્યે ઉદાસીનતા (ખેદ) અને હૃદયની અંદર પ્રાણીમાત્ર માટે કરુણા આ ચાર વસ્તુઓને મોક્ષમાર્ગના સાચા જિજ્ઞાસુમાં શ્રીમદ્જી આવશ્યક ગણે છે. આવા જીજ્ઞાસુઓ સદ્ગુરુના સાન્નિધ્યને પ્રાપ્ત કરી ભેદ અને પક્ષ વગરનું નિર્મળ સૂર્ય સમાન સમ્યક્ત્વ કેવી રીતે પ્રાપ્ત કરે છે, તેનું વર્ણન કરતાં કહે છે;

*'મત દર્શન આગ્રહ તજી, વર્તે સદ્ગુરુ લક્ષ;*
*લહે શુદ્ધ સમકિત, તે જેમાં ભેદ ન પક્ષ.'*

આવા નિર્મળ સમ્યક્ત્વની પ્રાપ્તિ પછીની સાધકની ક્રમે ક્રમે પ્રાપ્ત થતી ઉજ્જવળ દશાને વર્ણવતાં કહે છે;

*શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ,*
*બીજું કહીએ કેટલું? કર વિચાર તો પામ.' ૧૧૭.*

ફરી ફરીને શુષ્કજ્ઞાનીઓને કે કેવળ ઉપાદાનને આગળ કરનારા, ઉત્તમ નિમિત્ત પામી પુરુષાર્થ ન કરનારા (નિયતિવાદી બની જનારા) સાધકોને ૧૩૬મી અને ૧૩૭મી કડીમાં જાગૃત કરી અંતે સાધનાના માર્ગનું ૧૩૮, ૧૩૯મી કડીમાં સંક્ષેપમાં માર્ગદર્શન આપ્યું છે.

મુમુક્ષુને વિશે દયા, શાંતિ, સમતા, ક્ષમા, ત્યાગ, વૈરાગ્ય, સત્ય આદિ ગુણો અત્યંત પ્રગટ જાગૃત હોય અને મોહભાવનો ક્ષય અથવા પ્રશાંતિ હોય ત્યારે સાચી જ્ઞાનીદશા પ્રગટ થાય છે, બાકી તો ભ્રાંતિ છે. અંતે આવા જ્ઞાનીના સ્વરૂપને વર્ણવી તેમને પ્રણામ કરી કૃતિને સમાપ્ત કરી છે, તેમાં કવિની અનુપમ સિદ્ધિનાં દર્શન થાય છે.

*'દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત;*
*તે જ્ઞાનીના ચરણમાં હો વંદન અગણિત.'*

'આત્મસિદ્ધિ શાસ્ત્ર' અને 'અપૂર્વ અવસર' એ શ્રીમદ્જીની કૃતિના ઉચ્ચ શિખરો છે, તો 'મોક્ષમાળા' અને 'ભાવનાબોધ' એ સાધકના સાધનામાર્ગમાં પ્રવેશદ્વાર સમાન ગ્રંથો છે. માત્ર ૧૬ વર્ષની વયે લખાયેલા 'ભાવનાબોધ' ગ્રંથમાં બારમાંથી દસ ભાવનાઓનું અત્યંત સૂક્ષ્મ-સચોટ આલેખન કરવામાં આવ્યું છે. આ ગ્રંથમાં 'અન્યત્વભાવના'નું આલેખન કરતાં શ્રીમદ્જી કહે છે;

(શાર્દૂલ વિક્રીડિત)

દેખી આંગળી આપ એક અડવી, વૈરાગ્ય વેગે ગયા,
છાંડી રાજસમાજને ભરતજી, કૈવલ્યજ્ઞાની થયા,
ચોથું ચિત્ર પવિત્ર એ જ ચરિતે, પામ્યું અહીં પૂર્ણતા,
જ્ઞાનીનાં મન તેહ રંજન કરો. વૈરાગ્યભાવે યથા.

**વિશેષાર્થ :** પોતાની એક આંગળી અડવી (વીંટી વગરની) દેખીને વૈરાગ્યના પ્રવાહમાં જેણે પ્રવેશ કર્યો, રાજસમાજને છોડીને જેણે કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત કર્યું, એવા તે ભરતેશ્વરનું ચરિત્ર ધારણ કરીને આ ચોથું ચિત્ર પૂર્ણતા પામ્યું. તે જેવો જોઈએ તેવો વૈરાગ્યભાવ દર્શાવીને જ્ઞાનીપુરુષનાં મનને રંજન કરનાર થાઓ!

આ ગ્રંથના લખાણમાં સર્વત્ર પ્રાસાદિકતા અને શૈલી પરની પકડ જોવા મળે છે. એક ૧૬ વર્ષની વયના યુવાન લેખકમાં અનુભવાતી પ્રૌઢિ ખરે જ આશ્ચર્યકારી છે.

તેમણે આ ભાવનાબોધને વિશે 'સંસારભાવના' સંદર્ભે મૃગાપુત્રની કથા આલેખી છે. ઉત્તરાધ્યયન સૂત્રના એક અધ્યાયમાં આવતી મૃગાપુત્રની કથા કેવી રસાળ રીતે આલેખે છે;

વનમાં રાજકુમાર મૃગાપુત્ર મુનિના દર્શન કરી વિચારમાં પડે છે; આ વિચારધારાને શ્રીમદ્જી વર્ણવે છે;

'એ નિરીક્ષણ ઉપરથી તે એમ બોલ્યાઃ હું જાણું છું કે આવું રૂપ મેં ક્યાંક દીઠું છે. અને એમ બોલતાં બોલતાં તે કુમાર શોભનિક પરિણામને પામ્યા. મોહપટ ટળ્યું ને ઉપશમતા પામ્યા. જાતિસ્મૃતિજ્ઞાન પ્રકાશિત થયું. પૂર્વિત જાતિની સ્મૃતિ ઉપજવાથી તે મૃગાપુત્ર, મહા રિદ્ધિનાં ભોક્તા, પૂર્વના ચારિત્રના સ્મરણને પણ પામ્યા. શીઘ્રમેવ તે વિષયને વિષે અણરાચતા થયા. સંયમને વિષે રાચતા થયા.'

'મોક્ષમાળા' ગ્રંથને પ્રારંભે જ ઉપોદ્‌ઘાતમાં ગ્રંથરચનાનું પ્રયોજન સ્પષ્ટ કરતાં કહે છે;

'તે ઉપદેશકોના ધુરંધર પ્રવચનો આગળ કનિષ્ઠ છે. આ પણ પ્રમાણભૂત છે કે, પ્રધાનપુરુષની સમીપ અનુચરનું અવશ્ય છે; તેમ તેવા ધુરંધર ગ્રંથનું ઉપદેશબીજ રોપવા, અંતઃકરણ કોમલ કરવા આ ગ્રંથનું પ્રયોજન છે.'

'મોક્ષમાળા' રૂપી આ પાઠશાળામાં સામાન્ય તત્ત્વજ્ઞાનની પ્રારંભી જૈન દર્શનની જટિલ સ્યાદ્વાદ વિચારણાને સમજાવવાની ભૂમિકા ક્રમશઃ આ ગ્રંથમાં વિકસિત કરી છે, જે આજે પણ થોડા ફેરફાર સાથે પાઠશાળાઓમાં તથા જિજ્ઞાસુઓને આપી શકાય એવો મૂલ્યવાન ગ્રંથ છે.

શ્રીમદ્જીના સાહિત્યમાં પત્રસાહિત્ય અત્યંત વ્યાપક છે. ૮૫૦ થી વધુ પત્રોનો 'વચનામૃત' નામે ગ્રંથમાં સંગ્રહ કરવામાં આવ્યો છે. આ પત્રો અનેક વ્યક્તિઓને વિભિન્ન પરિસ્થિતિઓમાં લખાયા છે. પરંતુ આ પત્રોમાં ટૂંકાણમાં પણ મર્મસ્પર્શી રીતે વાત રજૂ કરવાની શૈલી અને પ્રગટ થયેલ તત્ત્વજ્ઞાનની ગંભીરતા ખૂબ જ મહત્ત્વની છે. આ પત્રોમાં સોભાગભાઈ અને લલ્લુજી માટે લખાયેલાં પત્રો પ્રાધાન્ય ભોગવે છે. આ પત્રોમાં અનેક પ્રકારની તત્ત્વવિચારણાઓનો સંચય થયેલો જોવા મળે છે. ખાસ કરીને સોભાગભાઈને ઉદ્દેશીને લખાયેલા પત્રોમાં અપૂર્વ સમાધિમાર્ગનું આલેખન થયેલું જોવા મળે છે.

આ પત્રોમાં પણ ૪૩૮ નં.નો પત્ર તેમાં આલેખાયેલા આત્મતત્ત્વના વિલક્ષણ આલેખનને કારણે નોંધપાત્ર છે. આ પત્રમાં તેમણે 'સમયસાર-નાટક'માંના એક દુહાને નોંધ્યો છે;

*'સમતા, રમતા, ઉરધતા, જ્ઞાયકતા, સુખભાસ;*
*વેદકતા, ચૈતન્યતા, એ સબ જીવવિલાસ.'*

ત્યાર પછી, તેમણે આ આત્મ ગુણો વિશે વિવરણું કર્યું છે, એ અદ્‌ભુત છે.

'શબ્દાદિ પાંચ વિષયસંબંધી અથવા સમાધિ આદિ જોગ સંબંધી જે સ્થિતિમાં સુખ સંભવે છે તે ભિન્ન ભિન્ન કરી જોતાં માત્ર છેવટે તે સર્વને વિષે સુખનું કારણ એક એવો જે જીવ પદાર્થ સંભવે છે, તે સુખભાસ નામનું લક્ષણ, માટે તીર્થંકરે જીવનું કહ્યું છે, અને વ્યવહાર દૃષ્ટાંતે નિદ્રાથી તે પ્રગટ જણાય છે. જે નિદ્રાને વિષે બીજા સર્વ પદાર્થથી રહિતપણું છે, ત્યાં પણ હું સુખી છું એવું જે જ્ઞાન છે, તે બાકી વધ્યો એવો જે જીવ પદાર્થ તેનું છે; બીજું કોઈ ત્યાં વિદ્યમાન નથી, અને સુખનું ભાસવાપણું તો અત્યંત સ્પષ્ટ છે; તે જેનાથી ભાસે છે તે જીવ નામના પદાર્થ સિવાય બીજે ક્યાંય તે લક્ષણ જોયું નથી.'

આ સમગ્ર પત્ર આત્મતત્ત્વને જાણવાની અભિલાષાવાળા મુમુક્ષુઓ

## શાતા આપે તેને સંત કહીએ!

મનુષ્યજીવન અનેક પ્રકારની આધિ-વ્યાધિ-ઉપાધિથી ગ્રસ્ત હોય છે. મનુષ્યના મનને અનેક પ્રકારના પ્રશ્નો સતત મૂંઝવતા હોય છે. સંતપુરુષોનું એ લક્ષણ હોય છે કે, તેઓ પોતાના શરણમાં આવનારા લોકોને શાતા આપતા હોય છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ ધરમપુરમાં સ્થિરતા કરી હતી, ત્યારે ત્યાંના જંગલમાં અંગ્રેજ ઑફિસરને શિકાર પ્રાપ્ત થયો નહોતો. તેમની હાજરી માત્રથી શાંતરસના પરમાણુઓની એવી આભા ફેલાઈ કે, શિકારી માટે શિકાર શક્ય ન બન્યો. ગાંધીજીએ વિદેશમાં રહીને પણ પત્રવ્યવહારમાં પત્રોત્તર દ્વારા અપૂર્વ શાતાનો અનુભવ કર્યો. આ પત્રોએ તેમની હિંદુ ધર્મ અંગેની મૂંઝવણ દૂર કરી અને અહિંસા, બ્રહ્મચર્ય, સત્ય આદીમાં દૃઢશ્રધ્ધાવંત બનાવ્યા. સોભાગભાઈ, લલ્લુજી, દેવકરણમુનિ, જુઠાભાઈ ઉજમશી આદિ અનેક મુનિઓ અને ગૃહસ્થોએ સમાધિ અને શાતાનો અનુભવ કર્યો હતો.

આજે પણ જીવનપથ પર મૂંઝવણમાં મૂકાયેલાઓ માટે શ્રીમદ્‌ના સાહિત્યનું વાંચન પરમ શાતા આપનારૂં બને તેવું છે.

*અધિકારી હો તોપણ પ્રજાહિત ભૂલીશ નહીં, કારણ જેનું (રાજાનું) તું લૂણ ખાય છે, તે પણ પ્રજાના માનીતા નોકર છે.*

માટે પુનઃ પુનઃ પઠનયોગ્ય છે.

આવા અનેક વિચારરત્નો શ્રીમદ્જીનાં સાહિત્યમાં અવગાહન કરવાથી પ્રાપ્ત થાય છે. યથાર્થ નયનિક્ષેપને જાણનારા અને મોક્ષના અભિલાષી આત્માઓને આ સાહિત્ય અનેક રીતે લાભદાયી બને એવું છે.

તેમણે ઈડરથી લખેલા પત્રમાં શ્રુતજ્ઞાનની મહત્તા આંકતા કહ્યું છે;

'જેમ બને તેમ વીતરાગશ્રુતનું અનુપ્રેક્ષણ (ચિંતવન) વિશેષ કર્તવ્ય છે. પ્રમાદ પરમ રિપુ છે, એ વચન જેને સમ્યક્ નિશ્ચિત થયું છે તે પુરુષો કૃતકૃત્ય થતાં સુધી નિર્ભયપણે વર્તવાનું સ્વપ્ન પણ ઇચ્છતા નથી.' (પત્રાંક ૮૫૩)

તો બાહ્યક્રિયા અને ત્યાગ અંગેની પણ જાગૃતિભરી ભલામણ હંમેશાં રહી છે તે પણ પત્રાંક ૮૫૯માં જોઈ શકાય છે;

'વસોમાં ગ્રહણ કરેલા નિયમાનુસાર લીલોતરીમાં વિરતિપણે મુનદાસે વર્તવું. બે શ્લોકના સ્મરણનો નિયમ શારીરિક ઉપદ્રવ વિશેષ વિના હંમેશ નિર્વાહવો. તમારે અથવા બીજા મુમુક્ષુઓએ નિયમાદિનું ગ્રહણ તે મુનિઓ સમીપે કર્તવ્ય છે.'

આમ શ્રીમદ્જીએ પત્રોમાં જ્ઞાન અને ક્રિયાનો ઉભય માર્ગ ખૂબ જ સુંદર રીતે પ્રયોજ્યો છે. ક્યાંક શ્રીમદ્જીના લખાણમાં જ્ઞાનમાર્ગ પ્રત્યેનો વિશેષ આગ્રહ અનુભવાય, પરંતુ તેના કારણમાં તત્કાલીન જૈન સંઘમાં જ્ઞાનમાર્ગ અથવા આત્મતત્ત્વચિંતન પ્રત્યેની પ્રબળ ઉપેક્ષાને જ મુખ્ય કારણ ગણી શકાય.

શ્રીમદ્જીનાં પત્રો ઉપરાંત અનેક નાના-મોટા કાવ્યોમાં તત્ત્વવિચારની અદ્ભુત ધારા જોવા મળે છે. પોતાના દેહથી ભિન્ન આત્મસ્વરૂપના દર્શનની વાત કેવા ઉલ્લાસથી કરે છે;

*'મારગ સાચા મીલ ગયા, છૂટ ગયા સંદેહ;*
*હોતા સો તો જલ ગયા, ભિન્ન કીયા નિજ દેહ.'*

આવા જ ઉલ્લાસની ધારા બીજા પણ એક પદમાં જોવા મળે છે;

*'આવ્યે બહુ સમદેશમાં, છાયા પણ સમાઈ;*
*આવ્યે તેમ સ્વભાવમાં, મનસ્વરૂપ પણ જાઈ.'*

(પૃ. ૯૫૩)

આ પદ એમની અંતિમ માંદગીમાં, અતિશય પીડાભરી દેહની સ્થિતિમાં લખાયું હતું, પરંતુ આત્માની સ્થિતિ તો સ્વ-સ્વભાવમાં સ્થિરતા કરવારૂપ પરમશાંતિની હતી, અને આથી જ અંતિમ દુહામાં પરમશાંતિધામ એવા સિદ્ધસ્વરૂપના ધામનું વર્ણન કર્યું છે; જે આ મહાપુરુષની ઉર્ધ્વગતિનાં દર્શન કરાવે છે;

*'સુખધામ અનંત સુસંત ચહી, દિન રાત્ર રહે તદ્ધ્યાન મહીં;*
*પરશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વર તે જયતે.'*

આવા અનંત સંતો દ્વારા ઇચ્છાયેલા પરમ-શાંતિ-માર્ગ તરફ વાળનારા આ શ્રીમદ્જીનું વિશાળ સાહિત્ય આપણે પણ સોભાગભાઈ જેવી સંસાર પ્રત્યે વૈરાગ્યમય અને સાધના પ્રતિ હૃદયના ઉત્કટ ઉલ્લાસભરી દૃષ્ટિથી વાંચીએ અને સમાધિપંથે અગ્રેસર બનીએ એવી શુભકામના.

✱ ✱ ✱

એ/૩૧, ગ્લેડહર્સ્ટ, ફિરોઝશાહ રોડ, સાંતાક્રુઝ (પશ્ચિમ),
મુંબઈ-૪૦૦ ૦૫૪. ફોન : 98926 78278
Email Id : abhaydoshi@gmail.com

## શ્રીમદ્‌ના જીવનની વિશેષતા

*સામાન્ય રીતે ગૃહસ્થનો વતન અને કર્મભૂમિ એવા બે સ્થાન સાથે સંબંધ રહેતો હોય છે. પરંતુ શ્રીમદ્જીના જીવનની વિશેષતા એ રહી કે, મધ્ય ગુજરાતના અનેક તેમ જ ઉત્તર ગુજરાતના કેટલાક સ્થળો તેમની સાધનાભૂમિ તરીકે પ્રસિદ્ધ છે, અને આમાંની મોટા ભાગની સાધના ભૂમિઓ સચવાયેલી છે. ખૂબ જ નાની વયમાં શતાવધાનની અનોખી સિદ્ધિ તેમ જ કાવ્યસર્જનની સિદ્ધિને લીધે પ્રસિદ્ધ બન્યા હતા. વ્યવસાયાર્થે ભલે મુંબઈ રહ્યા હોય, પરંતુ વર્ષના ત્રણથી ચાર મહિના મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતની અનેક ભૂમિઓમાં નિવાસ કર્યો.*

*લલ્લુજી, દેવકરણજી આદિ મુનિ-મંડળી અને અન્ય સત્સંગીઓના પ્રયાસથી આ સાધનાસ્થળમાંના અનેક સ્થળો સચવાયા છે. વવાણિયા (જન્મસ્થળ), રાજકોટ (અવસાન સ્થળ) ઉપરાંત આ સ્થળોમાં ઉત્તરસંડા, ખંભાત, રાળજ, કાવિઠા, વાસદ, ઇડર, વસો, ધરમપુર આદિ સ્થળો સુપ્રસિદ્ધ છે. એમના અવસાન બાદ અગાસમાં આશ્રમ સ્થપાયો. ખંભાત પાસે વડવા, હંપી (રત્નકુટ), સાયલા (શ્રી રાજસોભાગ સત્સંગ મંડળ), ઈડર (ઘંટિયા પહાડ પર-નિજાભ્યાસ મંડપ) ધરમપુર (શ્રીમદ્ રાજચંદ્ર મિશન) આદિ અનેકવિધ સંસ્થાઓ દ્વારા શ્રીમદ્‌ના વિચારોનાં પ્રચાર-પ્રસારનું કાર્ય થાય છે. તેમના દ્વારા સ્વાધ્યાય, ભક્તિ, પુસ્તક પ્રકાશન, સમાજસેવા આદિ બહુવિધ પ્રવૃત્તિઓ થઈ રહી છે.*

✱ ✱ ✱

*આજે કેટલા સત્પુરુષોનો સમાગમ થયો, આજે વાસ્તવિક આનંદસ્વરૂપ શું થયું? એ ચિંતવન વિરલા પુરુષો કરે છે.*

# પરમયોગી અધ્યાત્મપુરુષ શ્રીમદ્ રાજચંદ્ર જીવન ઝરમર

❑ ડૉ. માલતી શાહ

*[ ભાવનગરસ્થિત માલતીબેન તત્ત્વજ્ઞાનના પ્રાધ્યાપિકા છે. તેમણે ઉપાધ્યાય યશોવિજયજીકૃત 'જ્ઞાનસાર' અને ભગવદ્ગીતાની તુલના વિષય પર પીએચ.ડી. કર્યું છે. હાલમાં યોગનો અભ્યાસ કરી રહ્યા છે. તેમણે જૈન સાહિત્ય સમારોહમાં પણ કુશળતાપૂર્વક સંચાલન કર્યું હતું. ]*

'સત્‌ની બાંધી પૃથ્વી' એ ન્યાયે આ પૃથ્વી સત્‌ને કારણે ટકી રહે છે. સહેજ આગળ વધીને કહેવું હોય તો કહી શકાય કે જેમ સિંહોના ટોળાં હોતા નથી તેમ સત્ પુરુષો, સાધુ-સંતો, યોગીઓ જૂજ સંખ્યામાં હોય છે અને તેમના જ્ઞાન, સમજણ તથા ડહાપણ પૃથ્વી પર વસતા બહોળા સમાજને મળ્યા કરે છે. 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'માં જણાવ્યું છે તે પ્રમાણે-

'यदा यदा हि धर्मस्य, ग्लानिर्भवति भारत।
अभ्युत्थानं अधर्मस्य, तदात्मानं सृजाभ्यहम्।।'

અર્થાત્ – 'જ્યારે જ્યારે ધર્મનો ક્ષય અને અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે ત્યારે હું પ્રગટ થાઉં છું.' આ પૃથ્વી 'બહુરત્ના વસુંધરા' છે એટલે રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર, ઈસુ, મહંમદ જેવા રત્નો આપણને સમયે સમયે મળ્યા જ કર્યા છે.

શ્રીમદ્ રાજચંદ્ર (ઈ. સ. ૧૮૬૭ થી ૧૯૦૧) પણ આ પૃથ્વીના એક અગ્રીમ નરરત્ન છે. માત્ર ભારતમાં જ નહીં, પણ વિશ્વકક્ષાએ જેની નોંધ લેવી પડે તેવા તેમના સમકાલીનોમાં સ્વામી વિવેકાનંદ (ઈ. સ. ૧૮૬૩ થી ૧૯૦૨), શ્રી વીરચંદ રાઘવજી ગાંધી (ઈ. સ. ૧૮૬૪ થી ૧૯૦૧), મહાત્મા ગાંધી (ઈ. સ. ૧૮૬૯ થી ૧૯૪૮), મહર્ષિ અરવિંદ (૧૮૭૨ થી ૧૯૫૦) વગેરેના નામો નોંધપાત્ર છે.

આયુષ્યની દૃષ્ટિએ જોઈએ તો શ્રીમદ્ રાજચંદ્ર, સ્વામી વિવેકાનંદ અને શ્રી વીરચંદ ગાંધી અનુક્રમે ૩૩, ૩૯ અને ૩૭ વર્ષનું ટૂંકું આયુષ્ય ભોગવીને વિદાય થયા, પણ આટલા ટૂંકા આયુષ્યમાં પણ તેઓના વિચારોની ઊંચાઈ અને ચારિત્રનું ઊંડાણ અગાધ હતા. મહર્ષિ અરવિંદ અને મહાત્મા ગાંધીએ ૭૮ વર્ષ જેટલાં આયુષ્યમાં ભારતની અહિંસક સ્વાતંત્ર્ય ચળવળમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. મહર્ષિ અરવિંદે પડદા પાછળ રહીને આધ્યાત્મિક બળ પૂરું પાડ્યું. મહાત્મા ગાંધી દૃઢતાપૂર્વક અહિંસક માર્ગને વળગી રહ્યા તેમાં શ્રીમદ્ રાજચંદ્ર તેમના અગત્યના પ્રેરણાસ્રોત રહ્યા હતા. શ્રીમદ્ રાજચંદ્ર, શ્રી વીરચંદ ગાંધી તથા મહાત્મા ગાંધી સૌરાષ્ટ્ર પ્રદેશના, તો સ્વામી વિવેકાનંદ તથા મહર્ષિ અરવિંદ બંગાળના. શ્રીમદ્‌ને પરદેશ જવાનો મોકો મળવા છતાં પરદેશ ગયા ન હતાં, પણ ઝવેરાતના વ્યવસાયના લીધે પરદેશ સાથે સંકળાયેલા, જ્યારે બાકીના ચારેય એક યા બીજા પ્રયોજનથી પરદેશ ગયેલા, પણ ભારતીય સંસ્કૃતિના સંદેશવાહક બનીને રહેલા.

આ તો માત્ર તે સમયના ભારતના આપણા સપૂતોની આછેરી ઝલક છે. પ્રત્યેક વિષે ખૂબ કહી શકાય તેમ છે. અત્રે શ્રીમદ્ રાજચંદ્ર જીવનની મુખ્ય મુખ્ય વિગતો ટૂંકમાં જાણવાનો ઉપક્રમ છે. શ્રીમદ્ રાજચંદ્રજી આ યુગમાં આત્મજ્ઞાની મહાત્મા, સર્વશ્રેષ્ઠ આધ્યાત્મિક પુરુષનું સ્થાન ધરાવે છે.

શ્રીમદ્ રાજચંદ્રના દાદા શ્રી પંચાણભાઈ મહેતા વૈષ્ણવધર્મી હતા અને સૌરાષ્ટ્રમાં રાજકોટ પાસે આવેલ વવાણિયામાં વહાણવટાનો અને વ્યાજ-વટાવનો ધંધો કરતા. શ્રીમદ્‌જીના પિતા શ્રી રવજીભાઈના લગ્ન જૈન કુટુંબના શ્રી દેવબાઈ સાથે થયેલ. સ્વભાવે દયાળુ રવજીભાઈ સાધુ-સંત-ફકીરની સેવાભક્તિ કરતા, તો વિનયસંપન્ન દેવબાઈ પણ સરળ, સુશીલ, સેવાભાવી હતા. આવા 'शुचितां श्रीमतां गेहे...' અર્થાત્ પવિત્રતા અને ગુણોથી સભર કુટુંબમાં વિ. સં. ૧૯૨૪ના કાર્તિક માસની પૂર્ણિમા (આ લેખમાં બધી તવારીખો મોટે ભાગે વિક્રમ સંવત પ્રમાણે રજૂ કરી છે.) એટલે કે ઈ. સ. ૧૮૬૭ના નવેમ્બરની નવમી તારીખ અને રવિવારે વવાણિયામાં પૂર્ણ ચંદ્ર જેવા બાળકનો જન્મ થયો. પુત્રજન્મથી સૌ કુટુંબીઓ અતિ આનંદ પામ્યા અને તેનું નામ લક્ષ્મીનંદન રાખ્યું. પરંતુ ચાર વર્ષે વિ. સં. ૧૯૨૮માં આ નામ બદલીને રાયચંદ રાખવામાં આવ્યું.

'પુત્રના લક્ષણ પારણામાંથી' એ ઉક્તિ મુજબ સરળતા, તેજસ્વિતા, સાત્ત્વિકતા, નિઃસ્પૃહતા જેવા ગુણો રાયચંદમાં બાળપણથી જ ખીલેલા. સાત વર્ષ સુધીનો તેમનો બાલ્યકાળ નિર્દોષ રમતગમતમાં, ઉન્નત કલ્પનાઓમાં અને જીવનમાં સદાય અગ્રેસર રહેવાની ભાવનાઓમાંથી પસાર થયો.

રાયચંદને સાત વર્ષની ઉંમરે નિશાળે બેસાડવામાં આવ્યા. શિક્ષક લવજીભાઈએ નિશાળમાં એકથી પાંચ આંકડા ઘૂંટાવ્યા. પછી એકથી એકસો સુધી તેઓ જે લખી આપતા તે પ્રમાણે રાયચંદ તરત જ લખતા અને બોલતા. ક્રમશઃ નિશાળમાં શિખવવામાં આવતા અગિયારા, બારાખડી વગેરે પણ તરત જ લખી નાખતા.

ગુજરાતી પહેલી ચોપડીના પાંચ-છ પાઠ લખાવ્યા તો તે લખીને બોલી જતા. ઘરમાં અગાઉ લખવા-વાંચવાના કોઈ પણ જાતના પ્રયત્નો કર્યા વગર પણ અભ્યાસમાં તેઓની અજબ ગ્રહણશક્તિ હતી. વળી તીવ્ર યાદશક્તિથી માત્ર એકવાર વાંચવાથી તેમને બધું યાદ રહી જતું. તેથી તો માત્ર બે જ વર્ષમાં ગુજરાતી સાત ચોપડી જેટલો અભ્યાસ પૂરો કર્યો, જે તેઓની અસાધારણ પ્રતિભાનું સૂચન કરે છે.

વવાણિયામાં તેઓના કુટુંબના સ્નેહી શ્રી અમીચંદભાઈ સાપ કરડવાથી ગુજરી ગયા ત્યારે શ્રીમદ્‌ની ઉંમર સાત વર્ષની હતી. 'ગુજરી જવું' એટલે શું એ અંગે તીવ્ર જિજ્ઞાસા વ્યક્ત કરતાં પહેલાં તો દાદાએ તેમને નાના સમજીને જવાબ આપવાનો ટાળ્યો, પણ પછી સમજાવ્યું કે શરીરમાંથી જીવ નીકળી જતાં ગુજરી ગયેલ વ્યક્તિના શરીરને બાળી નાંખવામાં આવે છે. તેઓએ બાવળના ઝાડ ઉપરથી છાનામાના સળગતી ચિતાને જોઈ. આ દૃશ્યથી તેમને ખૂબ શોક થયો અને સાથે સાથે વિચારે ચઢી ગયા કે શરીરમાંથી ચાલ્યું જનાર તત્ત્વ શરીર એટલે કે દેહથી ભિન્ન છે. આ વિચારસાગરમાં ડૂબકી મારતાં મારતાં જે મનોમંથન થયું તેના નવનીતરૂપે તેઓને જાતિસ્મરણજ્ઞાન થયું. 'જાતિસ્મરણજ્ઞાન એટલે પૂર્વના એક અથવા વધુ ભવોનું જ્ઞાન.' આ ઉપરાંત તેઓએ જ્યારે જૂનાગઢનો ગઢ જોયો ત્યારે અને ઈડરના પહાડોમાં વિચર્યા ત્યારે પણ જાતિ- સ્મરણજ્ઞાન થતાં તેઓને પોતાના પૂર્વના નવસો ભવ જાણવામાં આવ્યા. બાળપણમાં જ તેઓને જાતિસ્મરણજ્ઞાનનો જે અનુભવ થયો તેના પરિણામે વૈરાગ્ય તરફ સ્વાભાવિક ગતિ થતાં પારમાર્થિક જીવનનો વિકાસ ઝડપી બન્યો.

આઠ વર્ષની વયે તેઓએ લગભગ પાંચ હજાર કડીઓની રચના કરી. નવ વર્ષની ઉંમરે 'રામાયણ', 'મહાભારત' જેવા ગ્રંથોના મર્મને કાવ્યમાં રજૂ કરતાં પદ્યોની રચના કરી. જો કે આમાંનું મોટા ભાગનું સાહિત્ય હાલમાં ઉપલબ્ધ નથી. નવું નવું વાંચવાની, શીખવાની જિજ્ઞાસાને કારણે તેઓએ વિવિધ બોધગ્રંથો વાંચ્યા. દસ વર્ષે તો તેઓ વિવિધ વિષયો પર છટાદાર ભાષણ આપી શકતા. કચ્છના દરબારમાં તેઓને વ્યાખ્યાન આપવા માટે આમંત્રિત કરવામાં આવેલ. તેઓના સુંદર અને મરોડદાર અક્ષરોને લીધે રાજદરબારમાં સાદર બોલાવીને તેમની પાસે અગત્યના લખાણો તૈયાર કરાવવામાં આવતા.

અગિયારમાં વર્ષે ચિંતન-મનનના પરિપાક રૂપે લખાયેલ તેમના લેખો તે સમયના શિષ્ટ સામયિક 'બુદ્ધિપ્રકાશ'માં છપાતા. તેઓ ઈનામી નિબંધો લખતા, જેમાં તેમને પારિતોષિકો પણ મળતા. બાર વર્ષની ઉમરે તેઓની કવિત્વ શક્તિ પણ ખીલવા માંડી. તેઓએ 'ઘડિયાળ' ઉપર ત્રણ જ દિવસમાં ત્રણસો કડીઓ લખી, પણ હાલમાં આ રચના ઉપલબ્ધ નથી. શીઘ્રકવિ એવા શ્રીમદ્‌ને ગાંધીજી કવિ તરીકે પણ ઓળખતા.

શ્રીમદ્‌ને પોતાના કુટુંબમાં બાળપણથી વૈષ્ણવધર્મ અને જૈનધર્મ એમ બંને ધર્મના સંસ્કાર પ્રાપ્ત થયા. અન્ય ધર્મના સાધુ-સંતોનો સમાગમ પણ થયા કરતો. પરંતુ ધીમે ધીમે તેઓનો ઉર્ધ્વગામી આત્મા વૈરાગ્યપ્રધાન ધર્મ પ્રત્યે આકર્ષાયો. વધુ ને વધુ અભ્યાસથી જૈન ધર્મના તત્ત્વજ્ઞાનનું અગાધ ઊંડાણ અને વિશાળ દૃષ્ટિબિંદુ તેમને સમજાતું ગયું જેથી જૈન વિચારસરણી પ્રત્યેની શ્રદ્ધા દૃઢ બનતી ગઈ. છતાં તેમના લખાણો કે વિચારોમાં સાંપ્રદાયિક સંકુચિતતા ક્યાંય જોવા મળતી નથી.

નાની ઉંમરે પિતાની દુકાન સંભાળવાની જવાબદારી આવી પડી. આ કામ કરતા કરતા તેર વર્ષની વયથી તેઓએ વૈરાગ્ય તથા તત્ત્વવિચારણાના ગ્રંથોનો અભ્યાસ કરવા માંડ્યો. સવા વર્ષમાં બધા જૈન આગમો જોઈ લીધા. જ્ઞાનનો ઉઘાડ એટલો બધો હતો કે સામેની વ્યક્તિને એમ લાગે કે પુસ્તકના માત્ર પાનાં ફેરવે છે, પણ તેમને તો તે શાસ્ત્ર તેટલા સમયમાં સમજાઈ જતું. (સ્વામી વિવેકાનંદ પણ આવી ગ્રહણશક્તિ ધરાવતા.) તેરથી સોળ વર્ષની ઉંમરે તેઓ વેદાંત, સાંખ્ય, ન્યાય, બૌદ્ધ, જૈન, ચાર્વાક – આ ષડ્દર્શનના મહાસમુદ્રને ડહોળી વળ્યા.

જડતા અને પ્રમાદથી ઘેરાયેલા તે સમયના સમાજને ઢંઢોળવા માટે સરળ શૈલીમાં પુસ્તકો લખવાની શ્રીમદ્‌ને તાલાવેલી જાગી. અનેક ગ્રંથોનો સાર ગ્રહીને વૈરાગ્ય તથા ઉપશમના માર્ગે લઈ જતાં ગ્રંથોનું સર્જન કરવાની શરૂઆત વિ. સં. ૧૯૪૦માં સાડા સોળ વર્ષે એકસો આઠ શિક્ષાપાઠ રૂપે ત્રણ દિવસમાં લખાયેલ 'મોક્ષમાળા' ગ્રંથથી થઈ. આ જ ગાળામાં વિ. સં. ૧૯૪૨માં 'ભાવનાબોધ' ગ્રંથ દ્વારા બાર ભાવનાનું ભાવવાહી સ્વરૂપ સમજાવ્યું.

વિ. સં. ૧૯૪૦માં મોરબીના ઉપાશ્રયમાં શાસ્ત્રી શંકરલાલના અષ્ટાવધાનનો પ્રયોગ જોઈને, તીવ્ર ગ્રહણશક્તિ ધરાવતા શ્રીમદ્‌જીએ બે દિવસ બાદ પોતે પણ ઉપાશ્રયમાં બાર અવધાનનો સફળ પ્રયોગ કર્યો. 'એક સાથે અનેક વસ્તુ યાદ રાખી, ભૂલ વગર અનેક કાર્યોમાં ઉપયોગ રાખવાની શક્તિ તે અવધાનશક્તિ.' તે પછી જામનગર, વઢવાણ, બોટાદ, જેતપુર, અમદાવાદ વગેરે સ્થળોએ પણ બાર, સોળ, બાવન વગેરે અવધાન કર્યા. ઓગણીસ વર્ષની વયે, તારીખ બારમી જાન્યુઆરી ૧૮૮૭ના રોજ, મુંબઈમાં ફરામજી કાવસજી ઈન્સ્ટિટ્યૂટમાં એકસો અવધાન કરી બધાને મંત્રમુગ્ધ કર્યા. તેમને આ માટે 'સાક્ષાત્ સરસ્વતી'નું બિરુદ અને સુવર્ણચંદ્રક એનાયત થયા અને તેઓ શતાવધાની તરીકે પ્રખ્યાત

થયા. 'મુંબઈ સમાચાર', 'જામે જમશેદ', 'ગુજરાતી', 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા', 'ઈન્ડિયન સ્પેક્ટેટર' જેવા ગુજરાતી, અંગ્રેજી અખબારોએ આ ઘટનાની વિસ્તૃત નોંધ લીધી. શ્રી વીરચંદ રાઘવજી ગાંધીએ ઈ. સ. ૧૮૯૩માં શિકાગોમાં ભરાયેલ ધર્મ પરિષદમાં શ્રીમદ્‌ની અસાધારણ શક્તિઓનું વિવેચન કર્યું હતું. શ્રીમદ્‌ને વિદેશોમાં જઈને અવધાન કરવાના આમંત્રણો મળવા છતાં તેઓએ આવા આમંત્રણોનો તો અસ્વીકાર કર્યો જ, સાથે સાથે ભારતમાં પણ આવા પ્રયોગો ન કરવાનો મક્કમ નિર્ધાર કર્યો. આત્મોન્નતિમાં અવધાન પ્રયોગો બાધક લાગતા, આ નિર્ણય લઈને, આવા પ્રયોગોનો તૃણવત્ ત્યાગ કરીને આવી શક્તિનો ઉપયોગ તેઓએ અંતર્મુખી કાર્યો માટે કર્યો.

ગ્રહોની ગતિના સતત અવલોકન ઉપરથી રચાયેલ શાસ્ત્ર એવા જ્યોતિષશાસ્ત્રનું જ્ઞાન મેળવવાનો મોકો શ્રીમદ્‌ને મળ્યો ત્યારે પોતાની અદ્‌ભુત સ્મરણશક્તિ, ચિત્તની એકાગ્રતા, સ્થિરતાના બળે તેમણે તેમાં સારી સફળતા મેળવી. તેઓએ મેળવેલ નિપુણતાને લીધો ફલાદેશ પૂછનારાઓની સંખ્યા વધતી ગઈ. પરંતુ પોતાના પરમાર્થમાર્ગમાં વિઘ્નરૂપ જણાવાથી તેઓએ વિ. સં. ૧૯૪૭માં આ પ્રવૃત્તિ પણ છોડી દીધી.

સાધનામાર્ગે આગળ વધનાર સાધકોને વિવિધ લબ્ધિઓ પ્રાપ્ત થાય છે, પરંતુ પોતાના લક્ષ્યને ચૂકી ન જવાય તે માટે સાચો સાધક આવી લબ્ધિઓની સફળતામાં ગૂંચવાવાના બદલે તેને છોડીને આગળ વધે છે. શ્રીમદ્‌ને પણ પોતાના નિર્મળ અંતઃકરણના ફળસ્વરૂપ આવી લબ્ધિઓ પ્રાપ્ત થયેલ. અમુક હદ સુધીનું અવધિજ્ઞાન તેમને માટે સહજ હતું. ભવિષ્યમાં બનનાર પ્રસંગોને તેઓ અગાઉથી જાણી શકતા, સામી વ્યક્તિના મનના વિચારો પણ જાણી શકતા. આવા નોંધાયેલા પ્રસંગો મુજબ તેઓ જરૂર પ્રમાણે અમુકને ચેતવતા, રસોઈને માત્ર જોઈને તેનો સ્વાદ જાણી શકતા, વગર કહ્યે વ્યક્તિની જિજ્ઞાસા જાણીને તેનો ઉત્તર આપી શકતા. પોતાને પ્રાપ્ત આવી લબ્ધિઓનો તેઓએ ક્યારેય લોકોને આંજી દેવા માટે ઉપયોગ કર્યો ન હતો અને આ માર્ગે ક્યારેય આગળ વધ્યા ન હતા.

પ્રબળ વૈરાગ્યભાવનાને કારણે તેઓ પોતે તો લગ્ન માટે ઉત્સુક ન હતા, પરંતુ માતા-પિતા વગેરેના દબાણને વશ થઈને તથા બાકી રહેલ કર્મોના નિર્જરણ માટે લગ્નની સમ્મતિ આપી હતી. વિ. સં. ૧૯૪૪ના મહા સુદ બારસના રોજ વીસ વર્ષની ઉંમરે તેઓ શ્રી પોપટલાલ મહેતાની સુપુત્રી ઝબકબાઈ સાથે લગ્નગ્રંથિથી જોડાયા. ગૃહસ્થજીવન કેમ જીવવું તે અંગે તેઓના વિચારો 'ઉત્તમ ગૃહસ્થ', 'સામાન્ય મનોરથ', 'સુખ વિષે વિચાર', 'સામાન્ય નિત્યનિયમ' વગેરે લખાણોમાં વ્યકત થયેલ છે. તેઓ જળકમળવત્ રહી ગૃહસ્થાશ્રમને વેદતા હતા. બાહ્ય દૃષ્ટિએ તેઓ ગૃહસ્થ હતા, પણ આંતરિક દૃષ્ટિએ તેઓ ત્યાગી, વૈરાગી, આત્મલક્ષી હતા. દસ વર્ષના ગૃહસ્થાવાસમાં વર્ષનો મોટો ભાગ તેઓ મુંબઈમાં રહેતા અને એકાદ વખત વવાણિયા જતાં. વળી ત્યાંથી ગુજરાતના ગ્રામ્ય પ્રદેશોમાં નિવૃત્તિ અર્થે રહેતા. વિ. સં. ૧૯૪૬માં પ્રથમ પુત્ર છગનભાઈનો જન્મ થયો, જેઓ વિ. સં. ૧૯૬૫માં ક્ષયથી મૃત્યુ પામ્યા. વિ. સં. ૧૯૪૮માં પુત્રી જવલબહેનનો અને વિ. સં. ૧૯૫૦માં બીજી પુત્રી કાશીબહેનનો જન્મ થયો. કાશીબહેન બત્રીસ વર્ષની વયે અવસાન પામ્યા. વિ. સં. ૧૯૫૨માં બીજા પુત્ર રતિલાલભાઈનો જન્મ થયો, જેઓ પણ નાની ઉંમરમાં મૃત્યુ પામ્યા. તેમના પત્નીનું મૃત્યુ વિ. સં. ૧૯૬૯માં થયું. દીકરી જવલબહેન વિ. સં. ૨૦૩૪માં અવસાન પામ્યા. સાવધાન ગૃહસ્થ સાધક, પ્રામાણિક પુરુષાર્થ દ્વારા, ધર્મમાર્ગે ચાલીને નિઃશંકપણે આત્મકલ્યાણ સાધી શકે છે. તે તેમના ગૃહસ્થજીવન ઉપરથી સમજાય છે.

વ્યવસાયની વાત કરીએ તો વિ. સં. ૧૯૩૪માં પિતાને આર્થિક સહાય કરવાની અનિવાર્યતા ઊભી થતાં દસ-અગિયાર વર્ષની નાની ઉંમરે શ્રીમદ્ અભ્યાસ છોડીને પિતાની દુકાને બેસીને, વવાણિયામાં, દાદાના સમયથી ચાલ્યા આવતા વહાણવટાના અને શરાફના ધંધામાં કામ શરૂ કર્યું. પોતાને પ્રામાણિકતાના દઢ સંસ્કારો બાળપણથી મળેલ હતા. તેથી તેઓએ તોલ-માપમાં ક્યારેય કશું ઓછું-અધિક કર્યું નહીં.

પરંતુ વવાણિયામાં ધંધાની દૃષ્ટિએ નાનું ક્ષેત્ર હતું. તેથી ધંધાની વધુ શક્યતા માટે પિતા રવજીભાઇએ પ્રેરણા કરી, તેથી વિ. સં. ૧૯૪૨માં શ્રીમદ્ મુંબઈ ગયા, વિ. સં. ૧૯૪૪માં તેઓના લગ્ન થયેલ. વિ. સં. ૧૯૪૬ના ફાગણ વદ અગિયારસના રોજ મુંબઈમાં 'રેવાશંકર જગજીવનની કંપની'ની સ્થાપના થઈ. આ પેઢીએ કમિશન એજન્સી તરીકે વ્યાપાર શરૂ કર્યો. આ પેઢીમાં ૧. શ્રીમદ્, ૨. શ્રી રેવાશંકરભાઈ (શ્રીમદ્‌ના કાકાસસરા) અને ૩. વડોદરાના માણેકલાલ ઘેલાભાઈ ભાગીદાર હતા. બે વર્ષમાં રંગૂન, અરબસ્તાન, ઈંગ્લેન્ડ તથા યુરોપના દેશો સાથે વ્યાપારસંબંધો બંધાયા. વિ. સં. ૧૯૪૮થી સુરતના શ્રી નગીનચંદ કપૂરચંદ તથા અમદાવાદના શ્રી છોટાલાલ લલ્લુભાઈ પણ આ પેઢીમાં જોડાયા. નાણાંવિષયક અને વિલાયતના વ્યવસાયનું કામ તથા વ્યવસ્થા શ્રીમદ્ હસ્તક હતા. ટૂંક સમયમાં જ તેમની પેઢી અગ્રેસર બની. વિ. સં. ૧૯૫૫માં શ્રીમદ્ વ્યાપારથી સર્વથા નિવૃત્ત થયા. તેઓની વ્યવહારકુશળતા અને પ્રામાણિકતાને કારણે ભાગીદારો વચ્ચે સ્નેહ અને સંપ રહ્યો હતો. ભાગીદારો સાથે કેમ વર્તવું તેના નિયમો વિ. સં. ૧૯૪૬માં તેઓએ પોતાની રોજનિશીમાં નોંધ્યા છે. જેમ

કે, જાતે તપાસીને જ માલ લેવો, વ્યાજબી નફો જ લેવો, કાળજીપૂર્વક હિસાબ ચોખ્ખો રાખવો, કોઈનું દિલ દુભવવું નહીં વગેરે. આવી સ્વચ્છ પ્રણાલિકાઓ અને ઉદારદિલીના કારણે નીતિમાન વેપારી તરીકે તેઓની શાખ પ્રસરી હતી. જરૂર પડે ત્યારે ક્ષણવારમાં તેઓ સોદો રદ કરીને સામેનાને ચિંતામુક્ત કરી દેતા. આ રીતે વેપારમાં પ્રામાણિક અને કુશળ હોવા સાથે આંતરિક રીતે તેઓ સાવ વિરક્ત હતા.

આ વિરક્તતાને લીધે જ વિ. સં. ૧૯૪૭ થી ૧૯૫૭ના ગાળામાં તેઓ આત્મસાધનાના માર્ગે ખૂબ આગળ વધ્યા. વિ. સં. ૧૯૪૭માં જ્યારે તેઓને શુદ્ધ સમકિતની પ્રાપ્તિ થઈ, ત્યારે તેમને આત્માનો પ્રત્યક્ષ, પ્રગટ અનુભવ થયો, એટલે કે દેહથી ભિન્ન એવા દેહી સ્વરૂપ આત્માનો અનુભવ થયો. દેહ-દેહી અર્થાત્ સ્વ-પરનું વિવેકપૂર્વકનું ભેદજ્ઞાન સતત વર્તાવા લાગ્યું, તેઓ જીવન મુક્ત દશા અનુભવી રહ્યા. કસોટી તો એવી થઈ કે અમુક સમય એવો આવ્યો કે વ્યવસાય અને ગૃહસ્થપણામાંથી નિવૃત્તિ લેવાની તેમની ભાવના વધતી ગઈ, તેમ તેમ નિવૃત્તિ તેમનાથી દૂર ભાગતી ગઈ. પરંતુ પોતાને કારણે બીજાને અશાંતિ થાય તેવું કયારેય ન કરાય એવા નિશ્ચયને લીધે તેઓ આવી પડેલ ઉપાધિને સમતાપૂર્વક સહન કરતા અને વિપરીત સંજોગોમાં પણ આત્મજ્ઞાન અને વૈરાગ્યના બળે પુરુષાર્થમાં પાછી પાની ન કરતા. બાહ્ય જીવનમાં હીરા-મોતીનો લાખોનો વેપાર કરતાં અને આંતરિક દૃષ્ટિએ શાંત, સ્વસ્થ ચિત્તથી જ્ઞાનવૃદ્ધિ કરતાં. કાળબળે વિ. સં. ૧૯૫૨થી આ ઉપાધિઓનો ભાર ઓછો થતો ગયો. તે પછી વર્ષનો મોટો ભાગ તેઓ આત્મસાધના માટે મુંબઈ બહાર રહેતા. પહાડો, જંગલો, નિર્જન સ્થાનોમાં એકાંતમાં રહીને સ્વાધ્યાય, ચિંતન, મનન, ધ્યાનમાં નિમગ્ન રહેતા. મૌન ધારણ કરી ગુપ્ત રહેવા પ્રયત્ન કરતા. પોતે ઓળખાઈ જતાં મુમુક્ષુઓને ઉપદેશ આપતા, જે 'ઉપદેશ નોંધ', 'ઉપદેશ છાયા', 'વ્યાખ્યાનસાર' વગેરે રૂપે છપાયેલ છે. વિ. સં. ૧૯૪૬ પછી થોડોક સમય કુટુંબ સાથે વવાણિયામાં, બાકીનો સમય ચરોતર, સૌરાષ્ટ્ર, ઈડર વગેરે પ્રદેશોમાં ગાળ્યો. વિ. સં. ૧૯૪૭માં ખંભાત પાસે રાળજમાં પર્યુષણ દરમ્યાન આત્મસમાધિમાં લીન થઈને રહ્યા. ત્યાંથી ખંભાત, વવાણિયા, મોરબી, આણંદ, ભરૂચ થઈ મુંબઈ આવ્યા. વિ. સં. ૧૯૪૯ના પર્યુષણ વડોદરામાં કરીને પેટલાદ, ધર્મજ, ખંભાતમાં સ્થિરતા કરી. વિ. સં. ૧૯૫૧માં કઠોર, મોરબી, વવાણિયા સ્થિરતા કરી મુંબઈ ગયા. ફરી પાછા વવાણિયા, મોરબી, સાયલા, હડમતાલા, રાણપુર, બોટાદ, લીંબડી, વડવા, ખંભાત, ઉંદેલ વગેરે સ્થળે સ્થિરતા કરી. વિ. સં. ૧૯૫૨માં ચરોતર પ્રદેશમાં ગયા. કાવિઠામાં તેઓ ગામ બહારના પ્રદેશોમાં ધ્યાન કરવા અવાનવાર જતા. કાવિઠાથી રાળજ, વડવા, ખંભાત, આણંદ, નડિયાદ ગયા. વિ. સં. ૧૯૫૨ના આસો વદ એકમના રોજ સાંજે નડિયાદમાં એકી બેઠકે એકસો બેંતાલીસ ગાથાયુક્ત 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'ની રચના કરી જ્યારે ત્યાં અંધારું થતાં શ્રી અંબાલાલભાઈ ફાનસ લઈને ઠેક સુધી ઊભા રહેલ.

વિ. સં. ૧૯૫૩માં માતા દેવબાઈની બિમારીના કારણે શ્રીમદ્ વવાણિયા ગયા, જ્યાં તેઓએ 'અપૂર્વ અવસર' કાવ્યની રચના કરી. ત્યાંથી પછી મોરબી, સાયલા, ઇડર ગયા. ઈડરમાં દસ દિવસની સ્થિરતા દરમ્યાન મુમુક્ષુઓને ઉદ્દેશ્યા. વિ. સં. ૧૯૫૪માં મોરબીમાં ત્રણ માસ રહ્યા. તે પછી ઉત્કૃષ્ટ આત્મ સાધના માટે કાવિઠા, વસો, ઉત્તરસંડા, ખેડા ગયા. એકાંત નિર્જન વનક્ષેત્રોમાં સ્થિરતા કરીને અવધૂત દશામાં અપૂર્વ આત્મસાધના કરી, સાથે સાથે જિજ્ઞાસુઓને પોતાના જ્ઞાન અને ધ્યાનનો લાભ પણ આપ્યો. તેઓએ પ્રમાદત્યાગ ઉપર સવિશેષ ભાર મૂક્યો. મિતાહારીપણે રહેલ શ્રીમદ્ ઘણી વખત આજુબાજુનું સાનભાન ભૂલીને કલાકો આત્મમગ્નદશામાં ડૂબી જતા.

વનક્ષેત્રે સારો એવો સમય ગુજારીને શ્રીમદ્ મુંબઈ આવ્યા. ત્યાં થોડોક વખત રહીને વિ. સં. ૧૯૫૫ના માગસર સુદ પાંચમે ફરી ઇડર ગયા. ત્યાં એકાંતવાસ જ પસંદ કર્યો. પંદરેક દિવસ પછી તેમના ઇડર હોવાના સમાચાર મળતા પૂ. શ્રી લલ્લુજી મુનિ (પ્રભુશ્રી) વગેરે ત્યાં આવ્યા, તેથી શ્રીમદ્ એકાંતની સાથે સાથે થોડો સમય સાધકોને આપતા. વિશાળ શિલા ઉપર શ્રીમદ્ બિરાજમાન થઈને 'બૃહદ્ દ્રવ્યસંગ્રહ' ગ્રંથ એકી બેઠકે લગભગ અડધો વાંચ્યો. પાંચ દિવસ સુધી મુનિઓને સદ્‌બોધ, જ્ઞાનવાર્તા કરી. ફરી પાછા દોઢ માસ સુધી ઈડરની પ્રાચીન ગુફામાં રહ્યા. પછી અમદાવાદમાં નરોડા આવી જેઠ માસમાં મુંબઈ પધાર્યા. આ દરમ્યાન મન, વચન, કાયા, આહાર, નિદ્રાનો જય કરીને અંતર્મુખવૃત્તિથી આત્મરમણતામાં રહ્યા.

વિ. સં. ૧૯૫૫માં એક સભામાં લક્ષ્મી, સ્ત્રી-પુત્રાદિનો ત્યાગ જાહેર કર્યો. સર્વસંગપરિત્યાગ કરીને બાહ્યાંતર નિર્ગ્રંથ થવા માટે માતાની આજ્ઞાની જ રાહ હતી, પણ મોહને કારણે માતા આવી આજ્ઞા આપી ન શક્યા. વિ. સં. ૧૯૫૬ના પોષ મહિનાથી અસાધ્ય રોગનું આક્રમણ શરૂ થયું. સંગ્રહણીના રોગનું નિદાન થયું. હવાફેર માટે વિ. સં. ૧૯૫૬ના ચૈત્ર માસમાં તેઓને ધરમપુર લવાયા. ત્યાં એકાદ મહિનો રહીને અમદાવાદ, વીરમગામ થઈ વવાણિયા બેએક માસ રહી મોરબી આવ્યા. મોરબીમાં જે જ્ઞાનધારા વહાવી તે 'વ્યાખ્યાનસાર-૨' શીર્ષકથી પ્રકાશિત થઈ. શ્રાવણ વદ દસમે મોરબીથી વઢવાણ કેમ્પ આવીને ત્યાં આવેલ લીંબડીના



*ચેતનરહિત કાષ્ઠ છેદતાં કાષ્ઠ દુઃખ માનતું નથી. તેમ તમે પણ સમદૃષ્ટિ રાખજો.*

ઉતારે રહ્યા. ત્યાં શ્રીમદે સ્વહસ્તે 'પરમશ્રુત પ્રભાવક મંડળ' સંસ્થાની સ્થાપના કરી. મહાત્મા ગાંધીજી આ સંસ્થાના ટ્રસ્ટી હતા. વિ. સં. ૨૦૧૪થી આ સંસ્થાનો વહીવટ 'શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ' અગાસના ટ્રસ્ટીઓએ સંભાળ્યો છે. આ ટ્રસ્ટમાંથી ઉત્તમ અને અલભ્ય ગ્રંથો 'શ્રીમદ્ રાજચંદ્ર જૈન શાસ્ત્રમાળા'ના અન્વયે પ્રગટ થયા છે. આ જ રીતે વિ. સં. ૧૯૫૬ના માગસર માસમાં ખંભાતમાં શ્રીમદ્‌ની પ્રેરણાથી 'શ્રી સુબોધક પાઠશાળા' નામે પુસ્તકાલયની સ્થાપના થઈ જે વિ. સં. ૧૯૬૮થી લોંકાપરીમાં સ્વતંત્ર મકાનમાં વિદ્યમાન છે. વઢવાણ કેમ્પમાં 'પ્રભાવબોધ મોક્ષમાળા'ના એકસો આઠ મણકાની સંકલના પણ લખાવી. વીરમગામના મુમુક્ષુ શ્રી સુખલાલભાઈની વિનંતિથી પદ્માસન અને કાયોત્સર્ગ મુદ્રાના બે ફોટોગ્રાફ પણ વઢવાણકેંપમાં લેવાયા, જેનો લાભ જગતને મળ્યો.

વિ. સં. ૧૯૫૭ના કારતક વદ સાતમના રોજ વઢવાણ કેમ્પથી અમદાવાદ આવી સત્યાવીસ દિવસ સુધી સાબરમતીના કિનારે આગાખાનના બંગલે સ્થિરતા કરી. પોતાના માતુશ્રી દેવબા તથા પત્ની ઝબકબાના હાથે 'જ્ઞાનાર્ણવ' અને 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા' ગ્રંથોની હસ્તલિખિત પ્રતો પૂ. લલ્લુજી મુનિજી (પ્રભુશ્રી) અને પૂ. દેવકરણજી મુનિને વહોરાવડાવ્યા હતા. અમદાવાદમાં શ્રી અંબાલાલભાઈની પ્રમાદ વૃત્તિ દૂર કરી, જેથી તેમની ચેતના જાગ્રત થતાં તેઓને સ્વરૂપજ્ઞાનની પ્રાપ્તિ થઈ.

વિ. સં. ૧૯૫૭ના માગસર વદમાં તેઓ અમદાવાદથી મુંબઈ પધાર્યા. માટુંગા અને શિવ (સાયન) ઉપરાંત વલસાડ પાસે તિથલ વગેરે દરિયાકિનારે આરામ માટે લઈ જવાયા. મહા વદ છઠ્ઠના દિવસે પાછા વઢવાણ કેમ્પ પધાર્યા, ત્યાં ફાગણ સુદ છઠ્ઠ સુધી સ્થિરતા કરી. પછી ત્યાંથી રાજકોટ પધાર્યા, જ્યાં શારીરિક સ્થિતિ ઉત્તરોત્તર બગડતી ગઈ. અનેક મુમુક્ષુઓ અને સ્વજનો સેવામાં ખડે પગે હાજર હતા. ફાગણ વદ તેરસથી સ્થિતિ બગડવા છતાં શ્રીમદ્ સ્વરૂપમગ્ન રહતા. ચૈત્ર સુદ નોમના દિવસે 'અંતિમ સંદેશો' (ઈચ્છે છે જે જોગી જન...) કાવ્ય દ્વારા સાધનામાર્ગનું પરમ રહસ્ય આપ્યું. શરીર કર્મોદય પ્રમાણે વર્તતું હતું, પણ તેમનો આત્મા તો શુદ્ધ ભાવમાં વર્તતો હતો.

ચૈત્ર વદ ચોથના દિવસે પોતાની સમીપ રહેલાને 'તમે નિશ્ચિંત રહેજો, આ આત્મા શાશ્વત છે' એમ જણાવ્યું હતું. વિ. સં. ૧૯૫૭ના ચૈત્ર વદ પાંચમને મંગળવારે બપોરે બે વાગ્યે (તારીખ બારમી એપ્રિલ, ૧૯૦૧) રાજકોટમાં શ્રીમદે દેહત્યાગ કર્યો. તે સમયે જેમ જેમ પ્રાણ ઓછા થવા લાગ્યા, તેમ તેમ મુખમુદ્રાની કાંતિ વિશેષ પ્રકાશ પામવા લાગી. સમાધિસ્થભાવે દેહ અને આત્મા છૂટા પડ્યા.

એક વખત નડિયાદમાં શ્રીમદે પોતાનો કોટ ઉતારીને આપતાં એક ભાઈને કહ્યું હતું કે, 'જેવી રીતે અમે આ કોટ આપીએ છીએ, તેવી રીતે દેહ છોડીને જવાના છીએ.' આથી શ્લેષમાં એમ કહી શકાય કે 'રાજ-કોટ'માં શ્રીમદ્ 'રાજ' નામધારી દેહરૂપી 'કોટ'નો ત્યાગ કર્યો. આ રીતે જોઈએ તો 'રાજ-કોટ' નામ સાર્થક થયું.

પરમકૃપાળુ અધ્યાત્મયોગી શ્રીમદ્ રાજચંદ્રજીનો નિકટ સમાગમ પામનાર અનેક મુમુક્ષુઓમાંથી ૧. શ્રી જૂઠાભાઈ ઉજમશી, ૨. શ્રી સૌભાગ્યભાઈ લલ્લુભાઈ, ૩. શ્રી અંબાલાલ લાલચંદ અને ૪. પૂ. લલ્લુજીમુનિ (પ્રભુશ્રી)ને આ જીવનમાં જ સમ્યક્ત્વની પ્રાપ્તિ રૂપ ઉચ્ચ અવસ્થા પ્રાપ્ત થયેલ. વળી શ્રીમદ્‌ના સમાગમથી મહાત્મા ગાંધીજીના જીવનનું વહેણ બદલાઈ ગયું હતું.

વિશ્વની વિરલ વિભૂતિ સમા આ તત્ત્વજ્ઞ, આત્મજ્ઞ મહાપુરુષ જન્મથી જ યોગીશ્વર હતા. તેઓ અનેકવિધ અતીન્દ્રિય જ્ઞાનના સ્વામી હતા. વ્યવસાય સાથે સંકળાયેલ આ ગૃહસ્થ પુરુષ નિર્લેપભાવે જળકમળવત્ અસાધારણ જીવન જીવી ગયા. તેમના જીવનમાં કે સાહિત્યમાં ક્યાંય સાંપ્રદાયિક સંકીર્ણતા જોવા મળતી નથી.

આવા અધ્યાત્મયોગી મહાપુરુષની માત્ર થોડીક જ વિગતોની આ લેખમાં નોંધ લેવામાં આવી છે. તેઓના જીવનની અધિકૃત વિગતો પુસ્તકોમાં નોંધાયેલ છે જે જિજ્ઞાસુ વાચકને માટે ખૂબ ઉપયોગી થાય તેમ છે. આ લેખ માટે હું ડૉ. અભયભાઈ દોશી, શ્રી મહેન્દ્રભાઈ ઉત્તમચંદ શાહ, શ્રીમતી કોકિલાબહેન વિનયભાઈ પારેખની અત્યંત આભારી છું.

**સંદર્ભ ગ્રંથો :**

૧. **'શ્રીદ્ રાજચંદ્ર-જીવન અને કવન'** (લે. ડૉ. રાકેશભાઈ ઝવેરી, પ્રથમ આવૃત્તિ-ઈ. સ. ૨૦૦૧, પ્રકા.-શ્રીમદ્ રાજચંદ્ર પરમ સમાધિ શદાબ્દી મહોત્સવ સમિતિ, રાજકોટ).

૨. **'શ્રીદ્ રાજચંદ્ર-જીવનકળા'** (લે. શ્રી બ્ર. ગોવર્ધનદાસજી, ૧૪મી આવૃત્તિ-ઈ. સ. ૨૦૧૨, પ્રકા. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ.

૩. **'શ્રીમદ્ રાજચંદ્ર સચિત્ર જીવનદર્શન'** (સંયોજક-પારસભાઈ જૈન, આવૃત્તિ ચોથી, ઈ. સ. ૨૦૧૫, પ્રકા. શ્રીમદ્ રાજચંદ્ર જન્મ-ભુવન, વવાણિયા.

✷ ✷ ✷

૨૨, શ્રીપાલફ્લેટ, દેરી રોડ, કૃષ્ણનગર, ભાવનગર.

# ‘શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર’ – આત્માનું ઉપનિષદ

□ પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈ

*[ શ્રી રાકેશભાઈના નામથી જૈન જગત સુપરિચિત છે. શ્રી રાકેશભાઈ ઝવેરીએ ‘શ્રીમદ્ રાજચંદ્ર મિશન-ધરમપુર’ના માધ્યમથી વિશ્વભરના યુવાનોમાં જે ધાર્મિક જાગૃતિ જગાડી છે તે અપૂર્વ છે. તેમણે ‘પ્રબુદ્ધ જીવન’ના પૂર્વતંત્રી ડૉ. રમણભાઈ શાહના માર્ગદર્શનમાં ‘શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર’ પર પીએચ. ડી. કર્યું હતું. આ લેખમાં પણ તેમણે ‘શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર’ના સુંદર અમૃતનું પાન કરાવ્યું છે.]*

પરમકલ્યાણમય પરમાર્થપથના પ્રરૂપક અને પ્રયોજક, પ્રવર્તક અને પથદર્શક એવા પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ ‘શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર’ જેવા અદ્વિતીય ગ્રંથની અમૂલ્ય ભેટ આપીને મુમુક્ષુસમાજ પર અથાગ ઉપકાર કર્યો છે. ગુજરાતી ભાષામાં સરળ પદ્યમાં લખાયેલ ‘શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર’, માત્ર ૧૪૨ ગાથામાં મોક્ષમાર્ગને સ્પષ્ટ અને સુરેખ રીતે ઉપદેશનાર અપૂર્વ શાસ્ત્ર છે. તેમાં શ્રીમદ્જીએ ગુરુ-શિષ્યના સંવાદરૂપે ‘આત્મા છે’, ‘આત્મા નિત્ય છે’, ‘આત્મા કર્મનો કર્તા છે’, ‘આત્મા કર્મનો ભોકતા છે’, ‘મોક્ષ છે’ તથા ‘મોક્ષનો ઉપાય છે’ એ છ પદ દ્વારા આત્મા જેમ છે તેમ યથાર્થપણે સમજાવી, આત્માના વાસ્તવિક સ્વરૂપનો બોધ કરી આત્મસિદ્ધિ અર્થે જાગૃતિપ્રેરક અદ્ભુત ઉપદેશ આપ્યો છે. તેમણે તેમાં ષડ્દર્શનનો પરમાર્થ સંક્ષેપમાં સમજાવ્યો છે તથા આત્મદર્શન કરીને કૃતાર્થ થવાનું રહસ્ય પ્રકાશ્યું છે.

અપરિચિત અને અનભ્યસ્ત એવા આત્મતત્ત્વના ગહન વિષયને પણ શ્રીમદ્જીએ અત્યંત રોચક બનાવ્યો છે. તત્ત્વજ્ઞાનના ગહન વિષયનું લોકપ્રચલિત ગુજરાતી ભાષામાં સરળ નિરૂપણ થયું હોવાના કારણે આ ગ્રંથ સામાન્યજનથી માંડી વિદ્વદ્જન સુધી સર્વને ઉપયોગી અને આત્મહિતકારી નીવડ્યો છે. શ્રીમદ્જીએ અત્યંત સંક્ષેપમાં, છતાં સચોટ અને રોચક રીતે આ ગ્રંથમાં આત્મતત્ત્વની મીમાંસા કરી છે, જે પોતાના ગહન શાસ્ત્રાભ્યાસની, ઉન્નત આત્મદશાની અને ઉત્તમ કવિત્વશક્તિની પ્રતીતિ કરાવે છે.

‘શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર’ વિષે પંડિત સુખલાલજી લખે છે કે-

‘આત્મસિદ્ધિ’ વાંચતા અને તેનો અર્થ પુનઃ વિચારતાં એમ લાગ્યા વિના નથી રહેતું કે શ્રીમદે આ નાનકડી કૃતિમાં આત્માને લગતું આવશ્યક પૂર્ણ રહસ્ય દર્શાવી આપ્યું છે. માતૃભાષામાં અને તે પણ નાના નાના દોહા છંદમાં, તેમાં પણ જરાય તાણી કે ખેંચીને અર્થ ન કાઢવો પડે એવી સરળ પ્રસન્ન શૈલીમાં, આત્માને સ્પર્શતા અનેક મુદ્દાઓનું ક્રમબદ્ધ તેમજ સંગત નિરૂપણ જોતાં અને તેની પૂર્વવર્તી જૈન–જૈનેતર આત્મવિષયક મહત્ત્વપૂર્ણ ગ્રંથો સાથે સરખામણી કરતાં અનાયાસે કહેવાઈ જાય છે કે પ્રસ્તુત ‘આત્મસિદ્ધિ’ એ સાચે જ આત્મોપનિષદ છે.’

ઉપનિષદ શબ્દ બે ઘટકોનો બનેલો છે. ઉપ અને નિષદ. ઉપ એટલે સમીપ અને નિષદ એટલે બેસવું, અર્થાત્ નજીકમાં બેસવું એમ ઉપનિષદનો અર્થ થાય છે. ગુરુની પાસે, તેમના ચરણમાં બેસીને શીખી શકાય એવા ઊંચા અને ઊંડા તત્ત્વજ્ઞાનને ઉપનિષદ કહે છે. વેદોનો જ્ઞાનોપદેશ કરતો અંતિમ ભાગ ઉપનિષદ સંજ્ઞા પામ્યો છે. સંસ્કૃત ભાષામાં રચાયેલાં આવાં પ્રાચીન ઉપનિષદો સુવિખ્યાત છે. તેમાં આત્મતત્ત્વની ચર્ચા છે, બ્રહ્મવિદ્યાનું પ્રતિપાદન છે. તે ઉપરાંત બીજી જે પણ ચર્ચા છે તે આત્મતત્ત્વની સમજ આપવા પૂરતી અને તેને ઉઠાવ આપવા પૂરતી છે. તેમાં પુરુષ, બ્રહ્મ, ચેતન જેવા આત્મતત્ત્વના બોધક શબ્દોનો ઉપયોગ થયેલો છે. ‘શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર’ ઉપનિષદોનું સ્મરણ કરાવે છે, કારણ કે ઉપનિષદોની ભાષાશૈલી તથા ઊદાહરણો યોજવાની કળાનું તેમાં દર્શન થાય છે. ઉપનિષદોની જેમ ‘શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર’માં પણ ગુરુશિષ્ય-સંવાદરૂપે આત્માનાં છ પદનો બોધ છે. આત્મા એ જ તેનો પ્રધાન વિષય છે અને તેમાં થયેલું નિરૂપણ પણ આત્મલક્ષી જ છે, તેથી તેને ઉપનિષદ સંજ્ઞા આપી શકાય છે. વેદ સાહિત્યમાં ઉપનિષદનું જેવું સ્થાન છે, તેવું જ પ્રતિષ્ઠિત અને ગૌરવભર્યું સ્થાન ‘શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર’નું જૈન સાહિત્યમાં તેની અપૂર્વ રસસમૃદ્ધિ અને ગહનતાને કારણે છે.

કર્મ પારતંત્ર્યમાંથી મુક્ત કરી આત્મસ્વાતંત્ર્યની અનુપમ સિદ્ધિ કરાવનાર, જીવને શિવ બનાવનાર, આત્માને પરમાત્મપદ પમાડનાર અધ્યાત્મશાસ્ત્રોના નવનીતરૂપ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રનું સ્થાન અનુપમ છે. શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર દાર્શનિક વિચારધારાનું પ્રતિનિધિત્વ ધરાવતું હોવા છતાં શ્રીમદ્જીએ સાદ્યંત આત્માને જ મુખ્ય વિષય તરીકે રાખ્યો છે. તેમાં આત્મભાવની વૃદ્ધિ કરવાની જ પ્રેરણા છે.

### નિરૂપણની મૌલિકતા

શ્રીમદ્જીએ પૂર્વાચાર્યોના ગ્રંથોનો સૂક્ષ્મ દૃષ્ટિથી અભ્યાસ કર્યો હતો અને તેને શબ્દ, ભાવ અને તાત્પર્ય સહિત પચાવ્યા હતા. અધ્યાત્મજ્ઞાન તેમના જીવનમાં એટલું બધું ઓતપ્રોત થઈ ગયુ હતું કે તેમનાં વાણી અને વ્યવહાર તેનાં દર્પણ બની ગયાં હતાં. શ્રી જિનેશ્વર ભગવાનના આશયને અંતરમાં અવધારી, તેમણે પોતાની મૌલિક શૈલીમાં જિનાગમના મર્મોને ખોલ્યા છે. તેથી આ ગ્રંથ વિષયની દૃષ્ટિએ મૌલિક નથી પણ તેનું નિરૂપણ, તેમાં થયેલ વિષયની અભિવ્યક્તિ મૌલિક છે.

પૂર્વાચાર્યોએ અધ્યાત્મવિષયક ગ્રંથોમાં જે આત્મવિચાર પુષ્ટ કર્યો છે, તે સમગ્ર વિચાર શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં એવા સહજ ભાવે ગૂંથાઈ ગયો છે કે તેમાંથી વાંચનારને પૂર્વાચાર્યોના ગ્રંથોનું પરિશીલન કરવાની એક ચાવી મળી રહે છે. પરંતુ અભ્યાસ કરતાં સમજાશે કે તે ગ્રંથોના સંકલનરૂપે શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની રચના થઈ નથી. અન્ય ગ્રંથો વાંચીને તેમાંથી જે સારું લાગે તેનો સંગ્રહ કરીને આ અમૃતકૃતિ રચવામાં આવી નથી. વિષયને પોતે વાંચી-વિચારીને, મંથન તેમજ સાધનામાંથી પસાર કરીને અને એ સર્વના ફળસ્વરૂપે પોતાને જે અનુભવમૌક્તિક લાધ્યું, આત્મસ્વરૂપની જે ઊંડી અને સ્પષ્ટ અનુભૂતિ થઈ તેના પરિપાકરૂપે શ્રીમદ્જીએ આ રચના કરી છે. તેમાં તેમના અનુભવનો રણકાર છે, નિચોડ છે, ખુમારી છે. આ સ્વાનુભૂતિજન્ય બોધ જ આપણને સ્પર્શી જાય છે, આપણી અંતરવાણીના તારને ઝંકૃત કરી જાય છે.

### સત્પુરુષ અને શિક્ષક

સત્પુરુષ તે નથી કે તે માત્ર સમજાવે, સૂચના આપે, શાસ્ત્ર શીખવાડે. આવું કરે એ તો શિક્ષક છે. સત્પુરુષ આત્મજ્ઞાની છે, શિક્ષક અભ્યાસી છે. શિક્ષક શાસ્ત્ર વાંચશે, નોંધ કરશે અને સમજાવશે. સત્પુરુષનો અર્થ છે જેઓ સ્વયં શાસ્ત્ર છે. જે તેઓ કહે છે તે ક્યાંયથી સાંભળીને કે વાંચીને નહીં પણ અનુભવ કરીને, પોતાની પ્રતીતિમાંથી બોલે છે. જે એમ કહે છે કે આ શાસ્ત્રમાં આમ લખ્યું છે અને આ શાસ્ત્રમાં આમ લખ્યું છે તે શિક્ષક છે. સારું છે પણ સાધારણ વાત છે, કારણ કે અન્યના અનુભવની વાત છે. સત્પુરુષ પોતાના અનુભવની વાત કરે છે અને એ જ તેમની વિશેષતા છે.

સત્પુરુષ વાત તો શાસ્ત્રમાં છે તે જ કરે છે પરંતુ શાસ્ત્રમાં છે માટે નહીં, પોતે અનુભવેલી છે માટે કહે છે. શિક્ષક માટે પુસ્તક પહેલા સ્થાને છે. સદ્ગુરુ માટે અનુભવ પહેલા સ્થાને છે અને પુસ્તકનું સ્થાન પછી છે. જ્ઞાની શાસ્ત્રની વાત કરે પણ તેમનો સૂર એવો હોય કે અહીં જે લખાયું છે, કહેવાયું છે, એ વાતના અમે સાક્ષી છીએ. માત્ર શાસ્ત્રમાં છે એટલા માટે જ નહીં, અમારો અનુભવ પણ આમ જ કહે છે...' સત્પુરુષનો અર્થ છે જેઓ સતરૂપે પરિણમી ગયા છે. તેઓ હવે શિક્ષા નથી આપતા, બલ્કે સ્વયં શિક્ષા બની ગયા છે.

જે વાંચેલું બોલે છે તેમની સ્થિતિ તે વિદ્યાર્થી જેવી હોય છે કે જે ગણિતના પુસ્તકમાં પાછળ આપેલા ઉત્તરોને મોઢે કરી લે છે! ઉત્તર હાથમાં આવી ગયો, પરંતુ વિધિ હાથમાં ન આવી, તો એવા ઉત્તરની કિંમત શી? પ્રક્રિયા આવડતી ન હોય, વિધિમાંથી પોતે પસાર થયો ન હોય અને કહે કે મને આવડે છે પણ તેનું શું મૂલ્ય? અને કોઈ વાર ઉત્તરને જાણીને એ પ્રમાણે વિધિ પણ બેસાડી દે તોપણ તે જાણકારી આવડત નથી દર્શાવતી, અણઆવડત જ દર્શાવે છે.

### અનુભવનો અર્ક

જેમણે સ્વયં સાધના કરી સત્યની ઉપલબ્ધિ કરી છે તેઓ જે ઉપદેશ આપે છે તે જ ધર્મ છે. જેમણે સ્વયં અધ્યાત્મના પંથે પ્રયાણ કર્યું છે તે જ અન્યને માર્ગદર્શન કરાવી શકે. અનુભવના ક્ષેત્રમાં આગળ વધીને શ્રીમદ્જીએ તે અનુભવના અર્કરૂપે શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની રચના કરી છે અને તેથી જ આ રચનામાં અપૂર્વ દૈવત પ્રગટ અનુભવાય છે. અધ્યાત્મમાર્ગનું ખરું રહસ્ય સમજવા ઇચ્છનારને એ અવશ્ય ઉપયોગી થશે. એની સંકલના એવી સુસંગત થઈ છે કે એમાં આત્માર્થ સિવાય કાંઈ આવતું નથી, આત્માર્થ અંગેનું કાંઈ રહી જતું નથી અને આત્માર્થ સિવાય એ બીજે કશે પણ આડું ફંટાતું નથી.

### ષટ્પદની પ્રરૂપણા

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર ગ્રંથના નામ અનુસાર શ્રીમદ્જીએ તેમાં આત્મસિદ્ધિ થવા અર્થે જરૂરી એવા આત્મભાવને જાગૃત તથા પુષ્ટ કરવા છ પદની પ્રરૂપણા કરી છે. જીવ જડભાવોથી મુક્ત થઈ, આત્મભાવને પામે તે જ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રનું લક્ષ છે અને તે માટે શ્રીમદ્જીએ આત્માનું શુદ્ધ સ્વરૂપ કેવું છે, એવું શુદ્ધ સ્વરૂપ હોવા છતાં તેની વર્તમાન અશુદ્ધ અવસ્થા કેવી છે, તેનું કારણ શું છે તથા નિજ શુદ્ધતારૂપ મોક્ષ અને તેની પ્રાપ્તિનો ઉપાય શું છે તેની વિશદ સમજણ આપી છે.

જેમ જગતના સ્વરૂપને સમજવા માટે છ દ્રવ્યનાં સ્વરૂપને સમજવાની આવશ્યકતા છે, તેમ આત્માના સ્વરૂપને સમજવા માટે છ પદની મીમાંસાને સમજવાની આવશ્યકતા છે, તેથી તેમણે આ ગ્રંથમાં છ પદની દેશના પ્રકાશી છે. જેમ વેદનું રહસ્ય સમાવીને રચાયેલ ઉપનિષદ બ્રહ્મવિદ્યાનું પ્રતિપાદન કરતો તાત્ત્વિક ગ્રંથ છે, તેમ આત્માને લગતું સર્વ રહસ્ય સમાવીને રચાયેલ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર આત્મજ્ઞાનની પ્રાપ્તિની વિદ્યાનું પ્રતિપાદન કરતો તાત્ત્વિક ગ્રંથ છે; તેથી જો આ ગ્રંથને આત્માનું અનુપમ

ઉપનિષદ – આત્મોપનિષદ જેવું ગુણનિષ્પન્ન નામ આપવામાં આવે તો તે પૂર્ણપણે યથાર્થ જ છે.

### વિષય અને પ્રયોજન

શ્રીમદ્જીએ આત્મસિદ્ધિ શાસ્ત્રમાં દ્રવ્યાનુયોગનું નિરૂપણ સુંદર, માર્મિક અને હાર્દિક પદ્ધતિથી કર્યું છે. તેમણે આત્મસ્વરૂપ અને આત્મપ્રાપ્તિના માર્ગ સંબંધી સર્વ પ્રશ્નોનું નિઃશંકતા પ્રેરક સમાધાન આપ્યું છે. આ ગ્રંથ અન્ય દર્શનના ખંડન-મંડન માટે રચાયેલ નથી, પરંતુ છ પદનાં સ્વરૂપને જાણીને, સ્વદ્રવ્ય અને પરદ્રવ્યનું ભેદજ્ઞાન કરીને સ્વરૂપમાં સ્થિત થવા માટે રચાયેલ છે. શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રનો વિષય અને તેની રચનાનું પ્રયોજન સ્પષ્ટ કરવા શ્રીમદ્જીએ 'ષટપદનામકથન'નો સ્વતંત્ર વિભાગ રચ્યો છે, જેમાં તેઓ પ્રકાશે છે–

**' 'આત્મા છે', 'તે નિત્ય છે', 'છે કર્તા નિજ કર્મ';**
**'છે ભોક્તા', વળી 'મોક્ષ છે', 'મોક્ષ ઉપાય સુધર્મ'.' (૪૩)**
**'ષટ્સ્થાનક સંક્ષેપમાં, ષટ્દર્શન પણ તેહ;**
**સમજાવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનીએ એહ.' (૪૪)**

શ્રીમદ્જીએ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં ષટ્પદનું તાદૃશ સ્વરૂપ દર્શાવી, ષડ્દર્શનનો પરમાર્થ સમજાવી આત્માનું ગૂઢ રહસ્ય ખોલી નાખ્યું છે. શ્રીમદ્જી તત્ત્વજ્ઞાનને બુદ્ધિવિલાસનો વિષય માનતા નથી. તેમણે તો આત્માની ખોજ કરતાં કરતાં જે તથ્યો પોતાને અનુભવમાં આવ્યાં છે, તેનું વિશદતાથી અને સુગમતાથી નિરૂપણ કર્યું છે. તેમની વિચારધારા પ્રવાહી છે અને તેમનું લક્ષ્યબિંદુ સ્પષ્ટ છે. ગમે તે વિષયનું વર્ણન કરતાં પણ તેમનો ઝોક અધ્યાત્મ તરફ જ છે એમ સ્પષ્ટપણે જોઈ શકાય છે.

### બે શૈલી

ધાર્મિક ગ્રંથોમાં વસ્તુના સ્વરૂપનું નિરૂપણ બે પ્રકારે થાય છે. વસ્તુસ્વરૂપનું પ્રતિપાદન કરનારી શૈલીના આગમશૈલી અને અધ્યાત્મશૈલી એમ બે પ્રકાર છે. આગમશૈલીમાં ઘણાં વિષયોનું નિરૂપણ એકસાથે હોઈ શકે છે અને તે પૈકી પ્રત્યેક વિષયનું વિગતવાર કે સંક્ષિપ્ત વિવરણ આવશ્યકતા અનુસાર કરવામાં આવે છે. આગમશૈલીમાં જુદી જુદી વસ્તુઓ કે વિવરણ જુદી જુદી રીતે નિરૂપવામાં આવે છે, જ્યારે અધ્યાત્મશૈલીમાં એક જ વસ્તુ કે વિષયનું નિરૂપણ એક યા વિભિન્ન પ્રકારે કરવામાં આવે છે. આગમશૈલીનો વિષય છએ દ્રવ્યો છે જ્યારે અધ્યાત્મશૈલીનો વિષય માત્ર આત્મા જ છે.

### અધ્યાત્મ

અધ્યાત્મ એટલે આત્મા સંબંધી. અધ્યાત્મનો અર્થ આત્મા સંબંધી વિવેચન કરનાર વિષય પણ થાય છે. અધ્યાત્મનું નિવાસસ્થાન આત્મા છે. આત્માને લગતા જ્ઞાનને અધ્યાત્મજ્ઞાન કહેવાય છે. આત્મા શું છે? તેનું સ્વરૂપ શું છે? તેનો પૌદ્ગલિક વસ્તુઓ સાથેનો સંબંધ કેવો છે? કેટલા વખત સુધીનો છે? સત્નું સ્વરૂપ ખોટી રીતે સમજાવાનું કારણ શું છે? એ રીતે આત્માનાં ગુણ-પર્યાય આદિની વિચારણા એ સર્વ અધ્યાત્મના વિષયો છે. એના સમર્થનમાં અનેક પ્રકારની શિક્ષાઓ, સદ્ગુણ ગ્રહણ કરવાના પ્રસંગો, કર્મમળને દૂર કરવાના ઉપાયો અને હૃદયને વૈરાગ્યવાસિત કરવાનાં અનેક સાધન અધ્યાત્મમાં દર્શાવ્યાં છે. આમ, જે દ્વારા આત્મશુદ્ધિ થાય, નિજસ્વરૂપસ્થિરતા થાય તે અધ્યાત્મ છે.

અધ્યાત્મજ્ઞાનની સહાયતાથી આત્માનું સ્વરૂપ સમજાતાં સ્વરૂપમાં તન્મય થવાની રુચિ જાગૃત થાય છે, રુચિ અનુસાર પુરુષાર્થ થાય છે અને પુરુષાર્થના સાતત્યથી શુદ્ધાત્મસ્વરૂપ પ્રાપ્ત કરીને જીવ શાશ્વત સુખનો ભોક્તા બને છે. અધ્યાત્મજ્ઞાનને જાણ્યા વિના અનુભવરસનું પાન થઈ શકે નહીં, તેથી મુમુક્ષુ જીવે અધ્યાત્મબોધ મેળવવા અર્થે પુરુષાર્થી બનવું જોઈએ અને તે માટે અધ્યાત્મશાસ્ત્રોનું પરિશીલન કરવું અત્યંત આવશ્યક બને છે.

### શ્રીમદ્જીની અધ્યાત્મદૃષ્ટિ

આત્મચિંતનસભર અને આત્મગામી પ્રવૃત્તિરૂપ આધ્યાત્મિકતા શ્રીમદ્જીમાં જન્મસિદ્ધ હતી. ગૃહસ્થાશ્રમની કે વ્યાપારની પ્રવૃત્તિમાં પણ તેમની આધ્યાત્મિક વૃત્તિ છૂપી રહેતી ન હતી. તેમનાં જીવન અને કવન બન્ને પર તેમની આધ્યાત્મિક દૃષ્ટિની ગાઢ છાપ વર્તાય છે. 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં 'મોક્ષસુબોધ' કે 'પુષ્પમાળા'થી માંડીને 'અંતિમ સંદેશ' સુધીનાં તેમનાં સર્વ લખાણોમાં તેમની આધ્યાત્મિકતા દૃષ્ટિગોચર થાય છે, તેમાં પણ અધ્યાત્મવિષયની તેમની અણમોલ કૃતિ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં તો તેમની દૃષ્ટિ – વૃત્તિ સહજપણે અધ્યાત્મ પ્રત્યે હતી એ તથ્ય સ્પષ્ટપણે દેખાય છે. ગ્રંથના સાદ્યંત અવલોકન ઉપરથી સ્પષ્ટપણે કહી શકાય છે કે તેમનું લક્ષ્ય સંપૂર્ણપણે આત્મપ્રાપ્તિનાં માર્ગને પ્રકાશિત કરવાનું જ હતું અને તેથી જ ગમે તે વિષયનું વર્ણન કરતી વખતે પણ તેમનો ઝુકાવ અધ્યાત્મ તરફ જ હતો એમ ચોકકસપણે જોઈ શકાય છે.

### શ્રીમદ્જીનો લક્ષ

ગ્રંથનો વિષય દાર્શનિક હોવા છતાં તેમાં ષડ્દર્શનની વિધિવત મીમાંસા નથી. તેમાં દાર્શનિક વિચારધારાઓ જરૂર રજૂ થઈ છે,પરંતુ તેનું પ્રયોજન કોઈ દર્શનનું ખંડન કે કોઈ દર્શનનું મંડન કરવાનું નથી. પરમતખંડન કે સ્વમતમંડન કરતાં અસત્નું ખંડન અને સત્નું મંડન અત્રે વધુ ધ્યાન ખેંચે છે. તેમણે સમગ્ર કૃતિમાં કોઈ દર્શનનો નામોલ્લેખ કર્યો નથી. આત્મભ્રાંતિનું નિરસન થવા

અર્થે અને આત્મસિદ્ધિનું પ્રયોજન પૂર્ણ થવાને અર્થે પોતાને જે આવશ્યક અને અનિવાર્ય લાગ્યું તેની જ પ્રરૂપણા શ્રીમદ્જીએ અહીં કરી છે. તેમના નિરૂપણમાં ન વાદવિવાદમાં વિજય મેળવવાની લાલસા છે, ન ખ્યાતિ, પૂજા આદિ મેળવવાની કામના છે, ન પોતાના પાંડિત્યનું પ્રદર્શન કરવાની વૃત્તિ છે કે ન તો પોતાની કવિત્વશક્તિથી અન્યને આંજી નાખવાની ઈચ્છા છે. તેમની રચનાનું એકમાત્ર ધ્યેય નિષ્કામ કરુણાબુદ્ધિથી પરમસત્યરૂપ આત્મતત્ત્વનેઅજવાળવાનું જ રહ્યું છે અને તેથી જ તેમણે શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં આત્મસ્વરૂપનું માહાત્મ્ય ગાઈ તેની સાધનાનો બોધ પ્રરૂપ્યો છે.

**કેન્દ્રસ્થાને આત્મા**

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રના અભ્યાસમાં જેમ જેમ ઊંડા ઊતરીએ તેમ તેમ ચોક્કસપણે લાગે છે કે તેમાં માત્ર અધ્યાત્મ જ ઠાંસી ઠાંસીને ભરેલ છે. તેના કેન્દ્રસ્થાને એકમાત્ર આત્મા જ છે. તેનું પ્રત્યક્ષ ઉદાહરણ એ છે કે તેની ૧૪૨ ગાથાઓમાંથી ગાથા ૧૧, ૧૩, ૪૩, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૬, ૫૭, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૪, ૬૫, ૬૭, ૬૮, ૭૦, ૭૧, ૭૨, ૭૪, ૭૫, ૭૮, ૭૯, ૮૨, ૮૭, ૯૫, ૯૭, ૧૦૧, ૧૨૫, ૧૨૯, ૧૩૫ એમ કુલ ૩૮ ગાથાઓમાં 'આત્મા' શબ્દ અથવા તેનો પર્યાયવાચી શબ્દ વાપરવામાં આવ્યો છે. વળી, આત્મસ્વરૂપ સમજાવવા માટે 'નિત્ય', 'દ્રષ્ટા', 'અસંગ', 'સિદ્ધસમ' આદિ અનેક શબ્દોનો પ્રયોગ પણ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત ગાથા ૪૧, ૧૨૭ જેવી અનેક ગાથાઓમાં 'આત્મા' કે તેના પર્યાયવાચી શબ્દના પ્રયોગ વિના પણ આત્મા સંબંધી વિચારણા કરવામાં આવી છે. વળી, કેટલાંક સ્થળે આત્મસ્વરૂપ સમજાવવા માટે આત્માના અનેક ગુણોનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે. જેમ કે–

**'એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષ સ્વરૂપ;**
**અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ.' (૧૧૬)**

**'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;**
**બીજું કહીએ કેટલું ? કર વિચાર તો પામ.' (૧૧૭)**

**'ભાસ્યું નિજસ્વરૂપ તે, શુદ્ધ ચેતનારૂપ;**
**અજર, અમર, અવિનાશી ને, દેહાતીત સ્વરૂપ.' (૧૨૦)**

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની પ્રત્યેક ગાથામાં, પ્રત્યેક પંક્તિમાં ઠાંસી ઠાંસીને ભરેલ આત્માનો મહિમા, ભાવની ગહનતા અને પ્રજ્ઞાની તીવ્રતા જ દર્શાવે છે કે શ્રીમદ્જીના અંતરતમમાં આ વિષય કેટલો સુસ્પષ્ટ હશે, એમાં તેઓ કેટલા તન્મય હશે. અધ્યાત્મના વિશાળ પ્રદેશમાં વિચરણ કરાવી આ ગ્રંથ ચિત્તને પ્રફુલ્લિત કરી દે છે. તે અધ્યાત્મનું એક એવું કલ્પવૃક્ષ છે કે જેની પાસેથી આત્માને લગતું સર્વ રહસ્ય પ્રાપ્ત થાય. તેનું પ્રયોજન એ છે કે સર્વ જીવો આત્મસ્વરૂપનો આશ્રય કરે, તેનું ધ્યાન કરે, તેનો જ અનુભવ કરે, તેમાં જ વિહરણ કરી આત્માની સિદ્ધિ કરે. સિદ્ધાંત તેમજ સાધનાનાં અર્થગંભીર રહસ્યોને સરળ ભાષામાં સ્પષ્ટપણે વ્યક્ત કરી આ ગ્રંથે આત્મહિતના અભિલાષીઓ માટે આત્મરુચિપોષક ભાથું પૂરું પાડ્યું છે.

**ગુરુશિષ્યસંવાદ**

સમ્યગ્દર્શનના નિવાસનાં સર્વોત્કૃષ્ટ સ્થાનક એવાં છ પદનો સર્વાંગ બોધ આપવા માટે શ્રીમદ્જીએ ગુરુશિષ્યસંવાદની સુરમ્ય, સફળ અને સુસિદ્ધ પદ્ધતિ અપનાવી છે. આત્માનાં છ પદમાંના પ્રત્યેક પદ સંબંધી વિનીત શિષ્ય પોતાની આશંકાઓ વિનયપૂર્વક રજૂ કરે છે અને પછી શ્રીગુરુ દિવ્ય મધુર વાણીથી તે સર્વનું સમાધાન કરે છે. જ્યાં આંતરિક વિવાદ હોતો નથી, મતની ખેંચતાણ હોતી નથી, સત્‌ને સ્વીકારવાની તત્પરતા હોય છે, ત્યાં જ યથાર્થ સંવાદ સધાય છે. શિષ્ય જિજ્ઞાસુ છે, વિનયી છે, સભાન છે તો શ્રીગુરુ સમજુ છે, ઉદાર છે, કરુણાના ભંડાર છે. કોઈ ને કોઈ દર્શનની એકાંતિક માન્યતાના પ્રભાવવશ શિષ્ય પોતાની દલીલ રજૂ કરે છે. પરંતુ ષડ્દર્શનના તાત્પર્યના જાણકાર અને અનેકાંતગર્ભિત સ્યાદ્વાદશૈલીના ઉપદેષ્ટા શ્રીગુરુ શિષ્યને નકારતા કે ધુત્કારતા નથી, પણ શિષ્યના સ્તર સુધી ઝૂકી તેને ઉપર ઉઠાવે છે.

**પ્રથમ પદ : 'આત્મા છે'**

આત્માના હોવાપણા અંગે પોતાની શંકા વિનમ્રપણે રજૂ કરતાં શિષ્ય કહે છે–

**'નથી દૃષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ;**
**બીજો પણ અનુભવ નહીં, તેથી ન જીવસ્વરૂપ.' (૪૫)**

**'અથવા દેહ જ આત્મા, અથવા ઇન્દ્રિય પ્રાણ;**
**મિથ્યા જુદો માનવો, નહીં જૂદું એંધાણ. (૪૬)**

અર્થાત્ આત્મા દૃષ્ટિમાં આવતો નથી, તેનું કંઈ રૂપ (આકારાદિ) જણાતું નથી તેમજ સ્પર્શાદિ અન્ય અનુભવ વડે પણ તે જાણી શકાતો નથી. સ્પર્શ, રસ, ગંધ, ચક્ષુ કે કર્ણ – કોઈ પણ ઈન્દ્રિયથી આત્મા જાણતો નથી માટે જીવ જેવો કોઈ પદાર્થ હોય એમ મને લાગતું નથી. અથવા જો 'જીવ' શબ્દ વાપરવો જ હોય તો દેહ અથવા ઈન્દ્રિયો અથવા પ્રાણ – શ્વાસોચ્છ્વાસને જ જીવ કે આત્મા માની લઈએ, કારણ કે આ ત્રણથી જ બધા વિષયોનું જાણપણું થાય છે. આ ત્રણથી આત્માનું



*ગજસુકુમારની ક્ષમા અને રાજેમતી રહનેમીને બોધે છે તે બોધ મને પ્રાપ્ત થાવ.*

સ્વરૂપ કે લક્ષણ કાંઈક જુદું હોય એમ માનવું મિથ્યા છે, કારણ કે તેનું કોઈ ભિન્ન ચિહ્ન જણાતું નથી.

શ્રીગુરુ તો આત્માનુભવી છે, આત્મા તેમને સદાસર્વદા પ્રસિદ્ધ છે તોપણ નીચે આવે છે, હાથ લંબાવે છે, શિષ્યના હાથમાં પોતાનો હાથ જોડે છે-કહે છે કે 'તારી વાત સાચી છે!' શિષ્યની દલીલમાં રહેલા સત્યાંશનો શ્રીગુરુ સ્વીકાર કરે છે, તેને જીતે છે અને પછી બતાવે છે કે તે ક્યાં ખોટો છે...

શ્રીગુરુ કહે છે કે આત્મા દેખાતો નથી કે કોઈ ઈન્દ્રિય દ્વારા અનુભવાતો નથી એ વાત તારી એકદમ સાચી છે, કારણ કે આત્મા ઈન્દ્રિયગમ્ય નથી જ. 'આત્મા દેખાતો નથી' એ વાત સાચી છે પણ 'આત્મા નથી' એ વાત ખોટી છે. આત્મા અતીન્દ્રિય છે, અમૂર્ત છે, અરૂપી છે તેથી તેનું સ્વરૂપ ઇન્દ્રિયગમ્ય હોઈ ન શકે; પરંતુ તેથી તેનું સ્વરૂપ છે જ નહીં એમ પણ નથી. શિષ્યની જિજ્ઞાસા સંતોષવા આત્માનું યથાર્થ સ્વરૂપ શ્રીગુરુ પ્રકાશે છે–

**'જે દ્રષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ;**
**અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ.' (૫૧)**

સ્વપરપ્રકાશક એવો ચિદાનંદસ્વરૂપ આત્મા ઈન્દ્રિયોથી જ્ઞેય કે ગ્રાહ્ય કેમ હોઈ શકે? જે સ્વયં દૃષ્ટા અને જ્ઞાતા છે, જેનો અનુભવ અબાધ્યપણે થાય છે તે જ જીવનું સ્વરૂપ છે.

તત્પશ્ચાત્ ગાથા ૫૨, ૫૩ અને ૫૬ દ્વારા શ્રીગુરુ સમજાવે છે કે દેહ, ઈન્દ્રિય કે પ્રાણ – આ ત્રણેથી આત્મા ભિન્ન છે. તે સહુ પોતાને કે આત્માને જાણતાં નથી જ્યારે આત્માને તો તે ત્રણેનું જ્ઞાન છે. વળી તે સહુ આત્માની સત્તા પામીને જ પ્રવર્તી શકે છે, અન્યથા જડપણે પડ્યાં રહે છે. તે આ ત્રણમાં તાદાત્મ્ય કર્યું હોવાના કારણે તને ભિન્ન આત્મસ્વરૂપનું ભાન થતું નથી. પરંતુ મૃત શરીરને જો તો તને આત્માના ચૈતન્યસ્વરૂપનો – જ્ઞાનસ્વરૂપનો ખ્યાલ આવશે. વળી, દેહના વધવા-ઘટવા સાથે જ્ઞાન વધતું-ઘટતું નથી, તેથી પણ નક્કી થાય છે કે જ્ઞાન એ દેહનો ગુણ નથી, આત્માનો જ ગુણ છે. માટે દેહાદિ સાથે તાદાત્મ્ય નહીં સાધતાં પોતાના જ્ઞાયકસ્વભાવ સાથે તાદાત્મ્ય કર.

**આત્મસ્વરૂપ કેવું છે?**

**'નહીં જુદું એંધાણ'** – શિષ્યની આ શંકાનો પ્રત્યુત્તર આપતાં શ્રીગુરુ જણાવે છે–

**'સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય;**
**પ્રગટરૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય. (૫૪)**

આત્માનું અમોઘ એંધાણ છે જ્ઞાયકતા, ચૈતન્યતા! આત્મસ્વરૂપ સમજવા માટે તું સર્વત્ર અને સદાકાળ વર્તતી આ નિશાનીનો આધાર લે. દેહાદિની જે ભિન્ન ભિન્ન અવસ્થાઓ થાય છે તે વ્યતીત થયા બાદ પણ તે સંબંધીનું જ્ઞાન ટકે છે, તેથી નક્કી થાય છે કે તેનું જ્ઞાન કરનાર અને પછી પણ ટકી રહેનાર તત્ત્વ દેહાદિથી ભિન્ન જ હોવું ઘટે.

દેહની અવસ્થાઓથી ભિન્નત્વ તો ખરું જ, પણ આચાર્યશ્રી કુંદકુંદદેવ સમયસારમાં ફરમાવે છે તેમ, આત્મતત્ત્વ પોતાની અવસ્થાઓથી પણ ન્યારું છે. આત્મા જાણવાવાળો છે અને જે જ્ઞાયકતત્ત્વ છે તે અપ્રમત્ત પણ નથી અને પ્રમત્ત પણ નથી. દેહ, ઈન્દ્રિય કે પ્રાણની પલટાતી અવસ્થાઓ સાથે તો નહીં જ પણ ખુદ પોતાની પલટાતી અવસ્થાઓ સાથે પણ તાદાત્મ્ય કરવાની આચાર્યદેવ ના પાડે છે.

જીવ જ્યારે મોહનિદ્રાને આધીન થઈ સૂતો હોય છે ત્યારે તેને જાગૃત થવાનો બોધ આપવામાં આવે છે, પરંતુ જ્યારે તે જાગે છે ત્યારે કહેવામાં આવે છે કે આ પર્યાયનો પણ ગમો નહીં કર, એની સાથે પણ તાદાત્મ્ય ન જોડ. જેમ સૂવું એ તારો સ્વભાવ ન હતો, તેમ જાગવું એ પણ તારો સ્વભાવ નથી. સૂવું અને જાગવું આ બન્ને તો પલટાતી અવસ્થાઓ છે અને તું ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવી એ બન્નેથી ભિન્ન છે, માત્ર એ બન્ને અવસ્થાઓને જાણવાવાળો છે...

આચાર્યદેવ કહે છે કે જાગવાથી પણ જાગો. જે સ્વસ્થ છો, સ્વમાં સ્થિત છે તે કોઈ પણ અવસ્થાઓ સાથે તાદાત્મ્ય સાધતો નથી – પછી ભલે પોતાની નિર્મળ અવસ્થા પણ કેમ ન હોય? સ્વસ્થ પોતાને ન અપ્રમત્ત માને છે, ન પ્રમત માને છે; ન જાગૃત માને છે, ન સુષુપ્ત માને છે. સર્વ અવસ્થાઓથી – અવસ્થા માત્રથી સદા ન્યારો! જેમ બીમારી હોય છે ત્યારે ઔષધિ લેવામાં આવે છે પણ જ્યારે સ્વાસ્થ્ય આવે છે ત્યારે બીમારી સાથે ઔષધિ પણ ચાવી જાય છે! જે ઔષધિથી બીમારી મટી એ ઔષધિ રહી જાય તો સ્વાસ્થ્ય શાનું? ઔષધિ એટલે જાગરણની ચેષ્ટાઓ. જે ચેષ્ટાથી મોહનિદ્રા ટળી અને જાગૃત થયા, એના પ્રત્યે પણ જાગૃતિ કેળવો. સૂવાથી અને જાગવાથી – બન્નેથી પાર!

**એક નથી, ભીડ છે.**

આચાર્યદેવ કહે છે કે 'હું એક છું, શુદ્ધ છું, મમતારહિત છું તથા જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ છું. પોતાના આ શુદ્ધ સ્વભાવમાં સ્થિત અને તન્મય થઈને હું સર્વ પરકીય ભાવોને ક્ષય કરું છું.' આવા સ્વભાવમાં લીન થઈને વિભાવોનો ક્ષય કરીએ.

જ્ઞાનીઓ કહે છે 'હું એક છું' પણ આપણને એવું લાગે છે ખરું? આપણે તો ભીડ છીએ. અનેક છીએ, આપણે એક બજાર છીએ. બહુચિત્તવાન છીએ. આધુનિક મનોવિજ્ઞાન પણ આ વાત સ્વીકારે છે. તેઓ આ માટે જુદા શબ્દનો ઉપયોગ કરે છે – બહુચિત્તવાન. એક એક વ્યક્તિ પાસે અનેક મન છે.

સવારે એક, સાંજે એક. આજે એક, કાલે એક. સવારે ગમે તે

સાંજે ન ગમે. આજે સારું લાગે તે કાલે ન ગમે. થોડા વખત પહેલાં કોઈનો મિત્ર, તેનો આજે શત્રુ. અનેક મન છે. મનમાં વાસનાઓ અનેક છે. તે પાછી પળે પળે પલટાયા કરે છે અને જીવ એ પલટાતી વાસનાઓમાં તાદાત્મ્ય કરી અનેકપણું પામતો રહે છે. તો પછી જ્ઞાનીઓએ કઈ રીતે 'હું એક છું એમ કહ્યું?

**'હું એક છું'**

જ્ઞાની ભગવંતો કહે છે કે અંદર એક શાશ્વત સત્તાવાન, જ્ઞાયકતાવાન ચૈતન્ય પદાર્થ પ્રગટ છે. તે સર્વ અવસ્થાઓને વિષે ન્યારો, જ્ઞાનસ્વરૂપે જ રહે છે. સદા છે, સ્થિર છે, શાશ્વત છે. તેની સાથે તાદાત્મ્ય સાધશો તો હું એક છું એમ અવશ્ય ભાસ્યમાન થશે.

ગુર્જિએફ કહેતા કે તમે એક એવું ઘર છો કે જેનો માલિક સૂતો છે. તે ક્યારેય જાગતો ન હોવાથી નોકરોને મનફાવતું વાતાવરણ મળી ગયું. માલિક સૂતો રહ્યો હોવાથી નોકરોએ માલિક બનવાનો નિર્ણય કર્યો પણ નોકરો અનેક હોવાથી બધા તો માલિક ન બની શકે. તેથી પાળીઓ બાંધી – દરેક નોકર થોડા થોડા સમય માટે માલિક! પહેલાં એક નોકર માલિક બને. તેનો સમય ચાલે ત્યાં સુધી બીજો કોઈ માલિક નહીં. જે નોકર માલિક બને, તેનું જ ચાલે. તે વખતે બીજાનું નહીં ચાલે. પછી બીજા નોકરનો વારો આવે ત્યારે તે બીજા નોકરનું જ ચાલે. બધા પોતપોતાના સમયગાળામાં સર્વેસર્વા!

તમે મૂર્ચ્છામાં છો અને તેથી કામ, ક્રોધ, માયા, લોભ, અપરાધભાવ વગેરે તમારા અનેક નોકરો માલિક બની બેઠા છે! જ્યારે ક્રોધનો વારો આવે માલિક બનવાનો, ત્યારે ક્રોધનું જ રાજ્ય ચાલે. પછી ક્ષમા કે દયાએ વચ્ચે નહીં આવવાનું. પણ ક્રોધ કોનો સદાકાળ ટક્યો છે? એ તો કામચલાઉ માલિક છે! એનો કાળ જાય – એનો વારો પૂરો થાય એટલે પછી અપરાધભાવનો વારો આવે. હવે ક્રોધ ન હોય, અંશ પણ ન હોય. અપરાધભાવ માલિક બને એટલે રડે-કકળે-દુ:ખી થાય, માફી માંગે. માત્ર પશ્ચાત્તાપ!

આમ વારાફરતી ચાલ્યા કરે અને જુદા જુદા નોકરો તમારા ઘરે માલિક બનીને પોતાને મનફાવતું રાજ્ય ચલાવતા રહે! જ્ઞાનીઓ કહે છે કે આ અનેક માલિક એ તમારું સાચું સ્વરૂપ નથી. તમે જ્ઞાનમાત્ર છો. જ્ઞાયકતા એ જ તમારું સાચું સ્વરૂપ છે. પળે પળે પલટાતા ભાવો વચ્ચે સળંગપણે જ્ઞાયકરૂપે ટકો. સર્વ પલટાતી અવસ્થાઓથી ભિન્ન જે જાણનાર તત્ત્વ છે તે છે જીવસ્વરૂપ. તે સદા જાણવાની ક્રિયા કરે છે અને તેથી તે એક છે...

**સ્વમાં સ્થિત થતાં પર જાય**

આચાર્યદેવ કહે છે કે એક, શુદ્ધ, મમત્વરહિત, જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ એવા નિજસ્વભાવમાં સ્થિર થતાં પરભાવનો ક્ષય થાય છે. પરંતુ જીવ આનાથી ઊલટું જ કરે છે. એને પરભાવનો ક્ષય કરીને સ્વરૂપમાં સ્થિર થવું છે! વસ્તુસ્થિતિ એમ છે કે સ્વને જાણવાનો, તેમાં સ્થિર થવાનો પુરુષાર્થ કરતાં વિકારની, પરભાવની ઉત્પત્તિ થતી જ નથી. પરંતુ અજ્ઞાની એમ વિચારે છે કે આ ઉત્પન્ન થયેલ પરભાવને પ્રથમ કાબૂમાં લઉં તો હું સ્વરૂપમાં જઈ શકીશ. એવું ક્યારેય બનશે જ નહીં. એ ઉત્પન્ન થયા જ કરશે અને સ્વભાવ આઘો ને આઘો જ રહેશે! પરભાવનો નાશ થવો, તેની ઉત્પત્તિ ન થવી એ તો સ્વરૂપમાં પ્રતિષ્ઠિત થવાનું ફળ છે. તેને બદલે જો પરભાવને પલટવાનો પુરુષાર્થ આદરવામાં આવે તો પરભાવના પ્રકાર બદલાયા કરશે પણ સ્વરૂપમાં પ્રતિષ્ઠા થવા નહીં પામે. માટે સાધના એ છે કે સ્વરૂપનું અનુસંધાન કરતા રહેવું, તેની ખુમારીમાં રહેવું, તેની સાથે તાદાત્મ્ય કરતા રહેવું. આચરણથી જાગરણ નહીં, જાગરણથી આચરણ – એ જ સાચી દિશાનો પુરુષાર્થ છે. એ આદરતાં, સ્વમાં સ્થિત થતાં પરની આપોઆપ બાદબાકી થઈ જશે.

વાસનાઓ અનેક છે. તે અનેકમાં હુંપણું કરો છો એ જ અજ્ઞાન છે. આ અનેકતામાં પણ જો શોધ કરશો તો તેમાં – તે સર્વમાં વિદ્યમાન રહેલ એક જ્ઞાયકભાવ જડી આવશે. જ્ઞાયકનો બોધ પાકો થતાં, તેની સાથે તાદાત્મ્ય સધાતાં સ્વની પકડ થશે.

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં શ્રીમદ્જીએ આ જ દર્શાવ્યું છે. શાશ્વત સાથે તાદાત્મ્ય, ક્ષણિક સાથે નહીં. એક સાથે તાદાત્મ્ય, અનેક સાથે નહીં. પાણીનો પરપોટો હાથમાં લેવા જશો તો ફૂટી જશે. ઈન્દ્રધનુષને સંઘરવા જશો તો ખલાસ થઈ જશે. કાંઈ રહેશે નહીં અને તમે ખાલી ને ખાલી જ રહેશો. પણ જો શાશ્વતનો હાથ ઝાલશો, જ્ઞાયકતાને પકડશો તો તમે ભરાઈ જશો. પોતામાં પોતાથી પરિપૂર્ણ! **'અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ'.** જેનો અનુભવ કશાથી બાધ ન પામે – નિરંતર અસ્ખલિતપણે થયા જ કરે, તે આત્મા છે, તે જ પોતાનું સ્વરૂપ છે, સર્વને બાદ કરતાં કરતાં કોઈ પણ પ્રકારે જેને બાદ કરી શકાતો નથી, છેવટે જે હંમેશાં સાથે જ રહે છે તે જ જીવનું સ્વરૂપ છે.

**જ્ઞાયકતાનું સૂત્ર**

એક પ્રયોગ કરો. જ્ઞાયક સાથે દોરો બાંધી દો અને પ્રત્યેક ક્રિયા વખતે તેને ખેંચો. 'હું માત્ર જાણવાવાળો છું' એવી જાગૃતિ સાથે જ સર્વ ક્રિયાઓ થાય. શરીર ઊઠે, ચાલે, બેસે, ભોજન લે તો ભાન રહે કે 'હું જાણી રહ્યો છું કે શરીર ઊઠે છે, ચાલે છે, બેસે છે, ભોજન કરે છે. હું તેનાથી સર્વ પ્રકારે ભિન્ન છું. હું માત્ર તેને જાણનારો છું.'

બસ! આ જાગૃતિ કેળવવાની છે. બધી પ્રવૃત્તિ તે મણકા અને

તેમાં સૂત્ર તે જ્ઞાયકતા. સર્વ પ્રવૃત્તિના મણકામાં આ જ્ઞાયકતાનું સૂત્ર પરોવાયેલું રાખો. જ્ઞાયકતાનું સૂત્ર તો હરહંમેશ છે જ. માત્ર તે પ્રત્યે સજાગ રહેવાનું છે. અહોનિશ એ જ નાદ કે 'હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું'... આમ થતાં પરમાં કર્તૃત્વ-ભોક્તૃત્વ-એકત્વ-મમત્વ નહીં થાય અને આ અભ્યાસમાં કુશળતા આવવાથી ભવપાર થવાશે. આ અભ્યાસમાં દક્ષતા લાવવી એ જ ધર્મ છે, એ જ મોક્ષનો ઉપાય છે, મોક્ષનો માર્ગ છે.

સ્વરૂપનો અભ્યાસ કરવાથી, તેમાં લીન થવાથી જ સુખ, શાંતિ, વિશ્રામ, તૃપ્તિ પ્રાપ્ત થશે. જ્યાં સુધી સ્વમાં લીનતા નહીં સધાય, આ જીવ દુઃખી, અશાંત, ક્લેશિત, અતૃપ્ત જ રહેશે.

**કેમ અતૃપ્ત રહ્યો ?**

જ્ઞાની ભગવંતો કહે છે કે તેં કેટલા પ્રયત્ન કર્યા સુખી થવાના, પણ નિષ્ફળ અને દુઃખી જ રહ્યો, અતૃપ્ત અને તરસ્યો જ રહ્યો! ગરીબનો ગરીબ, દીનનો દીન, ભિખારીનો ભિખારી જ રહ્યો. ખંડેરનો ખંડેર જ રહ્યો. મહેલ ન બનાવી શક્યો...

તમે લાખ પ્રયત્ન કરો. ક્ષણિકની ઉપર મહેલ બનશે પણ નહીં, કારણ કે બહારની આખી દુનિયા જીતી લેશો તોપણ કંઈ નહીં થાય. અંદરની દુનિયાનાં દર્શન કરો. ભીતર દર્શન થતાં એક રસધાર વહેવા લાગે છે. ધીમે ધીમે તે રસધાર વધતી જાય છે અને એક દિવસ દરિયો બની જાય છે. બુંદ એક દિવસ સાગર બની જાય છે. જ્યાં સુધી પોતાના સ્વરૂપમાં ડૂબશો નહીં ત્યાં સુધી દુઃખી જ રહેશો. પોતાનું પરમ સંગીત વાગવું જ જોઈએ. એ પરમભાવથી મંડિત થવું જ જોઈએ.

**સ્વનું સેવન કરો**

જ્ઞાનીઓ કહે છે કે તમે તમારા આત્માનું સેવન કરો. પોતાને જ ભોગવો. તમે સાધારણપણે જીવનમાં બીજાને જ ભોગવવાનું આયોજન કરો છો, પરનું સેવન કરવાની જ વિચારણા-ઈચ્છા-યોજના-કોશિશ કરો છો. પરનું સેવન કરી કરીને તો તમે સંસારમાં ભટકી ગયા છો. પરંતુ હવે અમારું કહ્યું માનો – એક ભવ પરને છોડી આત્મસ્વરૂપના સેવનમાં લગાડો. તમે તમારું સેવન કરો. તમે સ્વભાવમાં ડૂબો. તેમાં જ સ્થિર થાઓ. તેને જ ભોગવો. તમારી ભીતર જે છુપાયેલો છે તેની સાથે રાસ રમો. તેની સાથે નાચો. તમે તમારી પોતાની સાથે સંબંધ બાંધો.

તમારા જીવનમાં જે પીડા છે તે માત્ર એ કારણે છે કે તમારી અંદર જે પડ્યું છે, છુપાયેલું છે તે પ્રગટ નથી થયું. તમારી સિતાર આમ જ પડી રહી છે. તેના ઉપર તમે આંગળીઓ અડાડી જ નથી, નચાવી જ નથી! તે સિતાર ઉપર ધૂળ જામી ગઈ છે. તેનાથી અદ્‌ભુત સંગીત ઉત્પન્ન થઈ શકે તેમ હતું પણ તમે કંઈ ન કર્યું, એના ઉપર ધ્યાન જ ન આપ્યું. સંગીત ઉત્પન્ન કરવાના પ્રયત્ન ન કર્યા, પણ સંગીતની ભૂખ તો રહી જ ગઈ. તેથી તમે સંગીત સાંભળવા બીજા પાસે ગયા. તમારી નજર બીજાને જ શોધતી રહી. બીજાના સંગીતમાં ડૂબવાને તમે આતુર રહ્યા અને પોતાનું સંગીત – પોતાનું ઘર તો ભૂલી ગયા! અન્ય સર્વ ભોગવવાનો પ્રયત્ન કર્યો પણ નિષ્ફળ નીવડ્યા. ખાલી રહ્યા. સ્વનું સેવન ન કર્યું કે જેનાથી સફળ થવાય, ભરાઈ જવાય...

**મોક્ષમાર્ગ**

જ્ઞાનીપુરુષોના બોધનું અનુસરણ કરી પરનું સેવન છોડીશું અને સ્વના સેવનમાં જીવનને જોડીશું તો આત્માની સિદ્ધિ અવશ્ય થશે. સ્વનું સતત સેવન કરવું, નિરંતર આત્મામાં રમણતા કરવી એ જ મોક્ષમાર્ગ છે. આત્માને જાણવો, શ્રદ્ધવો અને તેમાં જ સ્થિર થવું તે મોક્ષમાર્ગ છે અર્થાત્ મોક્ષમાર્ગ છે તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ છે. પરંતુ આ ત્રણ કંઈ જુદા નથી. આ ત્રણે આત્મારૂપ જ છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની અવિરુદ્ધ એકતાને જ્ઞાનીઓએ મોક્ષમાર્ગ કહ્યો છે.

**'તે ત્રણે અભેદ પરિણામથી રે, જ્યારે વર્તે તે આત્મારૂપ; મૂળ.**
**તેહ મારગ જિનનો પામિયો રે, કિંવા પામ્યો તે નિજસ્વરૂપ. મૂળ.'**

(પત્રાંક-૭૧૫, કડી-૯)

જે આ ત્રણેને સમાવીને, પચાવીને બેઠા છે તે જ મોક્ષમાર્ગમાં છે. જે જ્ઞાનચારિત્રને બહારથી કે વિધિરૂપે ઠોકીને, ભિન્નપણે ધારીને બેઠો છે, તેને પરમાર્થ મોક્ષમાર્ગમાં ગણવામાં આવતો નથી. જે જ્ઞાન-દર્શન-ચારિત્રથી સમાહિત થઈ જાય છે, અર્થાત્ જેમના માટે એ ઉપરથી નિયમરૂપે થોપવામાં આવ્યા નથી, પરંતુ જે આ ત્રણેને એકરસ – એકરૂપ કરીને પી ગયા છે; તેમનું જ પરમાર્થ મોક્ષમાર્ગમાં સ્થાન છે.

**સમાહિત**

આપણે જ્યારે ભોજન કરીએ છીએ, આહારનું ગ્રહણ કરીએ છીએ ત્યારે તેના બે પરિણામ આવી શકે છે : કાં ભોજન સમાહિત થઈ જાય અને કાં અપચો થઈ જાય. આહારનો અપચો થાય ત્યારે શરીર તેને બહાર ફેંકી દે છે – કાં વમન દ્વારા, કાં મળોત્સર્ગ દ્વારા. જે અન્ન પચે નહીં, તેને શરીરની બહાર ફેંકવું પડે છે. એમાં રહેલાં પોષક તત્ત્વ આપણો હિસ્સો બની શકતાં નથી. સમાહિતનો અર્થ છે – પચી જવું. એમાં રહેલો સાર માંસ-મજજા બની જાય, અસ્તિત્વનો એક હિસ્સો બની જાય. એમાં રહેલું તત્ત્વ લોહીરૂપ બની જાય, હૃદયમાં ધબકવા લાગે!

પંડિત કે વાચાજ્ઞાની તે છે કે જેને અપચો થઈ જાય છે. તે પોતાને જ્ઞાનથી ભરી તો લે છે, પણ તે જ્ઞાન તેના જીવનની ધારાનો એક હિસ્સો નથી બન્યું. તેથી એ ધારામાં તે પથ્થરની જેમ પડ્યું રહે છે, વહેતું નથી. તેનું જ્ઞાન સ્મૃતિમાં પડી રહે છે

અને પચ્યું ન હોવાને કારણે મુખ દ્વારા વમન થાય છે. **'મુખથી જ્ઞાન કથે અને, અંતર છૂટ્યો ન મોહ.'** જ્ઞાનીઓ કહે છે કે આ અધ્યાત્મચર્ચા નથી, પણ નહીં પચેલા જ્ઞાનનું વમન છે...

સમાહિત એટલે જેના માટે વિકલ્પ ન કરવા પડે, તમે ભૂલી જાઓ તોપણ સહજપણે તમારી સાથે જ હોય. તેના માટે ચેષ્ટા કરવી ન પડે. તે અસ્તિત્વના હિસ્સારૂપ જ હોય. સહજસ્ફુરિત એટલે સમાહિત. આ જ મોક્ષમાર્ગ છે. ગ્રહણ-ત્યાગના વિકલ્પથી પણ પાર!

### પોતામાં સ્થિર

આત્માને જાણવો તે સમ્યગ્જ્ઞાન, આત્માને શ્રદ્ધવો તે સમ્યગ્દર્શન અને આત્મામાં સ્થિર રહેવું તે સમ્યક્ચારિત્ર. આત્મામાં લીનતા કરવી, આત્માને આશ્રિત રહેવું તે જ મોક્ષમાર્ગ છે. પોતામાં એવા તો સ્થિર થઈ જવું કે કોઈ ભાવ આત્મપ્રતીતિ અને આત્મસ્થિરતામાં બાધક ન બને. 'હું એક, શુદ્ધ, જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ છું' એમ જ્ઞાયકનો દોર બરાબર પકડી રાખવો કે જેથી ઔદયિક ભાવોમાં તાદાત્મ્ય ન થાય. કોઈ પણ સાંસારિક પ્રસંગો અને પ્રકારોમાં એવી જાગૃતિ રહે કે આત્મપ્રતીતિ તો ન જ ચુકાય પરંતુ આત્મસ્થિરતાને પણ કોઈ વિચલિત કે ડામાડોળ કરી ન શકે.

જેમ વાતાવરણમાં તો રોગના વિષાણુ વિદ્યમાન હોય જ છે, સર્વ કોઈ તેના સંપર્કમાં આવે છે પરંતુ હરકોઈને તજજન્ય રોગ થતો નથી. જે માણસ પ્રથમથી નિર્બળ હોય, બીમાર હોય તેનામાં જ એ રોગ દેખા દે છે. વિષાણુ તો માત્ર તેની બીમારી જે અપ્રગટ હતી તેને પ્રગટ કરે છે. એ રીતે, ઔદાયિક ભાવ તો જ્ઞાની-અજ્ઞાની બન્નેને હોય પરંતુ અજ્ઞાની અગાઉથી દર્શન મોહરૂપી બીમારીથી પીડિત હોવાને કારણે એ તેમા તાદાત્મ્ય કરી લે છે અને પરિણામે એની બીમારી જે અપ્રગટ હતી તે પ્રગટ થાય છે. જ્ઞાની તો સદૈવ જાગૃતિ હોવાથી ઔદયિક ભાવ તેમને વિચલિત કરી શકતા નથી. ઔદયિક ભાવોને પમ જે જાગૃતિપૂર્વક જ્ઞાયકભાવે જોઈ શકે. તેમની આત્મદશા-આત્મરમણતા કેવી અદ્ભુત હશે!

બહાર ગમે તે બને, તેમને કોઈ પરિણામ નથી ઊઠતાં. આત્માની પકડ એવી મજબૂત હોય કે ઉપયોગ બહાર દોડે નહીં, દશામાં કોઈ ભેદ પડે નહીં. કોઈ તેમનું અપમાન કરે તોપણ તેઓ તેવા ને તેવા જ રહે કે જેવા અપમાનની ક્ષણની આગલી ક્ષણે હોય! અપમાનની ઘટના બની હોય તે ન બન્યા બરાબર લાગે. મુખ પરની રેખામાં કોઈ પરિવર્તન નહીં, અંતરમાં કોઈ વિક્ષેપ નહીં. એ જ રીતે, કોઈ સન્માન આપે ત્યારે પણ તેમનો ફુગ્ગો ફુલાય નહીં, મીઠાશ લાગે નહીં. સમ્માન વખતે અને પછી પણ તેઓ એવા જ રહે કે જેવા એ ઘટના પહેલાં હોય. કોઈ જ ભેદ નહીં!

### વ્રતાદિ સર્વ આત્મારૂપ છે

આત્મામાં રહેવું તે જ મોક્ષમાર્ગ છે. આત્મા જ જ્ઞાન છે. આત્મા જ દર્શન છે. આત્મા જ ચારિત્ર છે. આત્મા જ પ્રત્યાખ્યાન છે. આત્મા જ વ્રત છે. આત્મા જ સંયમ છે. આત્મા જ યોગ છે. અર્થાત્ આ સર્વ આત્મારૂપ છે

પરમાર્થમાર્ગ એટલે કેવળ અંતર્મુખ થવાનો સત્પુરુષોનો માર્ગ, જેમાં એક આત્મામાં સ્થિર રહેવાના જ પ્રયત્ન હોય. સર્વ શાસ્ત્રો એ જ વાત કરે છે – પોતામાં સ્થિત થઈ જાઓ. બીજાનું હોવું તે જ સંસાર છે અને પોતામાં હોવું તે જ મોક્ષ છે. બીજા ઉપરથી દૃષ્ટિ હટાવવી તે જ મોક્ષનો ઉપાય છે.

સ્વનું અનુસંધાન જન્મોજન્મથી ભૂલી ગયો છે. પોતાનું વિસ્મરણ થઈ ગયું છે – ખૂબ આવરણો ચઢી ગયાં છે, પણ આવરણોની નીચે અસ્તિત્વ તો એવું ને એવું જ રહ્યું છે.

### આત્મખોજ

આત્મા ખોવાયો નથી, ભુલાયો છે. સ્વભાવ તે છે કે જે કદી છૂટો પડે નહીં, ખોવાય નહીં. અધ્યાત્મમાં વિસ્મરણનું નામ ખોવાવું છે. તમે માત્ર ભૂલી ગયા છો. ભૂલવું એટલે તમે જે છો તે તમે ભૂલી ગયા છો અને જે તમે નથી એ તમે માની રહ્યા છો. તમે માત્ર ખોટું માનો છો, સાચું ભૂલો છો. તમારી માન્યતા ગમે તેવી ખોટી હોય પણ તમે ખોટા થયા નથી, અર્થાત્ તમે જેવા છો તેવા જ છો, માત્ર કેવા છો તેમાં ગોટાળો થયો છે. તમે કેવા છો એ જો બરાબર સમજાઈ જાય તો આત્મસિદ્ધિ થઈ જાય અને જો ન સમજાય તો સંસાર પરિભ્રમણ ચાલુ રહે.

ધારો કે તમે રાત્રે મુંબઈમાં સૂતા છો અને ઊંઘમાં સપનું જુઓ છો કે તમે કોલકાતા પહોંચી ગયા છો. ત્યાંથી પાછા આવવાની કોઈ ફ્લાઈટ નથી મળતી. તમે ખૂબ વ્યાકુળ થઈ ગયા છો. તો હવે ઉપાય શું?... જાગી જાઓ એટલે તરત મુંબઈ પહોંચી ગયા! મુંબઈ પહોંચ્યા એ તો માત્ર ઉપચાર છે. તમે મુંબઈમાં જ હતા. જ્યાં હતા ત્યાં જ છો. એ જ રીતે, દેહાધ્યાસના કારણે જ્યારે તમે દેહરૂપ, રાગરૂપ, પુરુષરૂપ, યુવાનરૂપ, પતિરૂપ પોતાને માનો છો ત્યારે પણ **'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ'** જ છો. સ્વરૂપ પ્રત્યે જાગૃત થવાની જરૂર છે. **'કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય.'**

શું આત્માને શોધવા લાખો જોજન રખડવું પડશે? આત્મા ક્યાં ખોવાયો છે? આત્મા તો સદૈવ છે જ. સ્વરૂપ ક્યારે પણ ખોવાતું નથી. જેમ સ્વપ્નમાં તમે ઘરથી દૂર – કોલકાતા પહોંચી ગયા હતા. જે અંતર પડ્યું હતું તે માન્યતામાં પડ્યું હતું, વાસ્તવમાં

નહીં. એ જ રીતે અજ્ઞાનરૂપી સ્વપ્નાવસ્થામાં માત્ર અંતર પડ્યું છે. માત્ર માન્યતા જ સવળી કરવાની છે. જાગૃત થતાં, માન્યતા સવળી થતાં અંતર નષ્ટ થઈ જાય છે.

શુદ્ધ સ્વભાવ, પરમાત્મભાવ, સાક્ષીત્વ, ચૈતન્યતા, જ્ઞાયકતા, સ્વયંજ્યોતિ ક્યારે પણ બુઝાતાં નથી, નષ્ટ થતાં નથી, ખોવાતાં નથી. જો બુઝાઈ જાય તો તમારું અસ્તિત્વ જ ન રહે. તમે છો. તમે તેવા જ પરિપૂર્ણ છો. માત્ર સ્વપ્નમાં ઘેરાઈ ગયા છો. ભ્રાંતિમાં લપેટાઈ ગયા છો. વાદળમાં સૂરજ ઢંકાઈ ગયો છે. પોતાના પરમાત્મસ્વરૂપનું સ્મરણ, અનુસંધાન, તાદાત્મ્ય કરવાનું છે.

સ્વરૂપનું અનુસંધાન પ્રગાઢ બનાવવું. તેના સહારે જ અંતરની યાત્રા કરવી. ચેતનાને પ્રગાઢ બનાવવી તે જ ધર્મ. અંતરની યાત્રામાં થોડું થોડું આગળ વધો. એ દિશામાં આગળ વધવામાં થોડું સાહસ કરો. ઉગ્ર અનુસંધાનના બળે ઊંચી દશા પ્રાપ્ત થાય છે, સર્વ દુઃખ અને કલેશથી મુક્ત થવાય છે, બધી માંગો અટકી જાય છે. પોતાને મળવાની જ એક અભીપ્સા, માત્ર મોક્ષની જ અભિલાષા, સ્વરૂપની પ્રાપ્તિની જ એકમાત્ર અભિલાષા...

**અપૂર્વનું આયોજન**

દુર્લભ ક્ષણને જવા ન દો. માનવભવ બહુ મુશ્કેલીથી મળ્યો છે. આત્માની પકડ કરવા માટે બહુ દુર્લભ અવસર મળ્યો છે. બહુ જલ્દીથી તે વ્યતીત થઈ જશે. પછી પ્રતીક્ષા જ પ્રતીક્ષા કરવી પડશે. સ્વરૂપ પ્રગટ થવા આતુર છે. તેને સહયોગ આપો. આ ભવમાં જ કંઈક કરી લો. આત્માની સિદ્ધિ કરી લો... અસ્તિત્વએ તમારી અંદરથી કોઈ મોટી, કોઈ અપૂર્વ ઘટનાને જન્મ આપવાનું આયોજન કર્યું છે. તેને સાથ આપો. તમે પરમાત્મા બનવા જ સર્જાયા છો. તેનાથી ઓછાથી બિલકુલ રાજી નહીં થતા. જરાક પણ ઓછાથી રાજી થયા તો કાંકરા-પથરા પર અટકી જશો. માટે અટકો નહીં. રાજી નહીં થાઓ. હીરાની અનંત રાશિઓ તમારી પ્રતીક્ષા કરી રહી છે.

**અંતર્મુખતા અઘરી કેમ ?**

પ્રશ્ન : 'પ્રભુ ! આપની વાત સાચી પ્રતીત થાય છે. પરંતુ અંતર્મુખ થવું, સ્વરૂપાનુસંધાન કરવું, સ્વભાવમાં જવું, નિજ ઘરે પાછા ફરવું – આ બધું અમને અત્યંત કઠિન, અસહજ અને અસંભવવત્ લાગે છે. આનું કારણ શું ? અને અમારે કરવું શું ?

ઉત્તર : 'આમ થવું બહુ જ સ્વાભાવિક છે, કારણ કે હજી સુધી ઘરથી દૂર જવું, સ્વયંથી દૂર જવું તેને જ જીવન સમજ્યું છે. અનાદિ કાળથી આજ પર્યંત જીવને બહિર્મુખતાની જ આદત રહી છે. તેનો જ રંગ ચઢ્યો છે. એ જ સંસ્કાર છે. બહાર જવાને જ તમે જ્ઞાન અને સુખનું સાધન જાણ્યું છે. તમે ક્યારે પણ અંતર્મુખ થયા નથી, થવાનો પ્રયત્ન કર્યો નથી. એક પગલું પણ અંતર તરફ વાળ્યું નથી. અંતર્મુખતાનો પ્રદેશ તો તમારા માટે અપરિચિત છે જ, તેની દિશા પણ અજાણી છે.

જે તરફ એક પગલું ન માંડ્યું હોય, જે તરફ દૃષ્ટિ પણ ન કરી હોય, તે તરફ જવામાં મન ડરે, ભયભીત થાય તે સ્વાભાવિક છે. મનની ખાસિયત છે કે અપરિચિતનો ભય રહે, તેમાં સાહસ ન જાગે એટલે જ તો લોકો આત્માની ચર્ચા કરે છે પણ આત્મામાં જતા નથી. ચર્ચા કરવામાં સંતોષ માને છે પણ અંતરમાં જવાના પ્રયત્નો કરતા નથી. ચર્ચામાં તો મનોરંજન મળે છે પણ સાધનામાં મનોભંજન થાય છે. એટલી રુચિ નથી. એટલું સાહસ નથી. તેથી જ સત્સંગશ્રવણ, શાસ્ત્રસ્વાધ્યાય, ચર્ચા-વિચારણા કે પૂજા-દાન-તપાદિ કરે છે પણ અંતર્મુખ થતા નથી. જેટલો ઉત્સાહ મંદિર બનાવવામાં દેખાડે છે એટલો અંતર્મુખ થવામાં બતાવતા નથી.

અંદર જરા ડોકિયું કરી લેજો ક્યાંક પોતાની જાતને ઠગી તો નથી રહ્યા ને ? અંતર્મુખતાનું સાહસ કેળવવું નથી, બહિર્મુખતાની આદતમાંથી છૂટવું નથી, તો એ નિર્બળતાનો, એ ગુલામીનો, એ ભયનો સ્વીકાર કરી લો. થોડું થોડું રોજ ખોદતા રહો. થોડો થોડો પ્રયત્ન રોજ કરતા રહો તો જરૂર માર્ગ જડી આવશે, અંદરનાં દ્વાર ખૂલી જશે.

અંતર્મુખતા અપરિચિત હોવાથી તેના પ્રયત્ન કરવાનું સાહસ જાગતું નથી. વળી, અંતર્મુખતાની યાત્રા – અંતર્યાત્રા તમારે એકલાએ કરવાની હોય

**સ્મૃતિમાં રાખવા યોગ્ય મહાવાક્યો**

૧. એક ભેદે નિયમ એ જ આ જગતનો પ્રવર્તક છે.
૨. જે મનુષ્ય સત્પુરુષોનાં ચરિત્રરહસ્યને પામે છે તે મનુષ્ય પરમેશ્વર થાય છે.
૩. ચંચળ ચિત્ત એ જ સર્વ વિષમ દુઃખનું મૂળિયું છે.
૪. ઝાઝાનો મેળાપ અને થોડા સાથે અતિ સમાગમ એ બંન્ને સમાન દુઃખદાયક છે.
૫. સમસ્વભાવીનું મળવું એને જ્ઞાનીઓ એકાંત કહે છે.
૬. ઇંદ્રિયો તમને જીતે અને સુખ માનો તે કરતાં તેને તમે જીતવામાં જ સુખ, આનંદ અને પરમપદ પ્રાપ્ત કરશો.
૭. રાગ વિના સંસાર નથી અને સંસાર વિના રાગ નથી.
૮. યુવાવયનો સર્વસંગપરિત્યાગ પરમપદને આપે છે.
૯. તે વસ્તુના વિચારમાં પહોંચો કે જે વસ્તુ અતીંદ્રિયસ્વરૂપ છે.
૧૦. ગુણીના ગુણમાં અનુરક્ત થાઓ.

***શ્રીમદ્જીએ અધ્યાત્મશાસ્ત્રનાં અનેક રહસ્યોને શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં ખૂબીથી ગૂંથી લીધાં છે. અર્થસભર શબ્દો દ્વારા મનોહર સંકલના કરીને તેમણે થોડી પંક્તિઓમાં ઘણો બધો અર્થ ભર્યો છે. પ્રત્યેક પંક્તિમાં તેમણે ગૂઢ ભાવ ભર્યા છે. આ શાસ્ત્રની કોઈ પણ પંક્તિ ઉપેક્ષા કરી શકાય એવી નથી.***

છે તેથી પણ તેનો ભય લાગે છે. બહારના રસ્તા પર તમે સમૂહમાં હો છો, માટે ભય નથી લાગતો. અંતરના રસ્તા પર તમે એકલા હો છો – કોઈના પણ સાથ વગર. મા, બાપ, મિત્ર, સંગી, સાથી, પતિ, પત્ની, પુત્ર કે ગુરુ – કોઈ ત્યાં સાથે નહીં આવી શકે. તદ્દન એકલા જવું પડશે. જેમ મૃત્યુ વખતે તમામ વસ્તુઓ અને વ્યક્તિઓને છોડી દઈ તમારે સાવ એકલા જવું પડે છે; તેમ સ્વયંમાં પણ સાવ એકલા જવું પડશે. વસ્તુ, વ્યક્તિ તો નહીં જ, વિકલ્પ સુદ્ધાં તમારી સાથે નહીં આવી શકે. તમારું અતિપ્રિય એવું કર્મકૃત વ્યક્તિત્વ પણ ખલાસ કરીને જ અંદર જવાશે. માટે જ તમે જેટલા મૃત્યુથી ડરો છો એટલા જ આત્માથી – સ્વભાવથી – અંતર્મુખતાથી ડરો છો. સંતોષ ખાતર આત્માની, અંતર્મુખતાની, ધ્યાનની ચર્ચા કરી લો છો પણ, તેની સાધના કરવાનું સાહસ નથી, જૂનું છોડવાની તૈયારી નથી.

### મનોહર સંકલના

આમ, શ્રીમદ્જીએ અધ્યાત્મશાસ્ત્રનાં અનેક રહસ્યોને શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં ખૂબીથી ગૂંથી લીધાં છે. અર્થસભર શબ્દો દ્વારા મનોહર સંકલના કરીને તેમણે થોડી પંક્તિઓમાં ઘણો બધો અર્થ ભર્યો છે. પ્રત્યેક પંક્તિમાં તેમણે ગૂઢ ભાવ ભર્યા છે. આ શાસ્ત્રની કોઈ પણ પંક્તિ ઉપેક્ષા કરી શકાય એવી નથી. તેના ઉપર વિશેષ ને વિશેષ વિચારણા કરવામાં આવે તો તેના પ્રત્યેક વિભાગમાં, પ્રત્યેક ગાથામાં, પ્રત્યેક શબ્દમાં રહેલો ગર્ભિત આશય વધુ ને વધુ પ્રગટ થતો જાય. થોડા શબ્દોમાં ઘણું કહી નાખવાની શ્રીમદ્જીની શક્તિ અદ્ભુત છે, અસાધારણ છે, અતિશયવંત છે. તેમણે કોઈ પણ જગ્યાએ ભવ્યતા અને રસની ક્ષતિ આવવા દીધા નથી. એક મુદ્દામાંથી બીજો, બીજામાંથી ત્રીજો એમ ઉત્તરોત્તર એવી સુસંગત સંકલના થઈ છે કે તેમાં કાંઈ નકામું નથી આવતું, કામનું રહી જતું નથી એ આ ગ્રંથની એક ખૂબી છે. ગહન તત્ત્વજ્ઞાન જેવા વિષયને લોકભોગ્ય કરવા તેમણે સઘન શૈલીનો ઉપયોગ કર્યો છે. તેમની વાણી ઉપયોગી, હૃદયને અસર કરે તેવી છે અને વાંચીને વિચારનારને તો મહાલાભ કરનારી છે.

### અધ્યયનનો લાભ

આ ગ્રંથ કેવળ વાંચવાનો જ નથી, પરંતુ વિસ્તારથી તેને સમજીને, તેનો અભ્યાસ કરવાનો છે. તે વારંવાર વિચારવા યોગ્ય છે, ચિંતન કરવા યોગ્ય છે, જીવનવ્યવહારના પ્રત્યેક સંગ સાથે વણવા યોગ્ય છે. સંસારનું મૂળ જાણવું હોય, મોક્ષમાર્ગનો મર્મ વિચારવો હોય, ધાર્મિક પ્રવૃત્તિઓની પાછળનો હેતુ સમજવો હોય, જીવનનો લક્ષ બાંધવો હોય તો તેને સ્પષ્ટ રીતે વ્યક્ત કરી ઊંડા સદ્વિચારમાં પ્રેરે તેવી અનેક હકીકતો આ ગ્રંથમાં છે. તેનો એક એક શબ્દ વિચારણીય છે. તેના ઊંડાણમાં ગયા વિના તેની ગહનતા જાણી શકાતી નથી. વાંચનારને ઊંડી વિચારણાથી જડી આવે એવાં અનેક રત્નો તેમાં ઠાંસી ઠાંસીને ભર્યાં છે. તેને શોધવા અને પચાવવા માટે તેનું અવગાહન કરવા યોગ્ય છે. તેનું સાદ્યંત અનુશીલન કરતાં તેની એક એક ગાથા અદ્ભુત શાસ્ત્ર રહસ્ય તથા આત્મોન્નતિકારક અમૂલ્ય અમૃતથી ભરપૂર છે તેનું ભાન થયા વિના રહેતું નથી. તેનું અવગાહન કરતાં પોતાની અંદરના રસનો ઊંડો પ્રવાહ છલકાતો – ઊછળતો અનુભવાય છે. પ્રત્યેક વાંચનમાં નૂતનતા અને પ્રત્યેક વિચારણામાં અધિકતર માધુર્ય એ આ ગ્રંથના અધ્યયનથી જીવ એક વિલક્ષણ ખુમારીનો અનુભવ કરે છે અને પોતાની પાસે બહુમૂલ્ય અધ્યાત્મિક મૂડી છે એવો વિશ્વાસ તેને આવે છે. શેરડીના રસને માણવા જેમ ચાવવાનો પુરુષાર્થ કરવો આવશ્યક છે, તેમ શ્રીમદ્જીનાં વચનોનો મધુર અમૃતરસ અવિરતપણે માણવા તેમાં ઊંડા ઉતરવા યોગ્ય છે.

### શ્રીમદ્જીનાં આશીર્વચનો

આમ, શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં તેનું નામ સાર્થક થાય તેવો જ ઉપદેશ છે, અધ્યાત્મ સાહિત્યમાં અગ્રસ્થાને મૂકી શકાય તેવો સુંદર આ ગ્રંથ છે. વર્તમાન કાળના મુમુક્ષુઓને શ્રીમદ્જીનો તે ઉત્તમ વારસો છે. સમ્યક્ સાધનામાર્ગના ઉદ્ધારક, આત્મધર્મના ઉજાગર શ્રીમદ્જીએ અધ્યાત્મતત્ત્વરસ વહેવડાવવી સ્વ-પર ઉપકાર કર્યો છે. સર્વ જીવો આ ગ્રંથ વાંચી જીવન આત્મમય બનાવી, અખંડ અવિચ્છિન્ન સાદિ અનંત સમાધિસુખ પ્રાપ્ત કરે એવી અંતઃકરણની ભાવનાપૂર્વક શ્રીમદ્જીએ તેની રચના કરી છે. શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રનું ઉદ્બોધન કરતો શ્રીમદ્જીનો દિવ્ય નાદ મુમુક્ષુઓને સપ્રેમ આહ્વાન કરે છે કે 'હે મોક્ષના કામી મુમુક્ષુઓ! આત્મસિદ્ધિ શાસ્ત્રનું અવગાહન કરી તમારા આત્મામાં મોક્ષપ્રાસાદનું – મોક્ષના મહેલનું શિલાન્યાસ ત્વરાથી કરો. તે મહાપ્રાસાદનું સાંગોપાંગ નિર્માણ સંપૂર્ણ કરી, તેના ઉપર કેવળજ્ઞાનરૂપ કળશ ચઢાવી, આત્મસ્વરૂપની સિદ્ધિરૂપ વાસ્તુ કરાવી, તે અનુપમ પ્રાસાદમાં નિરંતર નિવાસ કરવાનું પરમ સૌભાગ્ય પ્રાપ્ત કરો. શીઘ્રપણે સિદ્ધદશા પ્રાપ્ત કરો...

✶ ✶ ✶

# શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથ : અધ્યાત્મનો વિશ્વકોશ

❑ ડૉ. અતુલભાઈ શાહ

*[ નાનપણથી જ શ્રીમદ્ રાજચંદ્રજી પ્રત્યે ભક્તિ અને પરમાર્થમાર્ગની રુચિ ધરાવતા અતુલભાઈને શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના સંસ્થાપક પૂજ્ય ગુરુદેવ શ્રી રાકેશભાઈનો સમાગમ થતાં તેઓશ્રીની આજ્ઞામાં જીવન સમર્પિત કર્યું. વર્ષ ૨૦૦૫થી ડૉક્ટરના વ્યવસાયમાંથી નિવૃત્તિ લઈ મિશનમાં નિષ્કામ સેવા અર્પી રહ્યા છે. ગુજરાતી ભાષા પર પ્રભુત્વ ધરાવતા અતુલભાઈ આ લેખમાં શ્રીમદ્ રાજચંદ્રજીના સમગ્ર સાહિત્યના નિધિરૂપ 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથની સર્વાંગી સમીક્ષા પ્રસ્તુત કરે છે. ]*

વિશ્વની વિશાળ ધરા ઉપર અને ખાસ તો ભારતની પુણ્યભૂમિ ઉપર અનેક મહાપુરુષો, અનેક મહાત્માઓ, અનેક મહાજ્ઞાનીઓ અતીત કાળે થઈ ગયા છે, સાંપ્રત કાળે થાય છે અને અનાગત કાળે થશે; પરંતુ તે સર્વમાં પણ આત્મશુદ્ધિની વિશાળ ક્ષિતિજોને સર કરી હોય, સ્વપરકલ્યાણની ગગનસ્પર્શી ઊંચાઈને આંબી હોય એવા પરમ પુરુષો તો અતિ અતિ વિરલ જ થયા છે, થાય છે અને થશે.

પરમ કલ્યાણમૂર્તિ શ્રીમદ્ રાજચંદ્રજી આવી અતિ વિલક્ષણ વિભૂતિઓમાંના એક મહાન યુગપુરુષ છે. વર્તમાન યુગના દિવ્ય યુગાવતાર, સમર્થ જ્યોતિર્ધર, મૂર્તિમાન અધ્યાત્મ, સહજ સ્વરૂપનિષ્ઠ અને તીવ્ર પ્રજ્ઞાવંત એવા આ પરમ અલૌકિક સંતપુરુષનું તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં વિશિષ્ટ ગૌરવવંતુ તથા ચિરંતન સ્થાન છે. તેમનું જીવન એટલે અધ્યાત્મની અખંડ અને પ્રચંડ સાધના. તેમનું અસ્તિત્વ એટલે જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યનો સુભગ સમન્વય. તેમનું વ્યક્તિત્વ એટલે નિષ્કારણ કરુણાનો ઊછળતો ઉદધિ.

તેત્રીસ વર્ષ અને પાંચ મહિનાના અતિ અલ્પ આયુષ્યકાળમાં અત્યંત આશ્ચર્યમુગ્ધ કરે એવી આધ્યાત્મિક વિકાસની ઉચ્ચતર શ્રેણીને પ્રાપ્ત કરી જીવન્મુક્તદશા સાધનાર આ સાતિશય શ્રુતરત્નાકર, જાજવલ્યમાન જ્ઞાનભાસ્કરને અદ્‌ભુત અમૃતવાણીની સહજ સ્ફુરણા હતી. આ પ્રભાવક વાણીથી ઝરતો બોધ જુદા જુદા સમયે જુદા જુદા માધ્યમ થકી પ્રવહતો રહ્યો. ક્યારેક સ્વતંત્ર કૃતિઓ તો ક્યારેક અનુવાદાત્મક-વિવેચનાત્મક કૃતિઓ, ક્યારેક તેમને પુછાયેલા પ્રશ્નોના ઉત્તર અથવા અન્ય કારણે કે પ્રસંગે જિજ્ઞાસુઓને લખાયેલા પત્રો તો ક્યારેક આપમેળે ચિંતન કરતાં નોંધ તરીકે લખાયાં હોય અથવા તેમના ઉપદેશમાંથી લિપિબદ્ધ થયાં હોય એવાં લખાણો એમ અનેકવિધ રૂપે એ બોધ વર્ષો પર્યંત અનેક અનેક જીવોને આત્મશુદ્ધિનો એકાંત હિતકારી માર્ગ દર્શાવતો રહ્યો.

શ્રીમદ્‌જી ઘરમાં હોય, પેઢી પર હોય કે અન્ય કોઈ જગ્યાએ હોય, તેમને સતત પરમાર્થનું જ ચિંતન રહેતું. કર્મના ઉદયને લીધે જે કોઈ પ્રવૃત્તિ કરવી પડે તે તેઓ કરતા, પણ તેમાં તેમને કદી આસક્તિ થતી નહીં. એક તરફ પરમાર્થ પ્રત્યેની પરમ પ્રીતિ અને અંતરંગ નિર્ગ્રંથ શ્રેણી તો બીજી તરફ ઉપાધિયોગનો કારમો કર્મોદય અને બાહ્ય ગૃહસ્થ શ્રેણી, તેથી જગતકલ્યાણની તીવ્ર ભાવના છતાં સમાજમાં પ્રસિદ્ધિમાં આવવાનું તેઓ ટાળતા. લોકસમૂહથી શ્રીમદ્‌જી ઇરાદાપૂર્વક દૂર રહ્યા હતા. ગુપ્ત રહેવાનું મુખ્ય કારણ એ હતું કે તેમના પરિચયમાં આવનારી વ્યક્તિઓ તેમનો ગૃહસ્થવેષ જોઈ, વિકલ્પમાં પડી, કર્મબંધ કરે એ તેમને ઇષ્ટ લાગતું ન હતું. પરિણામે તેમની હયાતી દરમ્યાન બહુ ઓછી વ્યક્તિઓને તેમના નિકટ સમાગમનો લાભ મળી શક્યો હતો. વળી, સત્પુરુષોનું જીવન આત્માની અંતરવિશુદ્ધિ પર અવલંબતું હોવાથી અંતરદૃષ્ટિ ખૂલી ન હોય ત્યાં સુધી જીવને તેમની ઓળખાણ થવી દુર્ઘટ છે. અલબત્ત, શ્રીમદ્‌જીના સત્સમાગમનો રૂડો આત્મ-રૂપાંતરકારી પ્રભાવ અનુભવનારા મહાભાગ્ય મુમુક્ષુઓને તેમની સાચી ઓળખાણ થઈ હતી, શ્રીમદ્‌જીનાં જીવનકાર્યોનું અને તેમની પ્રતિભાનું માહાત્મ્ય ભાસ્યું હતું અને તેથી તેમની હયાતી બાદ સાંપ્રત સમાજને તેમની સાચી ઓળખ આપવાનું કાર્ય તે સર્વેએ ઉપાડી લીધું.

શ્રીમદ્‌જીની હયાતી દરમ્યાન તેમનું અમુક સાહિત્ય જ પ્રગટ થયું હતું અને એ પણ તેમની ૨૦ વર્ષની વય પહેલાં. તે પછીથી તેમણે પોતાની અન્ય કૃતિઓને જીવનના અંતસમય સુધી પ્રસિદ્ધ કરી ન હતી. તે કૃતિઓ માત્ર તેમના નિકટવાસી મુમુક્ષુઓના ઉપયોગ પૂરતી મર્યાદિત રહી હતી. વિ. સં. ૧૯૫૭માં શ્રીમદ્‌જીના દેહોત્સર્ગ પછી તેમના લઘુભ્રાતા શ્રી મનસુખભાઈ રવજીભાઈ મહેતાને શ્રીમદ્‌જીનું બધું જ સાહિત્ય પ્રગટ કરવાની ઇચ્છા થઈ. આ માટે તેમણે શ્રીમદ્‌જીના અનન્ય ભક્ત મહામુમુક્ષુ શ્રી અંબાલાલભાઈ આદિની સહાય લઈ સંશોધન શરૂ કર્યું.

જ્યાં જ્યાંથી બને ત્યાં ત્યાંથી શ્રી અંબાલાલભાઈએ શ્રીમદ્‌જીના પત્રો મેળવી, નકલો એકઠી કરી આપી. તેમણે

શ્રીમદ્જીની હયાતીમાં જ શ્રીમદ્જીના પરમાર્થોપયોગી પત્રોને એકત્રિત કરી, તેની એકનિષ્ઠ જાળવણી કરી, એ અમૂલ્ય જ્ઞાનવારસો સર્વજનસુલભ બનાવી આપ્યો. જીવનકાળ દરમ્યાન શ્રીમદ્જીએ મુમુક્ષુઓને લખેલા પત્રો તથા તેમનું સઘળું ઉપલબ્ધ સાહિત્ય તેમના દેહોત્સર્ગ પછી સંકલિત કરવામાં શ્રી અંબાલાલભાઈએ શ્રી મનસુખભાઈને ઘણા સારા પ્રમાણમાં સહાય કરી અને એ રીતે ઋષિઋણ અદા કરવાનો નમ્ર પ્રયાસ કર્યો.

અનાદિકાળથી આ સંસારમાં આત્મભ્રાંતિવશ રખડતા અને અપરંપાર દુ:ખ પામતા જીવોને નિજસ્વરૂપનું ભાન કરાવનાર શ્રીમદ્જીનાં વિવિધ પારમાર્થિક લખાણોને 'શ્રીમદ્ રાજચંદ્ર'નામના ૮૩૩ પાનાંના એક બૃહદ્ ગ્રંથમાં એકત્રિત કરવામાં આવ્યાં. અમુક ધર્મેતર વિષયોની રચનાઓ સિવાયનું શ્રીમદ્જીનું લગભગ બધું જ પ્રાપ્ત સાહિત્ય – લખાણ સંગૃહીત કરી તેને શ્રી મનસુખભાઈએ વિ. સં. ૧૯૬૧માં, દેહવિલયના ચાર વર્ષ પછી, શ્રીમદ્જીની જ પ્રેરણાથી સ્થપાયેલ 'પરમશ્રુત પ્રભાવક મંડળ' તરફથી, 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથરૂપે પ્રસિદ્ધ કરાવ્યું.

વિ. સં. ૧૯૬૧ની પ્રથમ આવૃત્તિ પછી વિ. સં. ૧૯૮૨માં ગ્રંથની દ્વિતીય આવૃત્તિ બહાર પડી. શ્રીમદ્જીનાં લખાણો ગુજરાતી ભાષામાં હોવા છતાં 'પરમશ્રુત પ્રભાવક મંડળ' તરફથી આ બન્ને આવૃત્તિઓ મહત્તાદર્શક દેવનાગરી લિપિમાં પ્રકાશિત થઈ હતી. 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ગુજરાતી લિપિમાં પ્રથમ વાર શ્રી મનસુખભાઈએ વિ. સં. ૧૯૭૦માં બહાર પાડ્યો. એનો પ્રથમ હિંદી અનુવાદ વિ. સં. ૧૯૯૪માં પ્રકાશિત થયો હતો. ગુજરાતી ગ્રંથની સમયાંતરે અન્ય ત્રણ આવૃત્તિઓ બહાર પડી. દેવનાગરી લિપિની બે તથા ગુજરાતી લિપિની ચાર – એમ કુલ છ આવૃત્તિ પછી પ્રસ્તુત ગ્રંથની સમગ્ર પ્રકાશન વ્યવસ્થા શ્રીમદ્જીની ગુણાનુરાગી સંસ્થા -- શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસને સોંપવામાં આવી. તદનુસાર વિ.સં.૨૦૦૭થી ગ્રંથની તે પછીની અનેક આવૃત્તિઓ અગાસ આશ્રમ તરફથી પ્રસિદ્ધ થઈ છે.

શ્રીમદ્જીનું સાહિત્ય પ્રકાશિત થતાં તેમની ઉચ્ચ આત્મદશા અને ઉત્કૃષ્ટ ગુણવૈભવથી લોકો આકર્ષાયા અને તેમનાં જીવનનું તથા સાહિત્યનું મૂલ્ય સમજવા લાગ્યા. વિ. સં. ૧૯૭૬માં અગાસ ક્ષેત્રે 'શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ'ની સ્થાપના થઈ. શ્રીમદ્જીના અતિ નિકટના પરિચયમાં આવનાર તથા તેમને યથાર્થ ઓળખનાર શ્રી લલ્લુજી મુનિ (પૂજ્ય શ્રી લઘુરાજ સ્વામી) ત્યાં રહીને વર્ષો સુધી શ્રીમદ્જીનાં સાહિત્યનો તથા તત્ત્વવિચારણાનો લોકોને ઉપદેશ આપીને શ્રીમદ્જીની યથાર્થ ઓળખાણ કરાવતા રહ્યા.

શ્રીમદ્જીના ગાઢ પરિચયમાં આવનાર આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ પણ તેમની આત્મકથા (સત્યના પ્રયોગો)માં, સામયિકો આદિનાં વિવિધ લખાણોમાં તથા કેટલાંય ભાષણોમાં પોતાના ઉપર શ્રીમદ્જીએ કરેલા ઉપકારનો ઉલ્લેખ કરી શ્રીમદ્જીનું ઋણ સ્વીકાર્યું છે. ગાંધીજી જેવી જગતવંદ્ય વિભૂતિ ઉપર આવી પ્રબળ અસર કરનારની મહત્તા કેવી હશે, એ જિજ્ઞાસાથી પ્રેરાઈને ઘણા લોકો શ્રીમદ્જીનાં જીવન તથા સાહિત્યનો પરિચય અને અભ્યાસ કરવા પ્રેરાયા.

સમસ્ત મુમુક્ષુજગતને નિષ્કારણ કરુણાથી ઉચ્ચકક્ષીય સર્વતોમુખી માર્ગદર્શન આપનાર આ મહાપુરુષને તત્કાલીન સામાન્ય લોકસમુદાય ઓળખી શક્યો ન હતો અને તેથી તેમનાં અમૂલ્ય ઉપદેશવચનોનો પણ યથાયોગ્ય લાભ લઈ શક્યો ન હતો. પરંતુ ઉપરોક્ત પરિબળો જેવાં નિમિત્ત પામી જેમ જેમ શ્રીમદ્જી વિષેની જાણકારી વધતી જાય છે, તેમ તેમ સમાજ તેમના નિર્મળ, ઉપકારક અસ્તિત્વથી પ્રભાવિત થઈ તેમની અભિમુખ થતો જાય છે અને તેમના જીવનમાંથી અધ્યાત્મની અખૂટ પ્રેરણા મેળવી રહ્યો છે. તેમનાં લખાણો વિષે મહાત્મા ગાંધીજી કહે છે : **'તેમનાં લખાણોની એક અસાધારણતા એ છે કે પોતે જે અનુભવ્યું તે જ લખ્યું છે. તેમાં ક્યાંયે કૃત્રિમતા નથી. બીજાની ઉપર છાપ પાડવા સારુ એક લીટી સરખી પણ લખી હોય એમ મેં નથી જોયું... તેમનાં લખાણોમાં સત્ નીતરી રહ્યું છે એવો મને હંમેશાં ભાસ આવ્યો છે. તેમણે પોતાનું જ્ઞાન બતાવવા સારુ એક પણ અક્ષર નથી લખ્યો. લખનારનો હેતુ વાંચનારને પોતાના આત્માનંદમાં ભાગીદાર બનાવવાનો હતો... જેને આત્મક્લેશ ટાળવો છે, જે પોતાનું કર્તવ્ય જાણવા ઉત્સુક છે તેને શ્રીમદ્જીનાં લખાણોમાંથી બહુ મળી રહેશે, એવો મને વિશ્વાસ છે, પછી ભલે તે હિંદુ હો કે અન્યધર્મી.'**

શ્રીમદ્જીનો ક્ષરદેહ તો હાલ આપણી વચ્ચે નથી, પરંતુ તેમનો અક્ષરદેહ તો જ્વલંત જ્ઞાનજ્યોતિરૂપે મુમુક્ષુજનોનાં માર્ગદર્શન માટે ઝળહળી રહેલ છે. વિવિધ જિજ્ઞાસુઓને પ્રતિબોધવા માટે તેમણે લખેલું અદ્ભુત જ્ઞાનપ્રકાશયુક્ત અમૂલ્ય સાહિત્ય 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથરૂપે આજે પણ અનેક આત્માર્થી જિજ્ઞાસુઓની જ્ઞાનપિપાસા તૃપ્ત કરે છે, પરિણામે પ્રસ્તુત ગ્રંથ હાલ પ્રેમાદરપૂર્વક 'વચનામૃતજી' તરીકે વધુ સુપ્રસિદ્ધ બનેલ છે.

શ્રીમદ્જીની તીવ્ર જ્ઞાનદશાને – વિદેહી આત્મદશાને ઓળખવા માટે તેમનાં લખાણો દર્પણરૂપ છે. શ્રીમદ્જીનું માત્ર બાહ્ય જીવન જાણવાથી તેમની વિલક્ષણ અભ્યંતર દશાના માહાત્મ્યનો સાચો અથવા પૂરેપૂરો ખ્યાલ આવવો મુશ્કેલ છે. તેમનું જીવન એક ત્યાગી, વૈરાગી, બ્રહ્મનિષ્ઠ મહાત્માનું જીવન હતું; દરેક સ્થળે અને પ્રસંગે તેઓ અત્યંત ઉદાસીનતાપૂર્વક



*પ્રજાનાં દુ:ખ, અન્યાય, કર એને તપાસી જઈ આજે ઓછાં કર. તું પણ હે રાજા! કાળને ઘેર આવેલો પરૂણો છે.*

અંતર્મગ્ન – આત્માનંદમાં લીન રહેતા હતા, આ સત્ય તેમનાં આધ્યાત્મિક લખાણો ઉપરથી સરળતાથી પારખી શકાય છે. શ્રીમદ્જીના જીવનમાં આપણે જોઈએ છીએ કે કર્મ બાંધ્યાં તે ભોગવવા નિરુપાયપણે લાંબો સમય ધીરજ ધરે છે, પણ અંતર આત્મવૃત્તિની અસમાધિ સમયમાત્ર પણ સહન કરવા તેઓ તૈયાર નથી; એટલું જ નહીં પણ અસમાધિથી પ્રવર્તવા કરતાં દેહત્યાગ ઉચિત માને છે. અંતર આત્મવૃત્તિને ભૂલ્યા વિના શ્રીમદ્જીએ કેવી ધીરજ, કેવી આત્મવિચારણા અને પુરુષાર્થમય તીક્ષ્ણ ઉપયોગદૃષ્ટિ રાખી છે એ તેમના ઘણા પત્રોમાં સ્પષ્ટપણે જોવા મળે છે.

શ્રીમદ્જીની આવી અસાધારણ અભ્યંતર દશાનો નિચોડ તેમનાં પ્રેરક લખાણોમાં મૂર્તસ્વરૂપ પામ્યો છે. કોઈ પણ સાધકના આંતર જીવનની નોંધોના આવા સમૃદ્ધ કહી શકાય એવા ગ્રંથો ગુજરાતી ભાષામાં બહુ ઓછા છે. એ દૃષ્ટિએ 'શ્રીમદ્ રાજચંદ્ર' બૃહદ્ ગ્રંથ ગુજરાતી સાહિત્યમાં એક સીમાસ્તંભરૂપ છે. ગુજરાતી ભાષાના સાહિત્યના ઇતિહાસમાં તે એક અનોખું સ્થાન પ્રાપ્ત કરે છે.

પ્રસ્તુત ગ્રંથમાં વયાનુક્રમે શ્રીમદ્જીનું આંતર જીવન, તત્ત્વજ્ઞાન સંબંધીના તેમના નિર્ણયો, મુમુક્ષુઓને આપેલ સચોટ માર્ગદર્શન, અભ્યંતર દશાનાં અવલોકનો આદિ પારમાર્થિક વિષયોનો સમાવેશ થાય છે. જીવને સ્વાનુભવ કઈ રીતે થઈ શકે તે માર્ગ, અનુભવસિદ્ધપણે અત્યંત સરળ ભાષામાં આ ગ્રંથમાં દર્શાવવામાં આવ્યો છે. અધ્યાત્મને લગતા કોઈ પણ મુદ્દાનું અસંદિગ્ધ સ્પષ્ટીકરણ પ્રસ્તુત ગ્રંથમાં મળી રહે છે. અનેક વિદ્વાનોના મત અનુસાર આત્માર્થી જીવોને માર્ગદર્શન કરવાને આ ગ્રંથ પરિપૂર્ણ રીતે સમર્થ છે. જે આત્માર્થીઓના હાથમાં આ ગ્રંથ આવ્યો છે અને જેમણે તેનું ભાવપૂર્વક અધ્યયન કર્યું છે, તેમનાં વિચારોમાં અને જીવનમાં અવશ્ય પલટો આવ્યો છે. તેથી આત્મપ્રાપ્તિ માટે શ્રીમદ્જીનું માર્ગદર્શન પરમ શ્રદ્ધેય ગણાય છે. આત્મદર્શન પામવામાં અનુપમ નિમિત્ત બની શકે એવું સામર્થ્ય અને ગૌરવ ધરાવનાર આ 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં સંગૃહીત સાહિત્યનું નીચે પ્રમાણે વર્ગીકરણ કરી શકાય –

(૧) પત્રસાહિત્ય (શ્રી સૌભાગ્યભાઈ, શ્રી અંબાલાલભાઈ આદિ મુમુક્ષુઓ ઉપર લખાયેલા પત્રો)
(૨) સ્વતંત્ર ગ્રંથો (મોક્ષમાળા, શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર આદિ)
(૩) સ્વતંત્ર કાવ્યો (બિના નયન, અપૂર્વ અવસર આદિ)
(૪) ભાષાંતરો (પંચાસ્તિકાય આદિ ગ્રંથો) તથા વિવેચનો (શ્રી આનંદઘનજી આદિનાં પદો)
(૫) સ્વતંત્ર લેખો (મુનિસમાગમ, મોક્ષસિદ્ધાંત આદિ)
(૬) સ્વતંત્ર બોધવચનમાળાઓ (પુષ્પમાળા, વચન સપ્તશતી આદિ)
(૭) અંગત નોંધો (રોજનીશી, હાથનોંધ આદિ)
(૮) શ્રીમદ્જીના ઉપદેશની મુમુક્ષુઓએ કરેલી નોંધો (ઉપદેશ છાયા, વ્યાખ્યાનસાર આદિ)

હવે આ વિવિધ પ્રકારનાં લખાણોનો અનુક્રમે પરિચય મેળવીએ.

### (૧) પત્રસાહિત્ય

શ્રીમદ્જીનો પત્રસંગ્રહ તેમના સાહિત્યમાં અત્યંત મહત્ત્વનું સ્થાન ધરાવે છે. વિ. સં. ૧૯૪૨ થી વિ. સં. ૧૯૫૭ સુધી તેમણે લખેલા પત્રોમાંથી લગભગ ૮૫૦ જેટલા પત્રો ઉપલબ્ધ છે. તેમણે જુદી જુદી ૪૦થી વધારે વ્યક્તિઓને આ સોળ વર્ષ દરમ્યાન જુદા જુદા સમયે જુદાં જુદાં સ્થળેથી તત્ત્વવિચારણા સંબંધી પત્રો લખ્યા હતા. પરમ ઉપકારક અને સર્વગ્રાહી બોધ ધરાવતા આ પત્રોમાંથી કેટલાક પત્રો બે-ત્રણ લીટી જેટલા નાના છે, તો કેટલાક પત્રો બે-ત્રણ પાનાં જેટલા મોટા પણ છે.

શ્રીમદ્જીના સુપ્રસાદરૂપ પરમ વિશિષ્ટ પત્રસાહિત્યનો સ્વાદ ચાખવા જગત ભાગ્યશાળી બન્યું તે માટે જગત તેમના સત્સંગીઓનું ઋણી છે. આ મુમુક્ષુઓનું નિમિત્ત ન મળ્યું હોત તો તેમના ઉત્તમોત્તમ પત્રસાહિત્યનો ઉદ્ભવ થવા પામ્યો ન હોત. શ્રીમદ્જીનું માર્ગદર્શન મેળવવા તેમના સત્સંગીઓ તેમને પત્રો લખતા અને શ્રીમદ્જી તેમને વિવિધ દૃષ્ટિકોણથી, તેમની કક્ષાને અનુરૂપ, સરળ ભાષામાં તાત્ત્વિક માર્ગદર્શન આપતા. શ્રીમદ્જીએ આપેલા પરમ રહસ્યભૂત ખુલાસાઓ ઉપરથી વસ્તુતત્ત્વ સમજાવવાની તેમની નિપુણતાનો પરિચય થાય છે. તેમણે કેવા વાત્સલ્યભાવથી પોતાના આરાધક વર્ગનું જીવન ઘડ્યું હતું એ તેમના પત્રોમાં સુંદર રીતે ઝળકે છે. કોઈ પણ પ્રકારની ભૌતિક મહત્ત્વાકાંક્ષા તેમને સ્પર્શી ન હતી. જાણે મુમુક્ષુ જીવોનું કલ્યાણ કરવા જ દેહ ધારણ કર્યો હોય એવું અમાપ ઉપકારવંત તેમનું જીવન હતું.

શ્રીમદ્જીની સાચી ઓળખ પામી, તેમનો પ્રત્યક્ષ નિકટ સમાગમ પામનાર ભાગ્યશાળી મુમુક્ષુઓમાં સર્વશ્રી જૂઠાભાઈ ઉજમશી, સૌભાગ્યભાઈ લલ્લુભાઈ, અંબાલાલ લાલચંદ, લલ્લુજી મુનિ, મહાત્મા ગાંધીજી, મનસુખભાઈ કિરતચંદ, પોપટલાલ મોહકમચંદ, ધારશીભાઈ કુશળચંદ, ત્રિભુવનભાઈ માણેકચંદ, ખીમજી દેવજી વગેરે હતા. તે સર્વ ઉપર શ્રીમદ્જીનો ઘણો પ્રભાવ પડ્યો હતો અને તેમનાં જીવનની દિશા બદલાઈ ગઈ હતી. આ

ભાગ્યશાળીઓમાંથી પ્રથમના પાંચ મુમુક્ષુઓ સાથેનો શ્રીમદ્જીનો પત્રવ્યવહાર સંક્ષેપમાં અવલોકીએ.

**(૧) શ્રી જૂઠાભાઈ ઉજમશીભાઈ:** શ્રીમદ્જીના સર્વ સત્સંગીઓમાં પ્રથમ ઘનિષ્ઠ સત્સંગી હોવાનું માન શ્રી જૂઠાભાઈને ઘટે છે. તેમને થયેલ સત્પુરુષની યથાર્થ ઓળખાણથી શ્રી અંબાલાલભાઈ અને પરંપરાએ શ્રી લલ્લુજી મુનિ લાભ પામ્યા હતા. તેઓ શ્રીમદ્જીના અલ્પ કાળના સાન્નિધ્યથી પોતાનું આત્મકલ્યાણ નાની ઉંમરમાં સાધી લેનાર એક મહાન સાધક હતા. શ્રીમદ્જીના શ્રી જૂઠાભાઈ ઉપરના પત્રો શ્રીમદ્જીની લઘુતા, ભગવદ્ભક્તિ, સત્યનિષ્ઠા, નિષ્કષાય સ્થિતિ, અંતરંગ સમતા, ઉદાસીનતા આદિ ઉપર સારો પ્રકાશ પાડે છે.

વિ. સં. ૧૯૪૫થી શ્રી જૂઠાભાઈનું આરોગ્ય કથળ્યું અને તેથી જો દેહ છૂટી જશે તો પોતે આ અપૂર્વ સત્સમાગમનો લાભ નહીં મેળવી શકે એવો પારમાર્થિક ખેદ તેમને અત્યંત વ્યાકુળ કરી મૂકતો. શ્રીમદ્જી તેમને એ ચિંતા અને ખેદ દૂર કરી, ધર્મધ્યાનમાં લીન રહેવાનો વારંવાર ઉપદેશ આપતા અને પુરુષાર્થની પ્રેરણા આપી ધીરજ પણ બંધાવતા. વિ. સં. ૧૯૪૬માં શ્રી જૂઠાભાઈની આરોગ્યસ્થિતિ ઉત્તરોત્તર ક્ષીણ થતી ગઈ, પરંતુ શ્રીમદ્જીના પત્રોના કારણે તેઓ પરમ વૈરાગ્યમાં ઝૂલવા માંડ્યા અને સમાધિમરણ માટે જાગૃત થઈ ગયા. શ્રીમદ્જીના આત્મલાભકારી પ્રત્યક્ષ એવમ્ પરોક્ષ સત્સમાગમના બળે તેમના અંતરમાં સમ્યક્ત્વ પ્રકાશ્યું હતું.

**(૨) શ્રી સૌભાગ્યભાઈ લલ્લુભાઈ:** શ્રીમદ્જીના સર્વ સત્સંગીઓમાં જેમનું સ્થાન સર્વથી ઉપર છે અને જેમને શ્રીમદ્જી પોતાના 'હૃદયરૂપ', 'પરમવિશ્રામ શ્રી સુભાગ્ય' તરીકે બિરદાવે છે એવા સરળતા, સૌમ્યતા, સમર્પિતતા, સાચી સંસ્કારિતાના મૂર્તિસ્વરૂપ શ્રી સૌભાગ્યભાઈ શ્રીમદ્જીના પરમ સખા હતા. શ્રીમદ્જીના સમસ્ત ઉપલબ્ધ પત્ર-સાહિત્યના ચોથા ભાગથી વધુ પત્રો શ્રી સૌભાગ્યભાઈને લખાયેલા છે, એ જ બતાવે છે કે શ્રીમદ્જીનો શ્રી સૌભાગ્યભાઈ સાથેનો સંબંધ કેટલો ગાઢ હતો. વિ. સં. ૧૯૪૬ના ભાદરવા માસથી શરૂ કરી વિ. સં. ૧૯૫૩ના જેઠ માસ સુધી, એટલે કે શ્રીમદ્જી અને શ્રી સૌભાગ્યભાઈના પ્રથમ મેળાપથી શરૂ કરી શ્રી સૌભાગ્યભાઈના અવસાન સુધીના સાત વર્ષના ગાળામાં શ્રીમદ્જીએ શ્રી સૌભાગ્યભાઈ ઉપર લખેલા લગભગ ૨૪૪ પત્રો ઉપલબ્ધ છે.

શ્રી સૌભાગ્યભાઈ શ્રીમદ્જીના હૃદયભાવોને સમજવાની ક્ષમતા ધરાવતા હતા, જે તેમની ઉચ્ચ ભૂમિકાનું દ્યોતક છે. શ્રી સૌભાગ્યભાઈ ઉપરના પત્રોમાં શ્રીમદ્જીએ પોતાનું અંતર ખોલીને નિજદશાની ચર્ચા કરી છે. શ્રીમદ્જીની અંતરંગ દશા, પ્રારબ્ધસ્થિતિ, માર્ગપ્રભાવનાની ભાવના તથા સંસારત્યાગ કરવાની તત્પરતા તેમાં વિસ્તારપૂર્વક જણાવેલી હોવાથી શ્રીમદ્જીના પરમાર્થજીવનમાં પ્રવેશ પામવાને તે પત્રો અત્યંત સહાયરૂપ નીવડે છે.

વિ. સં. ૧૯૫૩માં શ્રી સૌભાગ્યભાઈનું આરોગ્ય અત્યંત કથળી ગયું ત્યારે શ્રીમદ્જીએ સમાધિમરણની ઉત્કૃષ્ટ આરાધના અર્થે તેમને ત્રણ આત્મજાગૃતિપ્રેરક પત્રો (પત્રાંક ૭૭૯ થી ૭૮૧) લખી તેમનામાં વિશિષ્ટ પ્રેરણા, માર્ગદર્શન તથા ઉત્સાહબળનું સિંચન કર્યું હતું. પ્રબળ આત્મપુરુષાર્થથી આત્મદશાની ઉત્તરોત્તર ઊર્ધ્વ શ્રેણીને પામતા જઈ, અંતે અપૂર્વ સમાધિમાં સ્થિત રહી, શ્રી સૌભાગ્યભાઈએ નશ્વર દેહનો ત્યાગ કર્યો. શ્રીમદ્જીના હૃદયમાં રહેલ આત્મિક જ્ઞાનની રહસ્યભૂત વાતો પ્રગટ કરાવવામાં શ્રી સૌભાગ્યભાઈનો મુખ્ય ફાળો છે. શ્રીમદ્જીના હૃદયપ્રતિબિંબ એવા ઉત્તમોત્તમ પરમાર્થપત્રોના તથા આધ્યાત્મિક રહસ્યોથી ભરપૂર એવા 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'ના ઉદ્ભવનિમિત્ત શ્રી સૌભાગ્યભાઈ હતા અને તે બદલ જગત તેમનું ઋણી રહેશે.

**(૩) શ્રી અંબાલાલભાઈ લાલચંદભાઈ:** શ્રી અંબાલાલભાઈ એક એવા મહામુમુક્ષુ હતા, જેમણે અંત પર્યંત શ્રીમદ્જીની અનન્ય સેવા-ભક્તિ કરી પોતાનું જીવન ધન્ય કર્યું હતું. તેઓ પૂર્વસંસ્કારી તથા સેવાભાવી હતા. તેમના દ્વારા અનેક મુમુક્ષુઓને શ્રીમદ્જીનો સમાગમલાભ પ્રાપ્ત થવાનો ધન્ય પ્રસંગ બનવા પામ્યો હતો.

વિ. સં. ૧૯૪૬ થી વિ. સં. ૧૯૫૭ સુધી અગિયાર વર્ષ શ્રીમદ્જી સાથેના તેમના સમાગમમાં પત્રવ્યવહાર નિરંતર ચાલુ રહ્યો હતો. શ્રીમદ્જીએ લગભગ ૧૨૭ જેટલા પત્રો શ્રી અંબાલાલભાઈ ઉપર લખેલા છે. શ્રી અંબાલાલભાઈ ઉપર લખાયેલા પત્રોમાં શ્રીમદ્જીએ કેટલીક જગ્યાએ તેમને માર્ગદર્શન આપ્યું છે, તો કેટલીક જગ્યાએ પોતાની આંતરિક સ્થિતિ કે બાહ્ય પ્રવૃત્તિનો ઉપાધિયોગ દર્શાવી, પરમાર્થમાર્ગે મૌન રહેવાની ઇચ્છા વ્યક્ત કરી છે. આ ઉપરાંત અનેક પરમાર્થવિષયો સંબંધી પણ વિચારણા થયેલી છે. એકનિષ્ઠ ભક્તિ, નિષ્કામ સેવા, પ્રશંસનીય ક્ષયોપશમ, દૃઢ વૈરાગ્ય તથા શ્રીમદ્જીના નિકટ અને નિરંતર પરિચયથી શ્રી અંબાલાલભાઈએ આત્મકલ્યાણની ઉચ્ચ શ્રેણી પ્રાપ્ત કરી હતી.

**(૪) શ્રી લલ્લુજી મુનિ:** શ્રીમદ્જી જેમને 'ચોથા આરાના મુનિ' તરીકે ઓળખાવતા હતા એવા શ્રી લલ્લુજી મુનિ શ્રીમદ્જીના પરમ ઉપાસક બની, મહાન સ્વપરકલ્યાણ સાધી ગયા. મુનિશ્રીની પ્રેરણાથી 'શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ'ની સ્થાપના થઈ હતી. પોતાના દીર્ઘ કાળના સંયમી જીવનમાં પ્રત્યક્ષ સમાગમથી શ્રીમદ્જીનાં વ્યક્તિત્વ અને સાહિત્યને બહોળા પ્રમાણમાં પ્રસારિત

*શ્રીમંત હો તો પૈસાના ઉપયોગને વિચારજે. રળવાનું કારણ આજે શોધીને કહેજે.*

કરવાનું શ્રેય જેટલું તેમને ફાળે જાય છે તેટલું કોઈ અન્યને ફાળે જતું નથી.

મુનિશ્રી શ્રી અંબાલાલભાઈ મારફત શ્રીમદ્જી સાથે પત્રવ્યવહાર કરી જ્ઞાનવાર્તાનો લાભ મેળવતા હતા. શ્રીમદ્જીએ મુનિશ્રી પ્રત્યે લખેલા ૯૨ જેટલા પત્રો હાલ ઉપલબ્ધ છે. તેમાંના મોટા ભાગના પત્રો વિસ્તારવાળા છે. તે પત્રોનો ઉદ્દેશ હતો મુનિશ્રીમાં વૈરાગ્યની વૃદ્ધિ કરાવવાનો, પંચ મહાવ્રતમાં દૃઢતા વધારવાનો, સ્વચ્છંદ-પ્રતિબંધરૂપ બંધન ટાળવાનો, મતમતાંતરનો ત્યાગ કરાવવાનો, આત્મભાવ વધારવાનો અને રાગ-દ્વેષરહિત દશાની પ્રાપ્તિ કરાવવાનો. શ્રીમદ્જીએ મુનિશ્રીને સુરત મુકામે લખેલ પત્ર 'છ પદનો પત્ર' (પત્રાંક-૪૯૩) મુમુક્ષુઓનાં અંતરમાં ઘણા ઉચ્ચ આદરપૂર્ણ સ્થાને બિરાજે છે. શ્રીમદ્જીએ પ્રત્યક્ષ તેમજ પત્રાદિ દ્વારા પરોક્ષ બોધ આપી શ્રી લલ્લુજી મુનિને મૂળ માર્ગ ચીંધ્યો હતો અને મુનિશ્રીએ તેમની આજ્ઞાનુસાર ચાલી સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું હતું.

**(૫) મહાત્મા ગાંધીજી :** શ્રીમદ્જીનો અને તેમના સમવયસ્ક મહાત્મા ગાંધીજીનો અંતરંગ સંબંધ એ માત્ર તેમનાં બન્નેનાં જીવનનું જ નહીં, માત્ર ગુજરાતનું જ નહીં, પરંતુ ભારતના સાંસ્કારિક, રાજકીય અને આધ્યાત્મિક ઇતિહાસનું એક ઉજ્જ્વળ પ્રકરણ છે. શ્રીમદ્જીના પ્રત્યક્ષ સમાગમે અને તેમના પત્રોએ ગાંધીજીનું ચારિત્ર ઘડવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. શ્રીમદ્જીમાંથી અખૂટ પ્રેરણા લઈને ગાંધીજીએ અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, પરિગ્રહપરિમાણ, તપશ્ચર્યા વગેરે અપનાવ્યાં હતાં.

વર્ષો સુધી ચાલેલો એ આધ્યાત્મિક સંબંધ એવો પરિણમ્યો હતો કે જેના ફળસ્વરૂપે ગાંધીજીની અધ્યાત્મભીડમાં શ્રીમદ્જી વિશ્વાસનું – પૂછવાનું ઠેકાણું બન્યા હતા. આ આધ્યાત્મિક ભીડના સમયે તેમણે પોતાની શંકાઓ પત્ર દ્વારા શ્રીમદ્જી સમક્ષ મૂકી. આત્મા, કર્મ, મોક્ષ, ઈશ્વર અને તેનું જગતકર્તૃત્વ, વેદ, ગીતા, પશુયજ્ઞ, પુનર્જન્મ, ભક્તિ, વિશ્વનો પ્રલય, સર્પ કરડવા આવે ત્યારે શું કરવું? વગેરે ૨૭ પ્રશ્નો ગાંધીજીએ આફ્રિકાથી પત્ર દ્વારા શ્રીમદ્જીને પૂછ્યા. શ્રીમદ્જીએ ગાંધીજીને વ્યવસ્થિત, વિશદ, તર્કયુક્ત અને ધર્મનિષ્ઠ જવાબો આપ્યા. એના મનનથી ગાંધીજીની મૂંઝવણ ટળી ગઈ અને સંતોષ થયો. શ્રીમદ્જીના સમયસરના માર્ગદર્શનથી ગાંધીજી ધર્માંતર કરતાં અટકી ગયા. શ્રીમદ્જી સાથેના પત્રવ્યવહારની ગાંધીજી ઉપર આવી કલ્યાણકારી અસર થઈ. શ્રીમદ્જીનું આધ્યાત્મિક માર્ગદર્શન ન હોત તો ગાંધીજી આફ્રિકાથી 'માઈકલ' અથવા 'મોહમ્મદ' થઈને પાછા આવત, પણ 'મોહનદાસ' તો ન રહેત. શ્રીમદ્જીએ ગાંધીજી ઉપર ઘણા પત્રો લખ્યા હતા. એ વાત ચોક્કસ છે કે પત્રોની સંખ્યા સારી એવી હશે, કારણ કે ગાંધીજીએ તેમની આત્મકથામાં નોંધ્યું છે કે તેમનો શ્રીમદ્જી સાથેનો પત્રવ્યવહાર છેવટ સુધી ટક્યો હતો. ગાંધીજી શ્રીમદ્જીનાં પત્રો તથા કાવ્યો પોતાની સાથે રાખતા અને વારંવાર તેનું ચિંતન કરતા.

કોઈ પણ જિજ્ઞાસુને પત્ર લખાયો હોય, શ્રીમદ્જીના પત્રોમાં પરમાર્થવિચારણાને જ મુખ્ય સ્થાન મળ્યું છે. તેમણે જન્મ-જરા-મરણાદિ બંધનરૂપ સંસારથી વિરામ પામવા સર્વોત્કૃષ્ટ વીતરાગધર્મનો આશ્રય ગ્રહવાનું, પ્રમાદ છોડી રત્નચિંતામણિ સમાન મનુષ્યદેહને સાર્થક કરવાનું ભાવવાહી આહ્વાન કર્યું છે. અનેક વિષયો ઉપર સચોટ બોધ આપવા સાથે કેટલાય પત્રોમાં તેમણે આધ્યાત્મિક મૂંઝવણોનાં સ્પષ્ટ સમાધાન આપ્યાં છે તો કેટલાક પત્રોમાં પારિભાષિક શબ્દોના તથા અવતરણોનાં સ્પષ્ટ અર્થ, સરળ વિસ્તાર અને પારમાર્થિક ખુલાસા પણ આપ્યા છે. તેમના પત્રસાહિત્ય દ્વારા તે તે વિષયો અંગેના તેમના ગહન આશ્ચર્યકારી જ્ઞાનની પ્રતીતિ થાય છે. અનેકાનેક ગૂઢ રહસ્યોનો ઘટસ્ફોટ કરનારા તેમના આ પત્રો વર્તમાનમાં પણ જિજ્ઞાસુઓને ઊઠતી શંકાઓનું નિવારણ કરવાનું અપૂર્વ સામર્થ્ય ધરાવે છે. તેમનું મધુર લખાણ હૃદયસ્પર્શી નીવડે છે તથા તેમાં લાઘવનો ગુણ પણ જોવા મળે છે. તેમના પત્રો વાંચતાં મન ઉપર સ્પષ્ટ છાપ પડે છે કે તેમણે એક પણ બિનજરૂરી શબ્દ લખ્યો નથી.

આ બધા ઉપરાંત શ્રીમદ્જીએ લખેલા પત્રોમાંથી તેમની આત્મિક ઉત્ક્રાંતિ જાણવા મળે છે. તેમના પત્રોમાં તેમના પરમ ઉદાત્ત આંતર જીવનનું સુરેખ ચિત્ર અંકિત થાય છે. કાળક્રમ અનુસાર ઉપલબ્ધ પત્રોમાંથી શ્રીમદ્જીના વિચારોમાં કયા પ્રકારના ફેરફાર ક્યારે થયા હતા, તેમના ઉત્તરોત્તર આત્મવિકાસની ધારા કેવી રીતે વહી હતી, તેમણે વીતરાગતા ભણી કેવી દોટ મૂકી હતી તથા તેમના વિશિષ્ટ ગુણો કઈ રીતે ખીલતા ગયા હતા તે જાણવા મળે છે. તેમના પત્રોમાં તેમના સ્વસંવેદનની ઝાંખી થાય છે અને તે દ્વારા તેમના હૃદયમાં ડોકિયું કરવાનું માધ્યમ પ્રાપ્ત થાય છે. દરેક વર્ષ દરમ્યાન લખાયેલા પત્રોમાંની શ્રીમદ્જીની સહી, પત્રોની સંખ્યા, પત્રમાંનું લખાણ આદિ દ્વારા તેમની વર્ધમાન થતી આત્મદશા પ્રગટ થયા વિના રહેતી નથી.

શ્રીમદ્જીના પત્રોમાંથી તેઓ આત્મશુદ્ધિ માટે કેવો ઉચ્ચ કોટિનો પુરુષાર્થ કરતા હતા, તેનો સહેજે ખ્યાલ આવે છે. પોતે પાઠવેલા સંવેદનમય પત્રોમાં તેમણે પોતાનું હૃદય ઠાલવ્યું હોવાથી તેમની ઊર્ધ્વગામી આત્મદશાની ઝાંખી થાય છે. વળી, આ પત્રો તે તે વ્યક્તિઓને અંગત રીતે, પ્રસિદ્ધિના હેતુ વિના લખાયેલા હોવાથી તેમાં પૂરેપૂરી નૈસર્ગિકતા જળવાઈ રહી છે. જો આ પત્રો

*ધાન્યાદિકમાં વ્યાપારથી થતી અસંખ્ય હિંસા સંભારી ન્યાયસંપન્ન વ્યાપારમાં આજે તારું ચિત્ત ખેંચ.*

ઉપલબ્ધ થયા ન હોત તો શ્રીમદ્જીનું અંતરંગ જીવન જાણવાના એક અમૂલ્ય માધ્યમથી મુમુક્ષુ જીવો વંચિત રહ્યા હોત અને શ્રીમદ્જીને તેમના પ્રત્યક્ષ સમાગમમાં આવનાર મુમુક્ષુઓ સિવાય કોઈ ઓળખી શક્યું ન હોત.

**(૨) સ્વતંત્ર ગ્રંથો**

શ્રીમદ્જીએ કેટલાક સ્વતંત્ર ગ્રંથોની રચના કરી હતી. તેમાંથી કેટલાક ગ્રંથો ગદ્યમાં છે તો કેટલાક પદ્યમાં છે. મુમુક્ષુઓને પરમ પાથેયરૂપ આ ગ્રંથોનું સંક્ષેપમાં અવલોકન કરીએ.

**સ્ત્રીનીતિબોધક :** શ્રીમદ્જીની લેખનશક્તિ નાની વયથી ખીલી હતી. વિ. સં. ૧૯૪૦માં સ્ત્રીનીતિબોધક વિભાગ-૧ નામનું તેમનું પ્રથમ પુસ્તક પ્રગટ થયું હતું. સમાજમાં વ્યાપેલાં અનેક સામાજિક અનિષ્ટો જોઈ શ્રીમદ્જીનું કરુણાર્દ્ર કવિહૃદય દ્રવી ઊઠ્યું અને તેમણે પોતાનું ઊર્મિશીલ સંવેદન, સ્ત્રીકેળવણીની હિમાયત કરવા સાથે 'સ્ત્રીનીતિબોધક'ની સરળ ગેય ગરબીઓમાં ઠાલવ્યું. પ્રાંતે સ્ત્રીઓના નીતિશતક સમાન, ધોળ રાગમાં રચેલું ૧૦૦ કડીવાળું 'સદ્બોધશતક' છે. એમાં તેમનો વિવિધ વિષયો ઉપર હૃદયંગમ સદ્બોધ છે.

તત્કાલીન સમાજને અત્યંત ઉપયોગી થાય એવા આ પુસ્તકમાં શ્રીમદ્જીનાં ઉચ્ચ કવિત્વનું, ઉત્તમ વ્યક્તિત્વનું, દેશપ્રીતિનું, નીતિપ્રિયતાનું અને સુધારક વૃત્તિનું દર્શન થાય છે. લઘુવયમાં તેમણે દર્શાવેલા વિચારોની ઉચ્ચતા, પરિપક્વતા, સ્પષ્ટતા તથા ભાષા ઉપરનું પ્રભુત્વ અને પદ્યરચનાની સ્વાભાવિકતા આશ્ચર્યકારક છે. સામાજિક ક્રાંતિના ક્ષેત્રે સાહિત્યસર્જન દ્વારા આ રીતે તેમણે નવજાગૃતિનો પ્રશંસનીય પ્રયાસ કર્યો છે.

**મોક્ષસુબોધ :** શ્રીમદ્જીએ સત્તરમા વર્ષ પહેલાં 'મોક્ષસુબોધ' નામનો પદ્યગ્રંથ રચવાની શરૂઆત કરી હતી. ગ્રંથના આરંભમાં તેમણે ગ્રંથરચનાનો હેતુ બતાવી, શ્રી ઋષભદેવને વંદનરૂપ મંગલાચરણ કર્યું છે. પછીના દોહરાઓમાં તેમણે ભાવનામય પ્રભુપ્રાર્થના રચી છે. આ પ્રાર્થના કર્યા પછી ધર્મ વિનાનો માણસ કેવો હોય એ તેમણે જુદી જુદી ઉપમાઓ દ્વારા સુંદર રીતે વર્ણવ્યું છે. આ વર્ણન પછી 'મોક્ષસુબોધ' ગ્રંથ અપૂર્ણ રહેલો છે. આટલા નાના વિભાગમાં પણ તેમણે શાર્દૂલવિક્રીડિત, છપ્પય, દોહરા, કવિત આદિ વિવિધ છંદો પ્રયોજ્યા છે.

**મોક્ષમાળા :** શ્રીમદ્જીની સર્જનપ્રતિભાનો પરિચય આપતો 'મોક્ષમાળા' ગ્રંથ દૃષ્ટાંતોથી ભરપૂર, સુમધુર ભાષામાં, પ્રૌઢ ગંભીર શાસ્ત્રશૈલીથી ગૂંથાયેલો એક અપૂર્વ ગ્રંથ છે. જૈન ધર્મની પ્રવેશિકારૂપ ગદ્ય-પદ્યમાં રચાયેલો આ સમર્થ ગ્રંથ તેમણે સોળ વર્ષ અને પાંચ માસની વયે માત્ર ત્રણ દિવસમાં લખ્યો હતો. તત્ત્વમંથનકાળમાં શ્રીમદ્જીએ ષડ્દર્શનનું જે મધ્યસ્થ, નિષ્પક્ષપાત પર્યાલોચન કર્યું, જિનાગમોનું જે ઊંડું અવગાહન કર્યું, તેનો પરિપાક આ દર્શનપ્રભાવક ગ્રંથમાં પ્રાપ્ત થાય છે. નવકારવાળીની જેમ ૧૦૮ પાઠરૂપ મણકા ધરાવનારી આ મંગલમયી 'મોક્ષમાળા'ના ૧૦૮ પાઠોમાં જૈન ધર્મના વિવિધ વિષયોની સંક્ષેપમાં સમજણ આપવામાં આવી છે. તેમાં જૈન ધર્મના મહત્ત્વના સિદ્ધાંતો સાથે તેની ક્રિયાઓનું નિરૂપણ પણ થયેલું છે.

મોક્ષમાળાના 'ક્ષમાપના' (આત્મનિવેદનરૂપ ગદ્યપ્રાર્થના) આદિ અનેક બોધપૂર્ણ પાઠો તેમજ 'બહુ પુણ્ય કેરા પુંજથી' કાવ્ય આદિ વિવિધ છંદોમાં રચાયેલ, તત્ત્વબોધથી સભર આઠ પદ્યરચનાઓ ખૂબ લોકપ્રિય થયાં છે. શ્રીમદ્જીની ઉચ્ચ કવિત્વશક્તિનો, ગહન વિચારશક્તિનો અને ઊર્ધ્વગામી આધ્યાત્મિક કક્ષાનો તેમાંથી પરિચય મળે છે. 'મોક્ષમાળા'માં પદે પદે શ્રીમદ્જીનો વીતરાગશાસન પ્રત્યેનો પ્રેમ ઉલ્લસે છે, વૈરાગ્ય વિલસે છે, નિષ્પક્ષપાત ન્યાયદૃષ્ટિ ઝળકે છે, પરમ કરુણામય હૃદય ધબકે છે, અલૌકિક તત્ત્વજ્ઞાનના ચમત્કાર ચમકે છે અને અનુપમ સત્શીલની સૌરભ મહેકે છે. આ ગ્રંથના જ્ઞાનનવનીતથી આનંદ અને આશ્ચર્ય પામી વિદ્વાન પંડિતો પણ તેને અંજલિ અર્પે છે, એ ઉપરથી આ ગ્રંથની ગુણવત્તાનો ખ્યાલ આવી શકે છે.

**ભાવનાબોધ :** મોક્ષમાળાની રચના પછી બે વર્ષે વિ. સં. ૧૯૪૨માં રચાયેલ 'ભાવનાબોધ' ગ્રંથમાં વૈરાગ્યની અનિત્યાદિ બાર ભાવનાઓનું સચોટ નિરૂપણ થયું છે. 'ભાવનાબોધ'નું ગદ્ય સરળ, ભાવવાહી તથા 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર', 'ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર' વગેરે શાસ્ત્રોના આધારે લીધેલ રસપ્રદ કથા-દૃષ્ટાંતોથી ભરપૂર છે તો પદ્યરચનાઓમાં ભાષાની સરળતા, સ્પષ્ટતા, સ્વાભાવિકતા અને પ્રવાહિતા જોવા મળે છે. અર્થગાંભીર્ય અને તત્ત્વચિંતન તેનું આગવું આકર્ષણ છે.

'ભાવનાબોધ'ના પાને પાને જે વૈરાગ્યરસ ઝરતો દેખાય છે, તે ઉપરથી શ્રીમદ્જીની ઉચ્ચ વૈરાગ્યમય દશાની ઝાંખી થાય છે. વાચક ઉપર પણ શ્રીમદ્જીના વૈરાગ્યમય વિચારોની અમીટ છાપ પડે છે. આ ગ્રંથના યથાર્થ વાંચન-મનનથી આત્માને ઉજ્જ્વળ કરનાર વૈરાગ્યાદિ ગુણોની પ્રાપ્તિ થાય છે. 'ભાવનાબોધ'માં કથારસ તથા કાવ્યરસની સાથે જ્ઞાન પણ મળતું હોવાથી સુપાત્રતા પામવાના અને કષાયાદિ દૂર કરવાના સાધન તરીકે તે ખૂબ ઉપયોગી, લાભકારી ગ્રંથ બન્યો છે.

**પ્રતિમાસિદ્ધિ :** સ્વરૂપસિદ્ધિનું કારણ એવી ભગવાનની પ્રતિમાનું અવલંબન કલ્યાણકારી લાગવાથી તેને પ્રમાણિત કરતો 'પ્રતિમાસિદ્ધિ' નામનો લઘુ ગ્રંથ શ્રીમદ્જીએ એકવીસમે વર્ષે લખ્યો હતો. શ્રીમદ્જી પ્રથમ પ્રતિમામાં માનતા ન હતા, પરંતુ પછીથી

તેમને પ્રતિમા અને તેનું પૂજન સત્ય, પ્રમાણસિદ્ધ જણાતાં તેમણે તેનો સ્વીકાર કર્યો અને સ્વરૂપશ્રેણીએ ચઢવાના એક પરમ અવલંબનભૂત સાધનનો લોપ ન થાય તથા ઇષ્ટ પરમાર્થહેતુએ તેનું ગ્રહણ થાય તે અર્થે પોતાના નિર્ણયને નિષ્પક્ષપાતપણે અને નિર્ભયપણે પ્રતિમાસિદ્ધિ ગ્રંથમાં જાહેર કર્યો; જે તેમની અનન્ય સત્યનિષ્ઠા અને અસાધારણ નૈતિક હિંમતનો પરિચય આપે છે. શ્રીમદ્જીએ આ ગ્રંથમાં વસ્તુની રજૂઆત ખૂબ તર્કબદ્ધ અને સ્પષ્ટ રીતે કરી છે. આ ગ્રંથનો પ્રારંભનો પ્રસ્તાવનાદિ ભાગ તથા ઉપસંહારનો ભાગ જ ઉપલબ્ધ છે, ગ્રંથનો મહત્ત્વનો મધ્યભાગ અપ્રાપ્ય છે. જો આ ગ્રંથ સંપૂર્ણ ઉપલબ્ધ થયો હોત તો મતમતાંતર મટાડવાનું એક મહાન સાધન પ્રાપ્ત થાત. જો કે તેના ઉપલબ્ધ ભાગમાં પણ પ્રતિમાસિદ્ધિ માટે ઉપયોગી સામગ્રી છે જ.

**શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર:** આત્માના વિષયમાં મહાગીતાસમું અને આત્મોપનિષદરૂપ 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' શ્રીમદ્જીના સાહિત્યમાં મુગટમણિ સમાન છે. તેમની સર્વ આત્મોપકારી કૃતિઓમાં તેમની આ પદ્યકૃતિ મૂર્ધન્યસ્થાને બિરાજે છે. તેમની ઉચ્ચ આત્મદશા અને પ્રબળ સર્જનશક્તિનો પુરાવો આપતી તથા શાસ્ત્રીય વિષય ઉપર સુવ્યવસ્થિત રીતે લખાયેલી આ ઉત્તમોત્તમ કૃતિ તેમના સમગ્ર સાહિત્યમાં અનોખી ભાત પાડે છે. વિ. સં. ૧૯૫૨માં શ્રીમદ્જીએ નડિયાદ મુકામે એક જ બેઠકે, માત્ર દોઢ-બે કલાકમાં ષડ્દર્શનના સારરૂપ, 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'ની ૧૪૨ ગાથાની રચના કરી હતી. અત્યંત પરમાર્થગંભીર, પરમ ભાવદશાપ્રેરક આ દિવ્ય સર્જનનો સવિસ્તર પરિચય પ્રત્યેક મુમુક્ષુ માટે આત્મોપકારી હોવાથી એની વિસ્તૃત છણાવટ પ્રસ્તુત વિશેષાંકના જ એક અન્ય લેખ દ્વારા માણીશું

આમ, શ્રીમદ્જીના ગ્રંથોમાં તેમનો દૃઢ ધર્મરંગ, ઉગ્ર વૈરાગ્ય, અદ્ભૂત જ્ઞાનવૈભવ, અનન્ય વીતરાગશ્રુતભક્તિ તથા સર્વ જીવો પ્રત્યેની નિષ્કારણ કરુણાનું દર્શન થાય છે. તેમની અધ્યાત્મ-ઉદ્ઘોષણા વર્તમાન કાળના જીવોની આત્મોપયોગધારાને ભૌતિક વિલાસમાં નિમગ્ન થતી અટકાવે છે, દીર્ઘકાળની ગાઢ અજ્ઞાનનિદ્રાને નિવારે છે અને જીવનમાં અપૂર્વ આત્મજાગૃતિ લાવી પરમાર્થ પ્રભાત પ્રગટાવે છે. આ દુષમ કાળમાં સત્જિજ્ઞાસુઓને પરમાર્થપ્રાપ્તિમાં શ્રીમદ્જીના આધ્યાત્મિક ગ્રંથો સન્માર્ગદર્શક છે.

### (૩) સ્વતંત્ર કાવ્યો

કવિ તરીકેની શ્રીમદ્જીની પ્રતિભા નૈસર્ગિક અને ઉચ્ચ પ્રકારની છે. એ પ્રતિભાનો આવિષ્કાર લઘુવયમાં જ થયો હતો. વીસ વર્ષની ઉંમર પૂર્વે લખાયેલી તેમની ઘણી કવિતાઓ ધર્મેતર પ્રકારની હતી. તેમણે દેશહિત, સમાજસુધારણા, સુનીતિ, સદ્બોધ વગેરે સંબંધી કાવ્યો લખ્યાં હતાં, જે 'સૌરાષ્ટ્ર દર્પણ', 'વિજ્ઞાનવિલાસ' આદિ સામયિકોમાં છપાયાં હતાં. આ ઉપરાંત અવધાન સમયે શીઘ્રતાથી રચાયેલાં ૪૦ જેટલાં કાવ્યો ઉપલબ્ધ છે. તેમણે સમસ્યાપૂર્તિનાં કાવ્યોની પણ રચના કરી છે. આ માર્મિક કાવ્યોમાં તેમની શીઘ્ર કવિત્વશક્તિ, તર્કશક્તિ, શબ્દચમત્કૃતિ, અર્થચમત્કૃતિ, સામાન્ય વિષયમાંથી પણ સુંદર બોધ તારવવાની કળા, તેમનું પિંગળશાસ્ત્ર ઉપરનું પ્રભુત્વ, રચનાકૌશલ આદિ ઉપરાંત તેમની વૈરાગ્યવૃત્તિનું દર્શન પણ થાય છે. તેમણે વીસમે વર્ષે સમાજસુધારણા આદિને લગતી ધર્મેતર કવિતાઓની રચના બંધ કરી અને તે પછીથી માત્ર ધર્મને લગતી કૃતિઓની રચના કરી હતી.

શ્રીમદ્જીએ તેમના જીવનકાળ દરમ્યાન વીસેક જેટલાં સ્વતંત્ર ધાર્મિક કાવ્યોની રચના કરી હતી. તેમાંનાં કેટલાંક હિંદી ભાષામાં પણ છે. આ કાવ્યો અંતર્ગત 'મોક્ષમાળા' અને 'ભાવનાબોધ'નાં કાવ્યો, 'મોક્ષસુબોધ' તથા 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'નું અત્રે 'સ્વતંત્ર ગ્રંથો' વિભાગમાં તેમજ 'હાથનોંધ'નાં કાવ્યોનું અંગત નોંધો વિભાગમાં વર્ગીકરણ કરવામાં આવ્યું છે. તેમની અન્ય પદ્યરચનાઓ પૈકી મુખ્ય કાવ્યોનું સંક્ષેપમાં અવલોકન કરીએ.

**બિના નયન પાવે નહીં:** હિંદી ભાષામાં રચાયેલ છ દોહરાનું આ કાવ્ય શ્રીમદ્જીએ વિ. સં. ૧૯૪૭માં શ્રી સૌભાગ્યભાઈને મોકલ્યું હતું. આ કાવ્યમાં તેમણે સદ્ગુરુની મહત્તા દર્શાવી, આત્મકલ્યાણ સાધવાનો સરળ અને સચોટ માર્ગ દર્શાવ્યો છે. એમાં ગુરુગમનો અનન્ય મહિમા સંકીર્તન કર્યો હોવાથી એ સૌને ઉપયોગી થાય તેવું છે.

**હે પ્રભુ! હે પ્રભુ! શું કહું:** વિ. સં. ૧૯૪૭ના ભાદરવા માસમાં શ્રીમદ્જીએ રાળજમાં ચાર કાવ્યોનું સર્જન કર્યું હતું. એ પૈકીના પ્રથમ, વીશ દોહરા તરીકે સુપ્રસિદ્ધ કાવ્યમાં પ્રભુ આગળ દીન થઈ શ્રીમદ્જીએ પ્રાર્થના કરી છે. હૃદયસોંસરા પેસી જાય એવા સાદામાં સાદા શબ્દોમાં સદ્ગુરુની ભક્તિનું રહસ્ય દર્શાવતી આ કૃતિ તેમની પદ્યરચનાઓમાં અગ્રગણ્ય સ્થાન ધરાવે છે. આત્મનિરીક્ષણથી ઓતપ્રોત આ કાવ્યમાં તેમણે ૪૫ વાર 'નથી','નહીં' આદિ અભાવાત્મક શબ્દોના પ્રયોગ દ્વારા જીવના દોષોનું વર્ણન કર્યું છે. અત્યંત મનનયોગ્ય, હૃદયસ્પર્શી અને અપૂર્વ ભાવ પ્રેરનાર આ દોહરા, બોલનારને પોતાના દોષ પ્રત્યક્ષ થાય અને થયેલા દોષ માટે પશ્ચાત્તાપ થાય તેવા અસરકારક છે. હજારો મુમુક્ષુઓ તેને કંઠસ્થ કરી, નિયમિતપણે તેનો પાઠ કરે છે.

**યમનિયમ સંજમ આપ કિયો:** ત્રોટક છંદમાં લખાયેલ આઠ

*જો તું યુવાન હોય તો ઉદ્યમ અને બ્રહ્મચર્ય ભણી દૃષ્ટિ કર.*

કડીના આ કાવ્યમાં શ્રીમદ્જીએ, અનંત વાર સાધનો સેવવા છતાં તે સર્વ સાધનો નિષ્ફળ કેમ ગયાં એ સમજાવી, સફળ કેવી રીતે થવાય તેનું અપૂર્વ માર્ગદર્શન આપ્યું છે. ગુરુગમ દ્વારા આત્માની અમૃતાનુભવ-પ્રાપ્તિની ગૂઢ વાત શ્રીમદ્જીએ આ કાવ્યમાં કરી છે. સદ્ગુરુનો મહિમા દર્શાવતું અને હિંદી ભાષામાં લખાયેલું આ પરમ આશયગંભીર કાવ્ય મુમુક્ષુ જીવે ઊંડા ઊતરીને વિચારવા યોગ્ય છે.

**જડ ભાવે જડ પરિણમે:** દોહરા છંદમાં રચાયેલું બાવીસ પંક્તિનું આ કાવ્ય જૈન તત્ત્વજ્ઞાનનું બોધક છે અને તેમાં શ્રીમદ્જીએ જડ અને ચેતન વચ્ચેનો ભેદ પ્રકાશ્યો છે. શ્રીમદ્જીએ એમાં સરળ ભાષામાં અને સુંદર શૈલીથી દ્રવ્યાનુયોગના નિચોડરૂપ અનુભવસિદ્ધ નિર્ધાર ઉદ્ઘોષ્યો છે.

**જિનવર કહે છે જ્ઞાન તેને સર્વ ભવ્યો સાંભળો:** હરિગીત છંદમાં રચાયેલ આ કાવ્યમાં શાસ્ત્રોની શાખ આપીને શ્રીમદ્જી સરળ અને ઉપદેશાત્મક ભાષામાં જણાવે છે કે જ્ઞાન જ્ઞાનીમાં છે, તેથી જ્ઞાનીનો આશ્રય ગ્રહી, તેમની આજ્ઞા આરાધતાં સ્વરૂપલક્ષ સધાય છે અને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

**મૂળ મારગ સાંભળો જિનનો રે:** શ્રીમદ્જીના સર્વ ઉપદેશામૃતના કેન્દ્રસ્થાને શ્રી જિનનો મૂળ માર્ગ છે. તે મૂળ માર્ગના ઉદ્ધારની પ્રકૃષ્ટ ભાવના ભાવતાં શ્રીમદ્જીએ આણંદ ક્ષેત્રે વિ. સં. ૧૯૫૨માં આ કાવ્યમાં શ્રુતસમુદ્રનો સાર ઠાલવી દીધો છે. આ અદ્ભુત કૃતિથી જીવનું લક્ષ મૂળ મોક્ષમાર્ગ તરફ જાય છે, તેને તાત્ત્વિક દૃષ્ટિ મળે છે અને મત-દર્શન અંગેનો આગ્રહ શાંત થાય છે. ભાષાની સરળતા સાથે જે અર્થગાંભીર્ય આ કાવ્યમાં જોવા મળે છે, તે શ્રીમદ્જીની પ્રતિભાવંત સર્જનશક્તિનો શ્રેષ્ઠ નમૂનો છે.

**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?:** સર્વોત્કૃષ્ટ પરમપદપ્રાપ્તિની પ્રભાવશાળી ભાવનારૂપ આ અપૂર્વ અવસર કાવ્ય શ્રીમદ્જીની અત્યુત્તમ, અવિરત, અંતરંગ પુરુષાર્થધારાનું સ્પષ્ટ દિગ્દર્શન કરાવે છે. એમાં જૈન આગમોની પરિપાટી અનુસાર આત્મવિકાસનાં ચૌદ ગુણસ્થાનકની પ્રક્રિયા પણ રોચક રીતે દર્શાવાઈ છે. શ્રીમદ્જીએ આ તત્ત્વસભર, મનોહર, પ્રેરક અને પ્રસિદ્ધ એકવીસ કડીના કાવ્યની રચના વિ. સં. ૧૯૫૩ના માગસર માસ આસપાસ વવાણિયામાં તેમનાં માતુશ્રીના ખાટલા ઉપર બેસીને કરી હતી.

આ કાવ્ય એવા આત્મિક ઉલ્લાસથી લખાયેલું છે કે તે વાંચનાર-સાંભળનારને પણ ઉલ્લાસ આવે છે. જૈન ધર્મના તથા અન્ય ધર્મોના જિજ્ઞાસુઓમાં પણ તે ઘણું લોકપ્રિય છે અને અનેક સ્થળે-પ્રસંગોએ તે ગવાય છે. તત્ત્વજ્ઞાનગર્ભિત અને આત્મલક્ષોપદેશક આ અલૌકિક કાવ્ય ગુજરાતી કવિતાનું એક અણમોલ રત્ન છે. મહાત્મા ગાંધીજીને આ કાવ્ય તેની ઉત્તમતાના કારણે ખૂબ પ્રિય હતું. ફિનીક્સ આશ્રમમાં પ્રાર્થનામાં આ કાવ્ય ગવાતું અને ત્યાં તેમણે તેની પ્રત્યેક કડી ઉપર પ્રવચન કર્યાં હતાં. તેમણે આ પદને આશ્રમભજનાવલીમાં પણ સ્થાન આપ્યું હતું.

**જડ ને ચૈતન્ય બન્ને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન:** સોરઠાની સોળ પંક્તિમાં રચાયેલું આ કાવ્ય શ્રીમદ્જીએ વિ. સં. ૧૯૫૬માં મુંબઈમાં લખ્યું હતું. આ કાવ્યમાં નિર્ગ્રંથ મહાત્માઓનો પંથ દર્શાવતાં તેમણે ઊંડી તત્ત્વવિચારણા દ્વારા જડ અને ચેતન એ બે દ્રવ્ય વચ્ચેના ભેદનું અંતર્મુખતાપ્રેરક નિરૂપણ કર્યું છે.

**ઇચ્છે છે જે જોગી જન :** શ્રીમદ્જીના અંતિમ સંદેશા તરીકે સુપ્રસિદ્ધ 'ઇચ્છે છે જે જોગી જન' શબ્દોથી શરૂ થતું ચૌદ કડીનું કાવ્ય તેમણે વિ. સં. ૧૯૫૭માં પોતાના દેહવિલયના દસેક દિવસ પૂર્વે લખાવ્યું હતું. મુમુક્ષુઓને ભવસાગરમાં દીવાદાંડીની જેમ અપૂર્વ માર્ગદર્શકરૂપ થાય એવા આ કાવ્યમાં તેમણે સાધનામાર્ગનું રહસ્ય પરમ આશય ગંભીરતાથી પ્રકાશ્યું છે. શ્રીમદ્જીનો જ્ઞાનપ્રકાશ અને તેમની ઉચ્ચ આત્મદશાની સુંદર ઝાંખી કરાવતી આ અદ્ભુત કૃતિ તેમણે મુમુક્ષુજનોને આપેલો ભવ્ય પરમાર્થવારસો છે.

શ્રીમદ્જીનાં વિશાળ વાંચનનો અને અનુભવના અમૃતનો લાભ આપતી વિવિધ પદ્યરચનાઓ જોતાં એમ લાગે છે કે ઉચ્ચ પ્રકારની નૈસર્ગિક કવિત્વશક્તિ તથા અભિવ્યક્તિનું સામર્થ્ય તેમનામાં હતાં. 'અપૂર્વ અવસર' આદિ કાવ્યોની હસ્તલિખિત પ્રતો જોતાં ખ્યાલ આવે છે કે તે કૃતિઓમાં ભાગ્યે જ શાબ્દિક ફેરફાર કરવામાં આવ્યા છે, જે શ્રીમદ્જીની પ્રબળ સર્જનપ્રતિભા અને ઉચ્ચતર આધ્યાત્મિક કક્ષા દર્શાવે છે. જેમ શ્રી આનંદઘનજી મહારાજ, ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ અને ગણિશ્રી દેવચંદ્રજી મહારાજનાં સ્તવનો તથા પદો ભાવની સૂક્ષ્મતા અને ધ્યેયની ઉચ્ચગામિતાના કારણે તત્કાલીન ગુજરાતી સાહિત્યમાં અનોખી ભાત પાડે એવાં છે, એવું જ શ્રીમદ્જીનાં કાવ્યો વિષે પણ કહી શકાય.

## (૪) ભાષાંતરો અને વિવેચનો

### ભાષાંતરો

શ્રીમદ્જીની ગદ્યકૃતિઓમાં જૈન સૂત્રો અને શાસ્ત્રોમાંથી તેમણે કરેલા અનુવાદોનો પણ સમાવેશ થાય છે. તેમણે આચાર્યશ્રી સમંતભદ્ર-સૂરિજીવિરચિત 'રત્નકરંડશ્રાવકાચાર'ની પંડિત સુખદાસજીકૃત ટીકાના અમુક ભાગનો અનુવાદ 'દ્વાદશાનુપ્રેક્ષા' શીર્ષક નીચે, 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર'ના ૩૬મા અધ્યયનના કેટલાક શ્લોકોનો અનુવાદ 'જીવાજીવ વિભક્તિ' શીર્ષક નીચે, 'શ્રી

દશવૈકાલિક સૂત્ર'ના બે અધ્યયનની કેટલીક ગાથાઓનો અનુવાદ 'સંયતિ ધર્મ' શીર્ષક નીચે કર્યો છે. તદુપરાંત તેમણે આચાર્યશ્રી શુભચંદ્રજીરચિત 'જ્ઞાનાર્ણવ'ના કેટલાક શ્લોકોનું, આચાર્યશ્રી કુંદકુંદદેવવિરચિત 'પંચાસ્તિકાય'નું તથા સિદ્ધાંતચક્રવર્તી શ્રી નેમિચંદ્રજીકૃત 'દ્રવ્યસંગ્રહ'ની કેટલીક ગાથાઓનું ભાષાંતર પણ કર્યું છે.

મૂળ અર્ધમાગધી, સંસ્કૃતાદિ ભાષામાં જે રહસ્ય છે, તે ટૂંકામાં તેવી જ ગંભીર ભાવદર્શક રહસ્યાત્મક ભાષામાં, વાંચનારને મૂળ ગાથાઓની આપોઆપ સ્મૃતિ થાય તેવી રીતે ગુજરાતીમાં ભાષાંતર થયું છે. શાસ્ત્રની સૂત્રાત્મક શૈલી સાચવીને, પરમાર્થ ઉપર લક્ષ રાખીને ગ્રંથકારના હૃદયની વાત આલેખવાની શ્રીમદ્જીની શૈલી પ્રશંસનીય છે. જેમને ભાષા ઉપરનું પ્રભુત્વ, વિષયનું સ્વામિત્વ અને ભાવનું પૂર્ણત્વ છે એવા શ્રીમદજીએ, મૂળ લખાણ છે કે અનુવાદ, તેની ખબર ન પડે એવા અનુવાદનો આદર્શ નમૂનો રજૂ કર્યો છે. સત્તરમા વર્ષ પહેલાં થયેલ ભાષાંતર હોય કે ત્રીસમા વર્ષે યોજાયેલ ભાષાંતર, પરંતુ એ સર્વમાં શ્રીમદ્જીની સંસ્કૃત, અર્ધમાગધી, હિંદી અને ગુજરાતી ભાષાઓ ઉપરની સ્વામિતા અને શબ્દસંયોજનની કળા એકસરખી સર્વોત્તમ કક્ષાની પ્રતીત થાય છે.

**વિવેચનો**

શ્રીમદ્જીએ કરેલાં વિવેચનોમાં શ્રી ચિદાનંદજી મહારાજકૃત 'સ્વરોદય જ્ઞાન' ઉપરની અપૂર્ણ ટીકા, 'નવતત્ત્વ પ્રકરણ'ની એક ગાથા ઉપરની ટીકા, 'જીવતત્ત્વસંબંધી વિચાર', પંડિત બનારસીદાસજીરચિત 'સમયસારનાટક'ની કેટલીક ગાથાઓનું વિવેચન, ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજવિરચિત 'આઠ યોગદૃષ્ટિની સજ્ઝાય'માંથી લીધેલી કડીની સમજૂતી તથા શ્રી આનંદઘનજી મહારાજકૃત 'આનંદઘનચોવીસી'ના અપૂર્ણ વિવેચનનો સમાવેશ થાય છે.

શ્રીમદ્જીની એકતાર અધ્યાત્મવૃત્તિના કારણે તેમની અંતરંગ અભિરુચિ સહેજે આધ્યાત્મિક પુરુષોનાં મર્મસમૃદ્ધ વચનો પ્રત્યે પ્રવર્તતી હતી. સ્પષ્ટ, સુગમ, અર્થગંભીર અને પ્રવાહી ભાષામાં થયેલાં આ મનોહર અને તલસ્પર્શી વિવેચનો થકી શ્રીમદ્જીની અસાધારણ વિવેચનશક્તિનો પરિચય મળે છે. એમાં પણ 'આનંદઘનચોવીસી'નું વિવેચન શ્રીમદજીએ એટલું તો સરળ, સચોટ અને ભાવવાહી તેમજ વીતરાગભક્તિનો મહાન પરમાર્થ-આશય પ્રકાશનાર આદર્શરૂપ કર્યું છે કે એમ લાગ્યા વિના રહેતું નથી કે જો તેમણે આ વિવેચન પૂર્ણ કર્યું હોત તો એક બહુમૂલ્ય ગ્રંથની જગતને ભેટ મળી હોત. શ્રી આનંદઘનજી મહારાજના હૃદયમાં રહેલા અપ્રગટ વિચારો ઉકેલવાની કળા એ વિવેચનમાં વાંચનારને ચકિત કરી નાખે તેવા રૂપે પ્રગટ પ્રદર્શિત થયેલી છે.

**(૫) સ્વતંત્ર લેખો**

શ્રીમદ્જીએ કેટલાક ગદ્યલેખો લખ્યા છે, જેમાંના લગભગ બધા કાં અપૂર્ણ રહ્યા છે, કાં અપૂર્ણ મળે છે. સત્તરમા વર્ષ પહેલાં તેમણે લખેલ ગદ્યલેખ 'મુનિસમાગમ'માં કથાતત્ત્વ જોવા મળે છે. આ લેખમાં શ્રીમદ્જીએ જૈન ધર્મના અભયદાન, તપ, ભાવ, બ્રહ્મચર્ય, સંસારત્યાગ, સુદેવભક્તિ, નિઃસ્વાર્થ ગુરુ, કર્મ, સમ્યગ્દૃષ્ટિ વગેરે અંગેના નિર્મળ સિદ્ધાંતોનો બોધ કથાના સ્વરૂપમાં આપ્યો હોવાથી વાચક માટે તે રોચક બને છે. ત્યાર બાદ શ્રીમદ્જીની ત્રીસમા વર્ષની વયે લખાયેલ લેખોમાં કથાતત્ત્વ આદિ જોવા મળતાં નથી. 'જૈનમાર્ગ વિવેક' નામના લેખમાં તેમણે જૈન માર્ગના નિરૂપણ અંતર્ગત જીવતત્ત્વ વિષેની વિચારણા રજૂ કરી છે. 'મોક્ષસિદ્ધાંત' નામના લેખમાં તેમણે શાસ્ત્રકારોની શૈલી પ્રમાણે આદિમાં પ્રયોજન, સંબંધ, અભિધેય પ્રકાશી, વીતરાગપ્રવચનને તથા પંચ પરમેષ્ઠીને ભાવપૂર્ણ નમસ્કાર કરી, તીર્થંકરોના ઉપકારોને સંભાર્યા છે. તે પછી શ્રી મહાવીર ભગવાનપ્રણીત માર્ગની વર્તમાન પરિસ્થિતિ તથા મતમતાંતરની વિચારણા કરી છે અને પ્રવર્તી રહેલા તુચ્છ મતભેદો પ્રત્યે સાચી શાસનદાઝથી ખેદ દર્શાવી, આશ્ચર્ય વ્યક્ત કર્યું છે. 'દ્રવ્યપ્રકાશ' નામના લેખમાં તેમણે 'દ્રવ્યસંગ્રહ' અને 'પંચાસ્તિકાય'ના અમુક ભાગની ટૂંકાણમાં વિચારણા કરી છે.

'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં કેટલાક શીર્ષક વિનાના લેખો પણ મળે છે. આંક ૭૫૫ તરીકે છપાયેલ લેખ અપૂર્ણ હોવા છતાં દુઃખનિવૃત્તિ-ઉપાયરૂપ અનન્ય વીતરાગમાર્ગની દિશાનું દર્શન કરાવવાને પર્યાપ્ત છે. વિ.સં. ૧૯૫૩ની સાલમાં કોઈ મોટા ગ્રંથના પ્રયોગાત્મક કે પ્રારંભિક સ્વરૂપ જેવા સાતેક લેખો જોઈ શકાય છે, પરંતુ તે પ્રયાસો પ્રાયઃ અપૂર્ણ રહેલા છે. તેમ થવામાં શ્રીમદ્જીની ઉદાસીનતા, બાહ્ય પ્રવૃત્તિ ઇત્યાદિ કારણભૂત બન્યાં હોય એમ અનુમાન થઈ શકે છે. આ લેખોમાં દ્રવ્યાનુયોગના ગહન વિષયની અને મોક્ષમાર્ગ વિષેની તલસ્પર્શી વિચારણા જોવા મળે છે. જો આ લેખો પૂર્ણ થયા હોત તો મોક્ષમાર્ગના પિપાસુઓને પરમ ઉપકારભૂત થાત.

**(૬) સ્વતંત્ર બોધવચનમાળાઓ**

શ્રીમદ્જીએ નાની વયમાં જુદાં જુદાં શીર્ષક નીચે લગભગ ૧૧૧૬ જેટલાં નીતિવચનો લખેલાં છે. તેમાં આચાર, વિચાર, નીતિ, સરળતા, વિવેક આદિ વિષયો ઉપરનું તેમનું ચિંતન જોવા મળે છે. તેમાંનાં કેટલાંક વચનો શિખામણરૂપે છે, કેટલાંક બોધરૂપે છે, તો કેટલાંક વ્યાખ્યારૂપે છે. તે સર્વમાં શ્રીમદ્જીની ભીતર

*જો તું સ્ત્રી હોય તો તારા પતિ પ્રત્યેની ધર્મકરણીને સંભાર – દોષ થયા હોય તેની ક્ષમા યાચ અને કુટુંબ ભણી દૃષ્ટિ કર.*

રહેલો ધર્મનો રંગ પ્રગટ થાય છે. આ બોધવચનમાળાઓનું સંક્ષેપમાં અવલોકન કરીએ.

**પુષ્પમાળા :** શ્રીમદ્જીએ સત્તરમા વર્ષ પૂર્વે જીવનમાં ઉપયોગી થાય એવાં – ધર્મ, સુનીતિ, આત્મનિરીક્ષણ, સદાચાર આદિ વિવિધ વિષયોને સૂત્રિત કરતાં ૧૦૮ સુવાક્યોથી ગૂંથેલી મંગલમયી 'પુષ્પમાળા'નું સર્જન કર્યું છે. આજનો દિવસ સુયોગ્ય રીતે પસાર થાય તે અર્થે તેમણે તેમાં પ્રાતઃકાળથી માંડી શયનકાળ પર્યંતની સંપૂર્ણ દિનચર્યાનું અનુપમ વિધાન કર્યું છે. 'પુષ્પમાળા'નાં સૂત્રાત્મક વાક્યો વાંચનારને પોતાના કર્તવ્યના વિચારમાં પ્રેરે તેવાં છે. આટલી નાની ઉંમરે સરળ ભાષામાં વિશદપણે મૂકાયેલા આટલા અર્થગંભીર, પરિપક્વ વિચારો શ્રીમદ્જીની પ્રતિભાની મહત્તા દર્શાવે છે.

**બોધવચન :** સત્તર વર્ષની વય પહેલાં શ્રીમદ્જીએ 'બોધવચન'માં આત્મકલ્યાણને લગતાં ૧૨૫ વચનો લખ્યાં છે. એમાં વિધેયાત્મક અને નિષેધાત્મક એમ બન્ને પ્રકારનાં વચનો દ્વારા તેમણે રસત્યાગ, નિરભિમાનતા, સમદૃષ્ટિ, યત્ના, મતમતાંતરત્યાગ, આત્મહિત, સ્વદ્રવ્ય-પરદ્રવ્ય આદિ અનેક વિષયોનું નિરૂપણ કર્યું છે. આ વચનોમાં જીવની આંતરિક પરિસ્થિતિ ઉપર વિશેષ ભાર મુકાયો છે.

**મહાનીતિ (વચનસપ્તશતી) :** શ્રીમદ્જીએ વીસમે વર્ષે 'મહાનીતિ'માં ૭૦૦ બોલ લખ્યા છે, જે 'વચનસપ્તશતી' નામે પણ પ્રસિદ્ધ છે. આ 'મહાનીતિ'માં તેમણે સત્ય, પ્રમાદત્યાગ, નિયમિતતા, વિકારત્યાગ, ભક્તિ, ચાલ, વસ્ત્ર, જળનો ઉપયોગ, વ્રતની સંભાળ, મૌન, શયન આદિ વિધવિધ વિષયો બાબત વચનો પ્રકાશ્યાં છે. આ વચનો ટૂંકા, માર્મિક અને વિચારપ્રૌઢતા દર્શાવનારાં છે. જીવના દોષોની નિવૃત્તિ માટે આ નીતિવચનો અત્યંત ઉપયોગી છે અને દરેક વ્યક્તિએ આચરવા યોગ્ય છે.

**વચનામૃત :** શ્રીમદ્જીએ વીસમે વર્ષે 'વચનામૃત' શીર્ષક નીચે ધાર્મિક વિષયોની મુખ્યતા રાખી, સૂત્રાત્મક ઉપદેશરૂપે ૧૨૬ બોલ લખ્યા છે. આ વચનોમાં તેમણે સત્પુરુષનો સમાગમ, મનન, આત્મસ્વરૂપ, આત્મવિચાર, જ્ઞાનીપુરુષ, આજ્ઞારાધન, અભિનિવેશ, સમ્યગ્દર્શન આદિ વિષે દિલમાં વસી જાય તેવી સચોટ વાણીમાં ઉપદેશ આપ્યો છે.

**પ્રકીર્ણ બોધવચનો :** શ્રીમદ્જીએ ઉપયોગ ત્યાં ધર્મ છે, નિત્યસ્મૃતિ, સહજપ્રકૃતિ, પ્રશ્નોત્તર વગેરે જુદાં જુદાં શીર્ષક નીચે નાના નાના વાક્યરૂપે બોધવચનો લખી અત્યંત ઉપયોગી જીવનસૂત્રો ગૂંથ્યાં છે. આ ઉપરાંત, શ્રીમદ્જીના પત્રોમાં (પત્રાંક ૨૦૦, ૪૬૬, ૬૦૯ આદિમાં) પણ ઠેકઠેકાણે સુવચનો જોવા મળે છે. આ વચનો કોઈ પણ વિવેકી આત્માને મોક્ષમાર્ગ ઉપર આરૂઢ થવા માટે ઉપયોગી થાય તેવાં છે.

શ્રીમદ્જીએ લખેલાં બોધવચનોની ભાષા સરળ છે, છતાં કથનમાં એટલી જ વિશદતા પણ છે. યોગ્ય શબ્દની પસંદગી, વિચારોની સ્પષ્ટતા સાથે ચિંતનનું ઊંડાણ અને ગાઢ વૈરાગ્યની છાપ તેમાં જોવા મળે છે. પ્રૌઢ વિચારણામય, કલાત્મક સંકલનાથી ગૂંથાયેલાં આ બોધવચનો વાંચતાં જાણે કોઈ પ્રાચીન મહર્ષિ અભિનવ સૂત્રરચના કરતા હોય એવો ભાસ થાય છે. આ વચનો સામાન્ય કક્ષાના જીવોથી માંડીને ઉચ્ચ આધ્યાત્મિક કક્ષાવાળા જીવોને એમ સર્વને ઉપકારી થઈ શકવા સમર્થ છે.

### (૭) અંગત નોંધો

સાહિત્યનાં વિવિધ ક્ષેત્રોમાં વિહરતી શ્રીમદ્જીની કલમે વિવિધ અંગત નોંધોનું લેખન પણ કર્યું છે. તેમાં તેમની તત્કાલીન વિચારણા, તેમની અંતરંગ દશા, તત્ત્વની ગૂઢ વાતો, તેમણે લખવા ધારેલા ગ્રંથો વિષેની વિચારણા વગેરે ઉપરાંત તેમનાં કેટલાંક પદોનો પણ સમાવેશ થયો છે. શ્રીમદ્જીની દશાને સમજવામાં આ અંગત નોંધો ખૂબ ઉપયોગી નીવડે છે. આ અંગત નોંધોનું સંક્ષેપમાં અવલોકન કરીએ.

**સમુચ્ચયવયચર્યા :** શ્રીમદ્જીએ વિ. સં. ૧૯૪૬ના કાર્તિક પૂર્ણિમાના પોતાના જન્મદિવસે, પોતાના બાવીસ વર્ષ સુધીના જીવનનું 'સમુચ્ચયવયચર્યા'માં અવલોકન કર્યું છે. આ લેખમાં તેમની નિર્દોષતા, સત્યપ્રિયતા, નિખાલસતા આદિ પ્રગટ રીતે જોવા મળે છે. તેમણે પ્રયોજેલી ભાષા સરળ, સચોટ અને સઘન છે તથા તેની સુસંગતતા ધ્યાન ખેંચે છે. શ્રીમદ્જીના બાળપણ આદિ વિષે માહિતી મેળવવા, તેમના સ્વહસ્તે આલેખાયેલું આત્મકથા જેવું આ શબ્દચિત્ર મુખ્ય સાધન હોવાથી તેનું ખૂબ મૂલ્ય છે.

**રોજનીશી :** વિ. સં. ૧૯૪૬માં શ્રીમદ્જીએ રોજનીશી લખવાની ચાલુ કરી હતી. એમાં અમુક વિષયો પરનાં લખાણો ઉપરાંત શ્રીમદ્જીએ લોકો સાથે વાતચીત કરતી વખતે પોતે પાળવા ધારેલા નિયમો તથા પોતાના ભાગીદારો સાથે કઈ રીતે વર્તવું તેના નિયમો ટાંક્યા છે. વળી, એક સ્થળે તેમણે તેમનાં ધર્મપત્નીને ધર્મની આરાધના કરવાનો અનુરોધ કર્યો છે. રોજનીશીના પાને પાને શ્રીમદ્જીનો વૈરાગ્ય વ્યક્ત થાય છે.

**નોંધબુક :** એક મુમુક્ષુ તરફથી મળેલી શ્રીમદ્જીના સ્વહસ્તાક્ષરની નોંધબુકમાં પરમાત્મસૃષ્ટિ, માયા, પરમાત્માનો અનુગ્રહ, વૈરાગ્ય-વિવેકાદિ સાધન, ઈશ્વરાશ્રય વગેરેને લગતાં વચનો જોવા મળે છે. આ વચનો વેદાંતના કોઈ ગ્રંથના અનુવાદરૂપે કે ઉતારારૂપે લખાયેલાં હોય એમ લાગે છે.

**હાથનોંધ :** 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં 'આભ્યંતર પરિણામ

*જો તું કવિ હોય તો અસંભવિત પ્રશંસાને સંભારી જઈ આજના દિવસમાં પ્રવેશ કર.*

અવલોકન' વિભાગમાં હાથનોંધની ત્રણ ડાયરીઓ આપવામાં આવી છે કે જેમાં શ્રીમદ્જીની અદ્ભુત વિચારશ્રેણીનું પ્રતિબિંબ ઝિલાયેલું છે. આ હાથનોંધોમાં આંતર નિરીક્ષણથી ઉદ્ભવેલા ઉદ્ગારો સ્વઉપયોગાર્થે ક્રમરહિત લખાયેલા છે. ત્રણે હાથનોંધમાં વચ્ચે ઘણાં પાનાંઓ કોરાં છે, જેથી એમ અનુમાન થાય છે કે જ્યારે જે હાથનોંધ હાથમાં આવી હશે, તેને ઉઘાડતાં જે પાનું નીકળ્યું હશે તે પાને શ્રીમદ્જી પોતાના વિચારો, અનુભવો લખી લેતા હશે.

હાથનોંધ-૧માંથી શ્રીમદ્જીને પ્રબળ ઉદાસીનદશા વર્તતી હતી તેનો તથા નિજદોષ નીરખનારી તેમની અતિ સૂક્ષ્મ દૃષ્ટિનો સ્પષ્ટ પરિચય મળે છે. તેમનો આત્મપુરુષાર્થ તથા તેમની આભ્યંતર દશાનો કેવો વિશિષ્ટતમ પ્રકાર વર્તતો હતો તે પણ આ હાથનોંધમાંથી જાણવા મળે છે. આ હાથનોંધમાં છ પદની નિ:શંકતા, જીવસ્વરૂપ, આત્મસાધન, મન-વચન-કાયાનો સંયમ, ધ્યાન, વગેરે વિષયોની વિચારણા જોવા મળે છે. આ ઉદ્ગારો પ્રત્યે દૃષ્ટિપાત કરતાં શ્રીમદ્જીની તત્ત્વદૃષ્ટિ પ્રત્યે બહુમાન સ્ફુરે છે.

આ હાથનોંધમાં ત્રણ કાવ્યો પણ છે. **'મારગ સાચા મિલ ગયા'** કાવ્યમાં શ્રીમદ્જીએ સાચો માર્ગ મળી ગયો, ઇચ્છા દુ:ખનું મૂળ છે આદિ વિચારો વ્યક્ત કર્યા છે. **'હોત આસવા પરિસવા'** કાવ્યમાં પરમાર્થ- ભૂત બોધ છે. ત્રીજા **'ધન્ય રે દિવસ આ અહો'** એ દિવ્ય, આહ્લાદજનક પદમાં તેમણે પોતાની જીવનધન્યતા ગાઈ, પોતાના ક્રમિક ઊર્ધ્વ આત્મવિકાસનો પરિચય આપ્યો છે.

હાથનોંધ-૨માં મુખ્યત્વે બોધદાયક, સ્વરૂપચિંતનાત્મક નાનાં નાનાં સુવચનો છે. તેમાં શ્રીમદ્જીએ પ્રાપ્ત કરવા ધારેલ ચારિત્રદશા, આચરવા યોગ્ય ધારેલ નિયમો આદિના લખાણોમાં તેમનો ઉચ્ચ આધ્યાત્મિક વિકાસ સાધવાનો મનોરથ સ્પષ્ટપણે જણાય છે. આ હાથનોંધમાં તેમણે છ દ્રવ્ય, રાગ-દ્વેષ, જ્ઞાનીદશા પ્રત્યે પ્રમોદ, આત્મચિંતન, ગુણસ્થાન આદિનું નિરૂપણ કર્યું છે તથા પોતાના ઉપકારીઓ પ્રત્યે નમસ્કાર વચનો પણ લખ્યાં છે.

હાથનોંધ-૩માં મુખ્યત્વે જૈન ધર્મનાં તત્ત્વ અને આચાર વિષેનાં વચનો છે. શ્રીમદ્જીએ તેમાં દેવ-ગુરુ-ધર્મ, જીવ, પરમાણુ, મોક્ષ, કર્મ, કેવળજ્ઞાન તથા તેની પ્રાપ્તિનો ઉપાય, તપ, બ્રહ્મચર્ય, પોતાના મનોરથ આદિનું નિરૂપણ કર્યું છે.

આમ, શ્રીમદ્જીની અંગત નોંધો જોતાં તેમાં મુખ્યત્વે આત્મચિંતનને જ સ્થાન અપાયેલું જોઈ શકાય છે અને તે ઉપરથી તેમની અત્યંત વિકસિત આધ્યાત્મિક દશાની જાણ થાય છે. વળી, પોતાને મૂલવવાનાં તેમનાં અત્યંત કડક ધોરણ જોતાં, પોતાના સૂક્ષ્માતિસૂક્ષ્મ દોષ કાઢવાની તેમની જાગૃતિનો પણ તેમાંથી પરિચય મળે છે.

### (૮) શ્રીમદ્ના ઉપદેશની મુમુક્ષુઓએ કરેલી નોંધો

શ્રીમદ્જીના સાહિત્યમાં તેમણે પ્રસંગોપાત્ત આપેલા સદુપદેશની જુદા જુદા મુમુક્ષુઓએ ઉતારેલી નોંધોનો સમાવેશ પણ થાય છે. શ્રીમદ્જીનું નિવૃત્તિ અર્થે ચરોતર કે કાઠિયાવાડમાં જવાનું થતું ત્યારે તેમના સમાગમમાં આવનાર મુમુક્ષુઓને તેઓ કેટલીક વાર ઉપદેશ આપતા, તેમની સાથે તેઓ તત્ત્વચર્ચા કરતા અને તેમના પ્રશ્નોના ઉત્તર આપતા. તે મુમુક્ષુઓ આ બોધને પોતાની સ્મૃતિના આધારે ઉતારી લેતા. ક્યારેક આ નોંધ તેઓ શ્રીમદ્જીને બતાવતા અને શ્રીમદ્જી ક્યારેક તેમાં આવશ્યક સુધારા પણ કરી આપતા. આમ, આ લખાણો શ્રીમદ્જીએ સ્વહસ્તે લખ્યાં નથી, પરંતુ તેમાંના વિચારો શ્રીમદ્જીનાજ છે. તદુપરાંત આ લખાણોમાં બને ત્યાં સુધી શ્રીમદ્જીની જ ભાષા જાળવી રાખવામાં આવી છે એમ તેમના અન્ય સાહિત્ય સાથે એની સરખામણી કરતાં જણાય છે. 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં ચાર વિભાગોમાં સમાવેશ પામેલ આ નોંધોનું સંક્ષેપમાં અવલોકન કરીએ.

**'ઉપદેશ નોંધ'**માં વિ. સં. ૧૯૪૯ થી ૧૯૫૭ના ગાળા દરમ્યાન જુદી જુદી વ્યક્તિઓને થયેલા શ્રીમદ્જીના પરિચય અંગેની તથા તેમને થયેલ શ્રીમદ્જીના ઉપદેશની નોંધ જોવા મળે છે. એમાં શ્રીમદ્જી સાથેની રસિક પ્રશ્નોત્તરી, તેમના અભિપ્રાયો, વિવિધ વિષયો ઉપરના તેમના પ્રેરક વિચારો, તેમની અંગત બાબતો ઇત્યાદિનો સમાવેશ થયો છે. શ્રીમદ્જીના તત્કાલીન પ્રસંગોની શ્રી મનસુખભાઈ કિરતચંદ, શ્રી ત્રિભુવનભાઈ, શ્રી અંબાલાલભાઈ તથા ખંભાતના અન્ય મુમુક્ષુઓએ પોતાની સ્મૃતિના આધારે કરેલ વિવિધ નોંધોના આધારે તૈયાર થયેલ 'ઉપદેશ નોંધ'ના ૪૧ ભાગ કરવામાં આવ્યા છે. તત્ત્વના વિષયો ઉપર થયેલ શાસ્ત્રોક્ત વિચારણા ઉપરથી પરમ જ્ઞાનનિધાન શ્રીમદ્જીનું તત્ત્વવિષયો ઉપરનું અસાધારણ સ્વામિત્વ દૃષ્ટિગોચર થાય છે.

**'ઉપદેશ છાયા'**એ પ્રાસંગિક બોધનો સંગ્રહ છે. તેના ૧૪ ભાગ છે. વિ. સં. ૧૯૫૨ના શ્રાવણ-ભાદરવા માસમાં કાવિઠા, રાળજ, વડવા, આણંદ આદિ ક્ષેત્રે શ્રીમદ્જીનું નિવૃત્તિ અર્થે રહેવાનું થયું હતું. તે વખતનો ઉપદેશ તેમના સમીપવાસી અને તીક્ષ્ણ ક્ષયોપશમવાન શ્રી અંબાલાલભાઈએ પોતાની સ્મૃતિના આધારે સંક્ષેપમાં ઉતાર્યો હતો. એમાં શ્રીમદ્જીના ઉપદેશની છાયા ઝીલવામાં આવી છે, માટે તે સંગ્રહને 'ઉપદેશ છાયા'એવું યથાર્થ નામ આપવામાં આવ્યું છે. તેમાં શ્રીમદ્જીના આત્મામાં રમી રહેલાં વિવિધ વિષયોનાં ચિંતનોની છાયા છે, જે જિજ્ઞાસુ જીવને આત્માર્થપોષક છે. વચ્ચે વચ્ચે આવતાં દૃષ્ટાંતોથી વાંચનનો રસ

જળવાઈ રહે છે તથા તે દૃષ્ટાંતોથી સિદ્ધાંતો સમજવા સહેલા થઈ પડે છે, તેથી તે ઉપકારી નીવડે છે.

**'વ્યાખ્યાનસાર-૧'** એ વિ. સં. ૧૯૫૪માં તેમજ વિ. સં. ૧૯૫૫ના મહાથી ચૈત્ર માસ સુધીમાં શ્રીમદ્જીની મોરબીમાં લાંબો વખત સ્થિતિ હતી, તે વેળા તેમણે કરેલા વ્યાખ્યાનોનો એક મુમુક્ષુ શ્રોતાએ પોતાની સ્મૃતિ ઉપરથી ટાંકેલ સાર છે. તેના ૨૨૨ ભાગો છે. તેમાં મુખ્યત્વે તત્ત્વવિચારણાનો સંગ્રહ થયો છે. શ્રીમદ્જી દ્રવ્યાનુયોગ, કરણાનુયોગ આદિ કઠિન વિષયોના કુશળ પરિવ્યાખ્યાતા છે, મહાન શાસ્ત્રકારોનાં હૃદયમાં ઊતરી તેમનાં શાસ્ત્રોનો નિચોડ યથાર્થપણે પ્રકાશનારા છે એ 'વ્યાખ્યાનસાર-૧'નો અભ્યાસ કરતાં સુજ્ઞ વાચકને પ્રતીતિ થાય છે. તેમના માર્મિક વિચાર જૈન પરંપરામાં એક નવું પ્રસ્થાન અને નવીન વિચારણા ઉપસ્થિત કરે છે.

**'વ્યાખ્યાનસાર-૨'** એ વિ. સં. ૧૯૫૬ના અષાઢ-શ્રાવણ માસમાં શ્રીમદ્જીની મોરબીમાં સ્થિતિ હતી, તે પ્રસંગે તેમણે વખતોવખત આપેલ ઉપદેશના સારની તથા પુછાયેલા પ્રશ્નોનાં સમાધાનની એક મુમુક્ષુ શ્રોતાએ કરેલ સંક્ષિપ્ત નોંધ છે. તેમાં મિતિ પ્રમાણે ઉપદેશનો સાર ઉતારવામાં આવ્યો છે અને તેના ૩૦ ભાગ પાડવામાં આવ્યા છે. તેમાં અનેક વિષયો ઉપર છૂટક છૂટક લખાણ હોવાથી વિષયવૈવિધ્યનું પ્રમાણ ઘણું છે. આ વિભાગમાં મુખ્યત્વે સુભાષિત જેવાં સુવાક્યો છે. જૈન પરંપરામાં બનેલી ઘટનાઓ, મહાન ગ્રંથકારો તથા ગ્રંથો આદિ વિષે શ્રીમદ્જીનો અભિપ્રાય વગેરેનો સમાવેશ પણ થયો છે. શ્રીમદ્જીના અન્ય સાહિત્યની જેમ 'વ્યાખ્યાનસાર-૨'માં પણ તેમનું ઉદાર વલણ જોવા મળે છે.

આમ, શ્રીમદ્જીના ઉપદેશની મુમુક્ષુઓએ કરેલી આ નોંધોમાં સિદ્ધાંતોની વાતો, સાધના અંગેની વાતો, પ્રશ્નોત્તરી, ગ્રંથ વિષેની બાબતો વગેરેનો સમાવેશ થાય છે. તેમાં શ્રીમદ્જીના વિચારોની પરિપક્વતા તથા વિવિધ વિષયો ઉપરનું તેમનું અસાધારણ પ્રભુત્વ ઝળહળી ઊઠે છે. આ નોંધો અભ્યાસી જીવોને તત્ત્વવિચારણા કરવામાં અવશ્ય ઉપયોગી છે.

'આભ્યંતર પરિણામ અવલોકન' વિભાગ -- ત્રણ હાથનોંધોના વિભાગ સાથે 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં શ્રીમદ્જીના સાહિત્યસંગ્રહની સમાપ્તિ થાય છે. ગ્રંથના સંપાદકો-પ્રકાશકોએ ગ્રંથના સમાપનને વિવિધ સંશોધનપૂર્ણ સવિસ્તર પરિશિષ્ટોથી સમૃદ્ધ કર્યું છે. પ્રસ્તુત પરિશિષ્ટોમાં શ્રીમદ્જીએ પોતાનાં લખાણોમાં ઉધ્ધૃત કરેલાં અવતરણોની વર્ણાનુક્રમ સૂચિ; પત્રો કોના પ્રત્યે, કઈ મિતિએ, કયા સ્થળેથી કયા સ્થળે લખાયા છે એની વિગત; અઘરા અથવા અપરિચિત શબ્દોના અર્થ; વિષય વગેરેની સૂચિઓ ઇત્યાદિ ઉપયોગી માહિતીનું સરળ તથા સ્પષ્ટ સંકલન કરવામાં આવ્યું છે અને એ રીતે 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથના ગહન અભ્યાસને સુગમ, રોચક, સમીક્ષાત્મક બનાવી સ્વાધ્યાયપ્રેમી જિજ્ઞાસુઓને સુંદર પ્રોત્સાહન અર્પવામાં આવ્યું છે.

**ઉપસંહાર**

અપ્રતિમ તત્ત્વજ્ઞશિરોમણિ, અપૂર્વ ભાવનિર્ગ્રંથદશામાં વિચરનાર, અસીમ કરુણામૂર્તિ શ્રીમદ્ રાજચંદ્રજીની વાણીમાં એવું દૈવત રહેલું છે કે તે સત્જિજ્ઞાસુઓને સ્વસ્વરૂપની સન્મુખ થવામાં અત્યંત સહાયકારી નીવડે છે. તેમનાં પ્રત્યેક વાક્ય, પ્રત્યેક શબ્દ અધ્યાત્મના રંગથી રંગાયેલાં જોવા મળે છે. 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ સાદ્યંત વાંચી જનાર ઉપર પહેલી છાપ તેમની આધ્યાત્મિકતાની પડે છે. તેમાંનું કોઈ પણ લખાણ જોતાં જણાય છે કે તેમણે અધ્યાત્મ સિવાય બીજી કોઈ વાત કરી નથી. તેમનાં બધાં જ લખાણોમાં આત્મા જ કેન્દ્રસ્થાને રહ્યો છે. વળી, આ ગ્રંથમાં સર્વત્ર તેમની અદ્ભુત ઉદાસીનતાનું દર્શન થાય છે. શ્રીમદ્જીનાં લખાણોમાંથી મુખ્યત્વે જે છાપ ઊઠે છે, તે છે તેમની ક્ષણે ક્ષણની જાગૃતિપૂર્વકની આત્મસાધનાની. સમ્યગ્દૃષ્ટિવંત શ્રીમદ્જીનાં લખાણોથી સુપ્રતીત થાય છે કે તેઓ સદા ઉપયોગવંત, અપ્રમત્ત તથા નિર્મોહી હતા.

ભગવાન મહાવીર દ્વારા પ્રરૂપિત મોક્ષમાર્ગને શ્રીમદ્જીએ સુપેરે પ્રકાશિત કર્યો છે. વસ્તુતઃ તેઓ વીતરાગમાર્ગના જ પ્રશંસક, પ્રરૂપક અને પ્રચારક છે. તેમનાં લખાણોમાં જૈન ધર્મનો નિચોડ છે, છતાં સાંપ્રદાયિકતાનો તેમાં અભાવ છે. શ્રીમદ્જીએ જૈન ધર્મને કોઈ સંપ્રદાયનું સ્વરૂપ ન આપતાં, એની વિચારધારાને માત્ર એક સર્વસમ્મત રૂપ જ આપ્યું છે. તેથી જ તેમનો ઉપદેશ મત, દર્શન, સંપ્રદાય, વાડા, જાતિ, ગચ્છ આદિના ભેદ વિના સર્વ કોઈને ગ્રાહ્ય થઈ શકે એવો સાર્વજનિક છે.

શ્રીમદ્જી પોતાનાં ગદ્ય તેમજ પદ્ય દ્વારા તત્ત્વલક્ષી અને સાધનાપ્રધાન સાહિત્યની અમૂલ્ય ભેટ સાધકસમાજને આપી ગયા છે. તેઓ પોતાનાં વચનામૃતોનો જે વિપુલ વારસો મૂકી ગયા છે, તે અનેક જીવોને પોતાનું આત્મકલ્યાણ કરવા માટે બહુ ઉપકારક બન્યો છે, બની રહ્યો છે અને બનશે. નિષ્કારણ કરુણાસાગર સર્વોપરી સદ્ગુરુ શ્રીમદ્ રાજચંદ્રજીનાં સર્વને અભય આપનાર, નિર્દોષ, નિષ્પાપ અને નિઃસ્પૃહી ચરણકમળમાં સવિનય વંદના. આ યથાર્થ પુરુષના યથાર્થ ગુણોને યથાર્થરૂપે ઓળખી, તેમનાં બહુમાન, સ્તુતિ, ભક્તિ, વિનય, વંદનાદિ દ્વારા સૌ જીવો યથાર્થ સ્વરૂપલાભ પામવા સૌભાગ્યશીલ બની રહો!

શ્રીસદ્ગુરુદેવચરણાર્પણમસ્તુ

✶ ✶ ✶

Email :doctoratulshah@yahoo.com

# રાજના હૃદયસખા ભવ્ય શ્રી સૌભાગ

❑ **શ્રી વિક્રમભાઈ શાહ** (રાજસોભાગ સત્સંગ મંડળ, સાયલા)

[ *વિક્રમભાઈનું કુટુંબ શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ સાથે સંકળાયેલું છે. શ્રી વિક્રમભાઈ પરમાત્મા મહાવીર અને કૃપાળુદેવના ઉપદેશોને જીવનમાં સાકાર કરવા પ્રયત્નશીલ છે.* ]

પ્રગટ આત્માની જ્ઞાનશક્તિની સાથે જીવંત સંપર્ક વિકસાવવાથી વ્યક્તિ જ્ઞાનોપાર્જન કરી શકે છે. સ્પર્શ દ્વારા જ અને સંપર્ક વડે જ પારસમણિ લોઢાનું સોનું બનાવે છે.

પરમ કૃપાળુદેવ શ્રીમદ્જી જેવા પ્રત્યક્ષ પારસમણિ મળતા ભવ્ય શ્રી સૌભાગભાઈ પણ પારસ સમાન બની ગયા. હૃદયસખા, ગુરુશિષ્યની અને શિષ્યગુરુની આ કોઈ અજબ અનેરી જોડી છે. આ પારમાર્થિક સંબંધને જેમ જેમ આપણે અધિક સમજતા જઈશું તેમ તેમ આપણે વધુ દિવ્ય બનીશું, પુરુષાર્થની ગુપ્ત કુંચીઓ હાથમાં આવશે અને આત્મધનનો ખજાનો ખુલી જશે.

પરમ કૃપાળુદેવને ઓળખવા હવે તો પ્રથમ સૌભાગભાઈને સમ્યક્ રીતે પરખવા પડશે. જો સૌભાગ્યભાઈના નેત્રો વડે કૃપાળુદેવને નિહાળીશું તો તેમના આંતર-ચારિત્રનો પરિચય થશે. અધ્યાત્મના શિખર ઉપર બિરાજતા પરમ કૃપાળુદેવ શ્રીમદ્જીની આત્મ અમિરાતને પામવા પ. પૂ. શ્રી સૌભાગભાઈ કેડીરૂપ બન્યા છે. શ્રીમદ્જીના આત્મપ્રદેશની જ્ઞાનહરિયાળીનો, પરમ સત્યના પ્રત્યક્ષ અનુભવનો સચ્ચિદાનંદ, સહજ ઉભરાઈને પ. પૂ. શ્રી સૌભાગભાઈ પર લખાયેલા પત્રોમાં ઠલવાયો. તો પ્રતિપક્ષ સૌભાગભાઈએ પોતાના બાહ્ય વ્યક્તિત્વને જેમ જળમાં હિમ ઓગળે તેમ પરમ કૃપાળુદેવના આત્મસ્વરૂપમાં ઓગાળી નાખ્યું. બંનેના હૃદય એક થઈ ગયા. પૂ. સૌભાગભાઈનું મન, આનંદ સ્વરૂપ શ્રીમદ્જીમાં તકાદાર થયું અને ઉત્કૃષ્ટ પૂજ્યભાવ વેદાયો, તેમજ શ્રીમદ્જીને હૃદયાભિરામ સૌભાગભાઈ પ્રત્યે અઢળક અહોભાવ જાગ્યો. આ લેખ દ્વારા આપણે આ પારમાર્થિક પવિત્ર સંબંધને બની શકે એટલા ઊંડાણથી સમજવાનો પ્રયત્ન કરીશું.

**શ્રી સૌભાગભાઈને મળતા પહેલાંના પરમ કૃપાળુદેવ શ્રીમદ્જી**

સંવત-૧૯૨૪ના કારતકી પૂર્ણિમાના મંગળ દિવસે, ધર્મભૂમિ વવાણિયામાં, યુગ પ્રવર્તક મહાપુરુષ શ્રીમદ્ રાજચંદ્રજીનો જન્મ થયો. માતા દેવબા પાસેથી પ્રાપ્ત થયેલા જૈન ધર્મ સંસ્કારો, તેમજ પિતામહ પંચાણભાઈ પાસેથી પ્રાપ્ત થયેલા વૈષ્ણવ ધર્મ સંસ્કારો સાથે તેઓ મોટા થવા લાગ્યા. પ્રતિક્રમણસૂત્ર વાંચતા તેમાં સૂક્ષ્મ અહિંસાનો ભાવ જણાતાં, જૈન ધર્મ પ્રત્યે તેઓનો વિશેષ અહોભાવ જાગ્યો. સાતમે વર્ષે અમીચંદભાઈની ચિતા બળતી જોઈને જાતિસ્મરણ જ્ઞાન ઉપજ્યું હતું. અતિશય સ્મૃતિ ધરાવતા શાળાના શ્રેષ્ઠતમ વિદ્યાર્થી શ્રીમદ્જીએ આઠમા વર્ષે કવિતા રચવાની શરૂઆત કરી અને સાથોસાથ વિવિધ વિષયો ઉપર લેખો પણ લખ્યા હતા. જૈન ધર્મ સાહિત્ય પ્રત્યે ઉત્કૃષ્ટ રુચિ જાગી અને તેઓએ કેટલાય દળદાર ગ્રંથોનું તલસ્પર્શી અવગાહન કર્યું. સોળ વર્ષ અને પાંચ માસની ઉંમરે એકસો આઠ પાઠ સ્વરૂપ 'મોક્ષમાળા' નામક પુસ્તકની રચના કરી, કે જેમાં જૈન દર્શનનો બાલાવબોધ સુંદર રીતે સમાયેલો છે.

આજન્મયોગી શ્રીમદ્જી અનેક ઐશ્વર્ય ધરાવતા હતા. વીસ વર્ષની ઉંમરે તેઓએ બે હજાર પ્રેક્ષકો વચ્ચે મુંબઈમાં સર કાવસજી ફરામજી ઈન્સ્ટિટ્યૂટમાં શતાવધાન કરી બતાવ્યા. શતાવધાની તેમજ જ્યોતિષ વિજ્ઞાનમાં પારંગત શ્રીમદ્જીનું નામ વર્તમાન પત્રોમાં આવતા તેઓની કીર્તિ સમગ્ર દેશમાં પ્રસરી ગઈ.

બાલ્યકાળથી તેઓ ખૂબ વૈરાગી હતા. બાર ભાવનાઓનું જેમાં વિસ્તૃત વર્ણન કર્યું છે એવા 'ભાવનાબોધ' પુસ્તકના રચનાકાળે તે વૈરાગ્ય અતિશય વર્ધમાન થયો હતો. દીક્ષા લેવાના ખૂબ ભાવ હતા પણ દેવબાનું વાત્સલ્ય એટલું અધિક હતું કે તેમણે મંજૂરી ન આપી અને શ્રીમદ્જીએ ઉદયકર્મને ઉદાસીન ભાવે ભોગવવાનો નિશ્ચય કર્યો. ઝબકબા સાથે લગ્ન થયા અને મુંબઈમાં પોતાના કાકાજી સસરા શ્રી રેવાશંકર જગજીવનભાઈ સાથે ભાગીદારીમાં વ્યવસાય કરવાની શરૂઆત કરી.

આ કાળ દરમ્યાન મહાત્મા ગાંધીજી સાથે તેઓનો પરિચય થયો. સાથોસાથ જૂઠાભાઈ-અંબાલાલભાઈ-પ્રભુશ્રી લઘુરાજસ્વામી જેવા ઉત્તમ મહામુમુક્ષુઓ સાથેના પરમાર્થ સંબંધની શરૂઆત પણ થઈ. જૈન તત્ત્વદર્શનમાં જે રીતે મોક્ષનો માર્ગ પ્રકાશિત થયો છે, બરાબર તે જ પ્રકારે શ્રીમદ્જી અતિશય સંવેગપૂર્વક મોક્ષ તરફ આગળ વધી રહ્યાં હતા. વ્યવહાર અને વ્યવસાયમાં રહ્યાં છતાં નીરાગી શ્રીમદ્જી સરેરાશ ચાર માસની નિવૃત્તિ લઈને, અસંગ બની ધ્યાન સાધના અર્થે નૈસર્ગિક સ્થળે રહેતા.

પૂર્ણ વીતરાગતા એ શ્રીમદ્જીનું જીવન લક્ષ હતું. અનંતકાળ થયા જીવને પરિભ્રમણ કરતા છતાં તેની નિવૃતિ કેમ થતી નથી?

તે શું કરવાથી થાય? એ પ્રશ્નનો જવાબ મેળવવા તેઓએ ખૂબ તત્ત્વમંથન કર્યું હતું. આત્મસાક્ષાત્કારને પામેલા કોઈ મહાયોગેશ્વર પુરુષની શોધમાં શ્રીમદ્જી હતા. પ્રખર વેદાંતી શ્રી મનસુખરામ સૂર્યરામ ત્રિપાઠી સાથેના પત્રવ્યવહારમાં તેઓ લખે છે કે, 'હું અર્થ કે વય સંબંધમાં વૃદ્ધ સ્થિતિવાળો નથી, તો પણ કંઈ જ્ઞાનવૃદ્ધતાને આણવાને આપના જેવા સત્સંગને, તેમના વિચારોને અને સત્પુરુષની ચરણરજને સેવવાનો અભિલાષી છું. ઘણા વર્ષોથી આપના અંતઃકરણમાં વાસ કરી રહેલ બ્રહ્મવિદ્યાનું આપના જ મુખેથી શ્રવણ થાય તો જ શાંતિ છે.' હૃદયની નિર્મળતાએ કરેલી આ ઇચ્છાની પૂર્તિ શ્રી સૌભાગભાઈના મિલનથી પૂર્ણ થઈ.

પૂર્વનો કોઈ અપૂર્વ ઋણાનુબંધ જાગ્યો અને સૌરાષ્ટ્ર સ્થિત ભગતના ગામ સાયલાથી શ્રી સૌભાગભાઈ શ્રીમદ્જીને મળવા આવે છે.

**શ્રીમદ્જીને મળતાં પૂર્વના સૌભાગભાઈ**

શ્રી સૌભાગભાઈના પિતાશ્રી લલ્લુભાઈ શેઠ લીંબડી રાજ્યના કારભારી હતા પણ રાજ પ્રપંચના કારણે તે પદ તેમને છોડવું પડ્યું. તેઓ ભગતના ગામ સાયલામાં આવી વસ્યા. સમય જતાં આર્થિક સ્થિતિ ઘસાવા લાગી. સાધુસેવાથી કે મંત્રવિદ્યાથી કોઈ રિદ્ધિસિદ્ધિ મળી જાય તો આર્થિક સ્થિતિ સુધરે, એમ માનીને શ્રી લલ્લુભાઈ શેઠ સાયલામાં રહેતા વૃદ્ધ મારવાડી સાધુ પાસે આવ્યા પણ બન્યું એવું કે સાધુ આર્થિક લાભને બદલે આધ્યાત્મ લાભ આપનારા નીકળ્યા. ધનની આવી અનર્થ કામના પ્રગટ કરવા માટે એમણે શ્રી લલ્લુભાઈને ઠપકો આપ્યો. શ્રી લલ્લુભાઈએ પોતાના દોષની ક્ષમા માગી અને નિરપેક્ષ ભાવે સાધુની સેવા, સુશ્રુષા કરી. ત્યારબાદ શ્રી લલ્લુભાઈને સુપાત્ર જાણી તે અધ્યાત્મનિષ્ઠ સાધુએ સુધારસ નામની યોગક્રિયાની–બીજજ્ઞાનની પ્રાપ્તિ કરાવી. એમ પણ કહ્યું કે, 'યોગ્ય પાત્રને તે આપશો તો તેને પણ જ્ઞાન પ્રાપ્તિમાં ઉપકારી થશે.'

શ્રી લલ્લુભાઈ સાયલા ગામમાં પાછા આવ્યા. અર્થોપાર્જન કે વ્યવહાર પ્રવૃત્તિ છોડીને આ પરમાર્થ રહસ્યભૂત બીજજ્ઞાનની આરાધના કરવા લાગ્યા. તેઓ તેનું અહર્નિશ ધ્યાન કરતા અને પોતાને જંગમ સામાયિક છે એમ કહેવા લાગ્યા. પોતાના પુત્ર શ્રી સૌભાગભાઈને સુપાત્ર જાણી તે બીજજ્ઞાનની પ્રાપ્તિ કરાવી.

**શ્રી રાજ-સૌભાગનું પ્રથમ ધન્ય મિલન**

સંવત ૧૯૪૬ના પ્રથમ ભાદરવા મહિનાની વદ બીજના દિવસે શ્રીમદ્જીને એમના હૃદયસખા શ્રી સૌભાગભાઈને મળવાનું થયું. બન્નેના આત્મિક ઉત્કર્ષમાં આ અપૂર્વ મિલને મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

શ્રી સૌભાગભાઈને અંતરમાં ભાવ થયો કે પિતાશ્રી પાસેથી જે ધ્યાન સાધનાનો, ગુરુગમ જ્ઞાનનો, અંતર્મુખ અવલોકન કરવાનો માર્ગ પોતાને પ્રાપ્ત થયો છે તે જ માર્ગ જો સમર્થ પુરુષ શ્રીમદ્જીને પ્રાપ્ત થાય તો તેમના દ્વારા જગતના અનેક આત્માઓનું કલ્યાણ થાય.

પિતાની આજ્ઞા લઈ તેઓ આવા ઉચ્ચ મનોરથ સાથે મોરબી તાબે આવેલા જેતપર ગામે આવ્યા. તે સમયે શ્રીમદ્જી પોતાના બનેવી શ્રી ચત્રભુજ બેચરની પેઢીમાં બિરાજમાન હતા. શ્રી સૌભાગભાઈ જેવા નિર્મળ આત્મા અધ્યાત્મના લક્ષે તેમને મળવા આવી રહ્યાં છે એવો તેમના પવિત્ર અંતરમાં ભાસ થાય છે, અને જે હેતુથી સૌભાગ્યભાઈ મળવા આવી રહ્યાં હતાં તે હેતુ કાગળની કાપલીમાં લખીને ગલ્લાના ખાનામાં રાખી મૂકી. સૌભાગભાઈ દાખલ થાય છે ત્યાં જ શ્રીમદ્જી નામ દઈ આવકારે છે.

શ્રીમદ્જી : 'આવો! સૌભાગભાઈ આવો!'

કઈ રીતે શ્રીમદ્જીએ મારું નામ જાણ્યું હશે? એવો વિચાર ચિત્તમાં આવે છે. ત્યાર પછી આશ્ચર્યમુગ્ધ સૌભાગભાઈ શ્રીમદ્જીની બાજુમાં દુકાનની ગાદી પર બિરાજે છે ત્યાં શ્રીમદ્જી કહે છે.

શ્રીમદ્જી : 'આ ગલ્લામાં એક કાપલી છે. તે કાઢીને વાંચો.'

શ્રી સૌભાગભાઈ કાપલી કાઢીને વાંચે છે, જે પરમાર્થ હેતુથી તેઓ પોતે શ્રીમદ્જીને મળવા આવ્યા છે તે વાત તેમાં લખેલી જાણતાં, શ્રીમદ્જી કોઈક અંતર્યામી પુરુષ છે એવો ઉત્કૃષ્ટ પૂજ્યભાવ સૌભાગભાઈને જાગે છે.

વધુ પરીક્ષા અર્થે સાયલા ગામમાં પોતાના ઘરનું બારણું કઈ દિશામાં ખૂલે છે તે પૂછતાં અને તેનો સત્ય ઉત્તર મળતા તેઓ તેમના ચરણોમાં સમર્પિત ભાવે નમસ્કાર કરે છે. જે ગુરુગમ જ્ઞાન યોગ ક્રિયાથી તેમના પિતા લલ્લુભાઈ આત્મનિષ્ઠ બન્યા તે યોગ ક્રિયાની વાત સૌભાગભાઈએ શ્રીમદ્જીને કહી બતાવી. તે જ ક્ષણે શ્રીમદ્જી અપૂર્વ સમાધિમાં લીન થઈ જાય છે. સૌભાગભાઈના મિલનથી શ્રીમદ્જીને આત્મદશાનું સ્મરણ થયું. અત્યાર સુધીની સાધનામાં, પરમાર્થની જે કડી ખૂટતી હતી તે મળી ગઈ, જાણે યુગોથી વિખૂટા પડેલા પરસ્પર ઉપકારી બે ધન્ય આત્માઓનું મિલન થયું. સૌભાગભાઈના દેહવિલય સુધી રહેલા, સાત વર્ષના આ સંબંધ દરમ્યાન પરમ કૃપાળુદેવ શ્રીમદ્જીએ અઢીસોથી વધારે પત્રો લખ્યા હતા. જેમાંના અનેક પત્રોમાં તેઓએ પોતાનો જ્ઞાન અનુભવ આલેખેલ છે.

**શ્રીમદ્જીનો આત્મિક ઉત્કર્ષ**

પરમાર્થ સખા શ્રી સૌભાગભાઈ સાથેનો પરમાર્થ સંબંધ ઉત્તરોત્તર વધતો ગયો. પ્રથમ પત્રમાં (પત્રાંક ૧૩૨) શ્રીમદ્જી

લખે છે કે, **'ક્ષણવારનો પણ સત્પુરુષનો સમાગમ તે સંસારરૂપ સમુદ્ર તરવાને નૌકારૂપ છે.' એ વાક્ય મહાત્મા શંકરાચાર્યજીનું છે; અને તે યથાર્થ જ લાગે છે. આપે મારા સમાગમથી થયેલો આનંદ અને વિયોગથી અનાનંદ દર્શાવ્યો; તેમજ આપના સમાગમ માટે મને પણ થયું છે.** શ્રી સૌભાગભાઈને મળ્યા બાદ સૂતા, બેસતા, ઉઠતા, ખાતા, પીતા, હાલતા, ચાલતા સર્વે પ્રવૃત્તિ કરતાં 'દિનરાત રહે તદ્ ધ્યાન મહી' એવું રાત અને દિવસ આ પરમાર્થ વિષયનું જ મનન શ્રીમદ્જીને રહે છે. તેઓ શ્રી સૌભાગભાઈને લખે છે કે, **'આપના પ્રતાપે આનંદવૃત્તિ છે, પ્રભુ પ્રતાપે ઉપાધિજન્ય વૃત્તિ છે, સર્વ સમર્થ પુરુષો આપને પ્રાપ્ત થયેલા જ્ઞાનને જ ગાઈ ગયા છે, એ જ્ઞાનની દિનપ્રતિદિન આ આત્માને વિશેષતા થતી જાય છે.'** સંવત ૧૯૪૭માં શુદ્ધ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ બાદ પરમ ઉલ્લાસથી તેઓ શ્રી સૌભાગભાઈને લખે છે કે, **'આત્મા જ્ઞાન પામ્યો એ તો નિ:સંશય છે, ગ્રંથિભેદ થયો એ ત્રણે કાળમાં સત્ય વાત છે. સર્વ જ્ઞાનીઓએ એ વાત સ્વીકારી છે. તન્મય આત્મયોગમાં પ્રવેશ છે, ત્યાં જ ઉલ્લાસ છે, ત્યાં જ યાચના છે, યોગ બહાર પૂર્વકર્મ ભોગવે છે. આજના પ્રભાતથી નિરંજનદેવની કોઈ અદ્ભુત અનુગ્રહતા પ્રકાશી છે અને ઘણાં દિવસ થયા ઈચ્છેલી પરાભક્તિ કોઈ અનુપમરૂપમાં ઉદય પામી છે.'**

સૌભાગભાઈને મળતાં કેમ જાણે હંસની ચાંચ પ્રાપ્ત થઈ. દૂધ અને પાણીની જેમ અનંત જન્મોથી પોતાને જે એકરૂપ ભાસતા રહ્યા છે તે આત્મા અને દેહને અલગ પાડવાની યુક્તિ, બીજજ્ઞાનની પ્રાપ્તિ થઈ. આ મેળાપથી હાડોહાડ આધ્યાત્મના રંગે રંગાયેલા શ્રીમદ્જીનું લક્ષ્ય પરમાર્થ પ્રત્યે એવું તો પ્રબળ અને કેન્દ્રિત થયું હતું કે, તેઓ સંપૂર્ણપણે આત્મામય બની ગયા. તેમને અહોરાત્ર આત્મસ્વરૂપની લગની લાગી. શુદ્ધ જ્ઞાયક સ્વરૂપ સાથેનું ઐક્ય વધતું ગયું. વિશુદ્ધ ચેતનાના સતત સહવાસથી, અવિનાશી આત્માનો પ્રચંડ આવિર્ભાવ થયો. સંવત ૧૯૪૭ની સાલમાં શુદ્ધ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ. ચિત્તની શુદ્ધતા અને એકાગ્રતા ધરાવતા શ્રીમદ્જીને ધ્યાનમાં પ્રવેશ અને પ્રગતિનું નિમિત્તકારણ સૌભાગભાઈ બન્યા. સૌભાગભાઈના મેળાપ થકી મોક્ષપુરીના પ્રવેશદ્વાર એવાં શુદ્ધ સમ્યગ્દર્શન પ્રત્યેનો એકલક્ષી પુરુષાર્થ જોમવંત બન્યો. ધર્મરૂપી વૃક્ષના મૂળિયાં ઊંડા સ્થપાતા શ્રી સૌભાગભાઈ પ્રત્યે શ્રીમદ્જીને બહુ આદર જાગ્યો. બન્ને આત્માઓને એકબીજા પ્રત્યેનો અપૂર્વ પારમાર્થિક સ્નેહ વેદાયો. પૂ. શ્રી સૌભાગભાઈની પ્રેમસભર વારંવારની વિનંતીને માન આપી પરમકૃપાળુદેવ વવાણિયા જતી વખતે અથવા તો પાછા વળતાં સાયલા જરૂરથી પધારતા.

### ચિંતામાં સમતા રહે તો તે આત્મચિંતન જેવી છે

શ્રી સૌભાગભાઈની આર્થિક સ્થિતિ સારી નહોતી તે બાબતની ચિંતા પોતે પત્ર દ્વારા શ્રીમદ્જીને સરળતાથી લખી જણાવતા. રિદ્ધિ સિદ્ધિ યોગની યાચના પણ કરતા. નિસ્પૃહી શ્રીમદ્જી પોતાના પરમાર્થ સખાને સાંકડી સ્થિતિમાં પડવા નહીં દેતા સન્માર્ગમાં ધરી રાખતા. કલ્યાણમૂર્તિ શ્રીમદ્જી શ્રી સૌભાગભાઈને દુ:ખમાં આશ્વાસન તથા દિલાસારૂપે લખે છે કે,

**'તમે અમે કંઈ દુ:ખી નથી. જે દુ:ખ તે રામના ૧૪ વર્ષના દુ:ખનો દિવસ પણ નથી, પાંડવના ૧૩ વર્ષના દુ:ખની એક ઘડી નથી અને ગજસુકુમારના ધ્યાનની એક પળ પણ નથી.' 'સંસારની જાળ જોઈ ચિંતા ભજશો નહિ. ચિંતામાં સમતા રહે તો તે આત્મચિંતન જેવી છે. ચમત્કાર બતાવી યોગને સિદ્ધ કરવો, એ યોગીના લક્ષણ નથી. સર્વોત્તમ યોગી તો એ છે કે જે સર્વ પ્રકારની સ્પૃહાથી રહિતપણે સત્યમાં કેવળ અનન્ય નિષ્ઠાએ સર્વ પ્રકારે સત્ જ આચરે છે; પારમાર્થિક વૈભવથી મુમુક્ષુને સાંસારિક ફળ આપવાનું જ્ઞાની ઈચ્છે નહીં કારણ કે અકર્તવ્ય તે જ્ઞાની કરે નહીં.'**

તૃષ્ણા, આડંબર અને પૌદ્ગલિક મોટાઈથી આખુંયે જગત પીડાય છે પણ શ્રી સૌભાગભાઈ જેવા કોઈક જ પરમ સરળ આત્મા દંભરહિતપણે પોતાના સદ્ગુરુ પાસે તેની જાહેરાત કરે છે. આર્થિક પ્રતિકૂળતાથી સૌભાગભાઈનું ચિત્ત વ્યાકુળ તેમજ અશાંત રહેતું. બાહ્ય ઉપાધિનો ઉદ્વેગ ફરી ફરી પરેશાન કરતો. નિખાલસ, સત્યનિષ્ઠ સૌભાગભાઈએ તે વૃત્તિઓનું દમન ન કરતાં જ્યારે જ્યારે તે અર્થની અનર્થ કામના ઊભી થતી ત્યારે વંચના કર્યા વગર શ્રીમદ્જીને જણાવતા. તેનું પરિણામ એ આવ્યું કે આત્મનિષ્ઠ, નિસ્પૃહ શ્રીમદ્જીએ પરમ સંતોષ આપનાર, ભક્તિને જગાડનાર અને આત્માના લક્ષમાં સ્થિર કરાવે એવાં બોધવચનો પુનઃ પુનઃ લખી મોકલ્યાં, જે માત્ર સ્ફટિક જેવાં પારદર્શી સૌભાગભાઈનું જ નહીં પણ જગતના તમામ મુમુક્ષુઓની મુમુક્ષતાનું રક્ષણ કરી રહ્યા છે. સદ્ગુરુની અમીદૃષ્ટિ, આત્મ-ચારિત્ર પર લાગેલા દોષ કે ડાઘથી ત્યારે જ મુક્ત કરાવે છે, કે જ્યારે પશ્ચાત્તાપ અને પ્રાયશ્ચિત ભાવે શુદ્ધ નિર્દંભપણે તેનો એકરાર કરે છે.

### અપ્રગટ સત્ ને પ્રગટ થવા વિનંતી

સંપ્રદાય તથા વાડાઓમાં વહેંચાઈને વિસરાઈ ગયેલા આત્મધર્મને પુન:સ્થાપિત કરવા શ્રીમદ્જી જેવા આપ્ત પુરુષ જ સમર્થ છે એવું હૃદયસખા સૌભાગભાઈ જાણતા હતા. તેથી શ્રીમદ્જીને જગતના મુમુક્ષુ આત્માઓને ઉપદેશવા, પ્રગટ રીતે બહાર આવવા વિનંતી કરતા. શ્રીમદ્જીનું અનન્ય શરણ પામી ક્રિયાજડત્વ અને શુષ્કજ્ઞાનપણામાં ફસાયેલા મતાર્થી આત્માઓ

*ધર્માચાર્ય હો તો તારા અનાચાર ભણી કટાક્ષદૃષ્ટિ કરી આજના દિવસમાં પ્રવેશ કરજે.*

યથાયોગ્ય ધર્માચરણથી આત્માર્થ સાધી શકે તેમ છે એવો સૌભાગભાઈને સંપૂર્ણ વિશ્વાસ હતો અને તેથી જ બોધીબીજનું ઠામઠામ નિરૂપણ કરી પંચમકાળનું બોધીદુર્લભપણું દૂર કરવા માટે શ્રીમદ્જીને ફરી ફરીને આગ્રહભરી વિજ્ઞપ્તિ કરતા હતા.

દુર્ભાગ્યવશ એમ ન થઈ શક્યું કારણ માત્ર ૩૪ વર્ષની લઘુવયે આ પરમ વિદેહી પુરુષની જ્ઞાનચેતનાએ લોકના આ ભાગમાંથી વિદાય લીધી. આજે ભલે તેઓ પ્રત્યક્ષ રૂપે અનુપસ્થિત છે પણ તેમણે લખેલા પદો અને પત્રો અધ્યાત્મ પિપાસુ આત્માઓને સદૈવ પોષણ આપતા રહેશે.

## પ્રેરક પ્રસંગો

### સાક્ષાત્ પ્રભુ ઘરે પધારે છે

પરમકૃપાળુદેવ જ્યારે સાયલા પૂ. શ્રી સૌભાગભાઈના ઘરે સિગરામમાં પધારતા ત્યારે તેઓના ઘરમાં આનંદ અને ઉત્સાહ ઊભરતો. સાક્ષાત્ પ્રભુ ઘરે પધારે છે એવું અનુભવતા શ્રી સૌભાગભાઈ  સાયલાની શેરીથી ઘરના આંગણા સુધી લાલ જાજમ બિછાવી તે ઉપર ચાલીને પ્રભુને ઘેર પધારવા આગ્રહ ભરી વિનંતી કરતાં. ગામની શેરીમાં ચાલતાં પરમકૃપાળુદેવને કાંકરો કે કાંટો ન વાગે તથા ગામવાસીઓમાં કુતૂહલ જાગે અને પ્રભુના દર્શનનો લાભ સર્વે પ્રાપ્ત કરે, તેમજ લોકો કલ્યાણની સન્મુખ થાય એવી ઉત્તમ ભાવના તેઓ ધરાવતા. પૂ. સૌભાગભાઈના બે પુત્રો મણિલાલ તથા ત્ર્યંબકલાલ, પત્ની રતનબા, તેમજ બહેન ઉજમબા તથા સાસરે ગયેલી દીકરીઓને આ આનંદના અવસરે તેડાવી પ્રભુના દર્શન તથા સત્સંગના લાભમાં તેઓશ્રી સહભાગી કરતા. પરમકૃપાળુદેવ તથા શ્રી સૌભાગભાઈ બન્ને સાયલામાં વધારેમાં વધારે ૧૦ દિવસ એક સાથે રહ્યા હતાં. સાત વર્ષના આધ્યાત્મિક સંબંધ દરમ્યાન તેઓ બન્ને ૫૬૦ દિવસ સાથે રહ્યા હતા.

### આણાએ ધમ્મો, આણાએ તવો

શ્રીમદ્જી તથા પરમસખા શ્રી સૌભાગભાઈ સાયલામાં તેમના ઘરે અધ્યાત્મની વાતો કરતાં એકબીજામાં ઓતપ્રોત હતા. તે વખતે  પૂ. સૌભાગભાઈના ધર્મપત્ની રતનબા સામાયિક કરવા માટે પાથરણું લઈ ઉપાશ્રય જવા નીકળ્યા. મોક્ષાભિલાષી રતનબાએ કૃપાળુદેવને સંબોધીને કહ્યું, 'હે ! રાયચંદ મેતા ! આપ બન્ને આખો દિવસ આત્માની વાતો કરો છો તો મારી એટલી વિનંતિ છે કે, તમો બન્ને વિમાનમાં બેસી મોક્ષમાં જાવ ત્યારે તમારા વિમાનનો એક દાંડિયો મને પકડવા દેજો.' તેના ઉત્તરમાં શ્રીમદ્જીએ તરત કહ્યું કે 'જો તમે સામાયિક ઉપાશ્રયને બદલે મસ્જિદમાં જઈને કરી આવો તો આ બની શકે તેમ છે.' જ્ઞાનીની આજ્ઞા સંસારમાં જતાં આડા પ્રતિબંધ જેવી છે તે ન જાણતા શ્રીમદ્જીના આ અર્થગંભીર શબ્દોને રમૂજ તથા હાસ્યમાં કાઢી નાખી રતનબા ચાલતા ચાલતા બોલ્યા કે, 'સામાયિક કંઈ મસ્જિદમાં જઈને થતી હશે ?' એમ કહી ઉપાશ્રય ચાલ્યા ગયા. જ્ઞાનીની આજ્ઞાનું આરાધન એ જ ધર્મ અને જ્ઞાનીની આજ્ઞાનું આરાધન એ જ તપ.

### પરમકૃપાળુદેવ પ્રત્યેની શ્રી સૌભાગભાઈની એકનિષ્ઠા

ખંભાત નિવાસી મુમુક્ષુ ભાઈ શ્રી છોટાલાલ માણેકચંદ પોતાની પરિચય નોંધમાં લખે છે કે એક વખત શ્રીમદ્જી ધર્મજથી વીરસદ પોતાના ધર્મપ્રેમી સત્સંગીઓ સાથે ચાલીને જઈ રહ્યા હતાં. રસ્તામાં એક સાંકડી કેડી આવી તે પરથી પસાર થતાં તે જ કેડી ઉપર બે સાંઢને લડતા આવતા જોયા. ધસી આવી રહેલા મૃત્યુ સમાન તે સાંઢને જોઈ સર્વેમાં ગભરાટ વ્યાપ્યો, પણ નિશ્ચિંત શ્રીમદ્જીએ બધાને જણાવ્યું કે, 'સાંઢ નજીક આવશે ત્યારે શાંત થઈ જશે.' પરંતુ ભયને આધીન હું તથા બધા સાથીઓએ કેડી પરથી ઉતરી જઈ ખેતરમાં આશરો લીધો. માત્ર શ્રીમદ્જી અને તેમની પાછળ શ્રી સૌભાગભાઈ તથા શ્રી ડુંગરશીભાઈ શાંતિથી આગળ વધ્યા. બન્ને સાંઢ નજીક આવતાં જ શાંત બની ઉભા રહ્યા અને સુરક્ષિતપણે શ્રીમદ્જીના વચન પ્રત્યે અવિચળ શ્રદ્ધા ધરાવતા તેઓ બન્ને શ્રીમદ્જી સાથે નીડરતાથી આગળ નીકળી ગયા.

### જ્ઞાનના અનંત આનંદ આગળ તે દુઃખ તૃણ માત્ર છે

શ્રીમદ્જીનું અનન્ય શરણ પામી, શ્રી સૌભાગભાઈના અંતઃકરણમાં અધ્યાત્મનો ઉદ્યોત થયો. પોતાના હૃદય આસને શ્રીમદ્જીને સ્થાપી, અનન્ય પ્રેમે, નિશદિન તેઓ પૂજા કરતા. અખંડ શ્રદ્ધા અને સરળ મનોવૃત્તિએ, અલૌકિક પરિણામ અપાવ્યું. શ્રીમદ્જીને સાયલાથી વળાવતી વખતે પોતાના હૃદયનો આનંદ-ઉલ્લાસ તથા ભક્તિની ખુમારીને અભિવ્યક્ત કરતા શ્રી સૌભાગભાઈ શુરાતનથી શ્રીમદ્જીને કહે છે, 'ઊગતા સૂર્યની સાખે, નદીની સાખે, સત્પુરુષની સાખે આ સૌભાગને આપના સિવાય બીજું રટણ ન હો' તે જ ભાવને અનુસરતો પત્ર લખે છે કે, ખીલાથી વળગ્યો રહે તો વાળ વાંકો ન થાય. તો મારે એમ જ છે. અમે કાંઈ સમજતા નથી ને અમારે જ્ઞાન જોતું નથી તેમ છે. હવે આપની ઈચ્છા હોય તેમ કરો. ગમે તો સમાગમમાં રાખો, ગમે તો દૂર રાખો પણ એક ભજન રાત દિવસ મારે તો આપનું જ છે. માગી ખાઈને ગુજરાન ચલાવશું પણ ખેદ નહીં પામીએ, જ્ઞાનના અનંત આનંદ આગળ તે દુઃખ તૃણ માત્ર છે.'

### જગતનું સૌભાગ્ય - આત્મસિદ્ધિશાસ્ત્રનું અવતરણ

વૃદ્ધાવસ્થાને કારણે ગદ્યમાં લખાયેલા છ પદના પત્રને કંઠસ્થ કરવામાં મુશ્કેલી પડતાં શ્રી સૌભાગભાઈએ શ્રીમદ્જીને પદ્ય રૂપે



*દુરાચારી હો તો તારી આરોગ્યતા, ભય, પરતંત્રતા, સ્થિતિ અને સુખ એને વિચારી આજના દિવસમાં પ્રવેશ કરજે.*

લખી મોકલવા વિનંતિ કરી. જેમ સ્વાતિ નક્ષત્રમાં શરદપૂર્ણિમાએ જે મેઘબિંદુ છીપમાં પડે તે સાચા મોતીરૂપે પરિણમે છે, તેમ શ્રી સૌભાગભાઈની વિનંતિ શ્રીમદ્જીના હૃદયમાં આત્મસિદ્ધિરૂપી અમૂલ્ય મોતીરૂપે ઉદ્ભવ પામી. સંવત ૧૯૫૨ના આસો વદ એકમના દિવસે નડીયાદ મુકામે શ્રીમદ્જી સંધ્યા સમય પછી બહારથી આવ્યા અને સાથે રહેતા મહામુમુક્ષુ અંબાલાલભાઈને કહ્યું, 'અંબાલાલ! ફાનસ લે.' વિનયમૂર્તિ શ્રી અંબાલાલભાઈ ફાનસ ધરી ઉભા રહ્યા. ગહન જ્ઞાનનું ઝરણું અસ્ખલિતરૂપે વહેલા વાગ્યું. માત્ર દોઢ-બે કલાક જેટલા ટૂંકા સમયમાં ષટ્દર્શનના સાર સમી શ્રી આત્મસિદ્ધિનું એક જ બેઠકે સર્જન થયું. શ્રીમદ્જીએ આત્મસિદ્ધિ શાસ્ત્રમાં ત્રણ વાર શ્રી સૌભાગભાઈનું નામ જોડી તેઓને અમર કર્યા છે.

***શ્રીમદ્જી સંધ્યા સમય પછી બહારથી આવ્યા અને મહામુમુક્ષુ અંબાલાલભાઈને કહ્યું, 'અંબાલાલ! ફાનસ લે.' વિનયમૂર્તિ શ્રી અંબાલાલભાઈ ફાનસ ધરી ઉભા રહ્યા. ગહન જ્ઞાનનું ઝરણું અસ્ખલિતરૂપે વહેલા વાગ્યું. માત્ર દોઢ-બે કલાક જેટલા ટૂંકા સમયમાં ષટ્દર્શનના સાર સમી શ્રી આત્મસિદ્ધિનું એક જ બેઠકે સર્જન થયું.***

### દ્રવ્યાનુયોગથી અમરત્વની પ્રાપ્તિ

સંવત ૧૯૫૩ના કારતક મહિનાથી સૌભાગભાઈને તાવ આવવા લાગ્યો. શક્તિ ક્ષીણ થતી ગઈ અને શરીર નબળું પડતું ગયું. આત્મસિદ્ધિશાસ્ત્ર પ્રાપ્ત થતાં તેઓ શ્રીમદ્જીને જણાવે છે, 'આત્મસિદ્ધિ ગ્રંથ ચૌદ પૂર્વનો સાર હોય તેવો જણાય છે. ઘણો જ આનંદ થાય છે. ફરી બીજા ગ્રંથની માગણી કરીએ એવું રહ્યું નથી. કૃપા કરી તરત પધારશો અને દર્શનનો લાભ આપશો. જેમ બપૈયો પિયુ પિયુ કરે છે તેમ અમે સર્વે તલખીએ છીએ.' શ્રી સૌભાગભાઈએ કરેલી વિનંતીને માન આપી શ્રીમદ્જી સાયલા પધાર્યાં. પોતાની સાથે દશ દિવસ માટે ઈડરના નિવૃત્તિક્ષેત્રે લઈ ગયા. ત્યાં પરમાર્થબોધની અમૃત વર્ષા વરસાવી સૌભાગભાઈને અપૂર્વ સમજણ આપી ધન્ય કર્યા. ત્યારબાદ શ્રીમદ્જીએ મુંબઈ પ્રસ્થાન કર્યું અને શ્રી સૌભાગભાઈ સાયલા આવ્યા.

### શ્રી સૌભાગની સ્વભાવ જાગૃતદશા

શ્રી સૌભાગભાઈનું રોગગ્રસ્ત શરીર વધુ ક્ષીણ થાય છે. શ્રીમદ્જીએ એમની અંતિમ અવસ્થા જાણી મહામુમુક્ષુ શ્રી અંબાલાલભાઈને સૌભાગભાઈની સેવા કરવા માટે સાયલા જવા આજ્ઞા કરી. અપૂર્વ આત્મજાગૃતિ અર્થે આરાધનામાં પરમ પરમ ઉપકારી થઈ પડે તેવા ત્રણ પત્રો શ્રીમદ્જીએ મુંબઈથી લખી મોકલ્યા કે જેની ચમત્કારિક અસર સૌભાગભાઈના આત્મા પર થઈ. તે પત્રોની પ્રભાવક અસરને પ્રગટ કરતાં શ્રી સૌભાગભાઈ અંતિમ પત્ર લખતાં જણાવે છે. 'આ કાગળ છેલ્લો લખી જણાવું છું. જેઠ સુદ ૯ બુધવારે મરતક છે. એવો ભાસ થયેલ. તે સુદ ૯નું બન્યું નહિ. છતાં તે તારીખ ગઈ. તો જેઠ વદ ૯ને બુધવારે છે. ઘણું કરી તે તારીખે મરતક થાશે, એમ ખાત્રી છે. હવે આ પામર સેવક ઉપર બધી રીતે આપ કૃપાદૃષ્ટિ રાખશો... અને દેહ ને આત્મા જુદો છે, દેહ જડ છે, આત્મા ચૈતન્ય છે. તે ચેતનનો ભાગ પ્રત્યક્ષ જુદા સમજવામાં આવતો, પણ દિન-૮ થયા આપની કૃપાથી અનુભવગોચરથી બેફાટ જુદા દેખાય છે અને રાતદિવસ આ ચેતન અને દેહ જુદા, એમ આપની કૃપાદૃષ્ટિથી સહજ થઈ ગયું છે. એ આપને સહેજ જણાવા લખ્યું છે.'

### શ્રી સૌભાગભાઈનું અપૂર્વ સમાધિમરણ

શ્રી સૌભાગભાઈના ધાર્યા કરતાં એક દિવસે મોડો વિ. સં. ૧૯૫૩ના જેઠ વદ દશમના દિવસે સમાધિસ્થ ભાવે દેહ ત્યાગ થયો. પૂ. શ્રી સૌભાગભાઈના સમાધિમરણ વખતે હાજર રહેલા રાજરત્ન અંબાલાલભાઈએ પરમ કૃપાળુદેવને સાયલાથી જેઠ વદ ૧૧ શુક્રવાર ૧૯૫૩ના તે અંતિમ સમયનું તાદૃશ્ય વર્ણન કરતાં લખ્યું, 'હે પ્રભુ! બેહદ દિલગીર છું કે પરમ પૂજ્ય પૂજવા યોગ્ય, પરમ સ્તુતિ કરવા યોગ્ય, મહાન શ્રી સૌભાગભાઈ સાહેબે પરમ સમાધિભાવે, શુદ્ધ આત્માના ઉપયોગપૂર્વક આ ક્ષણિક દેહનો ત્યાગ કર્યો છે. એ પવિત્ર પુરુષની દુઃખ વેદવાની સ્થિતિ, આત્માનું અત્યંત તારતમ્યપણું અને શ્રી સદ્ગુરુ પ્રત્યેનો એકનિષ્ઠાભાવ અને છેવટ સુધીનો ઉપયોગનો એ એક જ ક્રમ જોઈ મને બહુ જ આનંદ થાય છે. વારંવાર તેમના ઉત્તમોત્તમ ગુણો અને મારા પ્રત્યેની કૃપા સ્મૃતિમાં આવ્યા કરે છે. દશ વાગતા માથાશ્વાસ થયો. અત્યંત પીડા છેવટની વખતની પોતે ભોગવવા માંડી. તેથી ૧૦ ને ૪૮ મિનિટે મારા મનમાં એમ થયું કે વધારે દુઃખની સ્થિતિમાં રખેને આત્મોપયોગ ભૂલી ગયા હોય એમ ધારી ધારશીભાઈની સલાહ લઈ મેં સહજાત્મ સ્વરૂપ સ્વામી એવું એક, બે અને ત્રણવાર નામ દીધેલું એટલે પોતે બોલ્યા, 'હા એ જ મારું લક્ષ છે. મારે તને કેટલાક ઉપદેશ કરવાની ઇચ્છા છે પણ વખત નથી. હું સમાધિભાવમાં છું. તું સમાધિમાં રહેજે. હવે મને કાંઈ કહીશ નહીં. કારણ કે મને ખેદ રહે છે. એટલા વચન બોલ્યા ને સર્વ કુટુંબ પરિવારે ત્રિકરણયોગથી નમસ્કાર કર્યા કે તરત પોતે ડાબું પડખું ફેરવ્યું અને સવારે ૧૦ ને ૫૦ મિનિટે પોતે નશ્વર દેહનો ત્યાગ કર્યો.

### પૂ. શ્રી સૌભાગનભાઈને ભવ્ય શ્રદ્ધાંજલિ

પોતાના પરમાર્થસખાના વિયોગને શ્રીમદ્જીએ જ્ઞાનબળથી જાણી લીધું. રોજ ગરમ પાણીથી સ્નાન કરતા શ્રીમદ્જી તે સમયે

*દુઃખી હો તો (આજની) આજીવિકા જેટલી આશા રાખી આજના દિવસમાં પ્રવેશ કરજે.*

પહેરેલા કપડા સાથે ઠંડા પાણીએ સ્નાન કરવા બેસી ગયા. ત્યારપછી થોડા કલાક બાદ શ્રી સૌભાગભાઈના દેહાંતનો તાર મળ્યો. શ્રી સૌભાગભાઈના વિરહનો પરમાર્થ ખેદ સૌથી વધારે કોઇએ અનુભવ્યો હોય તો તે નિર્મોહસ્વરૂપ સંવેદનશીલ શ્રીમદ્જીએ. શ્રી સૌભાગભાઈને અંજલિ આપતા તેઓ લખે છે કે, 'આર્ય શ્રી સૌભાગે જેઠ વદ ૧૦ ગુરુવારે સવારે દશને પચાસ મિનિટે દેહ મૂક્યાના સમાચાર વાંચી ઘણો ખેદ થાય છે. જેમ જેમ તેમના અદ્ભુત ગુણો પ્રત્યે દૃષ્ટિ જાય છે તેમ તેમ અધિક ખેદ થાય છે. જીવને દેહનો સંબંધ એ જ રીતે છે, તેમ છતાં પણ અનાદિથી તે દેહને ત્યાગતા જીવ ખેદ પામ્યા કરે છે અને એમાં દૃઢ મોહથી એકપણાની પેઠે વર્તે છે, જન્મમરણાદિ સંસારનું મુખ્ય બીજ એ જ છે. શ્રી સૌભાગે તેવા દેહને ત્યાગતા મોટા મુનિઓને દુર્લભ એવી નિશ્ચલ અસંગતતાથી નિજ ઉપયોગમય દશા રાખીને અપૂર્વ હિત કર્યું છે, એમાં સંશય નથી.'

**'હે શ્રી સૌભાગ! તારા સત્સસમાગમના અનુગ્રહથી આત્મદશાનું સ્મરણ થયું તે અર્થે તને નમસ્કાર હો.'** (શ્રીમદ્ રાજચંદ્ર-અભ્યંતર પરિણામ અવલોકન હાથ નોંધ-૨-૨૦, પાન નં. ૪૫)

**'સમાગમમાં આવેલા મુમુક્ષુઓને શ્રી સૌભાગનું સ્મરણ સહેજે ઘણા વખત સુધી રહેવા યોગ્ય છે.'**

**'આ ક્ષેત્રે આ કાળમાં શ્રી સૌભાગ જેવા વિરલા પુરુષ મળે એમ અમને વારંવાર ભાસે છે.'**

**'શ્રી સૌભાગની સરળતા, પરમાર્થ સંબંધી નિશ્ચય, મુમુક્ષુ પ્રત્યે પરમ ઉપકાર આદિ ગુણો વારંવાર વિચારવા યોગ્ય છે.'**

**'શ્રી સૌભાગની મુમુક્ષુ દશા તથા જ્ઞાનીના માર્ગ પ્રત્યેનો અદ્ભુત નિશ્ચય વારંવાર સ્મૃતિમાં આવ્યા કરે છે.'** (પત્રાંક: ૭૮૩, વર્ષ ૩૦મું)

**'આર્ય સૌભાગની અંતરંગ અને દેહમુક્ત સમયની દશા, હે મુનિઓ! તમારે વારંવાર અનુપ્રેક્ષા કરવા યોગ્ય છે.'** (પત્રાંક: ૭૮૬, વર્ષ ૩૦મું)

**'આર્ય સૌભાગની બાહ્યાંતર દશા પ્રત્યે વારંવાર અનુપ્રેક્ષા કર્તવ્ય છે.'** (પત્રાંક: ૭૮૭, વર્ષ ૩૦મું)

શ્રી સૌભાગભાઈ ઉપર લખાયેલા પત્રોમાં પરમકૃપાળુદેવે જે સંબોધનો કર્યા છે અને પત્રના અંતે જે સહીઓ કરી છે તે આ બંને મહાત્માઓના નિકટતમ સંબંધનો ખ્યાલ અપાવે છે. તેવી રીતે જ સૌભાગભાઈએ લખેલા પત્રોમાં જે સ્તવના પરમકૃપાળુદેવ પ્રત્યે થઈ છે તે પરમેશ્વરતુલ્ય છે અને અંતમાં સહી કરતી વખતે શ્રીમદ્જી પ્રત્યેનું દાસાનુદાસપણું અભિવ્યક્ત થયું છે.

**શ્રી સૌભાગભાઈ ઉપર લખાયેલા પત્રોમાં**
**પરમકૃપાળુદેવે કરેલા વિવિધ સંબોધનો**

આત્મવિવેક સંપન્ન, કેવળબીજ સંપન્ન, સર્વોત્તમ ઉપકારી, જીવનમુક્ત, મુમુક્ષુજનના પરમ વિશ્રામરૂપ.

**શ્રી સૌભાગભાઈ ઉપર લખાયેલ પત્રોમાં**
**પરમકૃપાળુદેવે પત્રાંતે કરેલી સહીઓ**

વિદ્યમાન આજ્ઞાંકિત રાયચંદના દંડવત્, પરમ પ્રેમભાવથી નમસ્કાર પહોંચે, દાસાનુદાસ રાયચંદના પ્રણામ પહોંચે, સહજાત્મ ભાવનાએ યથાયોગ્ય, ત્રિવિધ નમસ્કાર.

**શ્રીમદ્જી ઉપર લખાયેલા પત્રોમાં**
**શ્રી સૌભાગભાઇએ કરેલા વિવિધ સંબોધનો**

પૂજ્ય તરણ તારણ, પરમ પરમાત્મા આત્મ દેવ, સહજાત્મ સ્વરૂપ સ્વામી, કરુણાસિંધુ સદ્ગુરુ ભગવાન, પરમ પુરુષ મહાપ્રભુજી

**શ્રીમદ્જી ઉપર લખાયેલ પત્રોમાં**
**શ્રી સૌભાગ્યભાઇએ પત્રાંતે કરેલી સહીઓ**

આજ્ઞાંકિત સેવક, સૌભાગના પાયેલાગણ, સેવક સૌભાગના દંડવત્ નમસ્કાર, 'દાસ દાસ, હું દાસ છું આપ પ્રભુનો દીન', આજ્ઞાંકિત સેવક પામરમાં પામર સૌભાગ લલ્લુભાઈના નમસ્કાર.

✷ ✷ ✷

મોબાઈલ: ૯૮૯૨૦૪૮૭૮૭

## નીરખીને નવયૌવના

**(શિક્ષાપાઠ ૩૪ની પ્રથમ ૩ કડી)**

નીરખીને નવયૌવના, લેશ ન વિષયનિદાન,
ગણે કાષ્ઠની પૂતળી, તે ભગવાન સમાન. ૧

આ સઘળા સંસારની, રમણી નાયકરૂપ;
એ ત્યાગી, ત્યાગ્યું બધું, કેવળ શોકસ્વરૂપ. ૨

એક વિષયને જીતતાં, જીત્યો સૌ સંસાર;
નૃપતિ જીતતાં જીતીયે, દળ, પુરને અધિકાર. ૩

શ્રીમદ્ રાજચંદ્રજીએ બ્રહ્મચર્યની આવશ્યકતાનો સાધનામાર્ગમાં સ્વીકાર કર્યો હતો. તેમણે 'મોક્ષમાળા'માં રચેલા આ નાનકડા પદ્યમાં પણ બ્રહ્મચર્યનો મહિમા વર્ણવ્યો છે, તેમજ બાહ્યદેહને લાકડાની પૂતળી સમાન ગણી, તેમાંથી મોહને દૂર કરી સાધકને આત્મ-સ્વભાવમાં સ્થિરતા કરવાનો ઉપદેશ આ નાના પદમાં હૃદયસ્પર્શી રીતે આલેખાયો છે. જેમ રાજા જીતાતા સમગ્ર સૈન્ય જીતાય છે, એમ મોહરાજાના મુખ્ય સેનાપતિ કામદેવને જીતવાથી યુદ્ધમાં સ્વાભાવિક જ સફળતા મળે છે.

**સં.**

# મુનિ શ્રીમદ્ લઘુરાજસ્વામી (પ્રભુશ્રી)

❑ સુરેશ શાહ

*[ શ્રી સુરેશ શાહ જૈન આધ્યાત્મ સ્ટડી સર્કલ સાથે સંકળાયેલા અને શ્રીમદ્જીના પત્રો અને સાહિત્યમાં ઊંડો રસ ધરાવે છે. ]*

સંસારિક નામ: શ્રી લલ્લુભાઇ કૃષ્ણદાસ ભાવસાર
પિતા: શ્રી કૃષ્ણદાસ ગોપાલજી ભાવસાર
માતા : શ્રીમતી કુશલાબાઈ
જન્મસ્થાન: વટામણ (ભાલપ્રદેશ) ગુજરાત.
જન્મ: આસો વદ ૧, સંવત ૧૯૧૦, ઈ. સ. ૧૮૫૩.
દેહોત્સર્ગ: વૈશાખ સુદ ૮, સંવત ૧૯૯૨, ઈ. સ. ૧૯૩૫.
આયુ : ૮૨ વર્ષ

લલ્લુભાઈનો જન્મ વૈષ્ણવ સંપ્રદાયી ભાવસાર કુટુંબમાં થયો, ત્યારે ધીરધાર ધંધામાં ગામમાં સુખી કુટુંબ તરીકે ઓળખ પ્રાપ્ત કરેલી. પિતા કૃષ્ણદાસભાઈનો માંદગીમાં પુત્રજન્મ પહેલાં જ દેહાંત થયો. લલ્લુભાઈને લખતા, વાંચતા આવડ્યું એટલે શાળા છોડી દુકાને બેસતા હતા, અને ધંધામાં સર્વ રાજી રહે એમ હંમેશાં વર્તતા. કુટુંબમાં સ્થાનકવાસી જૈન ધર્મની કુળશ્રદ્ધા હતી. લલ્લુભાઈનાં બીજા લગ્ન વરતેજ ગામના નાથીબાઈ સાથે થયાં, અને સંસારિક કુટુંબમાં ૨૭ વર્ષ ગાળ્યા. ધીરધારના ધંધામાં કોઈ વ્યક્તિને દુ:ખ પહોંચે એવી પરિસ્થિતિમાં મુકતા નહીં. બદલાતી લોકોની વૃત્તિથી ધીરધારનાં ધંધામાં કંટાળી ગયા હતા. તે વખતમાં તેમને પીત્તપાંડુ નામનો રોગ થયો, અને એકાદ વર્ષમાં શરીર ઘણું ક્ષીણ થઈ ગયું, અને નક્કી કર્યું કે રોગ મટે તો સાધુ થઈ જવું. તે અરસામાં નાથીબાઈની કુખે પુત્રનો જન્મ થયો, જેમનું નામ મોહન રાખવામાં આવ્યું.

તે અરસામાં લલ્લુભાઈ અને મિત્ર દેવકરણજી ગુરુ હરખચંદજીને વટામણ આવી માતાને સાધુ બનવા સંમતી આપવા વિનંતી કરી. ગુરુએ એક મહિનાની સ્થિતિ કરી અને માતાને એમનાં ઉપદેશથી સંતોષ થયો. ગામનાં ઠાકરનાં દવાનાં પડીકા ખાવાથી રોગ પણ શમી ગયો. તેથી ૩૦મા વર્ષે સ્વામી લલ્લુજી અને તેમના ચેલા દેવકરણજી જૈન મુનિ થઈ ગયા.

**ઉંમર વર્ષ ૩૦ થી ૩૬ :** ખંભાત સંપ્રદાયમાં લલ્લુજીસ્વામીએ દીક્ષા લીધા પછી સાધુની સંખ્યા ૧૪ થઈ ગઈ. તેને ગુરુએ લલ્લુજીસ્વામીનાં મંગળ પગલાંનો પ્રભાવ માન્યો હતો. પાંચ વર્ષમાં બન્ને સાધુઓ શાસ્ત્ર, સ્તવન ભણી કુશળ થયા, કઠોર ચોમાસામાં ૧૭ દિવસના ઉપવાસ, એકાન્તરા ઉપવાસ તથા કાયોત્સર્ગમાં ઘણું ધ્યાન કર્યું હતું. મુનિ દેવકરણજીની વ્યાખ્યાનમાં કુશળતા હતી તેથી લોકોમાં પ્રિય ગણાવા લાગ્યા. લલ્લુજીસ્વામી ગુરુ ભક્તિ અને પુણ્યપ્રભાવને લીધે સાધુ, સાધ્વી, ગૃહસ્થ, ગૃહિણીનાં હૃદયમાં ઉચ્ચ સ્થાનની પ્રાપ્તિ કરી.

તે વખતમાં ખભાતનાં લાલચંદ વકીલનાં ૧૮ વર્ષના પુત્ર અંબાલાલભાઈ લગ્ન પ્રસંગે અમદાવાદ આવ્યા, ત્યાં તેમને જુઠાભાઈ ઉજમશીની ઓળખાણ થવાથી ખબર પડી કે શ્રીમદ્ રાજચંદ્ર આત્મજ્ઞાની પુરુષ છે. અંબાલાલભાઈએ શ્રીમદે જુઠાભાઈને લખેલા પત્રોની નકલ કરી લીધી. ખંભાત પાછા આવ્યા પછી અંબાલાલભાઈએ શ્રીમદ્ રાજચંદ્રને વિનંતીભર્યા પત્રો લખ્યા તેથી શ્રીમદે જણાવ્યું કે ખંભાત પધારશે.

હરકચંદજી મહારાજ જ્યારે અપાસરામાં ભગવતી સૂત્રનું વાંચન કરતા હતા ત્યારે એમણે કહ્યું કે ભવસ્થિતિ પરિપક્વ થયા વિના મોક્ષની પ્રાપ્તિ ન થાય ત્યારે દામોદરદાસે મહારાજ સાહેબને પુછ્યું કે તો પછી સાધુ અને કાયા કલેશ કરવાની શી જરૂર છે? તે વખતે લલ્લુજીસ્વામી નીચે બેઠા હતા અને અંબાલાલભાઈ બીજા ભાઇઓ સાથે વાત કરતા હોવાથી વિક્ષેપ ન પડે તેથી પોતાની પાસે આવવા કહ્યું. ઉપરનાં પ્રશ્નની ચર્ચા અંબાલાલભાઈએ પણ કરી પણ સંતોષપૂર્વક જવાબ નહીં મળવાથી મુનિને શ્રીમદ્ રાજચંદ્રની વાત કરી. તેમનાં પત્રોની જાણ કરી, તેથી લલ્લુજીસ્વામીને શ્રીમદ્‌ને મળવાની તીવ્ર ઈચ્છા જાગી.

**ઉંમર વર્ષ ૩૬ : શ્રીમદ્ રાજચંદ્રનો મેળાપ :** ચોમાસામાં દિવાળીનાં દિવસોમાં શ્રીમદ્ રાજચંદ્ર ખંભાત પધાર્યા. તે વખતે શ્રીમદ્‌ની ઉંમર ૨૨ વર્ષની હતી. અંબાલાલભાઈના આગ્રહથી શ્રીમદ્ હરકચંદ મહારાજને ઉપાશ્રય મળવા ગયા. શ્રીમદે મહારાજ સાહેબને કહ્યું કે શતાવધાનનાં પ્રયોગ જાહેરમાં બંધ કર્યા છે, પણ શાસ્ત્રસંબંધી જ્ઞાનવાર્તામાં હરકચંદમુનિ ઘણાં પ્રભાવિત થયા હતા. લલ્લુજીસ્વામીએ શાસ્ત્રનો મર્મ સમજવા શ્રીમદ્‌ને ઉપાશ્રયમાં મેડે પધારવા વિનંતી કરી. મેડા ઉપર શ્રીમદ્ ગૃહસ્થ વેષમાં બેઠા હતા અને લલ્લુજીસ્વામી સાધુ વેષમાં હતા, છતાં શ્રીમદ્‌ને જોઈ પોતાને લઘુ માની ત્રણ વાર સાષ્ટાંગ નમસ્કાર કર્યા. ઘણાં વખત સુધી બન્ને જણાં મૌન રહ્યા. ત્યારબાદ શ્રીમદે પૂછ્યું, તમારી શી ઇચ્છા છે?

લલ્લુજીસ્વામીએ બે હાથ જોડી, વિનયપૂર્વક કહ્યું કે સમકિત (આત્માની ઓળખાણ) અને બ્રહ્મચર્યની દૃઢતાની મારી માગણી છે. શ્રીમદ્ મૌન રહ્યા. ત્યારબાદ શ્રીમદે એકાંતમાં મુનિને પુછ્યું કે તમે અમને આટલું માન કેમ આપો છો? ત્યારે મુનિએ જવાબ

આપ્યો કે તમે અમારા પૂર્વ પિતા હશો, તમને જોઈને નિર્ભય થઈ જવાય છે. ત્યારે શ્રીમદ્ પુછ્યું કે તમે અમને કેમ ઓળખ્યાં? અંબાલાલનાં કહેવાથી આપની ઓળખાણ થઈ. અનાદિકાળથી રખડીએ છીએ. અમારી સંભાળી લો.

શ્રીમદ્ રાજચંદ્રએ લલ્લુજીસ્વામીને સુયગડાંગ સૂત્રનો સ્વાધ્યાય કરાવ્યો. મુનિએ શ્રીમદ્‌ને કહ્યું કે હું જે જોઉં છું તે ભ્રમ છે એમ અભ્યાસ કરું છું ત્યારે શ્રીમદે કહ્યું કે આત્મા છે તે જોયા કરો.

અંબાલાલભાઈ મારફત લલ્લુજીસ્વામીને પત્રવ્યવહાર થતો હતો. લલ્લુજીમુનિને શ્રીમદ્ સાથે પ્રેમનો એટલો ગાઢ સંબંધ હતો કે શ્રીમદ્‌જીના પત્ર માટે એમની ખૂબ તાલાવેલી રહેતી. પત્ર આવે એટલે વગડામાં જઈ પત્ર ઝાડની નીચે મૂકી અનેકવાર પ્રદક્ષિણા કરી, ખૂબ જ ભાવવિભોર થઈને પત્ર વાંચતા અને જ્ઞાનવાર્તા ગ્રહણ કરતા.

**સૌભાગભાઈ :** શ્રીમદ્ રાજચંદ્ર ૨૩ વર્ષના હતા ત્યારે, મોરબીમાં ધારશીભાઈ જજને ત્યાં સાયલાથી બીજજ્ઞાન જણાવવાને ૬૬ વર્ષનાં સૌભાગભાઈ પધાર્યા અને પહેલી મુલાકાતમાં શ્રીમદ્‌ને ગુરુ માની લીધાં હતાં. ત્યારબાદ ૭ વર્ષનાં સત્સંગમાં શ્રીમદે સૌભાગભાઈને અનેક સંશોધન સાથે પત્ર લખ્યા અને પરમસખાના રૂપમાં શ્રીમદે સૌભાગભાઈને લખ્યું કે આપનો સત્સંગ છેવટનું પરિપૂર્ણ પ્રકાશે એમ સર્વ પ્રકારે જાણ્યું છે. લલ્લુજીસ્વામી સૌભાગભાઈને ઓળખી ગયેલા. શ્રીમદે 'ધન્ય રે આ દિવસ' કાવ્યમાં લખ્યું કે ૧૯૪૭ એટલે ૨૩મા વર્ષે સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે. શ્રીમદ્‌ના જીવન દરમ્યાન જુઠાભાઈ, સૌભાગભાઈ, અંબાલાલભાઈ તથા લલ્લુજી (શ્રીમદ્ લઘુરાજ સ્વામી, પ્રભુશ્રી)ને સમકિતની પ્રાપ્તિ કરાવેલી.

**ઉંમર વર્ષ ૩૯ :** લઘુરાજસ્વામી (પ્રભુશ્રી) વટામણ ચોમાસું કરી આણંદથી સુરત પધાર્યાં અને સુરતના વેપારીઓના આગ્રહથી મુંબઈ ચોમાસું કર્યું. મુંબઈમાં પ્રભુશ્રીની શ્રીમદ્ સાથે સમાગમ કરવાની ઈચ્છા પૂર્ણ થઈ. પ્રભુશ્રી આવે ત્યારે શ્રીમદ્ દુકાનની બીજી ઓરડીમાં જઈ શાસ્ત્રનો સ્વાધ્યાય કરતા. પ્રભુશ્રીજીએ શ્રીમદ્‌ની પાસે ચિત્રપટની માગણી કરી ત્યારે શ્રીમદે લખ્યું કે હે જીવ તમે બોધ પામો. મનુષ્યપણું બહુ દુર્લભ છે, સદ્‌વિવેક પામવો દુર્લભ છે. આખો લોક પોતાની ઈચ્છા ન હોવા છતાં જન્મ મરણાદિનાં દુઃખ ભોગવે છે તેનો વિચાર કરો. શ્રીમદે મૌનપણામાં પણ પ્રભુશ્રીજીને બોધ આપેલો.

**ઉંમર વર્ષ ૪૧ : ૬ પદનો પત્ર**

એ અરસામાં લલ્લુભાઈ જવેરીનો દેહ છૂટી ગયો. એટલે પ્રભુશ્રીજીને પણ ચિંતા થઈ કે મારો દેહ છૂટી જાય તો? તેથી મુંબઈ પત્ર લખી શ્રીમદ્‌ને વિનંતી કરી કે સમકિત કરી આપો. એટલે શ્રીમદ્ રાજચંદ્રે ૨૭ વર્ષની ઉંમરે ૬ પદ, આત્મા છે, આત્મા નિત્ય છે, આત્મા કર્તા છે, આત્મા ભોકતા છે, મોક્ષ છે અને મોક્ષના ઉપાય છે નો પત્ર પ્રભુશ્રીજીને લખ્યો. આ પત્ર માટે પ્રભુશ્રીજીએ ઘણી વાર કહ્યું છે કે આ પત્ર વિપરીત માન્યતા દૂર કરનાર, આમાં કોઈ મતમતાંતરને પ્રવેશ નથી, માત્ર આત્માનો જ લક્ષ કરાવે છે. આ પત્ર ચમત્કારિક છે. યોગ્યતા હોય તો સમકિત પ્રાપ્ત કરાવે. પ્રભુશ્રી શ્રીમદ્‌ની આજ્ઞાના ખરા ઉપાસક હતા.

**ઉંમર વર્ષ ૪૨ :** તે અરસામાં હરકચંદજી મહારાજ કાળ કરી ગયા. પ્રભુશ્રીજી તો ગુરુભક્તિમાં લીન રહેતા. અંબાલાલભાઈનાં સમાગમથી પ્રભુશ્રીજી માટે સંઘમાં વિક્ષેપ હતો. રાળજમાં શ્રીમદ્ પ્રભુશ્રીજીને મળ્યા નહીં. વિરહની વેદના હતી. પણ સવારના જ સૌભાગભાઈ, અંબાલાલભાઈ તથા ડુંગરશીભાઈએ શ્રીમદ્ રાજચંદ્રના કહેવાથી એકાંતમાં સ્મરણમંત્ર આપ્યો તેથી શાંતિ થઈ. આ અરસામાં સંઘનો ઉહાપોહ વધ્યો કે પ્રભુશ્રીજી ગૃહસ્થ શ્રીમદ્ સાથે પત્રવ્યવહાર કરે છે. શ્રીમદ્ રાજચંદ્રે પ્રભુશ્રીજીને ચોખવટ કરી કે જીનાગમ આત્મહિત કરવા માટે પત્રવ્યવહાર બાધ નથી, છતાં જે પણ થયું તે માટે પ્રભુશ્રીજીએ પશ્ચાત્તાપ કરવો. લોકો પ્રત્યે સમભાવ રાખવો. મુનિઓની આંજ્ઞાકિત વૃત્તિથી સમાધાન થયું હતું.

ત્યારબાદ થોડા દિવસ પછી શ્રીમદ્ રાજચંદ્ર પધાર્યા ત્યારે ૬ એ મુનિએ બોધ આપ્યો હતો. મુનિએ મોહપત્તી કાઢી આપી, ત્યારે શ્રીમદે મુનિને અને પ્રભુશ્રીજીને બોધ આપ્યો કે સાધુધર્મ કદી છોડતા નહીં. ત્યારબાદ પ્રભુશ્રીજીના પુણ્ય પ્રભાવથી સંઘમાં કોઈ વાત કરતા નહીં. શાંતિ ફેલાઈ હતી

**ઉંમર વર્ષ ૪૩ : આત્મસિદ્ધિ શાસ્ત્રની રચના**

પ્રભુશ્રીજીની પ્રેરણાથી સૌભાગભાઈએ શ્રીમદ્ રાજચંદ્રને વિનંતી કરી કે ૬ પદનો પત્ર યાદ રહેતો નથી તો કાવ્યરૂપે લખી આપો. માત્ર વીસ જ દિવસમાં ફક્ત દોઢ કલાકમાં, નડિયાદમાં અંબાલાલભાઈની હાજરીમાં ૧૪૪ ગાથાની આત્મસિદ્ધિની રચના શ્રીમદ્ રાજચંદ્રે કરી. આ આત્મસિદ્ધિમાં બે ગાથા સૌભાગ્યભાઈના સત્સંગના ઉપકાર અર્થે લખેલી તે પાછળથી કાઢી નાખી. મુમુક્ષુગણ માટે ૧૪૨ ગાથામાં પ્રદર્શિત થઈ. શરૂઆતમાં યોગ્યતા પ્રમાણે ફક્ત ૪ જણાને માટે અવગાહન કરવા અંબાલાલભાઈને નકલ બનાવવા કહેલું. તેથી સૌભાગભાઈ, પ્રભુશ્રીજી અને માણેકલાલભાઈને નકલ મોકલાવી હતી. પ્રભુશ્રીજીએ સદ્‌ગુરુપ્રસાદની પ્રસ્તાવનામાં લખ્યું કે વૃદ્ધને લાકડીની ગરજ સારે એવું કૃપાળુદેવે અમને બોધ આપીને કર્યું છે. આત્મસિદ્ધિ સર્વ આગમનો સાર છે. ગાગરમાં સાગરને સમાવી વિતરાગપ્રભુનાં બોધના અનુયાયી બનાવ્યા છે. આ કાવ્યની ભાષા પ્રમાણે સરળ શબ્દોમાં સમજણ આપી, સમકિતની પ્રાપ્તિ થઈ

જાય એવો ઉપકાર કર્યો છે.

**ઉંમર વર્ષ ૪૪ :** આ સમયમાં સૌભાગભાઈનો ૭૩ વર્ષની વયે દેહ છૂટી ગયો. શ્રીમદ્ રાજચંદ્રે લખ્યું કે આ કાળમાં, આ ક્ષેત્રે સૌભાગ જેવા વિરલા પુરુષ મળે એમ અમને વારંવાર ભાસે છે. તે વખતે પ્રભુશ્રીજીનું ચોમાસું વસોમાં હતું અને શ્રીમદ્ કાવઠીમાં પધારેલા. પ્રભુશ્રીજી ગામમાં સર્વને કહેતા કે એક મહાત્મા પધાર્યા છે, તેથી ગામના લોકો શ્રીમદ્જીને મળવા જતા. શ્રીમદ્ રાજચંદ્રે પ્રભુશ્રીજીને કહેલું કે કોઈ મુમુક્ષુ મળવા આવે અને સાધનાની ઈચ્છા હોય તો, સપ્તવ્યસન, સાત અભક્ષ્ય, રાત્રી ભોજનનો ત્યાગ, સ્મરણ મંત્ર, ક્ષમાપના, વિસદોહરા, સત્સમાગમ અને સત્શાસ્ત્રનું નિરંતર સેવન કરવા જણાવવું.

**ઉંમર વર્ષ ૪૫ :** તે વખતમાં મુનિ દેવકરણજી અમદાવાદમાં વિચરતા હતા. શ્રીમદ્જી નરોડા પધાર્યા એટલે મુનિઓને જંગલમાં મળવા બોલાવેલા. શ્રીમદ્જી મુનિઓને ભાગોળે મળ્યા એટલે મુનિઓ સાથે જોડાને કાઢી, સાધુના પગ દાઝતા હશે એમ કહી જંગલ તરફ ચાલવા માંડ્યું. શ્રીમદ્જી જંગલમાં બિરાજ્યા ત્યારે પગમાંથી લોહીની ધારા વહેતી હતી, છતાં હાથ સુદ્ધાં ફેરવ્યો નહોતો અને કહ્યું કે હવે અમે તદ્દન અસંગ થવા ઈચ્છીએ છીએ.

ત્યાર બાદ શ્રીમદ્ રાજચંદ્ર ઈડર પધાર્યા હતા. પ્રભુશ્રીજી બોધ માટેની ઉત્કંઠામાં ઈડર પહોંચ્યા. શ્રીમદે વનમાં ૭ મુનિને આંબાના ઝાડ જે પ્રભુશ્રીજી માટે કલ્પવૃક્ષ સમાન હતું, ત્યાં ખૂબ બોધ આપ્યો હતો. મુનિઓને ઈડરનાં ઘંટીયા પહાડનાં દેરાસરનાં દર્શન કરાવી, એક દિવસ એકાંત જગ્યામાં ગુફાની પાસે જ્યાં એક વાઘ પણ આવતો, ત્યાં મુનિઓને સમાધિ અવસ્થામાં, અખંડ બોધની ધારામાં અદ્ભુત દર્શન કરાવેલા. અંબાલાલભાઈ જેમની સ્મરણ શક્તિ એટલી તીવ્ર હતી કે શ્રીમદે ત્રણ કલાક બોધ આપ્યો હોય તો અક્ષરે અક્ષર લખી શકતા, તેમણે મુનિઓને પત્ર લખ્યો હતો કે જગતમાં મારાપણું છોડી લોકોને અમૃતમય કરવા આપ વીતરાગભાવ સેવો છો. પ્રભુશ્રીજીને શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું હતું કે અંબાલાલભાઈ પરમપદને પામશે.

**ઉંમર વર્ષ ૪૬-૪૭ :** ઈડર પછી ખેરાળુ, નડિયાદ, સોજીત્રા અને અમદાવાદમાં ચોમાસું કરેલું. તે વખતે શ્રીમદ્જીએ એક વખત પ્રભુશ્રીજીને કહ્યું કે શું અમારી પાછળ પડ્યા છો? અમારો કેડો મુકતા જ નથી. તેથી પ્રભુશ્રીજીએ નક્કી કર્યું કે હવે શ્રીમદ્ જ્યાં સુધી ન બોલાવે ત્યાં સુધી નહીં જવું.

સવારનાં આગાખાન બંગલે શ્રીમદે પ્રભુશ્રીજી અને દેવકરણ-મુનિને બોલાવી કહ્યું, અમારી દશા એક વીતરાગ બીજું કંઈ વેદન કરતી નથી. અમારામાં અને વીતરાગમાં ફેર ગણાશો નહીં. બંને મુનિઓને શ્રીમદ્જી માટે તેવી જ શ્રદ્ધા હતી, પણ શ્રીમદજીના સ્વમુખે સાંભળી પરમ ઉલ્લાસ થયો અને જતા પહેલાં કૃપાળુદેવે પોતાનું હૃદય ખોલીને વાત કરી તેથી પ્રભુશ્રીજી અને દેવકરણજીને પરમ સતોષ થયો હતો.

**ઉંમર વર્ષ ૪૮ : શ્રીમદ્ રાજચંદ્રનો દેહવિલય**

પ્રભુશ્રીજી કાવીઠામાં હતા ત્યારે ખબર મળ્યા કે શ્રીમદ્ રાજચંદ્રનો દેહવિલય થયો, તે જ પળે પ્રભુશ્રીજી જંગલમાં ચાલી ગયેલા અને એકાંતમાં કાયોત્સર્ગ અને ભક્તિમાં દિવસ પસાર કરેલા.

**વચનામૃત :** શ્રીમદ્ રાજચંદ્રનો ૩૪મા વર્ષે દેહવિલય થયો. તે પહેલાં બે વર્ષ અગાઉ અંબાલાલભાઈએ શ્રીમદ્જીએ જે વ્યક્તિઓને પત્ર લખેલા તેમની નકલ ભેગી કરી એક પુસ્તક તૈયાર કરેલું. આ પુસ્તકને શ્રીમદ્ રાજચંદ્રે વાંચી જોઈતા સુધારા વધારા કરી, તેની સોંપણી પ્રરમશ્રુત પ્રભાવક મંડળને કરેલી. આ પુસ્તકની પહેલી આવૃત્તિ, શ્રીમદ્નાં દેહવિલય પછી પાંચ વર્ષે પરમશ્રુત પ્રભાવક મંડળે પ્રકાશિત કરી હતી. જેન 'વચનામૃત' રૂપે આજે મુમુક્ષુઓ જાણે છે. જેની પ્રત પ્રભુશ્રીજી હંમેશાં પોતાની સાથે રાખતા હતા. બીજા ખૂટતા પત્ર સાથે અને બાકી રહી ગયેલી શ્રીમદ્ રાજચંદ્રની સર્વ કૃતિ સાથે શ્રી બ્રહ્મચારીજીએ ૧૯૫૧માં અગાસ આશ્રમથી પહેલી આવૃત્તિ પ્રકાશિત કરી હતી.

તે અરસામાં પ્રભુશ્રીજી ગુજરાતમાં ન રહેતા બે વર્ષ માટે મોહનલાલ મુનિ સાથે દક્ષિણમાં ધરમપુર થઈને કરમાળામાં ચોમાસું કરેલું. ભીલ પ્રદેશમાં વિચરી, નિર્ભયતા સાથે પ્રેમની લાગણી પ્રભુશ્રીજીએ ફેલાવી હતી. તે વખતમાં દેવકરણજી મુનિનો દેહત્યાગ થયો તેથી મુનિ ચતુરલાલજી પણ કરમાળા ગયા હતા. અંબાલાલ-ભાઈ પણ કરમાળા ગયા હતા. તે દરમ્યાન પ્રભુશ્રીજીએ સંઘમાં ૩૦ વર્ષથી ચાલી આવતા અણબનાવનું સમાધાન કર્યું હતું. ત્યાંથી પ્રભુશ્રીજી ઘોડ નદી આવી. જૈન સાધ્વીજીનું સમાધિમરણ કરાવ્યું હતું. દક્ષિણથી પાછા ફરતાં મુનિ ચતુરલાલજીને ભીલ લોકોએ રંજાડ્યા હતા પણ પ્રભુશ્રીજીને જોઈને નરમ થઈ ગયા.

**ઉંમર વર્ષ ૫૦ થી ૫૩ :** રાણકપુર, વડાલી, ધંધુકા, ચારણિયા, તારાપુર, ભાવનગરથી વટામણ આવ્યા. વટામણમાં ખબર પડી કે પ્લેગ ફેલાયો છે. અંબાલાલભાઈ ૩૭ વર્ષની ઉંમરે, જેમણે કોઈની સેવામાં હાજર રહેવાનું વચન આપેલું તેમને પ્લેગ થવાથી દેહવિલય થયો.

**ઉંમર વર્ષ ૫૩ થી ૬૦ :** જૂનાગઢ તથા બગસરામાં ચોમાસા કર્યા.

**ઉંમર વર્ષ ૬૬ : અગાસ આશ્રમની સ્થાપના**

પાલીતાણામાં ચોમાસા દરમ્યાન રત્નરાજમુનિ સાથે સારો

*તું ગમે તે ધંધાર્થી હો, પરંતુ આજીવિકાર્થે અન્યાયસંપન્ન દ્રવ્ય ઉપાર્જન કરીશ નહીં.*

સમાગમ થયો હતો. જે પછીથી નડિયાદમાં થયો હતો. ફેણાવના રણછોડભાઈને પ્રભુશ્રીજીનો રંગ લાગી ગયો હતો. બાંધણીવાળાનાં આગ્રહથી આણંદ થઈને પ્રભુશ્રીજી સીમરડા પધાર્યા હતા. ત્યાં નાર, બોરસદ, સુણાવ, ભાદરણ અને કાવીઠાથી મુમુક્ષુ મંડળ આવેલું. સીમરડા ગામમાં પ્રભુશ્રીજીએ પર્યુષણ કરેલા અને સંદેશરમાં ખૂબ જ ભક્તિ થઈ ત્યારે ઉલ્લાસમાં ભાઈશ્રી જીજીભાઈ કુબેરદાસે અગાસ સ્ટેશન પાસે આવેલું ખેતર આશ્રમ બાંધવા આપ્યું હતું. શ્રીમદ્ રાજચંદ્ર જ્યારે પ્રભુશ્રીજી સાથે અગાસ આવેલા ત્યારે એવું ઉદ્બોધન કરેલું અહિંયા આશ્રમ થશે.

શ્રીમદ્જીનાં દેહોત્સર્ગ પછી 'મુંબઈ સમાચાર'માં કોઈ મુમુક્ષુએ જાહેરાતરૂપે પ્રભુશ્રીજી અને દેવકરણમુનિને વિનંતી કરેલી, તેની નકલ પ્રભુશ્રીજીનાં પત્રસંગ્રહમાંથી મળેલ. તે વિનંતીમાં અમુક ભક્ત વર્ગ તરફથી જ્ઞાનમંદિર આશ્રમ યોજના સ્થાપન કરવાની હતી. આ સંદર્ભમાં શ્રીમદ્ રાજચંદ્રે પત્રાંક ૭૦૮માં લખેલું કે મૂળ માર્ગ પ્રગટ કરવા માટે સર્વસંગ પરિત્યાગ કરવો યોગ્ય છે. અને તે થાય તો અમારાથી હજારો માણસો મૂળ માર્ગને પામે પણ ઘણી વાર આત્માને તાવી જોયા પછી તે સંભવ હવેની દશામાં ઓછો લાગે છે. શ્રીમદ્ રાજચંદ્રના પરમભક્ત લઘુરાજસ્વામીએ આશ્રમનું નામ 'શ્રી સનાતન જૈન ધર્મ, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ' આપીને મુમુક્ષુગણ ઉપર અથાગ ઉપકાર કર્યો.

૯૮ વર્ષ પછી પણ પ્રભુશ્રીજીએ કરેલો આખા દિવસનો ભક્તિક્રમ સવારનાં ૪-૩૦ વાગ્યાથી તે રાતનાં ૯-૩૦ સુધી એક ધારો ચાલી રહ્યો છે તે મોટા પુરુષની કૃપા છે.

**ઉંમર વર્ષ ૭૦:** ૧૮ વર્ષની વયે શ્રી ગોવર્ધન પટેલ (બ્રહ્મચારીજી) જે બી.એ. ભણી, આણંદમાં શાળાનાં આચાર્ય હતા, તેઓ પ્રભુશ્રીજીથી પ્રભાવિત થઈ, ત્રણ વર્ષ પછી કુટુંબની રજા લઈ, પ્રભુશ્રીજીના દેહત્યાગ સુધી અખંડ એમની સેવા કરી.

**ઉંમર વર્ષ ૭૧:** પ્રભુશ્રીજીએ સમેતશિખર જઈ, પુનામાં માણેકલાલ શેઠને ત્યાં ચોમાસું કરેલું. તે વખતે તેમના પુત્ર મોહનભાઈને આશ્રમમાં ગાદી ઉપર બેસાડવા કોશિષ થઈ, એટલે પ્રભુશ્રીજીએ બહુ જ નારાજ થઈ દુ:ખ વ્યક્ત કરેલું કે સ્વામીનારાયણની જેમ પ્રથા સ્થાપવાની નથી.

એક દિવસ પુનામાં ૧૦૦ જેટલાં મુમુક્ષુભાઇઓને કહ્યું કે સદ્ગુરુ તો એક જ અને તે શ્રીમદ્ રાજચંદ્ર છે. ત્યારબાદ સર્વને ઊભા કરી શ્રીમદ્જીની છબી પાસે ઊભા રાખી કહેવડાવ્યું કે 'સંતનાં કહેવાથી, મને કૃપાળુદેવની આજ્ઞા મારે માન્ય છે.' ત્યારબાદ પ્રભુશ્રીજીએ કહ્યું કે અમારી છબી રાખવી હોય તો એક મિત્ર તરીકે રાખવી. આ વાતનાં અમે જામીન છીએ કે શ્રીમદ્ રાજચંદ્રને જે માનશે તેની ઓછામાં ઓછી દેવગતિ થશે.

**ઉંમર વર્ષ ૭૩:** પ્રભુશ્રીજીએ આશ્રમમાં દિગંબર, શ્વેતાંબર તથા ગુરુમંદિરની પ્રતિષ્ઠા કરી. ગુરુમંદિરમાં શ્રીમદ્ રાજચંદ્રની પ્રતિમા જોઈ અત્યંત ઉલ્લાસિત થયા હતા અને કહેલું કે જે કોઈ મુમુક્ષુ શ્રીમદ્ રાજચંદ્રની આજ્ઞામાં રહેશે તેને સમકિતનો ચાંદલો થશે.

**ઉંમર વર્ષ ૭૧ થી ૮૨:** દસ વર્ષ પ્રભુશ્રીજીએ આશ્રમમાં ચોમાસુ કર્યું હતું તે દરમ્યાન પ્રભુશ્રી ભાદરણ, ધર્મજ, ભરૂચ, નિકોશ, જગડીયા, કબીરવડ, કરમસદ, સુણાવ, કાવિઠા, સીમરડા, નાર, નડિયાદ, અંધેરી, નાર, પેટલાદ, દંતાલી અને ૮૧મા વર્ષે આબુમાં વિચરેલા. પ્રભુશ્રીજીને શ્રીમદ્ રાજચંદ્રનો ખરો રંગ લાગ્યો હતો.

પ્રભુશ્રીજી પોતાની તળપદી ભાષામાં આત્માર્થે ધર્મનો મર્મ સમજાવતાં; જેમ કે તારી સમજણ પર માંડ મીંડું અને ચોકડી, તારી વારે વાર, વાની મારી કોયલ, મંછાના પાણી ભરી લેવા વગેરે.

આશ્રમમાં પ્રભુશ્રીજી ઘણાંના સમાધિમરણના નિમિત્ત બન્યા હતા. પ્રભુશ્રીજીનાં જ્ઞાનની નિર્મળતા હોવાથી, ડૉ. શારદાબેન પંડિત જેમને કૃપાળુદેવની ભક્તિનો રંગ લાગેલો, તે અમદાવાદમાં બીમાર હતા અને થયું કે હવે મરણ સમયે આશ્રમ નહીં પહોંચું તો અચાનક હીરાભાઈને પ્રભુશ્રીજીએ અમદાવાદમાં કાર્યક્રમ ગોઠવવા વિનંતી કરી અને અમદાવાદ જઈ શારદાબેનના સમાધિમરણમાં નિમિત્ત બની એમનાં આત્માને શાંતિ કરાવી હતી. નડિયાદમાં પણ એવી ઘટના બની હતી.

૮૨ વર્ષની વય, મહાપુરુષ લઘુરાજ સ્વામી (પ્રભુશ્રી) વૈશાખ સુદ ૮ના દિવસે સંવત ૧૯૯૨ ઈ. સ. ૧૯૩૫માં પરમ સમાધિમાં સ્થિતિ કરી, દેહવિલય થયો હતો.

અગાસ આશ્રમથી આજ સુધી લગભગ ૧૨૦ પુસ્તકોનું પ્રકાશન થયું છે.

**૧૯૩૫-૧૯૫૩:** શ્રી બ્રહ્મચારીજીએ આશ્રમની સંભાળ લીધી હતી, વચનામૃત તથા અનેક પુસ્તકનું પ્રકાશન થયું. બ્રહ્મચારીજીએ અનેક પુસ્તકો લખ્યાં તેમાં અદ્ભુત પ્રજ્ઞાવબોધનું પ્રકાશન થયું. પ્રભુશ્રીજીની પ્રેરણાથી લખાયેલ બ્ર. શીતલપ્રસાદજીનું 'સહજ સુખ સાધન'નું ગુજરાતીમાં અનુવાદ સાથે પ્રકાશન થયું.

૧૯૫૩માં બ્રહ્માચારીજીએ સમાધિમૃત્યુની પ્રાપ્તિ કરી હતી.

આજનાં યુગમાં લગભગ ૧૦૦ વર્ષ પૂર્વે વિતી ગયેલા કાળમાં, શ્રીમદ્ રાજચંદ્ર કૃપાળુદેવને સદ્ગુરુ સ્થાપન કરી, શ્રી લઘુરાજસ્વામી પ્રભુશ્રીએ કૃપાળુદેવ પ્રત્યેના અથાગ પ્રેમરૂપે સનાતન જૈન ધર્મ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમની શરૂઆત કરી.

સર્વ ફીરકાઓને શ્રીમદ્ રાજચંદ્રની જ્ઞાનગંગામાં સનાતન જૈન ધર્મનું રસપાન કરાવી, મતમતાંતરમાંથી દૂર કરી, ફરી એકવાર વીતરાગ પ્રભુ મહાવીર સ્વામીના બોધને સરળ ભાષામાં સમજાવી, મુમુક્ષુના હૃદયમાં સિદ્ધાંતની દૃષ્ટિથી જૈન ધર્મની એકતાને કાયમ કરી છે. આનાથી આવનાર યુગમાં જૈન પ્રજાને યથાર્થ બોધનો લાભ થશે અને જગતને જૈન ધર્મનો પ્રભાવ સમજાશે. ✷ ✷ ✷

*મોબાઈલ: ૯૧૬૭૭૮૨૮૮૪*

# સંતકવિ શ્રીમદ્ રાજચંદ્રજીનાં 'સુબોધ સંગ્રહ'માં નારી ચેતનાને જાગૃત કરતી ગરબીઓ તથા અન્ય પદો

□ ફાલ્ગુની ઝવેરી

*[ ફાલ્ગુની ઝવેરીએ શ્રીમદ્‌નાં પ્રારંભિક કાવ્યો પર એમ. ફિલ. કર્યું છે. હાલ મુંબઈ વિદ્યાપીઠના ગુજરાતી વિભાગમાં કબીર અને શ્રીમદ્‌જી વિશે તુલનાત્મક દૃષ્ટિએ પીએચ. ડી કરી રહ્યાં છે. ]*

બહુરત્ના વસુંધરા ઉક્તિને સાર્થક કરતી, ભારતની ભૂમિમાં અનેક મહાત્મારૂપી રત્નો પાક્યાં છે. તેમાં પણ સૌરાષ્ટ્રની પવિત્ર ભૂમિનાં ફળદ્રુપ ઉદરેથી વિશ્વને કેટલાંય સંતો, યુગપ્રવર્તકો અને સર્જકરત્નો મળ્યાં છે. આવા જ એક અલૌકિક રત્ન મહાત્મા ગાંધીજીનાં મહાત્મા સંતકવિ શ્રીમદ્ રાજચંદ્રજીનો વિક્રમની વીસમી શતાબ્દિમાં ધન્ય ભૂમિ સૌરાષ્ટ્રના શાંત રળિયામણા બંદર વવાણિયામાં પ્રાદુર્ભાવ થયો હતો.

મહાપુરુષોનાં જીવનની આસપાસ સૂચક ઘટનાઓનું વર્તુળ ઉદ્‌ભવતું હોય છે, તેમ સંતકવિ શ્રીમદ્‌જીના જન્મ પહેલાં સેવાભાવી દંપતી શ્રી રવજીભાઈ અને દેવબાઈને કુળદીપક પુત્રના માતા-પિતા થવાની આશિષો મળેલી. વવાણિયાના યોગિની રામબાઈએ તેમના પુત્ર વિષે આગાહી કરતાં કહ્યું હતું કે તે શરદના ચંદ્રમા જેવો કવિઓમાં શિરોમણી થશે તે પુત્ર સોરઠની નામના વધારશે, તેના મંદિરો થશે અને તેના શબ્દે શબ્દે જ્ઞાનીઓ તથા સાધકો સિદ્ધિ મેળવશે. ઈ. સ. ૧૮૬૭ની કાર્તિક પૂર્ણિમાએ પૂર્ણચંદ્ર જેવા પ્રભાવશાળી નરરત્નનો જન્મ થયો.

પુત્રનું નામ લક્ષ્મીનંદન રાખવામાં આવ્યું પરંતુ ચાર વર્ષની વયે રાયચંદ રાખવામાં આવ્યું, અને પછી આ અદ્‌ભુતજ્ઞાનશ્રી સંપન્ન પુરુષનું 'શ્રીમદ્ રાજચંદ્રજી' એવું ગુણનિષ્પન્ન નામ બની ગયું. તેમનો સાત વર્ષ સુધીનો બાલ્યકાળ નિર્દોષ રમત-ગમતમાં, ઉન્નત કલ્પનાઓમાં અને જીવનમાં આગળ રહેવાની ભાવનાઓમાં વ્યતીત થયો હતો. વસ્ત્ર પહેરવાની, સ્વચ્છતા રાખવાની, ખાવા-પીવાની, સૂવા-બેસવાની બધી ચેષ્ટા તેમની વિદેહી હતી. રમતગમતમાં વિજય મેળવવાની અને રાજેશ્વર જેવી ઊંચી પદવી મેળવવાની તેમને જીજ્ઞાસા રહ્યા કરતી. સરળતા, તેજસ્વિતા, સાત્ત્વિકતા, નિસ્પૃહતા જેવા અનેક ગુણો તેમનામાં સહજ ખીલેલાં હતા. તેમનો હસમુખો ચહેરો તથા મૃદુ અને વહાલું બોલવું દરેકને મનમોહક થઈ પડતું હતું. તેમની બુદ્ધિપ્રતિભા અને અદ્‌ભુત સ્મરણશક્તિને કારણે વિદ્યાદેવી સરસ્વતી જન્મથી જ પ્રસન્ન હોય તેમ જણાતું હતું.

સંતકવિ શ્રીમદ્‌જીને ઈ. સ. ૧૮૭૪માં સાત વર્ષની વયે જાતિસ્મરણજ્ઞાન પ્રગટ્યું હતું. જાતિસ્મરણજ્ઞાન એટલે પોતાના પૂર્વના એક અથવા વધુ ભવોનું જ્ઞાન, અને પછી તે જ્ઞાનમાં ઉત્તરોત્તર વધારો થયો હતો. આ જ્ઞાને શ્રીમદ્‌જીની સંસાર પ્રત્યેની દૃષ્ટિ બદલાવામાં ખૂબ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. સંસારની અસારતા, આત્માના અસ્તિત્વની ખાતરી થતાં તેમનાં પારમાર્થિક જીવનનો વિકાસ અતિ ઝડપી બન્યો.

**વિદ્યાભ્યાસની ત્વરિતતા અને બાળપણનાં ધાર્મિક સંસ્કારો**

સંતકવિ શ્રીમદ્‌જી પ્રથમથી જ પ્રતિભાશાળી બાળક હતા. સ્મૃતિનું સતેજપણું, હૃદયની સરળતા, વાણીની સ્પષ્ટતા, વિચારની નિર્મળતા, સ્વભાવનું ગાંભીર્ય આદિ ગુણો તેમનામાં બાળપણથી વિકસ્યા હતા. સાત વર્ષની વયે નિશાળમાં શ્રીમદ્‌જીની અસાધારણ સ્મરણશક્તિને કારણે શિક્ષક પણ આશ્ચર્યચકિત થયેલા. તેમનું વાંચન ખૂબ વિશાળ હતું. આઠ વર્ષની ઉંમરે કવિતા રચવાની શરૂઆત કરેલી. માતાએ સિંચન કરેલા જૈન ધર્મના સંસ્કાર અને જૈનધર્મીઓના સંસર્ગથી, પ્રતિક્રમણસૂત્ર આદિ પુસ્તકોથી ક્ષમા, મૈત્રી તથા અહિંસાના પાયા ઉપર રચાયેલા પરમોદાત્ત વિચારો તેમના હૃદયને સ્પર્શી ગયા. તેમનો ઉર્ધ્વગામી આત્મા વૈરાગ્યપ્રધાન જૈન ધર્મ પ્રત્યે વધુ આકર્ષાયો. ષડ્‌દર્શનરૂપ મહાસમુદ્રનું મંથન કરી તત્ત્વનવનીતની પ્રાપ્તિનું ભગીરથ કાર્ય તેમણે આદર્યું હતું.

આત્માની વિદ્યમાનતા, નિત્યતા, કર્મકર્તાપણું, કર્મભોકતાપણું, મુક્તિ અને મુક્તિના ઉપાયની સાધના તે તેમનું જીવનલક્ષ્ય બન્યું.

સોળ વર્ષ અને પાંચ માસની ઉંમરે વિ. સં. ૧૯૪૦માં 'મોક્ષમાળા' નામનો દર્શનપ્રભાવક ગ્રંથ તેમણે લખ્યો હતો. શ્રીમદ્‌જીની અસાધારણ પ્રજ્ઞા વિવિધ વિષયના અનેક ગ્રંથોનો સાર ગ્રહી, મોક્ષમાર્ગમાં ઉપયોગી એવા ગ્રંથના સર્જન દ્વારા જનસમુદાયનું કલ્યાણ કરવામાં પ્રવૃત્ત થઈ. તત્ત્વજ્ઞાનના ૧૦૮ દૃષ્ટાંતસભર પાઠ દ્વારા જૈન ધર્મના ગૂઢ સિદ્ધાંતોનું નિરૂપણ કર્યું. બાર ભાવનાનું પરમ ભાવવાહી સ્વરૂપ આલેખતો 'ભાવનાબોધ' નામનો ગ્રંથ તેઓશ્રીએ રચ્યો. તેમણે પોતાના જીવનના મુખ્ય

પ્રસંગો અમર કરનાર કાવ્યમાં પ્રકાશ્યું છે–

*'ઓગણીસસેં ને બેતાળીસે, અદ્‌ભુત વૈરાગ્ય ધાર રે...'*

આમ કવિતાની સંરચનાની તાત્ત્વિક શોધયાત્રાનું વાઙ્‌મયરૂપ એટલે સંતકવિ શ્રીમદ્‌જીનું સર્જન.

**કિશોરાવસ્થામાં અદ્‌ભુત શક્તિઓનો આવિર્ભાવ**

**અવધાનશક્તિ**

અવધાનશક્તિ એટલે વિશિષ્ટ પ્રકારની તીવ્ર સ્મરણશક્તિ. એક સાથે અનેક વસ્તુ યાદ રાખી, ભૂલ કર્યા વિના અનેક કાર્યોમાં ઉપયોગ રાખવાની શક્તિને અવધાનશક્તિ કહેવામાં આવે છે. ઓગણીસ વર્ષની વયે મુંબઈમાં ફરામજી કાવસજી ઈન્સ્ટિટ્યૂટમાં અગ્રગણ્ય મહાનુભાવોની હાજરીમાં એકસો અવધાન કર્યા હતા.

અદ્‌ભુત જ્ઞાનાવતાર વિદેહીદશાવિભૂષિત, સ્વરૂપમગ્ન, તત્ત્વજ્ઞશિરોમણિ સંતકવિ શ્રીમદ્ રાજચંદ્રજી જેવી વિશ્વની અલૌકિક વિરલ વિતરાગ વિભૂતિના અક્ષરદેહની કીર્તિસૌરભ આજે એકવીસમી સદીમાં સર્વત્ર પ્રસરતી જાય છે.

સંતકવિ શ્રીમદ્‌જીના વિવિધ લખાણોને 'શ્રીમદ્ રાજચંદ્ર' નામના ૮૩૩ પાનાના એક બૃહદ્ ગ્રંથમાં એકત્રિત કરવામાં આવ્યા છે. તેઓશ્રી દ્વારા લખાયેલા પત્રો તેમના સાહિત્યનો મોટો ભાગ છે. આ પત્રોમાં પરમાર્થવિચારણાને મુખ્ય સ્થાન મળ્યું છે. તેમણે પ્રાણીમાત્રના રક્ષક, બાંધવ અને હિતકારી એવા વીતરાગના પરમશાંતરસમય ધર્મની મુક્ત કંઠે પ્રશસ્તિ કરી, જન્મ-જન્મમરણાદિ બંધનરૂપ સંસારથી વિરામ પામવા સર્વોત્કૃષ્ટ વીતરાગધર્મનો આશ્રય કરી, પ્રમાદ છોડી, રત્નચિંતામણિ સમાન મનુષ્યદેહને સાર્થક કરવાનું ભાવવાહી આહ્‌વાન કર્યું છે. શ્રીમદ્‌જીના પત્રોમાં સર્વત્ર આત્મા, આત્મા અને આત્માનો જ દિવ્ય ધ્વનિ ગુંજી રહ્યો છે.

શ્રીમદ્‌જીએ રચેલા 'મોક્ષસુબોધ', 'મોક્ષમાળા', 'ભાવનાબોધ', 'પ્રતિમાસિદ્ધિ' અને 'શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર' ગ્રંથો મુમુક્ષુઓને પરમ પાથેયરૂપ છે. ભાવપૂર્ણ ગદ્યપ્રાર્થનાના પાઠ 'ક્ષમાપના'માં પ્રભુ પાસે કેવી રીતે ક્ષમા માંગવી તે વિષયને સંતકવિએ આત્મનિવેદનરૂપે તેમાં વણી લીધો છે. 'અમૂલ્ય તત્ત્વવિચાર'ના અર્થગંભીર કાવ્ય પરથી તેમની ઉચ્ચ કવિત્વશક્તિ અને ઊર્ધ્વગામી આધ્યાત્મિક કક્ષાનો ખ્યાલ આવે છે. 'પૂર્ણમાલિકા' મંગલ કાવ્યમાં રવિ, સોમ આદિ અઠવાડિયાના સાત વારના નામ શ્રીમદ્‌જીએ પરમાર્થ યુક્તિથી યોજી, સિદ્ધિપદની પ્રાપ્તિ સુધીનો વિકાસ દર્શાવ્યો છે.

'કાળ કોઈને નહીં મૂકે', 'ધર્મ વિષે', 'શ્રી શાંતિનાથ ભગવાન સ્તુતિ', 'છત્ર-પ્રબંધસ્થ પ્રેમ-પ્રાર્થના', 'દોહરા', 'ભિન્ન ભિન્ન મત દેખીએ', 'લોકપુરુષ સંસ્થાને કહ્યો', 'ત્રણ દોહરા', 'બિના નયન પાવે નહીં', 'હે પ્રભુ! હે પ્રભુ! શું કહું', યમનિયમ સંજમ આપ કિયો', 'જડ ભાવે જડ પરિણામે','મૂળ મારગ સાંભળો જિનનો રે', 'ઈચ્છે છે જોગીજન' ઇત્યાદિ કાવ્યો દ્વારા વહેતી સંતકવિની વૈરાગ્યપોષક, આત્મબોધક, જનકલ્યાણકારી, અમૃતમયવાણી સહુના હૃદયમાં ધર્મભાવના સ્ફુરાવે તેવી છે.

આત્માના વિષયમાં મહાગીતસમું અને આત્મોપનિષદરૂપ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર સંતકવિ શ્રીમદ્ રાજચંદ્રજીના સાહિત્યમાં મુગટમણિ સમાન છે.

આચાર્ય ભરતમુનિએ અનુભૂતિએ, અનુભૂતિએ અને વ્યક્તિભેદે ચૈતસિક સ્થિતિનું સૂક્ષ્મ અને વ્યાપક, વિશ્લેષણ કરી અનેક ભાવો ગણાવ્યા છે, જેમાં આઠ સ્થાયી ભાવો છે. જે આપણને શાંત ભાવ તરફ લઈ જાય છે. એ છે 'विभावानुभाव्याभिचारिसंयोगातरसनिष्पतिः'

વિભાવ, અનુભાવ અને વ્યાભિચારી ભાવોના સંયોગથી રસની નિષ્પત્તિ થઈ તેમાંથી સૌંદર્યબોધ નિપજે છે. ભારતીય રસસિદ્ધાંત છ કાવ્યશાસ્ત્રીય સિદ્ધાંતોમાં એવરેસ્ટ જેવો ઉત્તુંગ છે. આ વિષયમાં પાશ્ચાત્ય વિદ્વાનોને સાહિત્યિક વિચારણામાં રસ અને યાદચ્છિક જોડાણની તક મળી છે. મધ્યકાલીન યુગની ભક્તિકવિતાથી અર્વાચીન, આધુનિક, અનુઆધુનિક યુગને એકસૂત્રે કે વિવિધ સૂત્રે સાંકળી લેતા જુદા જુદા ismને આજના સંદર્ભે રસપૂર્વક ભાવનથી આનંદ અને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. કાવ્યની સર્જન પ્રક્રિયાનું વર્ણન કરતાં ભટ્ટ તૌત કહે છે: જે ઋષિ ન હોય તે કવિ ન બની શકે, તત્ત્વનું જેને દર્શન થાય તે જ કવિ થઈ શકે.

મેકલિશની જાણીતી ઉક્તિ છે: `The poem should not be me, but being'.

આ મનુષ્યલોકે દ્વંદ્વથી નિબદ્ધ એવા શાંત ઐહિક અસ્તિત્વ પાછળ છુપાયેલી અનંત સ્વરૂપ ચેતનાની નિગૂઢ અનુભૂતિઓમાં જ જેઓએ કલાનું અધ્યાત્મ-દર્શનનું સાર્થક્ય પ્રમાણ્યું છે અને કાલાંતરે જેઓ નિજની કલાતપસ્યા દ્વારા તેના અમૃતસ્પર્શને પામ્યા તેવા વિતરાગવિજ્ઞાની, વૈરાગી સંતકવિ શ્રીમદ્ રાજચંદ્રજી અંધારપટના અવકાશમાંથી `being'ની અવસ્થામાં વિચરનાર, દેહમાં રહીને 'જીવનમુક્તદશાવિહારી' બની પ્રશ્ન પૂછે છે–'હું કોણ છું, ક્યાંથી થયો. શું સ્વરૂપ છે મારું ખરું?'

દેહમાં રહેલ આત્માનો અનુભવ કરનાર, ગ્રંથિભેદ કરનાર, સ્વસ્વરૂપને જાણનારની, અધ્યાત્મરસમાં ડૂબેલી આ વાણી છે.

તેઓશ્રી કહે છે–'કાવ્ય, સાહિત્ય કે સંગીત આદિ કળા જો આત્માર્થે ન હોય તો કલ્પિત છે.' કવિતાનું આત્મકલ્યાણાર્થે પ્રયોજન થાય તો જીવને તે ગુણની ક્ષયોપશમતાનું ફળ છે. આત્મ-અનુભવનની લગની, એની સુરતા, એની જ લય, તેમાં ઘૂંટાતી બ્રાહ્મીવેદના જ્યારે સાહિત્યપિપાસામાં પરિણમે ત્યારે કાવ્યકલા

સમાધિની પગદંડી અર્પે. મનુષ્યને ઉર્ધ્વગમન (elevation) તરફ લઈ જાય છે.

એની ક્રિયાશક્તિ પાછળ શક્તિ વિલસે છે. તે શક્તિનું પરમ સ્વરૂપ આદ્યશક્તિના રૂપે છે. ગરબીની વ્યુત્પત્તિ વિશે કહેવાય છે.

ગરબા–દીપ ગર્ભ–ઘટ–ગરબો.

ગરબો શબ્દનું મૂળ 'ગર્ભદીપ' તરીકે માનવામાં આવ્યું. તેમાં છિદ્રો હોય છે. આ માટીના ગરબામાં વચ્ચે દીવો મૂકવામાં આવે છે. યુવતીઓ, નારીઓ માથે મૂકીને ગોળાકારે નૃત્ય કરે છે, ઘૂમે છે, ઝીલે છે ત્યારે છિદ્રોમાંથી દીપકનો પ્રકાશ ચોમેર ફેલાય છે. આત્મતેજને ફેલાવવાનું પ્રતીકાત્મક રૂપ ગરબી-ગરબો છે. ગરબામાં ઝગમગી રહેલ દીવામાંથી અખંડ અજવાળા ઝરે છે ત્યારે મિથ્યાત્વરૂપી અંધકારનો નાશ થાય છે, આત્મસૂર્યનાં સોનેરી કિરણો ભવભ્રમણમાંથી માનવીને મુક્ત કરે છે. ગરબી એ Fine Art છે, Literary performing art છે, Feminine art છે, ગરબી એ વિચાર, ભાવ અને પ્રસંગનું એક સંપૂર્ણ કાવ્ય છે. વિશુદ્ધ અનુભવનું સરળ કથન છે.

ગરબા-ગરબી જે ગુર્જર સંસ્કૃતિનો પ્રાણ છે. સંગીત, નૃત્ય અને ગેયતા જેનો આધારસ્થંભ છે. ગરબીનાં સાધનથી શ્રીમદ્જીએ સ્ત્રીકેળવણીને સાધ્ય બનાવી પ્રચલિત રાગ દ્વારા, સરળ શબ્દોમાં રહેલ ગૂઢ અર્થ દ્વારા લોકજીભે રમતી કરી દીધી.

આજથી ૧૫૦ વર્ષ પહેલાં સમાજમાં નારીવર્ગને બાળલગ્ન, કજોડાં, અજ્ઞાનતા, અંધશ્રદ્ધા અને અનીતિ વગરેનો શિકાર થતાં જોઈ એ બાલાવયે વૈરાગ્ય રંગે રંગાયેલા, આત્મદર્શન પામેલા સંતકવિનું મન દ્રવી ઉઠ્યું. દયા, ક્ષમા, તૃપ્તિ, શ્રદ્ધા, ભક્તિ ઇત્યાદિ નારીની શક્તિનાં વિવિધ રૂપોને કુંઠિત થતાં જોઈ શ્રીમદ્જી એક સુધારકનો રોલ ભજવવા અવાજ ઉઠાવે છે.

તેમણે 'સુબોધ સંગ્રહ'માંની ગરબીઓમાં લોકપ્રચલિત રાગોનો પ્રયોગ કરી સ્ત્રીશિક્ષા, એનો પ્રચાર, કેળવણીના હેતુને એમાં સમાવિષ્ટ કર્યાં. માંડ બે ત્રણ ચોપડી ભણેલી સ્ત્રીઓને સુયોગ્ય પુસ્તકવાંચન તરફ પ્રેરિત કરવા, સમાજ સુધારણાની પ્રતિબદ્ધતા અને લોકકલ્યાણની પ્રીતિ આ ગરબીઓમાં જોવા મળે છે. કિશોરાવસ્થામાં પ્રેમ અને સદ્ભાવમાંથી પ્રગટેલી આ ગરબીઓમાં સન્નારીના સુલક્ષણ સાંભળી દરેક સ્ત્રીઓ એવી બની સમાજનો ઉત્કર્ષ સાધે, સ્વ-પરનું કલ્યાણ સાધે, એક એક સ્ત્રી પોતાના કુટુંબ થકી સર્વનું મંગલ સાધે એવી સુકૃત ભાવના અહીં સ્પષ્ટ થાય છે. ગુજરાતી સાહિત્યના સુધારાકરણમાં જે સુધારાવાદી વલણો જોવા તેઓશ્રીની એવી ભૂમિકા અહીં જોવા મળે છે. આર્યસંસ્કૃતિ રાષ્ટ્રપ્રેમનો એક અવાજ છે તો બીજી તરફ સમાજસુધારણાના ભાગરૂપે જ્ઞાનનો ફેલાવો અને સ્ત્રીશિક્ષણનો ફેલાવો છે. આવા ઉત્તમ હેતુથી શ્રીમદ્જીએ આ ઉપદેશક ગરબાવલી રચી. અહીં તેમનો નારીવાદી અભિગમ ને સુધારાવાદી સ્વભાવ વ્યક્ત થયો છે.

જે જ્ઞાની આગળ જતા તાત્ત્વિકભૂમિકા ભજવવાના છે, તેની સાહિત્યિક, વૈચારિક, મૌલિક ભૂમિકા અહીં નિર્માણ થઈ છે. આત્મજાગૃતિનાં આંદોલનો આ કલ્યાણસાગરમાંથી ઉછળે તેની સાથે નારીવર્ગને અધિકારીવર્ગ બનાવવા ગરબીરૂપી જ્ઞાનગંગાનો ધોધ તેમણે વહાવ્યો. આ ઉપદેશક ગરબાવલિ નારીવર્ગ માટે અંતર્મુખતાનો દીપ પ્રગટાવનારી હરિના માર્ગે તેમને ચલાવનારી અને કુટુંબ-સમાજ-દેશની જવાબદારી નિભાવનારી બની છે.

**'સુબોધ સંગ્રહ'ની ગરબીમાં વ્યક્ત થતી નારી ચેતના**

'સુબોધ સંગ્રહ' સંતકવિ શ્રીમદ્ રાજચંદ્રજીના કિશોર કાળના કાવ્યનો સંગ્રહ છે. સંતકવિ શ્રીમદ્જીની અંદાજે ૧૫ થી ૧૮ વર્ષની ઉંમરની વચ્ચેના ગાળાના આ કાવ્યો છે. તેમના અધ્યાત્મ અને તત્ત્વજ્ઞાનથી આપણે સુપરિચિત છીએ. આત્માના ઉદ્ધાર અર્થે તેમણે રચેલી શ્રેષ્ઠ રચનાઓના પૂર્વકાળની ભૂમિકા 'સુબોધ સંગ્રહ'માં વ્યકત થાય છે.

વિ. સં. ૧૯૪૦માં 'સ્ત્રીનીતિબોધક વિભાગ-૧' જે કુલ ત્રણ વિભાગમાં લખવા વિચાર રાખી, શ્રીમદ્જીએ પ્રથમ ભાગ પોતે જ બહાર પાડ્યો. તેની બધી રચનાઓ અત્યારે 'સુબોધ સંગ્રહ' નામના પુસ્તકમાં મળે છે. આમાં મુખ્યત્વે ત્રણ પ્રકારની રચનાઓ છે. એક-અવધાન દરમ્યાન સ્ફુરેલી શીઘ્ર કવિતાઓ, બે-વિવિધ વિષયો પરની ગરબીઓ અને ત્રણ-હનુમાનસ્તુતિ.

ઈ.સ. ૧૮૮૫-૧૮૮૭ની આસપાસના ગાળામાં ભણતર અને ભાષાનાં ઊંડા જ્ઞાનથી વંચિત મોટા ભાગની સન્નારીઓને અધ્યાત્મ અરૂચિકર લાગે તે પહેલા સાહિત્યના બોધ દ્વારા સાદી સરળ પરમ હિતકારીણી ગુજરાતી માતૃભાષાની સુસંસ્કારી રચનાથી સમાજના નૈતિક મૂલ્યોને જગાડવાનું આંદોલનકારી પગલું કિશોર શ્રીમદ્જીએ ભર્યું. શ્રીમદ્જીએ પોતે બે પાનાની પ્રસ્તાવના બહુ સુંદર રીતે આલેખી છે. પ્રથમ દોહરામાં જ તેઓશ્રી કહે છે–

*'કહે નેપોલિયન દેશને, કરવા આબાદાન,*
*સરસ રીત એ જ કે હો માતાને જ્ઞાન.'*

તેઓના મતે છોકરાઓ પર પિતા કરતા માતાનાં લક્ષણની વધારે અસર થાય છે. એ સમયમાં ગરબીનું રૂપ ઘણું પ્રચલિત હતું. લલિત કલા એ fine art છે. સર્વ લલિતકલાઓ ભાવની ભાષા છે. ગરબો ગુજરાતની સંસ્કૃતિનું વિશિષ્ટ અંગ છે. ગરબાનાં આ નૃત્યપ્રકારની ભાષા વૈશ્વિક છે. ગરબીને શકિતપૂજા સાથે

સંબંધ છે. તેમાં માતાજીની પ્રાર્થના મુખ્યત્વે રહે છે. નવરાત્રિના નવ દિવસ સ્ત્રીઓ માતાજીની માંડવીની આસપાસ ઘડુલિયો માથે લઈને ફરતાં ફરતાં ગાય એ ગરબો કહેવાય છે. માનવનો પ્રભુને પામવાનો પ્રકાર અનોખો છે. માનવહૃદયમાં આનંદોર્મિનું પ્રાગટ્ય ગરબા-ગરબીરૂપે ચાંદનીચોકમાં પ્રગટ થાય છે. ભારતમાં શક્તિતત્ત્વને અધ્યાત્મની ઉચ્ચ ભૂમિકા પર સ્થાપિત કરવામાં આવેલ છે. તેમાં વૈજ્ઞાનિક તથ્ય પણ છે. બ્રહ્મમાં જે કંઈ સત્, ચિત્ અને આનંદ જેવા ગુણો છે તેનો મૂળ સ્રોત શક્તિ જ છે.

'સુબોધ સંગ્રહ'ની ૨૫ ગરબીઓના વિષય અનુસાર ચાર વિભાગ પાડવામાં આવ્યા છે. પ્રથમ ભાગમાં પરમેશ્વર પ્રાર્થના, પરમેશ્વરની લીલા, ભક્તિ, દેહની ક્ષણભંગુરતા, માતાએ પુત્રીને દીધેલી શિખામણ, સમયનો વ્યર્થ વ્યય ન કરવો અને ઉદ્યમ વિષે ગરબીઓ છે. આ ભાગની ત્રણ ગરબીમાં એકસાથે ઈશ્વરનાં સર્વોપરીપણાંને, મહત્ત્વનું ગણાવે છે. આ જીવન પરમેશ્વરે જ આપ્યું છે, તેની પ્રાર્થના તે સહુ કર્મોનો સાર છે. આ પ્રાર્થનાનો લય નાડીમાં લોહીની જેમ વહે તો આત્મગુણના ફૂલો ખીલી જાય. જીવનમાં પરમાત્માના માહાત્મ્યની રેવન્યુ સ્ટેમ્પ લગાડતી આ ત્રણ ગરબીઓ છે.

*ભૂમંડળના રચનાર, નમું તને હેતે રે,*
*એક તું જ દીસે છે સાર, નમું તને હેતે રે.* (પાનું ૯)

'જય જય જગસ્વામી રે' એ પ્રચલિત ઢાળ પર આધારિત આ ગરબી છે. 'નમું તને હેતે રે' એ ધ્રુવપંક્તિ દ્વારા ઈશ્વર પાસે સંતકવિ શ્રીમદ્જી સમર્પણપણાંનો ભાવ વ્યક્ત કરવાની વાત કરી તે સમયના સમાજમાં નારી ચેતનાને અધ્યાત્મ તરફ વાળવા સંતકવિ સહજ, સરળ ભાવની મશાલ લઈ ઊભા છે. બીજી ગરબી 'પરમેશ્વરને ભજવા વિષે', 'વર રે વિઠ્ઠલ કનૈયા રાધિકા' એ રાગમાં છે. સુલક્ષણી નારીને શિખામણ આપતા સંતકવિ કાળ અને ઈશ્વરનો ભય રાખવા કહે છે. કોઈ દામ કે ગમે તેટલી કિંમતથી ઈશ્વરની અમિરાત, તેની સમૃદ્ધિને સરખાવી નથી શકાતી પણ અપરંપાર પ્રીતિથી તે સહજ મળી જાય છે. તેઓ સંસારને માયારૂપી ફંદ જણાવી તેને ત્યજવાનું કહે છે.

*'કાળ હરે છે સર્વને કાં તો સ્વર્ગ કાં નર્ક,*
*રાજાધિરાજ ગયા અરે, થયા એહ તો ગર્ક.'* (પાનું ૧૧)

કાળ સહુ માટે નિશ્ચિત છે, કર્મ પ્રમાણે સ્થાન મળે છે, કાળસત્તા પાસે રાજાધિરાજ પણ ગરક થઈ જાય છે. જે ઉંમરે મોહમાયાનું દુન્યવી આકર્ષણ અસીમ હોય ત્યારે સંતકવિની જીવનમુક્ત અવસ્થાની સમજ તેમના અનુભવજન્યજ્ઞાનથી જ પુખ્ત થઈ હશે તેનો સૂર સંભળાય છે. ઈશ્વર પ્રત્યે સર્વસમર્પણનાં બીજ તેઓશ્રીએ વાવી દીધાં છે.

આઠમી ગરબી 'ઉદ્યમથી થયેલાં કામો વિષે' – સખી પડવેના પડિયા પંથ, નાવ્યા રે – એ રાગ પરથી રચિત છે.

બળદગાડી, ઘોડાગાડીના એ જમાનામાં વિજ્ઞાન, ઔદ્યોગિક વિકાસ, આધુનિકરણની શરૂઆતથી આગગાડી, તાર જેવી સુવિધાઓ વિકસે છે. સંતકવિ ઉદ્યમનાં ફાયદાથી બૌદ્ધિક વિકાસનું સૂચન કરે છે. સાહિત્ય-જીવન-ધર્મને એકસૂત્રે જોડી દીધા. આત્મધર્મ દરેક મનુષ્યનો સરખો છે, કેમકે 'આત્મા' દરેકમાં બિરાજમાન છે. 'હું કોણ છું' તેવો પ્રશ્નરૂપી દાણો ભીતરની ઘંટીમાં દળાય તો માંહ્યલો જરૂર જાગે. અનહદનો નાદ જરૂર સંભળાશે. તાત્ત્વિક ભોજન જરૂર રંધાશે.

ગરબી એ નારીસંવેદનાની કલા છે, એ સમૂહભોગ્ય કલા છે, તેમાં બુદ્ધિની એકાત્મતા છે. ગરબી વર્તુળાકારે હાથ, તાળી, પગની ઠેસ અને ચપટીનાં તાલે ગવાય, ઝીલાય અને ઘૂમાય છે. ગરબી વિશુદ્ધ અનુભવનું સરળ કથન છે. ગરીબીની પંક્તિઓનાં અંતે 'નમુ તને હેતે રે', 'સાંભળ શાણી પુત્રી', 'અરે વખત' વગેરે આવતી લલકારીઓને સમૂહમાં ગરબે ઘૂમતી સ્ત્રીઓ લલકારે છે. ઉર્મિ અને ઉલ્લાસને અંગોના વિશિષ્ટ ડોલન સાથે વ્યક્ત કરવામાં, ગરબીમાં હીંચ અને હમચી એ નૃત્યપ્રકાર છે. શ્રીમદ્જીના ઉદ્યમ ગુણથી સ્ત્રીઓ ગીતથી, શબ્દથી, અર્થથી, ભાવથી, રાગથી, સંગીતથી, નર્તનથી સુંદર ઘાઘરા-ચોલીથી, શણગારથી ગરબીમાં રહેલ અદ્ભુત અને શાંતરસને સ્પર્શે. ગરબીઓ રસમીમાંસક શ્રીમદ્જીએ ઈન્દ્રિયરંજન માટે પ્રયોજી નથી પણ લગભગ ૧૫૦ વર્ષ પહેલાંની નારી સામાજિક રૂઢિગત પ્રણાલી થકી અજ્ઞાન ન રહી જાય. સુવાંચન, જ્ઞાન, પરમેશ્વરપ્રેમ અને પ્રાર્થનાથી 'તત્ત્વ' માટે પ્રીતિ કરવાની છે. તેમને વિશ્વાસ હતો કે આ જ નારી કાલે ઉઠીને વૈરાગ્ય અને ઉપશમ રસની અનુભૂતિ પામશે. ગોળ ગોળ ગરબે ઘૂમતી સ્ત્રીઓ સામૂહિક ચેતનાનો પ્રજ્જવલિત દીપ બની જશે.

સહઅસ્તિત્વમાં તેઓ એક એક અખંડ અને સ્વતંત્ર Being બની જશે. વુલ્ફગેન્ગ આઈઝરના લેખ `The reading process'ના આધારે તેઓ કહે છે કે, રસાત્મકતા અને કલાત્મકતા એ સાહિત્યિક કૃતિનાં બે ધ્રુવ છે. રસાત્મકતા એ વાચકે મેળવેલી સિદ્ધિને અનુલક્ષે છે. જ્યારે કલાત્મકતા સર્જકે રચેલી કૃતિને અનુલક્ષે છે. શુદ્ધ કવિતા એટલે જ જ્ઞાન અને આનંદની પ્રાપ્તિ. તેમાંથી નિપજતી જ્ઞાનાત્મકતા ચિરકાલીન બની રહે. શ્રીમદ્જીનો સાધનાયોગ, સમાધિયોગ આજના ઇલેક્ટ્રોનિક, ટેકનોલોજીના યુગમાં એક સાધનરૂપે આપણી સમક્ષ ઉપસી આવે છે.

સ્વ-અનુભવ માટે જે સાહસ કરાવે તે ધર્મ. જ્ઞાનની શોધનો

ચાહક બનાવે તે જ ધર્મ. આંતરિક પરિવર્તન, આંતરિક ધર્મ માટે જેમણે ક્રાંતિ કરી તેવા જીવંત ધર્મમૂર્તિ શ્રીમદ્જી માત્ર ૩૩ વર્ષના ટૂંકા આયુષ્યમાં જેઓ સર્વોત્કૃષ્ટ શાંત રસમય સન્માર્ગને પામી ગયા, અહીં રસમીમાંસક તરીકે ઉપસી આવે છે.

ભાગ-૨માં નારીચેતનામાં સમાવિષ્ટ સામાજિક અને કેળવણી અંગેનો દૃષ્ટિકોણ આવે છે. અહીં જ્ઞાનને કેન્દ્રમાં રાખીને સાત ગરબીઓ રચાયેલી જોવા મળે છે. આ ગરબીઓમાં જ્ઞાનસંદર્ભ જોવા મળે છે. તેમાં વિદ્યા, કેળવણી, સુગ્રંથ વાંચવા વિશે વિગેરે વિષયો સાથે સંતકવિએ અભણ સ્ત્રીને ધિક્કાર આપવા વિશે પણ લખ્યું છે.

'વિદ્યા અને કેળવણી સંબંધી' વિશેની ગરબી 'મારું સોનાનું છે બેડું રે, છેલછબીલા છોગાળા'–એ દેશી રાગ પર રચાયેલી છે. સુંદર રાગ અને દરેક પંક્તિ પાછળ 'વિદ્યામાં છે ગુણ બહુ'ની પુનરુક્તિથી વિદ્યાનું સ્થાન અને તેની દૃઢતા જણાય છે. શ્રીમદ્જીની બધી જ ગરબીઓમાં ઉત્તમ પ્રાસાનુપ્રાસ જોવા મળે છે. દરેક પંક્તિના અંતે સમાન પ્રાસવાળા શબ્દોથી તેમણે અંત્યાનુપ્રાસ પ્રયોજ્યા છે.

*'વિદ્યા છે સુખરૂપ સારી રે, વિદ્યામાં છે ગુણ બહુ;*
*એ દિવ્ય ચક્ષુ દેનારી રે, વિદ્યામાં છે ગુણ બહુ.'* (પાનું ૧૯)

ભગવાને માનવીને ચર્મચક્ષુ તો આપ્યા છે પણ વિદ્યા થકી અંતર્ચક્ષુની વાત તો સદ્ગુરુ જ લાવી શકે. તેઓ નારીને વિદ્યા સાથે મૈત્રી કેળવવાનું કહે છે. જન્મયોગી એવા શ્રીમદ્જીની વૃત્તિ-વલણ અંતર્મુખી હોય તથા તેમની રૂચિ-પ્રવૃત્તિનું ધ્રુવબિંદુ વિદ્યાલક્ષી આત્મલક્ષી હોય એ જ પ્રતીત અહીં થાય છે. કેળવણીને તેઓશ્રી દેવ તણી દીકરી માને છે, અને તેથી જ કંકર પણ લક્ષ્મી થાય છે.

ભાગ-૩માં મૂલ્યબોધ વિશે વાત આવે છે. 'રસો વૈ સહ:' એટલે કે સર્વ રસનો અધિષ્ઠાતા એવો પરમરસ, એની પ્રાણપ્રતિષ્ઠા જેમનાં કર્મનું, ધર્મનું, શ્રમનું, મર્મનું, જેમની સમાધિનું સ્થાન છે તે સ્વ થી સર્વમાં નિષ્કારણ વહે છે. આ ભાવની બોધક ગરબીઓ સત્ય, સુધરવા વિશે, વ્યાભિચારના દોષ ન કરવા વિશે છે.

શ્રીમદ્જી એક ગરબીમાં વર્ણવે છે :

*'રાવણ સરખો પણ મહારાય, રોળાણો એહ થી રે લોલ*
*નહિ જેને નીતિ સહાય, ગયો તે દેહથી રે લોલ.* (પાનું ૩૩)

અનીતિના તોફાન આદરનારો ભલેને તે દશમુખી રાજા રાવણ પણ કેમ ન હોય અંતે શ્રીરામના હાથે પરાજિત થયો. શ્રીમદ્જીની હૃદયંગમતા, બૌદ્ધિકતા, તાર્કિકતા, સંસારી જીવોને નીતિના માર્ગે દોરે છે. તેઓ પોતાને નીતિના દાસ ગણાવે છે. જીવનરૂપી ગરબીના પગલાં માંડતી નારીનું એક પગલું ભક્તિનું તો બીજું જ્ઞાનનું છે.

વિખ્યાત સાહિત્યકાર મેથ્યુ આર્નોલ્ડે કહ્યું છે કે 'સાહિત્ય એ જીવનની સમીક્ષા છે.' જીવનનાં તમામ પાસાંઓને, ક્ષેત્રોને જે આવરી લે છે. જેમાં વિજ્ઞાન, મનોવિજ્ઞાન, રાજકારણ, ઇતિહાસ, ધર્મ, લલિતકલાઓ, ફિલસૂફી, અધ્યાત્મ સમાવિષ્ટ છે. સાહિત્ય અધ્યાત્મની જનની છે.

સત્ય વિષયક ગરબીમાં તેની પ્રધાનતા દર્શાવતા તેઓ કહે છે :

'સત્યમેવ જયતે' જ વાક્ય વેદનું રે લોલ;
ખરું લાગે છે એ જ, સત્ય ભેદનું રે લોલ. (પાનું ૩૪)

ગરબીમાં સંસ્કૃતનાં શ્લોકનો પ્રયોગ કરી તેનું માહાત્મ્ય સંતકવિ અહીં કરે છે. શ્રીમદ્જીથી માત્ર પોણા બે વર્ષ નાના ગાંધીજીની યાદ અહીં આવી જાય છે. જેમણે શ્રીમદ્જીની પ્રેરણાથી અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, પરિગ્રહ પ્રમાણ, તપશ્ચર્યા, પ્રાર્થના ઇત્યાદિ ગુણો અપનાવ્યા હતા. ગાંધીજી સંતકવિના ગુણાનુરાગી બન્યા હતા.

ભાગ-૪ : સદ્બોધ-શતકમાં 'સદ્ગુણી સજજની વિષે ઓધવજી કહેજો સંદેશો શ્યામને' એ દેશી પ્રચલિત રાગ છે. કેવળ નિર્વિકાર છતાં પરબ્રહ્મ પ્રેમમય પરાભક્તિને વશ છે. આ જ અવસ્થામાં, બ્રહ્મમાં નિરંતર ચર્યા કરનાર સત્પુરુષ પણ લોકકલ્યાણને વશ છે. દેહમાં રહીને 'સ્વરૂપ'નો સાક્ષાત્કાર કરનારની જ આ વાણી હોઈ શકે. 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો, દુઃખ અનંત..' ધોળ રાગ પર આધારિત ૧૦૦ કડીની આ ગરબી નારી ચેતનાને આત્મચેતના આત્મજાગૃતિના સ્વરૂપાંતરણ (metamorphosis) સુધી લઈ જતી ગુજરાતની પ્રાદેશિક લોકકલા છે. આ લોકકલાના માધ્યમથી કવિશ્રી 'સ્વ'ને જાણવું, સમજવું, 'સ્વ' વિષેની સભાનતા, તેની શિક્ષા અને કેળવણીના બીજ રોપે છે. સંગીત, નૃત્ય અને ગેયતાના તત્ત્વથી અજ્ઞાન, મોહ, માયા, રાગના સ્તરેથી નારી વર્ગને વૈરાગ્ય, ઉપશમ તરફ વાળે છે.

*પુરુષ પર એ નર્કની, જાણો ખાણ જરૂર;*
*એવા ક્ષણિક સુખમાં કેમ બનો ચકચુર.* (પાનું ૪૬)

આ 'સદ્બોધકશતક' સરળ શબ્દોમાં માત્ર બે ત્રણ ચોપડી ભણેલી ૧૫૦ વર્ષ પહેલાંની નારીને ગૂઢ અર્થ વર્ણવી જાય છે. વિદ્યાને ધારણ કરી ગર્વ ઓગાળવાનું કહે છે. મૂર્ખ મિત્ર કરતાં બુદ્ધિશાળી શત્રુને સારો ગણી જ્ઞાનમાં ચિત્ત પરોવવાનું કહે છે. સુસંસ્કારી બાળકોને બનાવવા સાથે સાસુ-સસરા અને કુટુંબીજનોની સેવા કરવાનું કહે છે. પતિની સેવાને તીર્થ સાથે સરખાવીને મોહ ન કરવાનું કહે છે. સારી સ્ત્રીને સજજનીના

*વચન શાંત, મધુર, કોમળ, સત્ય અને શૌચ બોલવાની સામાન્ય પ્રતિજ્ઞા લઈ આજના દિવસમાં પ્રવેશ કરજે.*

પગ પૂજવાનું કહીને સુલક્ષણા બની વાંચન વ્યસન વધારવાનું કહે છે. શ્રીમંતાઈના ગર્વથી આવતી લક્ષ્મીથી ચેતતા રહી માત્ર અને માત્ર વિનય ધારી ઈશ્વરની પ્રીતિ વધારવાનું સંતકવિ શ્રીમદ્જી કહે છે.

'वाक्यं रसात्मकं काव्यं' અર્થાત્ રસસમન્વિત વાક્યરચના તે ઉત્તમ કાવ્ય. નારીચેતનાના હૃદય, મન, ચિત્ત, આત્માના સંસ્કારને જગાડવા સંતકવિનાં અંતઃકરણમાંથી વહેતો શુભપ્રવાહ એ જ ઉપદેશરસ, જે નિરવદ્ય વહે છે. ગરબીમાં આવતી પંક્તિ કે પંક્તિખંડની પુનરાવૃત્તિથી વારંવાર એના સદ્ગુણોનું મનન, ઘોલન, ભાવન, રસન, ચિંતન થાય. ગુજરાતી સંસ્કૃતિમાં ગરબીના માધ્યમથી, નૃત્ય દ્વારા વિવિધ અંગભંગીઓથી, અંગ ડોલનથી સમૂહમાં, એકસાથે 'સ્વ'સાથે રહેવાની, દરેક ગુજરાતણોના માથે ગરબીરૂપી આત્મભાનુનું તેજ પ્રકાશે એજ સંતકવિ શ્રીમદ્જીની સમાજ સુધારણાની મનોભાવના, કલ્યાણભાવના અહીં સિદ્ધ થાય છે. ગરબીની પરંપરાના ઢાળોમાં, લયમાં, હીંચ, હમચીમાં એક અગોચર તત્ત્વ કાર્યાન્વિત થાય છે. શ્વેત પદ્મ પર વીણાવાદન કરતી આરાધ્યાયની આદ્યશક્તિ વિદ્યાદેવીની ઉપાસનાથી શ્રુતલક્ષ્મીરૂપી સદ્ગુણસુમન નારી જાતિમાં શ્રી સંતકવિ ખીલવી જાય છે. ત્રિગુણાત્મક શક્તિમાં જેમ મહાકાલી સંહાર કરે છે, તેમ અહીં અજ્ઞાન, વહેમ, અંધશ્રદ્ધા, અવગુણ, કુરીતિ, સ્ત્રીની અવદશાનો, બાળલગ્નના દુષણનો, સ્ત્રીઓને ઢોરવત ગણી આપવામાં આવતા દુઃખનો સંહાર કરવાનો હતો.

**'સુબોધસંગ્રહ'ના અન્ય પદો**

**અવધાન કાવ્યો:** 'સુબોધસંગ્રહ'માં લગભગ ચાલીસ જેટલી અવધાન સમયે સંતકવિ શ્રીમદ્જીએ રચેલી પદ્યકૃતિઓ જોવા મળે છે. એમાં કેટલીક પાદપૂર્તિ છે. શીઘ્રરચનાઓ પ્રમાણમાં ટૂંકી છે. આ રચનાઓ શિખરિણી, શાર્દૂલવિક્રીડિત, વસંતતિલકા. ભુજંગી, ઈન્દ્રવજ્રા, ઉપેન્દ્રવજ્રા, મંદાક્રાંતા, દોહરા, હરિગીત, અક્ષરમેળ, માયામેળ ઈત્યાદિ વિવિધ છંદોમાં રચાયેલ છે. આ મહાપુરુષ જન્મજાત શીઘ્રકવિ, સંનિષ્ઠ સમાજસુધારક ભારતીય સંસ્કૃતિના પ્રખર સમર્થનકાર, નિર્મળ ચારિત્રવાન, લોકોત્તર સ્મરણશક્તિધારક હતા.

અવધાન સમયની શીઘ્રરચનાઓ, ધર્મ, ગુચ્છો, કાંકરો, રંગની પિચકારી, કર્મની ગતિ, મુનિને પ્રણામ, તૃષ્ણા, મોટાઈ, ઈંટ, પાણી, કલમ વિગેરેમાં વિષયનું વૈવિધ્ય જોવા મળે છે. તેમાં પણ શ્રીમદ્જીની અસાધારણ પ્રતિભા, મર્મજ્ઞતા, કવિત્વશક્તિ, કલ્પનાશક્તિ, તર્કપટુતા, પ્રજ્ઞા, સંસાર પ્રત્યે ઉદાસીનભાવ, ધર્મમય આચરણ, કામનાઓને કાબૂમાં લેવાની, કષાયોને નાથવાની વૈરાગ્યપ્રીતિ નજરાય છે, જે અહીં વર્તાય છે:

*ધર્મ વિના ધન ધામ, ધાન્ય ધૂળધાણી ધારો,*
*ધર્મ વિના ધરણીમાં ધિક્કારતા ધરાય છે;*
*ધર્મ વિના ધ્યાન નહીં, ધર્મ વિના જ્ઞાન નહીં,*
*ધર્મ વિના ભાન નહીં, જીવ્યું કોના કામનું?*

તદ્ઉપરાંત નારાચ છંદમાં 'સ્વદેશીઓને વિનંતી', સવૈયામાં મહાપુરુષોનાં ચરિત્રો દર્શાવતું 'વીરસ્મરણ', રોળાવૃત્તમાં 'આર્યપ્રજાની પડતી', 'આર્યભૂમિના પુત્ર', 'ખરો શ્રીમંત કોણ?', 'સદ્બોધકસૂચક પ્રાસ્તાવિક કાવ્ય', 'હનુમાન સ્તુતિ' વિગેરે રચનાઓમાં સંતકવિ શ્રીમદ્જીની તત્કાલિન સમાજવ્યવસ્થામાં તત્ત્વનિષ્ઠા, ધર્મનિષ્ઠા સ્થાપિત કરવાનો આશય દૃષ્ટિગોચર થાય છે. બિનસાંપ્રદાયિકતાનો ઉત્તમ ગુણ, સ્ફટિક જેવું નિર્મળ પારદર્શક, વૈરાગ્યસભર વ્યક્તિત્વ અને જીવન અહીં ઝળકે છે.

રસ એ કવિતાનો પ્રાણ છે. રસક્રિય સંવિત, (phenomenology) (ફિનોમિનોલોજી) એ અનુભૂતિના હોવાપણાને, ઈઝનેસને – જીવાતા વિશ્વના પોતને, સંતકવિ શ્રીમદ્જીનું રસમય-

## શ્રીમદ્ રાજચંદ્રજી અને ઉપાધ્યાય યશોવિજયજી

*શ્રીમદ્ રાજચંદ્રજીએ સ્વ-પર દર્શનના અનેક ગ્રંથોનું પરિશીલન કર્યું હતું, તેમાં આચારાંગ, ઉત્તરાધ્યયન, સૂત્રકૃતાંગ આદિ આગમ-ગ્રંથો હતા. તેની સાથે જ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં આનંદઘનજી અને ઉપાધ્યાય યશોવિજયજી મુખ્ય હતા. 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ પાછળ આપેલી યાદી જોતાં જણાય છે કે, તેમણે પોતાની વાતને સરળતાથી સમજાવવા અથવા શાસ્ત્રપાઠ આપવા ઉપાધ્યાય યશોવિજયજીનાં વિવિધ સ્તવનો સજ્ઝાયોનો મોટો ફાળો છે. તેમાં પણ 'આઠ યોગદૃષ્ટિની સજ્ઝાય'ની પંક્તિઓ તો અનેક સ્થળે અવતરિત થઈ છે. ઉપાધ્યાય યશોવિજયજી પ્રત્યેના શ્રીમદ્ના આદરથી પ્રેરિત થઈ સાયલા 'શ્રી રાજસોભાગ સત્સંગ મંડળ' દ્વારા શ્રી રમણભાઈ શાહ દ્વારા 'જ્ઞાનસાર', 'અધ્યાત્મસાર' અને 'અધ્યાત્મઉપનિષદ'નો અનુવાદ કરાવાયો હતો તેમ જ પ. પૂ. આચાર્યદેવશ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ.ને 'અધ્યાત્મઉપનિષદ'નું સર્વભોગ્ય વિવેચન લખવા વિનંતી કરી હતી.*

*કાયા મળમૂત્રનું અસ્તિત્વ છે, તે માટે 'હું આ શું અયોગ્ય પ્રયોજન કરી આનંદ માનું છું' એમ આજે વિચારજે.*

અનુભવજન્ય જ્ઞાનને સરળ ભાષા વડે અર્પણ કરવાનું તાત્પર્ય અહીં સિદ્ધ થાય છે.

રૂસી ચિત્રકાર વાસિલી કેન્ડિસ્કીની એક જાણીતી ઉક્તિ છે : 'સર્વ પ્રકારની કળાઓમાં અમૂર્તકલા (abstract) સૌથી અઘરી છે.

આત્મસ્વરૂપના ભાન વિના મોહનિદ્રામાં સૂતેલા સમાજને જાગૃત કરવાનું જેમણે અભિયાન લીધેલ છે. જેમની અભિવ્યક્તિમાં આત્માનુભવની ખુમારી, નિજાનંદની મસ્તી દૃષ્ટિગોચર થાય છે. જેમના પ્રત્યેક શબ્દમાં અધ્યાત્મની સુવાસ ભળેલી છે તેઓ જ આવી કલ્યાણભાવના, સર્વમંગલ-ભાવનાનો ભેખ સાધી શકે છે. આ જીવને અનાદિકાળના પરિભ્રમણથી મુક્ત કરવા જ સંતકવિ શ્રીમદ્ રાજચંદ્રજીએ જન્મ લીધો છે. આ પરિભ્રમણથી છૂટવા સ્ત્રી અને પુરુષ બંનેનો સમાન અધિકાર છે. તેવું તેઓ માને છે. નારીચેતનાને ઉદ્બોધવાની જે હૃદયશક્તિ છે એ જ સંતકવિ શ્રીમદ્જીનું 'રસમંદિર' છે.

એરિસ્ટોટલે કે આર્નોલ્ડે કવિતાને તત્ત્વજ્ઞાનથી ચડિયાતી ગણાવી એનું કારણ આ જ હતું કે તેમાં રહેલ જ્ઞાન અને આનંદની પ્રાપ્તિ સમયાતીત છે, શાશ્વત છે. દેહ અને આત્માનો ભેદ પાડવો તે 'ભેદજ્ઞાન' સંતકવિ શ્રીમદ્જીનો જાપ છે. શ્રીમદ્જીની અધ્યાત્મયાત્રામાં અસ્તિત્વમીમાંસા (Ontology - theory of being) વ્યક્ત થાય છે. 'આપણે આ વિશ્વમાં કઈ રીતે છીએ? હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?' આ શબ્દો છૂપાયેલ પ્રશ્નનો ધ્વનિ–આપણને પૂછે છે. સંતકવિ શ્રીમદ્ રાજચંદ્રજીની અધ્યાત્મસભર રચનાઓ ૧૫૦ વર્ષ પછી પણ તેમના પ્રયોગાત્મક માર્ગ પર ડગ માંડવા આપણને આકર્ષી રહી છે. અક્ષરદેહે તેઓ તત્ત્વપ્રેમની શરણાઈના સૂરોનું ગૂંજન કરી રહ્યા છે. ગૂર્જરભૂમિ ગુજરાતી માતૃભાષા એની ગરિમાને જેમણે સમગ્ર વિશ્વમાં ગૌરવવંતી બનાવી આત્માનુભવની અખંડ અને અસ્ખલિત પ્રવાહિતાને સંતકવિ શ્રીમદ્ રાજચંદ્રજીએ પોતાના નાદ્બ્રહ્મથી વાંગ્મયી બનાવી છે. ✱ ✱ ✱

(કાવ્ય)

## હે પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી સદ્ગુરુદેવ !

*આપ એક સદી પહેલાં મુંબઈના મલબાર હિલ*
*પર ચઢેલા ત્યારની ધૂળવાળી કાચી પગદંડી*
*હવે સિમેન્ટ કોંક્રિટમાં ફેરવાઈ*
*છતાય આપનાં શ્રીચરણો જીવંત છે*
*રાહગીરને ચેતન સાથે પગલાં ભરાવે છે*
*તે જગ્યા આજે મંત્રીઓના આવાસ, પેટ્રોલના*
*ધુમાડા, મિથ્યાત્વથી પ્રદૂષિત છે...*
*છતાંય, એક સદી વીત્યા પછી ત્યાં આપનો*
*બ્રહ્માક્ષર ગૂંજે છે.*

*કહે છે મુંબઈના નાના-મોટા ઘાટ એ આપનાં*
*નિવૃત્તિસ્થાન ત્યાં આપ ધ્યાન, યોગ, વૈરાગ્યમાં*
*નિમગ્ન રહેતા, એક સદી પહેલાંની તે ભૂમિ*
*આકાશ અરબીસમુદ્ર આપના જોવાનલના મૂક*
*સાક્ષી બની રહ્યાં. તે સમયે ઊગેલી વનરાઈએ*
*કેટલીય પાનખર જોઈ લીધી હશે...*
*છતાંય એક સદી વીત્યા પછી નવી હરિયાળીમાં*
*અગણિત પર્ણચક્ષુઓ આપના સમ્યક્-દર્શનહીરાની*
*પ્રભાવના કરી રહ્યા છે.*

*'હું દેહ નથી આત્મા છું'... આપ આ*
*ધર્મનિરપેક્ષતાના બીજમંત્રનો સાક્ષાત્કાર કરનારા.*
*છતાંય એક સદી વિત્યા પછી અમે અનાથ*
*અને આત્મધર્મ મુકદ્દર વિનાના છીએ*
*બે હાથ જોડી વિનંતી કરીએ – બાળકને માર્ગ દેખાડો*
*માર્ગ દેખાડો –*

**–ફાલ્ગુની ઝવેરી**

મોબાઈલ : ૯૯૩૦૪૯૫૭૪૫.

### ભાવ-પ્રતિભાવ

'પ્રબુદ્ધ જીવન'નો અંક મળ્યો. સંપાદન સુંદર અને શ્રેષ્ઠ રહ્યું. માનવીના મનને યોગ્ય દિશામાં વાળીને, તેને સમાજનાં કલ્યાણમાં પ્રેરવું, એ પણ એક સિદ્ધિ છે. તંત્રીલેખ વાંચતાં તેની પ્રતિતી થઈ.

તમે આગામી અંક શ્રીમદ્ રાજચંદ્ર પ્રસિદ્ધ કરવા જઈ રહ્યા છો, તે બદલ મારા હાર્દિક અભિનંદન સ્વીકારશો. શતાવધાની આ મહાપુરુષને અપાય તેટલી અંજલિઓ ઓછી પડે. તેમના બંન્ને ગ્રંથો વાંચીને વિચાર્યાં છે. તેમણે આજીવન આધ્યાત્મ આચર્યું હતું. તેઓ દુન્યવી જંજાળથી પર (above) હતા. તેમને મન લાખ્ખો-કરોડો રૂપિયાની સંપત્તિ, માટી-ધૂળનાં ઢેફાંથી વિશેષ નહોતી તેથી તો તેઓ મહાત્મા ગાંધીનાં ગુરુ બની શક્યા. આપણો સમાજ વિચારતો તો થયો છે પણ તેને આચરણમાં ઉતારવાની જરૂર જેમની તેમ ઉભી છે. તમે, મુ. શ્રી ધનવંતભાઈની ખોટ કર્મ દ્વારા પૂરી કરી રહ્યાં છો, તે ગમે છે. સૂર્યકાંત પરીખનાં ભાવ-પ્રતિભાવ પણ સુંદર રહ્યા. આ વિભાગને વધુ વિસ્તૃત કરશો તો તે ગમશે. ગાંધીજીનાં રાજકીય ગુરુ શ્રી ગોપાલકૃષ્ણ ગોખલેને યાદ કર્યા, તે પણ ગમ્યું. તેમણે જ ગાંધીજીને ભારત-ભ્રમણ કરવાની પ્રેરણા આપીને વિશાળતા બક્ષી હતી. ભારત-દેશનો સાચો સ્પર્શ, ગાંધીજીને કરાવનાર એ મહાપુરુષને કોટી-કોટી વંદન. લંડનના બેરીસ્ટર, પોતડી ધારણ કરીને દેશનાં દુઃખી માનવીઓને મળે અને તેમને પ્રેરે એ ઘટના બહુ સુંદર ઘટી. **–હરજીવન થાનકી**, પોરબંદર

# શ્રીમદ્ રાજચંદ્રના પત્રો અને કાવ્યકૃતિમાં વ્યક્ત થતું આત્મચિંતન

☐ ડૉ. રશ્મિ ભેદા

*[ ડૉ. રશ્મિબેન ભેદાએ જૈન યોગ પર પીએચ. ડી કર્યું છે એ ઉપરાંત 'સમ્યગ્ દર્શન વિશે પુસ્તક લખ્યું છે. વિવિધ પરિસંવાદોમાં પોતાનું વક્તવ્ય રજૂ કરે છે. ]*

શ્રીમદ્ રાજચંદ્ર અનેક ભવોમાં સાધેલા સાધનાના ફળરૂપ આ ભવમાં આત્મસિદ્ધિ પ્રાપ્ત થયેલ અદ્ભુત યોગીશ્વર હતા. તેઓ અત્યંત નિષ્કષાયી ભાવનિર્ગ્રંથ હતા. આત્મભાવનાથી ભાવિત આત્મા હતા. તેઓ ગૃહસ્થપણે બાહ્યજીવન જીવતા હતા પણ અંતરંગમાં નિર્ગ્રંથભાવે નિર્લેપ રહેતા. બાહ્યઉપાધિમાં પણ અખંડ આત્મસમાધિ જાળવી રાખી હતી. એમનું જીવન એ આત્મશુદ્ધિ અને આત્મસિદ્ધિ માટે સતત મથતા એક ઉચ્ચ કોટિના યોગીનું જીવન હતું. એમણે પોતાની તો આત્મોન્નતિ સાધી, સાથે નાની વયમાં જ બીજા આત્માર્થીઓ માટે મોક્ષમાર્ગ સરળ અને સ્પષ્ટપણે દર્શાવતું અદ્ભુત આધ્યાત્મિક સાહિત્ય તેમણે આપ્યું છે. જેમ જનક રાજા રાજ્ય કરવા છતાં વિદેહી દશામાં વર્તતા હતા, ત્યાગી સંન્યાસીઓ કરતા વધારે અસંગ દશામાં રહી આત્માનંદ અનુભવતા હતા તેમ આ મહાત્મા પણ આત્માનંદમાં લીન રહેતા. સમયે સમયે એમનો આત્મભાવ વધતો જતો હતો. એવી જ્ઞાન વૈરાગ્યની એમની અખંડ અપ્રમત્ત ધારા તેમના સાહિત્યમાં આપણને દૃષ્ટિગોચર થાય છે. એમના ઉત્તરોત્તર આત્મવિકાસનો ખ્યાલ તેમના વચનામૃતથી મળી આવે છે.

એમનું લખેલ સાહિત્ય બે વિભાગમાં છે–ગદ્ય સાહિત્ય અને પદ્ય સાહિત્ય. એમના સાહિત્યનો મોટો ભાગ તેઓશ્રી દ્વારા લખાયેલ પત્રોનો છે. તેમનો પત્રસંગ્રહ તેમના સાહિત્યમાં અત્યંત મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તેમણે જુદી જુદી વ્યક્તિઓને જુદાં જુદાં સ્થળેથી તત્ત્વવિચારણા સંબંધી પત્રો લખ્યા હતા તેમાંથી ૮૫૦ જેટલા પત્રો ઉપલબ્ધ છે. શ્રીમદ્નું માર્ગદર્શન મેળવવા તેમના સત્સંગીઓ તેમને પત્રો લખતા અને શ્રીમદ્ તેમને વિવિધ દૃષ્ટિકોણથી તેમની કક્ષાને અનુરૂપ સરળ ભાષામાં તાત્ત્વિક માર્ગદર્શન આપતા. તેમના પત્રોમાં, આત્મસ્વરૂપ, મોક્ષમાર્ગ, સદ્ગુરુનું માહાત્મ્ય, પ્રત્યક્ષ સત્પુરુષની આવશ્યકતા, આજ્ઞાભક્તિ, જ્ઞાનીદશા, જ્ઞાનીની ઓળખાણ, જીવની પાત્રતા ઇત્યાદિ વિષયો પર તેમણે આપેલો બોધ પ્રાપ્ત થાય છે. તેમના પત્રોમાં સદ્ગુરુનું અત્યંત મહત્ત્વ બતાવ્યું છે. આ પત્રોમાં તેમની ઊર્ધ્વગામી આત્મદશાની ઝાંખી થાય છે.

તેવી જ રીતે શ્રીમદે તેમના જીવનકાળ દરમ્યાન લખેલ વીસેક જેટલી પદ્યરચનાઓ ઉપલબ્ધ થાય છે. (તેમાંથી કેટલીક હિંદી ભાષામાં પણ છે) કેટલાક કાવ્યોમાં શ્રીમદ્ની અંતરંગ દશાનું વર્ણન છે. કેટલાકમાં સદ્ગુરુનું મહત્ત્વ વર્ણવ્યું છે, કેટલાકમાં તત્ત્વજ્ઞાનનો બોધ છે તો કેટલાકમાં મોક્ષમાર્ગનું નિરૂપણ છે. જેમાં 'આત્મસિદ્ધિશાસ્ત્ર' જેવી અનુપમ અને દીર્ઘ કૃતિ, 'મૂળ મારગ મોક્ષનો' જેનું મોક્ષમાર્ગ બતાવતું કાવ્ય તેમ જ 'અપૂર્વ અવસર' અને 'પંથ પરમપદ બોધ્યો' એવી ઉત્તમ કાવ્યરચનાઓનો સમાવેશ થાય છે. આ બધી રચનાઓમાં જૈનદર્શન અનુસાર તત્ત્વવિચારણા જોવા મળે છે. તેમ જ જૈનદર્શન અનુસાર એમણે મોક્ષમાર્ગ વર્ણવ્યો છે. મોક્ષમાર્ગમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રની એકતાને મુખ્ય ગણાવેલ છે. એ ત્રણમાંથી કોઈ ને કોઈ તત્ત્વની વિચારણા આ પ્રત્યેક કાવ્યમાં જોવા મળે છે. 'મૂળમાર્ગ મોક્ષનો', 'પંથ પરમપદ બોધ્યો' આદિમાં આ ત્રણે તત્ત્વોની વિચારણા સંક્ષેપમાં રજૂ થઈ છે.

આ કાવ્યરચનામાં એક મહત્ત્વનો મુદ્દો છે, 'સદ્ગુરુનું મહત્ત્વ'. સદ્ગુરૂની કૃપા વિના મોક્ષમાર્ગ પ્રાપ્ત ન કરી શકાય. સદ્ગુરુનું મહાત્મ્ય કેવું છે તે તેઓશ્રીએ 'યમનિયમ', 'બિના નયન', 'લોકસ્વરૂપ રહસ્ય', 'મૂળાગમ રહસ્ય', 'અંતિમ સંદેશો' આદિ રચનાઓમાં બતાવ્યું છે.

અહીં 'બિના નયન પાવે નહિ, બિના નયન કી બાત' અને શ્રીમદ્નો અંતિમ સંદેશો તરીકે સુપ્રસિદ્ધ 'ઈચ્છે છે જે જન યોગી' આ બે કાવ્ય રચનાઓ પ્રસ્તુત કરું છું.

*બિના નયન પાવે નહીં, બિના નયન કી બાત;*
*સેવે સદ્ગુરુ કે ચરન, સો પાવે સાક્ષાત્. ૧*

*બૂઝી ચાહત જો પ્યાસકો, હૈ બુઝનકી રીત;*
*પાવે નહિ ગુરુગમ બિના, એહી અનાદિ સ્થિત. ૨*

*એહી નહી હૈ કલ્પના, એહી નહિ વિભંગ;*
*કઈ નર પંચમકાળમેં, દેખી વસ્તુ અભંગ. ૩*

*નહિ દે તુ ઉપદેશકું, પ્રથમ લેહિ ઉપદેશ;*
*સબસે ન્યારા અગમ હૈ, વો જ્ઞાનીકા દેશ. ૪*

*જપ, તપ ઔર વ્રતાદિ સબ, તહાં લગી ભ્રમરૂપ;*
*જહાં લગી નહિ સંતકી, પાઈ કૃપા અનૂપ. ૫*

*પાયાકી એ બાત હૈ, નિજ છંદનકો છોડ;*
*પિછે લગ સત્પુરૂષકે, તો સબ બંધન તોડ. ૬*


*જો આજે દિવસે તને સૂવાનું મન થાય, તો તે વખતે ઈશ્વરભક્તિપરાયણ થજે, કે સત્શાસ્ત્રનો લાભ લઈ લેજે.*

શ્રીમદ્ રાજચંદ્રે આ રચના હિંદી ભાષામાં કરી છે. ગુરુગમનું ગૌરવ ગાતા આ કાવ્યની રચના એમણે વિ. સં. ૧૯૪૭ના અષાઢ માસમાં કરી હતી. આ કાવ્ય છ દોહરાનું છે. એમાં શ્રીમદે ગુરુગમનો અનન્ય મહિમા વર્ણવ્યો છે. જેને શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરવી હોય તેને માટે ગુરુશરણ જ ઉપાય છે.

જૈન ધર્મ તેમજ બીજા ભારતીય ધર્મોમાં શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે, મોક્ષપ્રાપ્તિ માટે ગુરુનું મહત્ત્વ દર્શાવેલું છે. સુગડાંગ સૂત્રમાં પ્રથમ શ્રુતસ્કંધ, બીજા અધ્યયનમાં સુધર્મા સ્વામી જંબુસ્વામીને ઉપદેશે છે કે, જગત આખાનું જેણે દર્શન કર્યું છે એવા મહાવીર ભગવાન, તેણે અમને આમ કહ્યું છે - 'ગુરુના આધીન થઈ વર્તતા એવા અનંત પુરુષો માર્ગ પામીને મોક્ષપ્રાપ્ત થયા.

આચારાંગ સૂત્રમાં પણ કહ્યું છે–

'आणाए धम्मो आणाए तवो।'

અર્થ : આજ્ઞાનું આરાધન એ જ ધર્મ અને આજ્ઞાનું આરાધન એ જ તપ.

આવા ગુરુ જેની આજ્ઞાનું પાલન કરવાનું છે એ ગુરુના લક્ષણ શ્રીમદ્ બતાવે છે – 'આત્મજ્ઞાનને વિષે જેમની સ્થિતિ છે એટલે પરભાવની ઇચ્છાથી જે રહિત થયા છે, વિષય અને માનપૂજાદિ ઇચ્છાથી રહિત છે, માત્ર પૂર્વે ઉત્પન્ન થયેલા એવા કર્મના ઉદયને લીધે જેમની વિચરવા આદિ ક્રિયાઓ છે, જેમની વાણી અપૂર્વ છે અર્થાત્ નિજ અનુભવ સહિત ઉપદેશ હોવાથી અજ્ઞાનીની વાણી કરતા પ્રત્યક્ષ જુદી પડે છે, ષડ્દર્શનના તાત્પર્યને જાણે છે તે સદ્ગુરુના યોગ્ય લક્ષણ છે. સદ્ગુરુ કોને કહેવાય તો આપ્ત એટલે સર્વ પદાર્થોને જાણી તેના સ્વરૂપનો સત્યાર્થ પ્રગટ કરનાર, આવા આપ્તના પ્રરૂપેલા શાસ્ત્ર અનુસાર આચરણ કરવાવાળા, આપ્તના દર્શવેલા માર્ગે ચાલનારા તે સદ્ગુરુ. સદ્ગુરુ એટલે નિર્ગ્રંથ. આવા સદ્ગુરુના ઉપદેશથી જે જિનનું સ્વરૂપ સમજે તે પોતાના સ્વરૂપની દશા પામે; કેમકે શુદ્ધ આત્માપણું એ જ જિનનું સ્વરૂપ છે. અથવા રાગ, દ્વેષ અને અજ્ઞાન જિનને વિષે નથી તે જ શુદ્ધ આત્મપદ છે અને તે પદ તો સત્તાએ સર્વ જીવનું છે.

આ જ વાત શ્રીમદ્ રાજચંદ્ર આ કાવ્યમાં સમજાવે છે કે બાહ્ય ચક્ષુથી અગોચર એવો શુદ્ધાત્મા અંતર્ચક્ષુ વિના પ્રાપ્ત કરી શકાતો નથી. 'બિના નયન' એટલે તત્ત્વલોચન વિના અર્થાત્ સદ્ગુરુના બોધ વિના. 'બિના નયન કી બાત' એટલે બાહ્ય ચક્ષુથી અગોચર એવો શુદ્ધાત્મા જે જડ એવા દેહ અને ઇંદ્રિયોથી અતીત હોવાથી તે જડ નયનરૂપ નથી. આવો ઈન્દ્રિયાતીત આત્મા તત્ત્વલોચન વિના પ્રાપ્ત કરી શકાતો નથી. અર્થાત્ સ્વસ્વરૂપનો સાક્ષાત્કાર થઈ શકતો નથી એના માટે તત્ત્વલોચનદાયક એવા નયન અર્થાત્ માર્ગ બતાવનાર સદ્ગુરુના ચરણની ઉપાસના જ શ્રેષ્ઠ ઉપાય છે. જે સદ્ગુરુના ચરણને સેવે છે અર્થાત્ એમની આજ્ઞાનું આરાધન કરે છે તેને આત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય છે.

આત્મદર્શન કે આત્મસાક્ષાત્કાર કરવાની જેને ખરી તૃષા લાગી હોય અર્થાત્ જેને તીવ્ર ઈચ્છા હોય તો તે તૃષા છિપાવવાનો અર્થાત્ તે પરિપૂર્ણ કરવાનો અનાદિકાળથી એક જ ઉપાય છે કે જ્ઞાની એવા સદ્ગુરુ પાસેથી ગુરુગમની પ્રાપ્તિ કરવી.

આ ઉપાય કહ્યો છે તે કલ્પિત નથી, અયથાર્થ નથી પણ વાસ્તવિક છે. તેમજ તે વિભંગ એટલે કે વિપરીત, ભૂલ ભરેલો નથી અર્થાત્ મિથ્યા-અસત્ય નથી પણ ખરેખર સત્ય છે. અનેક પુરુષો આ પંચમકાળમાં પણ આ ઉપાય દ્વારા શાશ્વત, અખંડ એવા આત્મસ્વરૂપને પામ્યા છે, એનો અનુભવ પામીને કૃતાર્થ થયા છે.

પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને પામવા માટે ગુરુ ચરણની ઉપાસના કરવાનું કહીને હવે શ્રીમદ્ રાજચંદ્ર આગળના દોહરામાં ઘણી જ મહત્ત્વની વાત કરે છે કે જ્ઞાનીના સમાગમથી કે શાસ્ત્રાભ્યાસથી જે કાંઈ જ્ઞાન મળ્યું છે તેનો તું બીજાને ઉપદેશ આપવા ન જા; કારણ કે તું હજુ સુધી તે ભૂમિકા સુધી, તે દશા સુધી પહોંચ્યો નથી. તારા આત્માને પ્રતિબોધવા માટે તે ઉપદેશને ગ્રહણ કર. જે કાંઈ સત્શ્રુતનું પઠન-પાઠન, મનન-ચિંતવન થાય તે માત્ર સ્વાધ્યાય અર્થે. સ્વાધ્યાય = સ્વ + અધ્યાય – પોતાના અર્થે વિચાર કરવો. પોતાના આત્માને જિજ્ઞાસા, વિચાર, જ્ઞાન, ધ્યાન, સમાધિ આદિ ઉત્તરોત્તર ભૂમિકા પ્રાપ્ત થાય અને અંતરચક્ષુ ખુલે, એ માટે ઉપદેશ ગ્રહણ કરવાનો છે. અર્થાત્ જે પ્રકારે પોતાનો આત્મા શુદ્ધ થાય તે પ્રકારે જ્ઞાનીનો ઉપદેશ ગ્રહણ કરવો અને બીજાને ન આપવો. જ્ઞાનીનો દેશ અર્થાત્ નિવાસસ્થાન તો સર્વથી ન્યારૂં, અગમ, અગોચર છે. શ્રી પૂજયપાદ સ્વામી 'સમાધિશતક' ગ્રંથમાં લખે છે–

ग्रामोऽरण्यमिति द्वेधा निवासोनाऽत्मदर्शिनाम।

दृष्टात्नां निवासस्तु विविक्तात्मैव निश्चलः।।७३।।

અર્થ : જેમને આત્મસ્વરૂપનું દર્શન (અનુભવ) થયું નથી તેમનો જનમાં કે વનમાં એમ બે પ્રકારે નિવાસ છે, પરંતુ જેમણે આત્મા અનુભવ્યો છે તેમનો નિશ્ચલ નિવાસ તો કેવળ એક શુદ્ધ આત્મા જ છે.

અસંગદશામાં વર્તતા જ્ઞાની ઉદયાનુસાર ઉપદેશ આપે તો તે યોગ્ય છે. જ્ઞાનીને ઉપદેશ કરવા છતાં પણ કર્તાપણું નથી. તેઓ એનાથી નિર્લેપ રહીને ઉદયાધીન બોલે છે તેથી લેપાતા નથી, તે દશા અગમ્ય, ઘણી ગહન છે. તેમનો ઉપદેશ જ્ઞાનદશાપૂર્વક હોવાથી તેમજ નિષ્કામ કરુણાથી મુક્ત હોવાથી મુમુક્ષુને જ્ઞાનદશા પ્રાપ્ત કરાવવા સમર્થ સહાયક બને છે. જ્ઞાનીની સર્વ

ક્રિયા કર્મનિર્જરા કરાવનારી હોય છે. જ્યારે અજ્ઞાનીની સર્વ ક્રિયા કર્મબંધ કરનારી છે. શુષ્કજ્ઞાની તત્ત્વની વાત કરતાં પણ બંધાય છે કારણ તેમાં અહંકાર ભળેલો હોય છે. તેના આત્મામાં રાગદ્વેષરહિતપણું, નિર્લેપપણું નથી. એટલે ઉપદેશ દેવાનું જે જ્ઞાનીની ક્રિયા છે તેનું અનુકરણ કરવું ઉચિત નથી. તારે તો તારા શ્રેય માટે એક આત્માર્થે ઉપદેશ ગ્રહણ કરવો એ જ યોગ્ય છે.

આગળ શ્રીમદ્ કહે છે કે જપ, તપ, વ્રત આદિ જે શુભ અનુષ્ઠાનો છે, જે આત્માર્થે કર્તવ્ય છે પણ એ ક્યારે સફળ થાય જ્યારે આત્મજ્ઞાની ગુરુની આજ્ઞાનું આરાધન કરી યોગ્યતા પ્રાપ્ત કરી સદ્‌ગુરુની કૃપા મળે. જ્યાં સુધી જીવને સદ્‌ગુરુની અનુપમ કૃપા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેના જપ, તપાદિ સર્વ સાધન ભ્રમરૂપ છે, મિથ્યા માન્યતારૂપ આત્મભ્રાંતિ વધારનારા છે. પરંતુ સદ્‌ગુરુની કૃપા તત્ત્વલોચનદાયક અને આત્મશ્રેયકારક છે, સર્વોપરી શ્રેષ્ઠ છે. તેથી જ જીવ આત્મજ્ઞાન પામી શીઘ્ર મુક્તિ પ્રાપ્ત કરી શકે. 'मोक्षमूलं गुरुकृपा।' ગુરુની કૃપા એ જ મોક્ષનું મૂળ છે. ગુરુ આજ્ઞા એજ જપ, તપ સફળ છે.

એ ગુરૂકૃપા પ્રાપ્ત કરવા જીવ જે સ્વચ્છંદે વર્તે છે અર્થાત્ પોતાની અજ્ઞાન બુદ્ધિથી વર્તે છે, સાચા ખોટાનો નિર્ણય કરે છે તેને ત્યાગીને આત્મજ્ઞાની સદ્‌ગુરુની આજ્ઞાનું અવલંબન ગ્રહણ કર, એ પ્રમાણે આચરણ કર. પ્રેમ, ભક્તિ અને ઉલ્લાસથી એમની આજ્ઞાનું આરાધન કરવાથી સદ્‌ગુરુની કૃપારૂપ ગુરુગમ પ્રાપ્ત થશે, એ જ કર્મક્ષયનો, આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાનો ઉપાય છે. જેથી આ સંસારચક્રમાં ફરતા રાખવાવાળા સર્વ કર્મબંધનનો ક્ષય થઈ શાશ્વત સુખમય એવા મોક્ષરૂપ પરમપદની પ્રાપ્તિ થશે.

આવી રીતે આ કાવ્યમાં શ્રીમદ્ રાજચંદ્રે સદ્‌ગુરુની મહત્તા દર્શાવી આત્મકલ્યાણ સાધવાનો સચોટ માર્ગ બતાવ્યો છે. આ કાવ્ય શ્રીમદ્‌ના હિંદી ભાષા પરના પ્રભુત્વની અને એમની કવિત્વ શક્તિની પ્રતીતિ કરાવે છે.

બીજી રચના શ્રીમદ્‌ના 'અંતિમ સંદેશો' તરીકે સુપ્રસિદ્ધ–'ઇચ્છે છે જે જનયોગી' છે. આ કાવ્ય શ્રીમદે વિ. સં. ૧૯૫૭ના ચૈત્ર સુદ ૯ના રોજ, એટલે કે પોતાના અવસાન પહેલાં માત્ર દસ દિવસે લખાવ્યું હતું. તે વખતે તેમને એટલી બધી અશક્તિ પ્રવર્તતી હતી કે જાતે લખી શકે તેવી સ્થિતિ ન હતી. આ કાવ્ય નીચે મુજબ છે–

ઈચ્છે છે જે જોગી જન, અનંત સુખસ્વરૂપ;
મૂળ શુદ્ધ તે આત્મપદ, સયોગી જિનસ્વરૂપ.
આત્મસ્વભાવ અગમ્ય તે, અવલંબન આધાર;
જિનપદથી દર્શાવિયો, તેહ સ્વરૂપ પ્રકાર.
જિનપદ, નિજપદ એકતા, ભેદભાવ નહીં કાંઈ;
લક્ષ થવાને તેહનો, કહ્યા શાસ્ત્ર સુખદાઈ.
જિન પ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન;
અવલંબન શ્રી સદ્‌ગુરુ, સુગમ અને સુખખાણ.
ઉપાસના જિન ચરણની, અતિશય ભક્તિ સહિત;
મુનિજન સંગતિ રતિ, અતિ, સંયમ યોગ ઘટિત.
ગુણ પ્રમોદ અતિશય રહે, રહે અંતર્મુખ યોગ;
પ્રાપ્તિ શ્રી સદ્‌ગુરુ વડે, જિન દર્શન અનુયોગ.
પ્રવચન સમુદ્ર બિંદુમાં, ઉલટી આવે એમ;
પૂર્વ ચૌદ લબ્ધિનું, ઉદાહરણ પણ તેમ.
વિષય વિકાર સહિત જે, રહ્યા મતિના યોગ;
પરિણામની વિષમતા, તેને યોગ અયોગ.
મંદ વિષયને સરળતા, સહ આજ્ઞા સુવિચાર;
કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર.
રોક્યા શબ્દાદિક વિષય, સંયમ સાધન રાગ;
જગત ઈષ્ટ નહિ આત્મથી, મધ્ય પાત્ર મહાભાગ્ય;
નહિ તૃષ્ણા જીવ્યાતણી, મરણ યોગ નહીં ક્ષોભ.
મહાપાત્ર તે માર્ગના, પરમ યોગ જિતલોભ...૧૧

(૨) આવ્યે બહુ સમદેશમાં, છાયા જાય સમાઈ
આવ્યે તેમ સ્વભાવમાં, મન સ્વરૂપ પણ જાઈ
ઉપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર
અંતર્મુખ અવલોકતા, વિલય થતા નહિ વાર.

(૩) સુખધામ અનંત સુસંત ચહી, દિન રાત્ર રહે તદ્‌ધ્યાન મહી
પરશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વર તે જયતે ?

આ કાવ્યમાં શ્રીમદ્ રાજચંદ્ર, જેઓએ પોતાની બાહ્ય પરિણતિ ટાળીને અંતર પરિણતિ, અંતરવૃત્તિ રત્નત્ર્યરૂપ મોક્ષમાર્ગમાં જોડી છે, એવા યોગીઓની મોક્ષપદની ઇચ્છા બતાવે છે. તેવા મુમુક્ષુ યોગી મહાત્માઓ નિરંતર અનંત સુખસ્વરૂપ મેક્ષપદને ઈચ્છે છે. તે મોક્ષપદ કેવું છે, તેની પ્રાપ્તિ કઈ રીતે થાય અને તે માટે આત્માની યોગ્યતા કેવી રીતે હોવી જોઈએ તે અહીં બતાવ્યું છે.

તે પદ શુદ્ધ આત્મસ્વરૂપરૂપ સિદ્ધપદ છે. આઠે કર્મ ક્ષય થઈ, દેહાદિથી મુક્ત થઈ અયોગી વિદેહમુક્ત એ શુદ્ધ આત્માનું સહજાત્મસ્વરૂપ પદ છે. તે પદ સયોગી સ્વરૂપે એટલે દેહધારી, જીવનમુક્ત, ચાર ઘાતી કર્મનો ક્ષય કરી અનંત ચતુષ્ટકધારી એવા અરિહંત જિન પરમાત્મરૂપે છે. 'मोक्षेण योजनाद् योगः' અર્થાત્ શુદ્ધ આત્મસ્વરૂપરૂપ મોક્ષપદ સાથે જે જોડે તે યોગ. જેની અંતરપરિણતિ રત્નત્રયરૂપ મોક્ષમાર્ગમાં જોડાઈ છે, તે યોગી. મુમુક્ષુ અનંત સુખસ્વરૂપ શાશ્વત મોક્ષપદને નિરંતર ઈચ્છી રહ્યા છે. આ શુદ્ધ આત્મસ્વરૂપરૂપ સિદ્ધપદ અનંત દર્શન, જ્ઞાન, સુખ, વીર્ય આદિ અનંત આત્મિક ગુણોથી યુક્ત છે, અરૂપી છે. આ

*ચાલ્યું આવતું વૈર આજે નિર્મૂળ કરાય તો ઉત્તમ, નહીં તો તેની સાવચેતી રાખજે.*

જીવને અનાદિથી માત્ર રૂપી પદાર્થનો જ પરિચય હોવાથી આ આત્મસ્વભાવ સમજમાં આવવો દુર્ગમ્ય છે. માટે તે સ્વરૂપ સયોગી જિન, દેહધારી સાકાર અરિહંત પરમાત્માના અવલંબનથી સહેજે સમજમાં આવવા યોગ્ય છે એટલે ભગવાન જિનનું અવલંબન એ મુમુક્ષુઓ માટે પરમ આધાર, અનન્ય શરણરૂપ ઉપકારી છે.

શ્રીમદ્ આગળ કહે છે, જિનપદ અને નિજપદની એકતા છે, તેમાં કાંઈ ભેદભાવ નથી અર્થાત્ જેવું ભગવાન જિનનું અનંત જ્ઞાનાદિ ઐશ્વર્યયુક્ત શુદ્ધ આત્મસ્વરૂપરૂપ પરમપદ પ્રગટ છે, તેવું જ આ જીવનું પણ મૂળ સ્વરૂપ શુદ્ધ આત્મસ્વરૂપરૂપ છે. એટલે કે મૂળ સ્વરૂપે પરમાત્મા જિન અને આ આત્માના સ્વરૂપમાં ભેદ નથી. પણ વર્તમાનમાં જિન ભગવાનનું પરમાત્મા પદ પ્રગટ છે, વ્યક્ત છે અને આ જીવનું સ્વરૂપ કર્મોથી આવરિત છે છતાં તે કર્મોનો ક્ષય કરી પોતાનું શુદ્ધ આત્મસ્વરૂપ જિન ભગવાનના પરમાત્માપદની જેમ પ્રગટ થઈ શકે છે તે સમજાવવા માટે ભગવાનના ઉપદેશનું રહસ્ય જેમાં વણાયેલું છે એવા શાસ્ત્રો, ગણધરાદિ આચાર્યોએ પ્રબોધ્યા છે. આ શાસ્ત્રોનો આશય અત્યંત ગહન હોવાથી તે અત્યંત દુર્ગમ્ય છે, સહજ સમજાય એવું નથી. જેમ કે નાની નૌકાથી દુસ્તર એવા સાગરને પાર કરવો અત્યંત કઠિન છે તેમ પોતાની અલ્પ મતિથી જિન ભગવાનના ઉપદેશનું રહસ્ય સહજતાથી સમજવું શક્ય નથી, એ શાસ્ત્રોનું રહસ્ય જ્ઞાની એવા સદ્ગુરુનું અવલંબન લેવાથી પ્રાપ્ત થઈ શકે છે. જેને આવા પ્રજ્ઞાવંત, સ્વાનુભાવી, આત્મરામી સદ્ગુરુનું પ્રાપ્ત થાય છે તેને સર્વ શાસ્ત્રોનો સાર સમજમાં આવતા, તે પરમ સુખધામ એવું પરમાત્મપદ, તેનો બોધ, તેની પ્રતીતિ પામી તે કૃતાર્થ થઈ જાય છે. માટે સદ્ગુરુ એ મુમુક્ષુ માટે સુગમ અને સુખખાણ એવું પરમ અવલંબન છે. અત્યંત ભક્તિપૂર્વક જિનચરણની ઉપાસના કરવી, આત્મજ્ઞાની એવા મુનિજનોના સત્સંગમાં અતિશય આદર, રૂચિ થવી, મન-વચન-કાયાના યોગનો યથાશક્તિ સંયમ કરવો, ગુણીજનોના ગુણો પ્રત્યે પ્રમોદ જાગવો, અંતર્મુખ યોગ રાખવો. આમ કરનારને શ્રી સદ્ગુરુ દ્વારા જિન દર્શનના સિદ્ધાંત જે પ્રથમાનુયોગ, કરુણાનુયોગ, ચરણાનુયોગ અને દ્રવ્યાનુયોગ–આ ચાર અનુયોગમાં ગુંફિત થયેલા છે તેનું રહસ્ય પ્રાપ્ત થાય છે. જેમ તીર્થંકર પરમાત્મા દ્વારા માત્ર ત્રિપદીનો–ઉપનેઈવા, વિઘનેઈવા, ધ્રુવેઈવા બોધ થતા જ પ્રજ્ઞાવંત એવા ગણધરોને તે ત્રિપદી ચૌદ પૂર્વનું જ્ઞાન પ્રગટાવવા લબ્ધિવાક્ય થતી તેમ સદ્ગુરુની કૃપાથી, બોધથી જીવ શાસ્ત્રસમુદ્રનો પાર પામે છે. જેમ સાગરના જળમાંથી એક બિંદુ માત્ર ચાખી જોતા આખા સમુદ્રના જળનો ખ્યાલ આવે છે તેમ જિન પરમાત્માના પ્રવચનો રૂપી સમુદ્ર અર્થાત્ ચૌદ પૂર્વનું જ્ઞાન જ્ઞાનીના વાક્યનો યથાર્થ પરમાર્થ સમજાતા પ્રગટે છે.

અહીં શ્રીમદે મોક્ષાર્થી જીવોની યોગ્યતા એની આંતરિક પરિણતિ અનુસાર અલગ અલગ ભૂમિકા પ્રમાણે બતાવી છે. જે જીવોનું મન વિષય વિકારમાં આસક્તિવાળું છે અર્થાત્ વિષયો પ્રત્યેની આસક્તિ ઘટી નથી, સવિશેષ કષાય પ્રવર્તતા હોય તે જીવ માટે સદ્ગુરુ અને સદ્ધર્મનો યોગ કે અયોગ સમાન જ છે; અર્થાત્ યોગ મળ્યો હોય તો પણ તે ન મળ્યા બરાબર જ છે, તે વ્યર્થ, નિષ્ફળ જાય છે. તત્ત્વપ્રાપ્તિ માટે એ જીવોની યોગ્યતા નથી.

જેની વિષયાશક્તિ તથા કષાય મંદ થયા હોય, જેની મન-વચન-કાયાની પ્રવૃત્તિમાં સરળતા, નિષ્કપટતા હોય તથા માયારહિત હોય તેમજ જેનામાં કરુણા, કોમળતા અને આજ્ઞાપલન આદિ ગુણો હોય તેવા અલ્પારંભી જીવો તત્ત્વપ્રાપ્તિ માટે પ્રથમ ભૂમિકામાં ગણવા યોગ્ય છે. જે આત્માર્થીઓની શબ્દ, રસ, સ્પર્શ આદિ પાંચેય ઇંદ્રિયોની વિષયાસક્તિ મંદ થઈ છે, વિષયો પ્રત્યે જતી મનની વૃત્તિઓને રોકીને ઇંદ્રિય સંયમ સાધ્યો છે, પરમાર્થના સાધનો સત્સંગ, સત્શાસ્ત્ર, સદ્બોધ આદિ પ્રત્યે જેને રૂચિ પ્રગટી છે, જેને આત્માથી કોઈ પણ 'પદાર્થ ઈષ્ટ નથી' એવી દૃઢ પ્રતીતિ થઈ છે તેથી જગત, જગતના ભાવો, સાંસારિક પ્રવૃત્તિ એ સર્વ બંધનના કારણ જાણી તે પ્રત્યે વૈરાગ્ય, ઉદાસીનતા, ઉપેક્ષાભાવ જાગૃત થયો છે તેવા આત્માર્થી નિર્ગ્રંથ મુમુક્ષુજનો મધ્યમ ભૂમિકામાં છે. પણ ઉત્તમ જીવ તો તે છે–

*નહિ તૃષ્ણા જીવ્યાતણી, મરણ યોગ નહિ ક્ષોભ;*
*મહાપાત્ર તે માર્ગના, પરમ યોગ જિતલોભ.*

અર્થાત્ જેને જીવનની તૃષ્ણા નથી અર્થાત્ વધારે જીવાય તો સારું એવી ઇચ્છા નથી તેમજ મરણના યોગ વખતે પણ કોઈ વ્યગ્રતા, ક્ષોભ કે અશાંતિ નથી પણ પરમ શાંતભાવે સમાધિમરણ માટે તૈયાર છે, તેવા મહાભાગ્ય જીવો મોક્ષપ્રાપ્તિ માટે સર્વશ્રેષ્ઠ યોગ્યતાવાળા છે, ઉત્કૃષ્ટ છે. તે મહાપુરુષો પરમ યોગી, જ્ઞાન ધ્યાનમાં નિરંતર મગ્ન રહેનારા, મન-વચન-કાયાના યોગને જીતનારા, પોતાના શુદ્ધ આત્મસ્વરૂપમાં રમણતા કરી નિરંતર સમાધિ સુખમાં મગ્ન રહેનારા, જિતલોભ, અર્થાત્ ચારે કષાયોનો જય કરનારા એવા પરમ યોગી, સયોગી જિન તે મોક્ષમાર્ગના સર્વોત્કૃષ્ટ અધિકારી છે.

આમ પહેલા અગિયાર દોહરામાં શ્રીમદ્ રાજચંદ્ર મોક્ષમાર્ગ પામવા માટે ત્રણ અનિવાર્ય તત્ત્વ સમજાવે છે–સદ્ધર્મ, સદ્ગુરુ અને જીવની પાત્રતા. આમાંથી એક પણ તત્ત્વ ઉણું હોય તો મોક્ષપ્રાપ્તિ થતી નથી.

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૬૬)



*નવું વૈર વધારીશ નહીં, કારણ વૈર કરી કેટલા કાળનું સુખ ભોગવવું છે એ વિચાર તત્ત્વજ્ઞાનીઓ કરે છે.*

# યમ, નિયમ, સંયમ કિયો

□ પ્રા. ડૉ. કોકિલા હેમચંદ શાહ

*[ડૉ. કોકિલાબેન શાહ ફિલોસોફીના પ્રાધ્યાપક છે. હાલ સોમૈયા જૈન સેન્ટર સાથે કાર્યરત છે. અનેક વિદ્યાર્થીઓને પીએચ.ડી. કરાવ્યું છે.]*

'મહાદેવ્યાઃ કુક્ષિરત્નં શબ્દજિતરવાત્મજમ
રાજચંદ્રમહં વંદે તત્ત્વલોચનદાયકમ.'

**તદપિ કછુ હાથ હજુ ન પર્યો (યમ, નિયમ...)**

શ્રીમદ્ રાજચંદ્ર દુષમકાળના યુગપુરુષ, જ્ઞાનાવતાર, સાક્ષાત્ સરસ્વતી સમર્થ દાર્શનિક તત્ત્વવેત્તા ઓગણીસમી શતાબ્દિની એક અસાધારણ વિભૂતિ હતા. તેમનું સ્થાન જૈન સાહિત્યમાં જ નહીં પરંતુ વિશ્વના ઇતિહાસમાં અજોડ છે. આ અલૌકિક મહાપુરુષે ભગવાન મહાવીરે ઉપદેશેલો અધ્યાત્મવાદનો સિદ્ધાંત સ્પષ્ટપણે અનુભવીને આધુનિક કાળમાં તેને પોતાની અદ્ભુત શૈલીમાં રજૂ કર્યો છે. તેમની આત્મિક અભ્યંતર અવસ્થાનો નિચોડ તેમના લખાણોમાં મૂર્ત સ્વરૂપ પામે છે.

યમ નિયમ સંજમ આપ કિયો,
પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;
વનવાસ લિયો, મુખ મૌન રહ્યો,
દૃઢ આસન પ્રશ્ન લગાય દિયો. (૧)

'યમ, નિયમ...' આઠ પંક્તિના આ હૃદયસ્પર્શી કાવ્યમાં શ્રીમદ્ રાજચંદ્રે ગુરુ માહાત્મ્ય ગુરુઆજ્ઞાએ ચાલવાથી મળતું ફળ દર્શાવ્યું છે.

વિ. સં. ૧૯૪૭માં ખંભાતમાં આ કાવ્યની રચના થઈ છે. આ તેમનું હિંદીમાં રચાયેલું પદ્ય છે. તેમાં શ્રીમદ્ રાજચંદ્રે અનંત ભવથી જીવે શું શું કર્યું-યમ-નિયમ ઇત્યાદિ છતાં આત્મજ્ઞાન મેળવ્યું નહીં તેનું વર્ણન કરી શું કરવાથી આત્મજ્ઞાન થાય તેનો બોધ કર્યો છે. સદ્ગુરુની પ્રાપ્તિ વિના કરેલા સર્વ કાર્યો-સાધનો બંધનરૂપ થાય છે તેથી ગુરુની અગત્યતા બતાવી છે તેનું વર્ણન જોવા મળે છે અને તે બધા પ્રયત્નો કરવા છતાં જ્ઞાન શા માટે નથી પ્રગટ્યું, તેમાં શું રહી ગયું તથા શું કરતા 'આત્મજ્ઞાન' પ્રાપ્ત થાય તે પાછળની પંક્તિઓમાં બતાવ્યું છે.

અહીં જ્ઞાન પ્રાપ્તિની ઇચ્છાથી જીવે કેવા કેવા પ્રયત્નો કર્યા તેના વર્ણનમાં જૈન ધર્મના પારિભાષિક શબ્દોનો ઉપયોગ કર્યો છે.

**યમ**-અર્થાત્ આખા જીવન માટે જે વ્રત લેવામાં આવે તે–જેમકે પાંચ અણુવ્રત કે મહાવ્રત.

**નિયમ**-જે થોડા વખત માટે ખાસ નિયમ કરીએ તે–જેમકે એક મહિના માટે અમુક ત્યાગ. 'યોગદષ્ટિ સમુચ્ચય'માં આઠ દૃષ્ટિમાં પ્રથમ પાંચ મહાવ્રતરૂપી યમ આવે એમ કહ્યું છે. બીજી દૃષ્ટિમાં પંચ નિયમ-શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરનું ધ્યાન આવે એમ કહ્યું છે.

**સંયમ**-પાંચ ઇંદ્રિય ને છઠ્ઠા મનના નિગ્રહ રૂપે એમ છ પ્રકારે અને છકાય જીવની રક્ષા મળી ૧૨ પ્રકારે થાય.

**ત્યાગ**-ત્યાગ પણ કર્યો અર્થાત્ બાહ્ય કે અંતરના વિભાવને છોડવારૂપ ત્યાગ–આત્મ પરિણામથી જેટલો અન્ય પદાર્થનો તાદાત્મ્ય અધ્યાસ નિવર્તવો તેને શ્રી જિન ત્યાગ કહે છે. (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક ૫૦૩)

**વૈરાગ્ય**-વૈરાગ્ય એટલે રાગને છોડવો તે, વિભાવદશાનો ત્યાગ. રાજચંદ્ર કહે છે–'ગૃહ કુટુંબાદિભાવને વિષે અનાસક્ત બુદ્ધિ થવી તે વૈરાગ્ય. (શ્રીમદ્ રાજચંદ્ર અંક ૪૧૮). બાહ્ય ત્યાગી થઈ. વનવાસ સ્વીકાર્યો–મૌનપણે રહ્યો, દૃઢ પદ્માસનમાં પણ રહ્યો. વળી કહે છે-

*મનમૌન નિરોધ સ્વબોધ કિયો,*
*હઠ જોગ પ્રયોગ સુ તાર ભયો;*
*જપ ભેદ જપે તપ ત્યૌંહિ તપે,*
*ઉરસેંહિ ઉદાસી લહી સબપેં.* (૨)

મનની વૃત્તિઓનો નિરોધ કરી, હઠયોગના પ્રયોગમાં સ્થિરતા કરી જ્ઞાન મેળવવા પ્રયત્ન કર્યો, જાપ કર્યા, ઉગ્ર તપશ્ચર્યા કરી. બાહ્ય પદાર્થો પ્રતિ અનાસક્તિ કેળવી–આમ યોગની પણ સાધના કરી–તદુઉપરાંત–

*સબ શાસ્ત્રન કે નય ધારિ હિયે,*
*મત મંડન ખંડન ભેદ લિયે,-*
*વહ સાધન બાર અનંત કિયો,*
*તદપિ કછુ હાથ હજુ ન પર્યો.* (૩)

અને વળી સર્વ શાસ્ત્રોનો, સર્વ દર્શનોનો નયપૂર્વક–અપેક્ષાની દૃષ્ટિએ અભ્યાસ કરી, વાદ-વિવાદ કરી ખંડન મંડન અનેક મતોનું પણ કર્યું–આમ અનેક પ્રકારની ક્રિયાઓ–વ્રત, તપ આદિ દ્વારા જ્ઞાન મેળવવાનો પ્રયાસ કર્યો. આ બધા સાધનો જીવે અનાદિકાળથી અનેકાનેક વખત કર્યા છે, છતાં પણ હજુ તેના ફળસ્વરૂપે કંઈ પ્રાપ્ત થયું નથી. 'તદપિ કછુ હાથ હજુ ન પર્યો–તો



પ્રબુદ્ધ જીવન : જ્ઞાનયોગી શ્રીમદ્ રાજચંદ્રજી વિશેષાંક

પણ આત્મજ્ઞાન આત્માનુભૂતિ થઈ નહીં.

અનેક પ્રકારની સાધના ધ્યેયપ્રાપ્તિ માટે જીવે આદરી તોપણ આત્મજ્ઞાન થયું નહીં–'આત્મ સ્વરૂપનો નિર્ણય થવામાં અનાદિથી જીવની ભૂલ થતી આવી છે.' મંત્ર, જપ, તપ વગેરેની પણ સાધના કરી, જીવનભર ઉદાસીનતા આવી, સર્વ પ્રત્યે વૈરાગ્યભાવ જાગ્યો-એમ સ્વરૂપજ્ઞાન માટે આ બધું કર્યું પણ અંતે તો કંઈ પણ હાથમાં આવ્યું નહીં. જીવે આવા બધાં જ સાધનો અનાદિ કાળથી ભવભ્રમણમાં કર્યાં છે. 'વહ સાધન બાર અનંત કિયો'–છતાં હજુ તેનું ફળ કંઈ પ્રાપ્ત થયું નથી.

શા માટે ? આટઆટલું કર્યાં છતાં શું રહી ગયું ?–તે વિશે શ્રીમદ્ રાજચંદ્રે ચોથી તથા પાંચમી ગાથામાં કહ્યું છે–

*અબ ક્યોં ન બિચારત હૈ મન સે,*
*કછું ઔર રહા ઉન સાધનસે ?*
*બિન સદ્ગુરુ કોય ન ભેદ લહે,*
*મુખ આગલ હૈ કહ બાત કહે.* (૪).

સાધનો કેમ સફળ ન થયા ? 'સહુ સાધન બંધન થયા'–શા માટે ? તો કહ્યું છે કે ગુરુ વિના જ્ઞાન નથી, 'જીવ પોતાને ભૂલી ગયો છે અને તેથી સત્સુખનો તેને વિયોગ છે. પોતાને ભૂલી ગયારૂપ અજ્ઞાન, જ્ઞાન મળવાથી નાશ થાય છે. જ્ઞાનની પ્રાપ્તિ જ્ઞાની પાસેથી જ થાય છે.

જીવ નિજછંદે ચાલી પુરુષાર્થ કરે તો પણ પોતે પોતાથી જ્ઞાન પામે નહીં પરંતુ જ્ઞાનીની આજ્ઞાનો આરાધક અંતર્મુહૂતમાં પણ કેવળજ્ઞાન પામે. કહ્યું છે–'પ્રત્યક્ષ સદ્ગુરુસમ નહીં, પરોક્ષ જીવ ઉપકાર, એવો લક્ષ થયા વિના, ઉગે ન આત્મવિચાર'. પ્રત્યક્ષ સદ્ગુરુના અવલંબનની જરૂર છે. સદ્ગુરુની સહાય વિના પોતાની મેળે સ્વચ્છંદે કોઈને ધર્મ સમજાતો નથી. ધર્મ એ આત્માનું વસ્તુનું મૂળ સ્વરૂપ જ છે. 'વત્થુ સહાવો ધમ્મો' સત્ એ પાસે જ છે. 'સહજ આત્મ સ્વરૂપ પરમ ગુરુ' – નિશ્ચયનયથી આત્મા જ આત્માનો ગુરુ છે. સ્વ પરનો ભેદ સદ્ગુરુ વિના સમજાતો નથી. સાધનો સફળ ન થયા કારણ કે સદ્ગુરુ વિના જ્ઞાન નથી તેથી જ કહ્યું છે–'બીજું કશું તું શોધ મા–શોધ કેવળ એક સત્ પુરુષને અને પછી જો મોક્ષ ન મળે તો મારી પાસે આવજે.'

કરુણા હમ પાવત હૈ તુમકી
વહ બાત રહી સુગુરુ ગમકી;
પલમેં પ્રગટે મુખ આગલસે,
જબ સદ્ગુરુ ચરણ સુપ્રેમ બસેં (૫)

આત્મરૂપ ગુરુ જ્યારે યથાર્થ વિચારે ને સમજે ત્યારે સત્ની પ્રાપ્તિ થાય છે. સદ્ગુરુની આજ્ઞાને આરાધવાથી સહજમાં આત્મજ્ઞાન-સમકિત પમાય છે. ધર્મનો મર્મ તો સદ્ગુરુના અંતરમાં રહ્યો છે. તે બતાવે ત્યારે સમજાય છે. 'રોકે જીવ સ્વચ્છંદ તો પામે અવશ્ય મોક્ષ' – સદ્ગુરુની આજ્ઞા વિના સ્વચ્છંદે કોઈને ધર્મનું રહસ્ય પ્રાપ્ત થતું નથી. સંસાર પરિભ્રમણનું કારણ સ્વચ્છંદ છે માટે એ હેય છે. સ્વચ્છંદ રોકવાનો ઉપાય છે. સદ્ગુરુની આજ્ઞા પ્રમાણે વર્તવું. સમ્યક્દર્શન સદ્ગુરુના શરણમાં જવાથી પમાય છે. જે થકી પોતાના સ્વરૂપની ભ્રમણા ટળે છે–આત્મા આત્મભાવે ઓળખાય છે. આવો આત્મધર્મ પામવા માટે પુરુષાર્થ કરવો જોઈએ. સત્ એ તો પાસે જ છે દૂર નથી. તેની સમજણ સદ્ગુરુ જેમણે પોતે સત્ પ્રાપ્ત કર્યું છે તેમના બોધે આવે છે. જીવો પોતે કરે તો અહંકાર આવી જાય જ્યારે 'પ્રત્યક્ષ સદ્ગુરુ યોગથી સ્વચ્છંદ તે રોકાય.'

કરુણાથી પ્રેરાઈને રાજચંદ્ર કહે છે કે સત્ની પ્રાપ્તિ આત્મારૂપ ગુરુ જ્યારે યથાર્થ વિચારે ત્યારે થાય છે. સદ્ગુરુ પ્રત્યે જ્યારે અનન્ય પ્રીતિ જાગે, અને શુદ્ધ આત્મસ્વરૂપ પ્રત્યે જ્યારે પ્રેમ થાય ત્યારે ધ્યેય પ્રાપ્તિ થાય છે.

*'તનસેં, મનસેં, ધનસેં, સબસેં*
*ગુરુ દેવ કી આન સ્વ આત્મ બસે,*
*તબ કારજ સિદ્ધ બને અપનો,*
*રસ અમૃત પાવહિ પ્રેમ ધનો.'* (૬)

સદ્ગુરુનો યોગ થયા પછી આત્મજ્ઞાન દુર્લભ નથી તથાપિ સદ્ગુરુને વિષે, પ્રીતિ-ભક્તિ થાય નહીં ત્યાં સુધી સ્વરૂપના વિચારની યથાર્થ પ્રાપ્તિ થતી નથી. જ્યારે તે દશા આવે છે ત્યારે તેના ચરણમાં બેસી જેણે સમર્પણ કર્યું છે તે પુરુષ તેવી દશાને ક્રમે કરીને પામે છે. સાધક જ્યારે પોતાની સર્વ શક્તિથી પ્રેમ સદ્ગુરુમાં જોડે ત્યારે કાર્યની સફળતા થાય છે–તેમની આજ્ઞાનું પાલન કરે ત્યારે મોહનીયકર્મનો નાશ થાય છે અને ક્ષણ માત્રમાં આત્મજ્ઞાન પ્રગટે છે અને જીવ સ્વાનુભવરૂપ અમૃતરસનું પાન કરે. જીવ અહંકાર, માન, મમતા સર્વ છોડી સત્ પુરુષને આશ્રયે વર્તે તો તેને બીજજ્ઞાનની સહેલાઈથી પ્રાપ્તિ થાય–સદ્ગુરુ–તેમના પ્રત્યેની ભક્તિ, પ્રીતિ જીવને આત્માનંદના અમૃતરસનું પાન કારવે છે. ગુરુ કૃપાથી જીવની બાહ્યદૃષ્ટિ છૂટી આંતરદૃષ્ટિ ખીલે છે–'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે...' આ આત્મજ્ઞાન પ્રાપ્તિ માટેનો છે.

જીવ હર પળે ખરા પ્રેમથી સદ્ગુરુની આજ્ઞા આરાધવાનું લક્ષ રાખે તો તેમનો પ્રેમ અવશ્ય પામે. તેથી આગળ કહ્યું છે.

*વહ સત્ય સુધા દરશાવહિંગે,*
*ચતુરાંગુલ હે દગસે મિલ હે ;*
*રસ દેવ નિરંજન કો પિવહી,*
*ગહિ જોગ જુગોજુગ સો જિવહી.* (૭)

તે પ્રેમ-કૃપા જે સત્ય અમૃત છે તેને ઓળખાવે છે–ગુરુ જ ચતુર પુરુષને આંગળીથી દિશા બતાવે છે ત્યારે જ્ઞાનીના સંકેતને અનુસરતા સમ્યક્દર્શન પ્રાપ્ત કરે છે. શુદ્ધ આત્મા જે રસસ્વરૂપ છે તેનો અનુભવ કરાવે છે, જેના આધારથી જીવ મોક્ષમાર્ગમાં સ્થિરતા પ્રાપ્ત કરે છે અને અનુક્રમે આગળ વધી મોક્ષ પ્રાપ્ત કરે છે. સમ્યક્દર્શી જીવ પરમાત્મરૂપ નિરંજન દેવનો રસ આનંદ અનુભવે છે. એવા યોગે પામેલો યોગી અવ્યાબાધ સુખ અનુભવે છે. 'અબ હમ અમર ભયે ન મરેંગે', એવો અનુભવ થાય છે.

ગુરુ કૃપાથી જીવની બાહ્યદષ્ટિ છૂટી આંર્તદષ્ટિ ખીલે છે તે અનુભવની પ્રાપ્તિ વિશે શ્રીમદ્ રાજચંદ્ર કહે છે–'ચંતુરાંગુલ હૈ દગસે મિલહે'. આ પંક્તિ અત્યંત ગૂઢ છે. શ્રીમદ્ રાજચંદ્રના ભક્ત લઘુરાજ સ્વામીએ આ પંક્તિનો અર્થ શ્રીમદ્‌ને પૂછ્યો હતો ત્યારે તેમણે એ વિષે એવો ઉત્તર આપ્યો હતો કે 'એ આગળ પર સમજાશે' (શ્રીમદ્ રાજચંદ્ર અગાસ આવૃત્તિ પૃ. ૬૪૬, આંક ૯૧૨)–અર્થાત્ જ્ઞાનની એટલી ઉચ્ચ કક્ષા થશે ત્યારે સ્વયંમેવ સમજાશે. આમ આ પંક્તિ અનુભવગમ્ય કહેવાઈ છે. આનો બીજો અર્થ એમ પણ ઘટિત થાય કે જ્ઞાન પામવા માટે છેલ્લે ધ્યાન અવસ્થા પણ જરૂરી છે. ધ્યાન ધરતી વખતે જો આંખો બંધ કર્યા પછી તે દૃષ્ટિદગને અંદરની બાજુ કપાળના મધ્યબિંદુની સીધી લીટીમાં ચાર અંગુલી અંદર (ચતુરાંગુલ) સ્થિર કરી શકીએ તો આત્મધ્યાન દ્વારા આત્મજ્ઞાન થાય. શ્રીમદ્ અન્યત્ર કહે છે :-

*'આત્મભ્રાંતિ સમરોગ નહિ સદ્ગુરુ વૈદ્યસુજાણ;*
*ગુરુ આજ્ઞા સમપથ્ય નહિ ઔષધ વિચાર ધ્યાન.'*

(આત્મસિદ્ધિ-૧૨૯)

આ જ પંક્તિ (૭) વિષે શ્રી રાવજીભાઈ દેસાઈ લખે છે કે એ ચરણનો યથાર્થ પુરુષાર્થ તો માત્ર અનુભવ રસાસ્વાદી જ્ઞાનીઓના હૃદયમાં જ રહેલ છે. જે ત્યાંથી જ ગુરુગમે પ્રાપ્ત થવા યોગ્ય છે.

(શ્રીમદ્ રાજચંદ્ર :કાવ્ય-અમૃત ઝરણા પૃ. ૫૪)

આત્મજ્ઞાન પ્રાપ્ત થયા પછી કર્મરૂપ અંજન મલિનતાથી રહિત પોતાના આત્મામાં જ રહેતા કર્મરહિત સહજાત્મા જેવો નિરંજન દેવનો રસ એટલે કે શુદ્ધાત્માનુભૂતિ રૂપરસ જેણે પીધો છે તેવા જ્ઞાનના સમાગમથી તે અનંતકાળ માટેનું મોક્ષપદ પામે છે–જગતની સર્વશ્રેષ્ઠ સિદ્ધિ પ્રાપ્ત કરે છે એમ અહીં બતાવ્યું છે. અંતમાં છેલ્લી પંક્તિમાં કહ્યું છે-

*પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસે,*
*સબ આગમ ભેદ સુઉર બસે;*
*વહ કેવલ કો બિજ ગ્યાનિ કહે,*
*નિજ કો અનુભૌ બતલાઈ દિયે.* (૮)

જ્યારે પ્રભુ પ્રત્યેનો અલૌકિક પ્રેમ વધતો જ જાય ત્યારે જ્ઞાન થાય છે એ પ્રેમ જ ભક્તિ માર્ગ છે. જ્ઞાની પ્રત્યેના પ્રેમનો પ્રવાહ અનન્ય બને તો તેમના જેવું પોતાને પણ આત્મદર્શન થાય, બધા શાસ્ત્રોનો મર્મ સમજાઈ જાય. આ બીજરૂપ જ્ઞાનની કેવળજ્ઞાનમાં પરિણતિ થાય છે. ઉપાસના કરતા સાધક સમ્યક્દર્શનને પામે છે. આ રીતે કર્મની સ્થિતિબંધ ઘટે છે–અને કર્મક્ષય થતાં–આત્માનુભૂતિ થાય છે. અને સમ્યક્દર્શનનું માહાત્મ્ય પ્રગટ કરતાં શ્રીમદે કહ્યું છે, 'અનંત કાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું તે જ્ઞાનને એક સમય માત્રમાં જાત્યાંતર કરી જેણે ભવનિવૃત્તિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યક્દર્શનને નમસ્કાર.'

**જ્યારે પ્રભુ પ્રત્યેનો અલૌકિક પ્રેમ વધતો જ જાય ત્યારે જ્ઞાન થાય છે એ પ્રેમ જ ભક્તિ માર્ગ છે. જ્ઞાની પ્રત્યેના પ્રેમનો પ્રવાહ અનન્ય બને તો તેમના જેવું પોતાને પણ આત્મદર્શન થાય, બધા શાસ્ત્રોનો મર્મ સમજાઈ જાય. આ બીજરૂપ જ્ઞાનની કેવળજ્ઞાનમાં પરિણતિ થાય છે. ઉપાસના કરતા સાધક સમ્યક્દર્શનને પામે છે. આ રીતે કર્મની સ્થિતિબંધ ઘટે છે–અને કર્મક્ષય થતાં–આત્માનુભૂતિ થાય છે.**

પ્રભુ પ્રત્યેનો પરમ પ્રેમ તે જ સમકિત છે–તેને જ કેવલજ્ઞાનનું બીજ કહ્યું છે. જ્ઞાની ગુરુ પ્રત્યે પ્રેમ થતાં આત્મજ્ઞાન થાય છે. પોતાના આત્માનો અનુભવ થાય છે. જે સત્પુરુષોએ સમ્યક્ત્વરૂપી દીવો પ્રગટ કર્યો છે તેમના ચરણકમળની ઉપાસના કરવામાં આવે, ભક્તિ કરવામાં આવે તો જેના ચરણારવિંદ સાધકે સેવ્યા છે તેની દશાને એટલે સમ્યક્ત્વને તે સાધક પામે છે. પરમપદને પામે છે તેથી જ કહ્યું છે–'સેવે સદ્ગુરુ કે ચરણ સો પાવે સાક્ષાત્.' ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાનીપુરુષના ચરણારવિંદ, તે પ્રત્યે અચળ પ્રેમ થયા વિના અને સમ્યક્ પ્રતીતિ આવ્યા વિના સત્સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી અને આવ્યેથી અવશ્ય તે મુમુક્ષુ જેના ચરણારવિંદ તેણે સેવ્યા છે તેની દશાને પામે છે. આ માર્ગ સર્વ જ્ઞાનીઓએ સેવ્યો છે, સેવે છે અને સેવશે. જ્ઞાનપ્રાપ્તિ એથી એમને થઈ હતી, વર્તમાને એ જ માર્ગથી થાય છે અને અનાગત કાળે પણ જ્ઞાનપ્રાપ્તિનો એ જ માર્ગ છે. સર્વ શાસ્ત્રોનો બોધ લક્ષ જોવા જતાં એ જ છે અને જે કોઈ પણ પ્રાણી છૂટવા ઈચ્છે છે તેણે અખંડ વૃત્તિથી એ જ માર્ગને આદરવો. આ માર્ગ આરાધ્યા વિના જીવે અનાદિકાળથી પરિભ્રમણ કર્યું છે. (પત્રાંક ૧૯૪).

આમ આ કાવ્યનો કેન્દ્રવર્તી વિચાર – 'આત્મજ્ઞાન' માટે શું કરવું જોઇએ' તે છે અને તે માટે સદ્ગુરુની આવશ્યકતા અને ભક્તિનું માહાત્મ્ય બતાવ્યું છે. સદ્ગુરુ સાક્ષાત્ પરમાત્મા છે. 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'ના 'શિષ્યબોધ બીજપ્રાપ્તિ કથન'માં પણ

આજ દૃષ્ટિગોચર થાય છે. શિષ્ય કહે છે 'અહો! અહો! શ્રી સદ્‌ગુરુ, કરુણા સિંધુ અપાર' અને ગુરુને પરમાત્મા–પ્રભુ તરીકે સંબોધે છે – 'આ પામર પર પ્રભુ કર્યો અહો! અહો! ઉપકાર.' (ગાથા-૧૨૪).

'જ્ઞાની તો પરમાત્મા જ છે; અને તેની ઓળખાણ વિના પરમાત્માની પ્રાપ્તિ થઈ નથી; માટે સર્વ પ્રકારે ભક્તિ કરવા યોગ્ય એવી દેહધારી દિવ્યમૂર્તિ જ્ઞાનીરૂપ પરમાત્માની – ને નમસ્કારાદિ ભક્તિથી માંડી પરાભક્તિના અંત સુધી એક લયે આરાધવી, એવો શાસ્ત્ર લક્ષ છે.' (પત્રાંક-૨૨૩).

સાધક વિના કોઈ સાધ્ય સુધી પહોંચી શકતું નથી. માર્ગનું મહત્ત્વ છે ભક્તિ એટલે પરમાત્માનો અનુરાગ. સદ્‌ગુરુમાં પરમેશ્વરબુદ્ધિ કરવી એટલે અહંકારનો નાશ થાય છે અને આત્મકલ્યાણનો માર્ગ મળે છે. જીવ પોતાને ભૂલી ગયો છે તેથી સત્ સુખનો વિયોગ છે. ભૂલી ગયારૂપ અજ્ઞાન જ્ઞાનથી નાશ થાય છે. જ્ઞાનમાર્ગ વિના મોક્ષ નથી અને જ્ઞાન જ્ઞાનીની ભક્તિથી થાય છે. જ્ઞાનીની પ્રત્યક્ષ આજ્ઞા મોક્ષ થવા માટે આરાધવી જોઈએ. શાસ્ત્રમાં કહેલી આજ્ઞાઓ પરોક્ષ છે અને તે જીવને અધિકારી થવા માટે કહી છે. શ્રીમદ્‌જી તેથી જ કહે છે–'ઘણાં ઘણાં પ્રકારના મનન કરતાં અમારો દૃઢ નિશ્ચય છે કે ભક્તિ એ સર્વોપરી માર્ગ છે, અને તે સત્પુરુષ ચરણ સમીપ રહીને થાય તો ક્ષણવારમાં મોક્ષ કરી દે તેવો પદાર્થ છે.' (પત્રાંકઃ ૨૦૧)

બીજા માર્ગથી મોક્ષ નથી–'સત્' એ કંઈ દૂર નથી એની પ્રાપ્તિ માટે જ્ઞાનીના શરણની આવશ્યકતા છે; તો જરૂર માર્ગની પ્રાપ્તિ થાય. અહીં રાજચંદ્રે વીતરાગ તીર્થંકર પરમાત્માનો જ પરમાર્થ માર્ગ પ્રકાશ્યો છે.

દર્શનમોહ કાંઈક વ્યતીત થવાથી જ્ઞાનીના માર્ગમાં પરમભક્તિ ઉત્પન્ન થાય છે. જ્ઞાની પ્રત્યે પરાભક્તિ એટલે પરમાત્મા પ્રત્યે ભક્તિ, કારણ કે જ્ઞાની તો પરમાત્મા જ છે. દેહધારી પરમાત્મા પંચ પરમેષ્ઠિ મંત્રમાં 'નમો અરિહંતાણં' પદ પછી સિદ્ધને નમસ્કાર કર્યાં છે. એ જ ભક્તિ માટે એમ સૂચવે છે કે પ્રથમ જ્ઞાનીની ભક્તિ અને એ જ પરમાત્માની પ્રાપ્તિ અને ભક્તિનું નિદાન છે. (પત્રાંક ૨૨૩)

જ્ઞાનીની આજ્ઞાનું આરાધન તેની ભક્તિ દ્વારા જ થઈ શકે–અને એ જ ધર્મ છે એ જ તપ છે.

અંતમાં,

અહો! સર્વોત્કૃષ્ટ શાંતરસમય સન્માર્ગ, અહો! તે સર્વોત્કૃષ્ટ રસ સુપ્રતીત કરાવ્યો એવા પરમકૃપાળુ સદ્‌ગુરુ દેવ, આ વિશ્વમાં સકળ તમે જયવંત વર્તો જયવંત વર્તો.

(હાથ નોંધ ૩.૨૩).

આ કાવ્યમાં ભક્તિનું રહસ્ય બતાવ્યું છે. પોતાના વિષેની જે ભ્રાંતિ રહી ગઈ છે, દેહાદિથી ભિન્ન એવા આત્મસ્વરૂપને અનુભવવાનું કાર્ય તે કેટલું વિકટ છે–તે ભક્તિથી સહજ બને છે. એમ આ કાવ્ય દ્વારા સમજાય છે. તેથી જ કહે છે 'જે સત્પુરુષોએ સદ્‌ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણ અર્થે કહી છે...જે ભક્તિને પ્રાપ્ત થવાથી સહેજે આત્મબોધ થાય...તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી નમસ્કાર હો.' (પત્રાંક ૪૯૩)

✷ ✷ ✷

મોબાઈલ : ૯૩૨૩૦૭૯૯૨૨.

## શ્રીમદ્ રાજચંદ્રના પત્રોઅને કાવ્યકૃતિમામાં વ્યક્ત થતું આત્મચિંતન (અનુસંધાન પાના ૬૨થી ચાલુ)

આ સમસ્ત સંસારનું, જન્મમરણરૂપ પરિભ્રમણનું મૂળ કારણ મોહભાવ, પરમાં મમત્વભાવ અને એના લીધે ઉત્પન્ન થતાં રાગદ્વેષરૂપ સંકલ્પવિકલ્પરૂપ વિભાવ છે. પરમાં કરાતા મમત્વભાવને લીધે જીવ પોતાના શુદ્ધ સ્વરૂપને ભૂલી બહિર્મુખ પ્રવર્તન કરવાથી નિરંતર રાગદ્વેષાદિ વિકલ્પો કરે છે જે નવીન કર્મબંધનનું કારણ બને છે. તેથી સંસાર પરિભ્રમણ ચાલુ રહે છે. તેનો ક્ષય કરવા માટે શ્રીમદ્ રાજચંદ્ર સૂર્યનું દૃષ્ટાંત આપે છે. જેમ મધ્યાહ્નને સૂર્ય સમ પ્રદેશમાં, મધ્યમાં આવે ત્યારે સર્વ પદાર્થોની છાયા પોતાનામાં જ સમાઈ જાય છે તેમ આ જીવ પણ રાગદ્વેષ, ઈષ્ટ અનિષ્ટ આદિ વિષમ ભાવોનો ત્યાગ કરી સમભાવમાં આવે અર્થાત્ સદ્‌ગુરુની કૃપાથી જો બાહ્યપરિણતિ છોડી અંતર્મુખ થાય તો અંતરંગમાં અનંત સુખનું ધામ એવું પોતાનું શુદ્ધ આત્મસ્વરૂપ પ્રાપ્ત કરે. સર્વ વિકલ્પો ટળી જઈ પરમ સમાધિ પ્રાપ્ત કરે. જેથી સંસાર પરિભ્રમણનો સદાને માટે અંત થઈ પરમ ઉત્કૃષ્ટ એવા સિદ્ધપદની પ્રાપ્તિ થાય. જે અનંત, અક્ષય સુખથી ભરેલું છે. આવા અનંત સુખના ધામ એવા શુદ્ધ આત્મસ્વરૂપરૂપ સિદ્ધપદને સમ્યગ્‌દૃષ્ટિ, આત્મારામી યોગી મહાપુરુષો નિરંતર ઇચ્છે છે. આ પદ સર્વોત્કૃષ્ટ શાંતિરૂપ અનંત, અક્ષય સુધા એટલે અમૃતરસથી ભરેલું છે તે સર્વોપરી સર્વશ્રેષ્ઠ પદને પરમ ઉત્કૃષ્ટ ભક્તિભાવે હું પ્રણામ કરું છું.

આવી રીતે શ્રીમદ્ રાજચંદ્રે પોતાના આ અંતિમ કાવ્યમાં માત્ર ચૌદ દોહરામાં તત્ત્વજ્ઞાનનું સરળ રીતે નિરૂપણ કરેલું છે. આ કાવ્ય વાંચતા શ્રીમદ્‌ની આત્મિક ઉચ્ચદશાનો ખ્યાલ આવે છે.

✷ ✷ ✷

૬૦૨, રીવર હેવન, ગુલમહોર ક્રોસ રોડ નં. ૬, જુહુ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૪૯. Mobile : 9867186440.

*વાસ્તવિક સુખ માત્ર વિરાગમાં છે માટે જંજાળમોહિનીથી આજે અભ્યંતરમોહિની વધારીશ નહીં.*

# અમૂલ્ય તત્ત્વવિચાર

## ( પરમકૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીની તાત્ત્વિક, આત્માને ઝંકૃત કરતી કૃતિ)

☐ આત્માર્પિત દેવાંગભાઈ

*[ આત્માર્પિત દેવાંગભાઈ 'ધરમપુર શ્રીમદ્ રાજચંદ્ર મિશન'માં રહી સત્સંગ, સ્વાધ્યાયને સમર્પિત છે. તેઓ ગુજરાતી સાથે એમ.એ. થયેલ છે. અમેરિકામાં સિવીલ ઍન્જિનીયરીંગ અને ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટનો અભ્યાસ કરેલ છે. ]*

બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે! ભવચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતા સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે કાં અહો રાચી રહો?...૧

લક્ષ્મી અને અધિકાર વધતા શું વધ્યું તે તો કહો?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું, એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું નર દેહ ને હારી જવો,
એનો વિચાર નહિ અહોહો! એક પળ તમને હવો !!!...૨
નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે;
પરવસ્તુમાં નહિ મુંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત દુઃખ તે સુખ નહીં....૩
હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?
એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યા...૪
તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું?
નિર્દોષ નરનું કથન માનો 'તેહ' જેણે અનુભવ્યું
રે! આત્મા તારો! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મામાં સમદષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો...૫

અમૂલ્ય તત્ત્વવિચાર એટલે જેનું મૂલ્ય ન થઈ શકે એવો અત્યંત મૂલ્યવાન, અત્યંત કિંમતી તત્ત્વવિચાર; આત્માસંબંધી અત્યંત હિતકારી વિચાર. તે માત્ર દુર્લભ મનુષ્યભવમાં જ થઈ શકે. તો ચાલો આપણે તેના શબ્દે શબ્દની યાત્રા કરીએ અને જ્ઞાનીના વચનોને સમજવાની એક કોશિષ કરીએ.

**'અમૂલ્ય તત્ત્વવિચાર' પદમાં રજૂ થતી સાંપ્રત કાળની સમાજરચના તથા ધર્મવ્યવસ્થા**

પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીના સમયમાં સાંપ્રત સમાજ માત્ર બાહ્ય ક્રિયાઓ તથા જ્ઞાનની શુષ્ક વાતો કરીને પોતે ધર્મ કરી રહ્યા છે તેવા ભ્રમમાં રહેતો હતો અને અમૂલ્ય માનવભવ વેડફી રહ્યો હતો. તે જોઈને શ્રીમદ્ રાજચંદ્રજીનું હૃદય કંપી ઉઠ્યું હતું અને સમાજને સાચી રાહ બતાવવા માટે તથા ધર્મનું સ્વરૂપ સમજાવવા માટે તેઓશ્રીએ માત્ર ૧૬ વર્ષ અને ૫ મહિનાની ઉંમરે મોક્ષમાળા ગ્રંથનું સર્જન કર્યું હતું તેમાં કુલ ૧૦૮ શિક્ષાપાઠો હતા તેમાંનો આ ૬૭મો પાઠ છે.

**'અમૂલ્ય તત્ત્વવિચાર' પદનો સંક્ષિપ્ત અર્થ :**

પહેલા આ ૬૭મો પાઠ શ્રીમદ્જીએ લખ્યો હતો પણ તે પર શાહી ઢોળાઈ જવાથી આ 'અમૂલ્ય તત્ત્વવિચાર' નામનું કાવ્ય લખ્યું છે. આ કાવ્ય હરિગીત છંદમાં લખાયું છે. હરિ એટલે ભગવાન, શુદ્ધાત્મા. હરિગીત એટલે શુદ્ધાત્માનું ગીત અથવા આત્મગીત. શ્રીમદ્જી કહે છે કે થોડું થોડું પુણ્ય સંચય કરતા જ્યારે ઘણું પુણ્ય એકઠું થાય ત્યારે મનુષ્યભવ – મોક્ષ થાય તેવો જોગ મળે છે. આવો મનુષ્યભવ મળ્યો છે તો પણ ખેદની વાત છે કે ચારગતિમાં ફરવારૂપ ભવચક્રનો આંટો એક્કે ટળ્યો નથી. જ્ઞાનીપુરુષોને દયા આવે છે કે આટલે બધે ઊંચે આવ્યા છતાં ભવના આંટા ઓછા થાય તેવું કશું જ કર્યું નહિ. ક્ષણે ક્ષણે કર્મ બંધાય છે, જન્મ મરણ ઊભા થાય છે તે ભવભ્રમણ છે. આત્માને ભૂલવો તે ભયંકર વસ્તુ છે. કારણ એથી જન્મ મરણ ઉભા થાય છે, તેમાં વળી રાચવું એટલે કે રાજી થવું થાય છે. જ્ઞાની કહે છે કે તેમાં રાજી થવા જેવું શું છે? મનુષ્યભવ મોક્ષ માટે છે; તે ભૂલીને સુખસાતા ભોગવે છે પણ તે રહેતી નથી. સુખ ભોગવતા તે ચાલ્યા જાય છે, ટકતા નથી, નાશવંત છે. તેમાં મોહ પામવા જેવું નથી. કયું સુખ નિરંતર રહે એવું છે તે વિચાર્યું નથી.

શ્રીમદ્જી આગળ કહે છે કે આખો જન્મ પૈસા કમાવવામાં કાઢે તેથી શું વધે? કર્મ વધે. અધિકારથી નોકરો વધે. અરે રાજા થાય તો પણ શું? એમાં મહત્તા શી છે? શ્રીમદ્જી માર્મિક રીત પ્રશ્ન પૂછે છે કે શું કુટુંબ–પરિવાર એટલે પુત્રાદિથી મહત્તા છે એવો અભિપ્રાય ધરાવો છો? શ્રીમદ્જી જવાબ આપતા કહે છે કે લક્ષ્મી વગેરે માટે આખી જિંદગી ગાળે તેથી નરદેહ હારી જવાય છે, એનો એક પળ પણ વિચાર ના થયો? આખી જિંદગીમાં એક પળ પણ વિચાર કરવા થોભતા નથી એ ઘણું આશ્ચર્ય છે.

આ જ વાત શ્રીમદ્ શંકરાચાર્યજી 'મોહ મુદ્દગર' સ્તોત્રમાં જણાવે છે કે:

*'બાલ્યકાળમાં સતત રમવાની વૃત્તિ રહે છે, જુવાની જાતીય*

*આનંદ ભોગવવામાં પસાર થઈ જાય છે અને વૃદ્ધાવસ્થા ચિંતા અને ભયના ભારથી લદાયેલી હોઈ તેમાં વ્યસ્ત રહે છે. પરિણામે પરમ તત્ત્વ સાથે સંકળાવાનો ક્યારેય સમય નથી આવતો.'*

–શ્લોક ૭ નો ગુજરાતી અનુવાદ.

શ્રીમદ્જી આગળ કહે છે કે તમને અમારે દુઃખી કરવા નથી. જેથી નિર્દોષ સુખ એટલે આત્મા ભણી વળાય, આત્માને કર્મ ના બંધાય, આત્મા જેથી છૂટે એવું સુખ સત્સંગ ભક્તિમાં મળે છે. તે લ્યો. ગમે ત્યાંથી એટલે શાસ્ત્ર, ભક્તિ વગેરે ગમે તે દ્વારા તે નિર્દોષ સુખ, નિર્દોષ આનંદ મેળવો કે જેથી એ દિવ્યશક્તિમાન આત્મા સંસારથી છૂટે. શ્રીમદ્જી કહે છે કે પુદ્ગલ સુખની પાછળ જાય છે પણ તેના ફળસ્વરૂપે નરકાદિ દુઃખ આવવાનું છે તેથી જ્ઞાનીપુરુષોને દયા આવે છે. બીજા પદાર્થમાં જીવ જો નિજબુદ્ધિ કરે તો પરિભ્રમણદશા પામે છે; અને નિજને વિષે નિજબુદ્ધિ થાય તો પરિભ્રમણદશા ટળે છે (શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત-પત્રાંક ૫૩૯). એ વાત સિદ્ધાંત રૂપ છે કે જેની પાછળ દુઃખ આવે તે સુખ નથી.

આટલી વાત પ્રસ્તાવનાની કહી હવે શ્રીમદ્જી અમૂલ્ય તત્ત્વવિચાર કહે છે. પહેલાં જે છોડવાનું છે તે કહીને હવે ગ્રહણ શું કરવું તે કહે છે. આ પદમાં પૂછાયેલા પાંચ પ્રશ્નો વિષે શ્રીમદ્જી કહે છે કે-

૧. હું કોણ છું?–બધું બાદ કરતાં કરતાં જે બાકી રહે તે અનુભવ સ્વરૂપ હું આત્મા છું.
૨. ક્યાંથી થયો?–હું અનાદિ અનંત હોવાથી નિત્ય છું.
૩. શું સ્વરૂપ છે મારું ખરું?–હું મોક્ષ સ્વરૂપ છું.
૪. કોના સંબંધે વળગણા છે?–એટલે કે કર્તા ભોકતાપણું મને બંધનકર્તા છે અને
૫. રાખું કે એ પરિહરું?–તેમાં મોક્ષનો ઉપાય દર્શિત છે.

આ પાંચ પ્રશ્નો શ્રીમદ્ શંકરાચાર્યજીરચિત 'મોહ મોહ મુદ્ગર' સ્તોત્રમાં જણાવવામાં આવી છે:

'તમારી પત્ની કોણ છે? તમારું સંતાન કોણ છે? સાચે જ આ સંસાર અત્યંત વિચિત્ર છે. તમે કોણ છો? તમે ક્યાંથી અહીં આવ્યા છો? હે ભાઈ, આ સત્ય બાબતમાં તમે અહીં વિચાર કરી લો.'

(-મોહ મુદ્દગર સ્તોત્ર શ્લોક ૮નું ગુજરાતી ભાષાંતર)

એ પાંચ પ્રશ્નોના ઉત્તર વિચારી નક્કી કરવા. તેનો ઉકેલ એમ ને એમ આવે તેમ નથી તેથી આગળ બતાવે છે કે તે અનુભવ પ્રાપ્ત કરવા માટે સદ્ગુરુ કે સત્પુરુષનું કથન માનવું. જેને કશો સ્વાર્થ નથી, જેણે આત્માને અનુભવ્યો છે એવા પુરુષનું જો કથન માનો તો આત્મ ભણી વળવાનું થાય. સદ્ગુરુ શું કહે છે? રે આત્મા તારો! આત્મા તારો! આત્માને શીઘ્ર ઓળખે અને સર્વ આત્માને દ્રવ્યદૃષ્ટિથી સમાન જુએ તો રાગદ્વેષ ન થાય. આ વચનને હૃદયે લખો એટલે એ વચનને હૃદયમાંથી ભૂલાય નહીં તેવું કરો.

**'અમૂલ્ય તત્ત્વવિચાર' પદમાં શ્રીમદે આપેલા અનેક મંત્રો**

શ્રીમદ્જીએ આ લઘુકાવ્યમાં અનેક મંત્રો આપેલા છે, જે અમલમાં મૂકતાં જીવનની દિશા બદલાઈ શકે છે. જેમ ભગવાન શ્રી મહાવીર સ્વામીએ પ્રબોધેલા ત્રણ શબ્દોનો અર્થ એટલો ઊંડો થતો હતો કે તેમાંથી સમગ્ર દ્વાદશાંગીની રચના થઈ હતી. તેમ કદમાં નાના લગતા આ કાવ્યમાં અતિ ગુઢ રહસ્યો છુપાયેલા છે. આ લબ્ધિવાક્યોથી ભરેલું આત્મિક ચિંતન જગાડતું, અધ્યાત્મની જનની સમાન, અંતરયાત્રાનો આવિષ્કાર કરતું, ગૂઢ સિદ્ધાંતોને પ્રતિપાદિત કરતું, અનુભવની આલબેલ પોકારતું, અધ્યાત્મના રસથી નિમજ્જન કરતું, અધ્યાત્મની મહાગીતા સમાન કાવ્ય છે. જેમ જ્ઞાનીઓના શબ્દે શબ્દે અનંત આગમો રહેલા છે તેમ આ કાવ્યમાં પણ શ્રીમદ્જીએ ઘણાં મંત્રો પ્રતિપાદિત કર્યાં છે. ચાલો તેમાંથી થોડા મંત્રોનો ટૂંકમાં રસાસ્વાદ લઈએ.

**૧. સુખ પ્રાપ્ત કરતા સુખ ટળે છે.**

શ્રીમદ્જીએ પોતાની મહાપ્રજ્ઞાથી આ સુંદર સિદ્ધાંત (મંત્ર) આપ્યો છે. આ લબ્ધિવાક્ય પર વિચારતા જીવનને સાચી દિશા મળશે. શ્રીમદ્જીએ વિચાર કરવા પર બહુ ભાર આપ્યો છે. એમ જોઈએ તો ધર્મની શરૂઆત વિચારણાથી જ થાય છે. તેથી જ 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'માં ઠેર-ઠેર વિચારણા પર ખૂબ જ ભાર મુકાયો છે.

'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'ની ઉપોદ્ઘાતની બીજી જ ગાથામાં તેઓશ્રી ફરમાવે છે:

*'વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ;*
*વિચારવા આત્માર્થીને ભાખ્યો અત્ર અગોપ્ય.'*

શ્રીમદ્જી આ સિદ્ધાંતનું પ્રતિપાદન કરતાં કહે છે કે સુખની પ્રાપ્તિ તો જરાય નથી. સદ્વિચારણા જાગે તો સમજાય તેમ છે કે એ ક્ષણિક સુખ મેળવવા જતા આત્મિક અનંત સુખ પ્રાપ્ત કરવાનું રહી જાય છે. તેમજ તે પ્રાપ્ત સાંસારિક સુખ તો નિત્ય શાશ્વત નહિ હોવાથી કાળે કરીને ચાલ્યા જાય છે. ત્યારે પાછા દુઃખ દુઃખ ને દુઃખ જ ભાગ્યમાં ભોગવવાના ઉભા રહે છે. એટલે સુખ મેળવવા જતા દુઃખની જ પ્રાપ્તિ થાય છે. એના ઉપર લક્ષ કેમ જતું નથી? એ લક્ષમાં આવે તો સમજાય કે ક્ષણે-ક્ષણે આત્મા સ્વભાવ ચૂકી વિભાવમાં જ રાચી રહ્યો છે.

**૨. પશ્ચાત દુઃખ તે સુખ નહિ.**

આ મંત્ર 'મધથી લેપાયેલી તલવાર' દૃષ્ટાંતથી સરસ રીતે સમજાઈ શકશે. જેમ મધથી લેપાયેલી તલવાર હોય તો પ્રથમ તો તલવારને ચાટતા મીઠા સ્વાદનો અનુભવ થશે પરંતુ જેવું તે મધનું સ્તર પૂરું થશે એટલે જીભ કપાવવાનો વારો આવશે. એટલે કે સુખ મેળવવા ગયા પરંતુ જેવું તે ક્ષણિક સુખ પૂરું થશે એટલે ભયંકર પીડાનો અનુભવ થશે. એટલે આપણે તે વ્યાખ્યા પર

આવશું કે જેની પાછળ આટલું બધું દુ:ખ રહેલું હોય તેને શું સુખ કહેવાય? એટલે કે પશ્ચાત દુ:ખ તે સુખ નહિ. શ્રીમદ્જી આ સિદ્ધાંતનું પ્રતિપાદન કરતાં સમજાવે છે કે આત્મા સિવાય અન્યત્ર પરમાં સુખની માન્યતા છે તે માત્ર અવિચાર કે અજ્ઞાનથી ટકી છે, તે દૂર કરવા ઉપરોક્ત સિદ્ધાંત ધ્યાનમાં રાખો. જેને અજ્ઞાનવશ અત્યારે તમે સુખ ગણો છો, તે બધા વિનાશી હોવાથી તેનો અંત થાય ત્યારે દુ:ખને આપનારા છે. તેથી જે અંતે દુ:ખકારી છે તેને સુખ કહેવાય જ કેમ? જ્ઞાનીઓ તેથી જ સાંસારિક ક્ષણિક સુખોને સુખ કહેતા જ નથી, તેને દુ:ખ જ કહે છે. તેથી જ સાંસારિક સુખોની ઈચ્છાને મૂળથી જ ત્યાગી દે છે.

**૩. નિર્દોષ સુખ, નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે...**

શ્રીમદ્જીના તત્કાલીન વર્ગમાં તથા અત્યારે પણ ધર્મ, વાડાઓમાં સંકુચિત થઈને રહી ગયો છે. જ્યાં જોઈએ ત્યાં સૌ પોતાના ધર્મની બડાઈ કરતા દેખાય છે અને અન્ય મત પ્રત્યે સહિષ્ણુતા તથા સદ્ભાવ દેખાતો નથી. ધર્મનું આવું કલુષિત વાતાવરણ જોઈને તેઓશ્રીના હૃદયમાં અત્યંત દયા આવી અને આ મંત્રની આપણને દેશના આપી. શ્રીમદ્જી અન્ય સ્થળે આ જ વાત કરે છે. તેઓશ્રીની સ્વલિખિત કૃતિ પુષ્પમાળાના ૧૫મા પુષ્પમાં જણાવે છે કે 'તું ગમે તે ધર્મ માનતો હો તેનો મને પક્ષપાત નથી. માત્ર કહેવાનું તાત્પર્ય કે જે રાહથી સંસારમળ નાશ થાય તે ભક્તિ, તે ધર્મ, એ સદાચારને તું સેવજે.'

અધ્યાત્મયોગી આનંદઘનજી મહારાજ શ્રી અભિનંદન સ્વામીના સ્તવનમાં ફરમાવે છે કે-

*'અભિનંદનજિન દરિશન તરસીએ, દરિશણ દુર્લભ દેવ;*
*મત મત ભેદે રે જો જઈ પૂછીએ, સહુ થાપે અહમેવ.'*

આ મંત્રમાં શ્રીમદ્જીએ 'નિર્દોષ' શબ્દ બે વખત પ્રયોજ્યો છે તેનું કારણ એક સાત્ત્વિક સુખ અને બીજું તાત્ત્વિક સુખ પ્રતિપાદન કરવા વપરાયો છે. તેઓશ્રી ફરમાવે છે કે પ્રથમ લક્ષ્યને સ્થિર રાખો અને તે લક્ષ્ય સુધી પહોંચાય તેવા સત્સાધાન કરો. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે નિર્દોષ આત્મસુખને, આત્માનંદને ગમે ત્યાંથી મેળવો. તેનું કારણ આત્મજ્ઞાન તે પ્રથમ પ્રગટાવો, કે જેથી અનંત શક્તિમાન એવો પોતાનો આત્મા કર્મના બંધનોથી મુક્ત થાય.

**'અમૂલ્ય તત્ત્વવિચાર'પદમાં સમાવિષ્ઠ થતું જૈન દર્શનનું રહસ્ય**

શ્રીમદ્જીએ સાગરમાં ગાગર ભરાય તેવી રીતે આ નાનકડા પદમાં અલૌકિક રીતે સમસ્ત જૈન દર્શન અને છ દર્શનનો સાર રજૂ કર્યો છે. આ અતિશય રસપ્રચુર કાવ્યકૃતિમાં શ્રીમદ્જીએ આત્મા સંબંધી સુંદર છણાવટ કરી છે તે જોઈએ. આ પતિત પાવની કાવ્ય કૃતિમાં સમાવિષ્ટ નિમ્નોક્ત બે પંક્તિઓ પર વિચારણા કરીએ.

*હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?*
*કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?*

'સર્વ કલેશથી અને સર્વ દુ:ખથી મુક્ત થવાનો આત્મજ્ઞાન સિવાય બીજો કોઈ ઉપાય નથી. સદ્વિચાર વિના આત્મજ્ઞાન થાય નહીં. જે વિચારોથી જ્ઞાનીઓએ આત્મજ્ઞાન પ્રગટાવ્યું તે તે વિચારોની સંક્ષેપમાં વિચારણા કરીએ. આ બે પંક્તિઓમાં શ્રીમદ્જીએ પાંચ પ્રશ્નો પૂછ્યા છે. જે સર્વ મોક્ષાભિલાષી જીવે પોતાને પૂછવા યોગ્ય છે. શ્રીમદ્જીએ કહ્યું છે કે આ પ્રશ્નો અને તેના યથાર્થ ઉત્તરો તે જ છ પદ છે અને તે જ સમ્યક્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ સ્થાનક કહ્યા છે. આજ વાત શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્રાંક ૪૯૩ (છ પદનો પત્ર)માં ગદ્ય રૂપે સમજાવી છે.

**૧. હું કોણ છું?**

જ્ઞાનીઓ કહે છે કે આ શરીર તે તું નહિ, આ સંકલ્પ-વિકલ્પ તે તું નહિ, આ વિચારો તે તું નહિ પરંતુ તેનાથી પર એવો નિર્વિકારી, સચ્ચિદાનંદ એવો આત્મા તું છો. મનષ્યજીવનનું ધ્યેય માત્ર પોતાને ઓળખવો અને તેમાં સમાઈ જવું તે છે. સર્વ ધર્મમતોમાં પોતાને ઓળખવાની વાત છે. તેને પછી પરબ્રહ્મ કહો કે ઈશ્વર કહો. કબીરજી તેને જ રામ કહે છે. જૈનો તેને આત્મા કહે છે. એટલે કે આ વેધક સવાલ પૂછીને શ્રીમદ્જીએ તું આત્મા છો તે તરફ અંગુલીનિર્દેશ કર્યો છે. આત્માના અસ્તિત્વ વિષે સાધકને ઉઠતા સવાલ અને શ્રી સદ્ગુરુ તરફથી તેના પ્રત્યુત્તર રૂપ જવાબો 'શ્રી આત્મસિદ્ધશાસ્ત્ર'માં ગાથા ૪૫ થી ૫૮માં ગુરુ-શિષ્ય સંવાદ દ્વારા અદ્ભુત રીતે સમજાવ્યા છે. આજ વાત ભગવાન શ્રી કૃષ્ણએ 'ભગવદ્ ગીતા'માં અર્જુનને સંબોધીને કહી છે. અધ્યાય ૨માં આત્માનો મહિમા સમજાવતાં ભગવાન ફરમાવે છે કે,

*'હે પાર્થ, આત્મા અવિનાશી, સનાતન, અજન્મા અને અવિકારી છે.'* (શ્લોક ૨૧)

તથા 'શ્રી આત્મસિદ્ધશાસ્ત્ર'માં શ્રીમદ્જીએ ગાથા ૫૧માં ફરમાવ્યું છે કે :

*'જે દ્રષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ;*
*અબાધ્ય અનુભવ જે રહે, તે જીવ સ્વરૂપ'*...ગાથા ૫૧

(સર્વને બાદ કરતાં કરતાં કોઈ પણ પ્રકારે જેનો બાધ કરી શકાતો નથી એવો બાકી જે અનુભવ રહે છે તે જીવનું સ્વરૂપ છે.)

આમ આ પ્રશ્ન દ્વારા શ્રીમદ્જીએ હું આત્મા છું તેની દૃઢ પ્રતીતિ કરાવી છે.

**૨. ક્યાંથી થયો?**

જ્ઞાનીઓ કહે છે કે તું આત્મા છો તેથી તું નિત્ય છો. તારું મરણ પણ નથી અને જન્મ પણ નથી. શરીર માત્ર સંયોગ રૂપે મળેલું છે તેનો અવશ્ય વિનાશ થશે પરંતુ તારો નહીં, કારણ કે તું

તો આત્મા છો. આત્માના નિત્યત્વ વિશે સાધકને ઉઠતા સવાલ અને શ્રી સદ્ગુરુ તરફથી તેના પ્રત્યુત્તર રૂપ જવાબો 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'માં ગાથા ૫૯ થી ૭૦માં ગુરુ-શિષ્ય સંવાદ દ્વારા અદ્ભુત રીતે સમજાવ્યા છે. આત્મા અવિનાશી છે. ફક્ત દેહ જન્મે કે મરે છે તે આધાર બનાવી ભગવાન શ્રી કૃષ્ણએ અર્જુનનો વિષાદ દૂર કરતા ગીતાજી અધ્યાય ૨માં ફરમાવે છે કે-

*'આ વ્યક્તિગત આત્મા અખંડ તથા અદ્રાવ્ય છે અને તેને નથી બાળી શકાતો કે નથી સૂકવી શકાતો. તે ચિરસ્થાયી, સર્વત્ર વિદ્યમાન, અવિકારી, સ્થિર તથા સદા એકસમાન રહેનારો છે.'* (શ્લોક ૨૪).

*'શરીરમાં રહેનારો (આત્મા)' સનાતન છે અને તેનો ક્યારેય વધ કરી શકાતો નથી.'* (શ્લોક ૩૦).

**૩. શું સ્વરૂપ છે મારું ખરું ?**

જ્ઞાનીઓ ફરમાવે છે કે તું મોક્ષસ્વરૂપ છો. તું પૂર્ણ જ્ઞાનાનંદી છો. આમ આ પ્રશ્ન દ્વારા શ્રીમદ્જીએ મોક્ષપદનું નિરૂપણ કર્યું છે. આત્માના મોક્ષ પદ વિષે સાધકને ઉઠતા સવાલ અને શ્રી સદ્ગુરુ તરફથી તેના પ્રત્યુત્તર રૂપ જવાબો 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'માં ગાથા ૮૭ થી ૯૧માં ગુરુ-શિષ્ય સંવાદ દ્વારા અદભુત રીતે સમજાવ્યા છે. બૌદ્ધમત મુજબ પણ શ્રી નાગસેનના કહેવા મુજબ નિર્વાણ તો છે પણ તેનું સ્વરૂપ, સંસ્થાન, ઉંમર, પ્રમાણ એ બધું ઉપમાથી, કારણથી, હેતુથી અથવા નયથી બતાવી શકાય તેમ નથી; જેમ સમુદ્રમાં કેટલું પાણી છે તેનો ઉત્તર આપવા કોઈ સમર્થ નથી; તે જ પ્રમાણે નિર્વાણ વિષે પણ ઉત્તર આપી શકાય તેમ નથી. લૌકિક દૃષ્ટિવાળા મનુષ્ય પાસે તેને જાણવા માટે કોઈ સાધન નથી. (મિલિન્દ-પ્રશ્ન ૪-૮-૬૬-૬૭ પૃ. ૩૦૯, પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈ ઝવેરીના શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર વિવેચન ગ્રંથમાંથી સાભાર ઉધ્ધૃત).

**૪. કોના સંબંધે વળગણા છે ?**

આ પ્રશ્ન દ્વારા શ્રીમદ્જી આત્માના કર્તા અને ભોક્તા સ્વરૂપનું વર્ણન કરે છે. આ બધી વળગણા છે, સંજોગ સંબંધો છે, તે કોના સંબંધથી છે ? આત્મા કર્મનો કર્તા છે તે પણ શ્રી જિન ભગવાને ત્રણ રીતે વર્ણવ્યું છે. સિદ્ધ સિવાયના બધા આત્માઓ કર્મથી ગ્રસિત છે. જો કર્મબંધનનું યથાર્થ સ્વરૂપ ઓળખી જવાય તો મહદંશે તે કર્મબંધથી બચી શકાય અને તેથી કર્મના ભોકતા બનવામાંથી પણ બચી શકાય. શ્રીમદ્જી કહે છે કે રાગ, દ્વેષ અને અજ્ઞાન તે કર્મબંધના મુખ્ય હેતુ છે. અને તે ઉદયમાં આવે પછી ભોગવવું જ પડે છે. આમ આત્મા જ કર્મ બાંધે છે (કર્તા) અને તે જ કર્મબંધનનો ભોકતા છે. આત્માના કર્તા પદ વિષે સાધકને ઉઠતા સવાલ અને શ્રી સદ્ગુરુ તરફથી તેના પ્રત્યુત્તર રૂપ જવાબો 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'માં ગાથા ૭૧ થી ૭૮માં ગુરુ-શિષ્ય સંવાદ દ્વારા અદ્ભુત રીતે સમજાવ્યા છે તથા આત્માના ભોકતા પદ વિષે સાધકને ઉઠતા સવાલ અને શ્રી સદ્ગુરુ તરફથી તેના પ્રત્યુત્તર રૂપ જવાબો શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં ગાથા ૭૯ થી ૮૬માં ગુરુ-શિષ્ય સંવાદ દ્વારા અદભુત રીતે સમજાવ્યા છે.

**૫. રાખું કે એ પરહરું ?**

આ પ્રશ્ન દ્વારા શ્રીમદ્જી એ મોક્ષોપાયની છણાવટ કરી છે. આત્મા કર્મનો કર્તા અને ભોક્તા જરૂર છે પરંતુ પુરુષાર્થથી આત્મા કર્મરહિત થઈ શકે છે. તેને જ મોક્ષમાર્ગ એટલે કે મોક્ષનો ઉપાય કહે છે. વિવેક અને જાગૃતિની જરૂર છે કે ક્યાં વિચાર/વર્તનથી મારો આત્મા કર્મ બાંધશે અને ક્યાં વિચાર/વર્તનથી મારો આત્મા કર્મથી મુકાશે. તે વિચાર/વર્તન જ મોક્ષનો ઉપાય છે કે જેનાથી આત્મા કર્મથી મુકાય અને શાશ્વત સુખ તરફ પ્રયાણ કરે. આત્માના મોક્ષોપાય વિષે સાધકને ઉઠતા સવાલ અને શ્રી સદ્ગુર તરફથી તેના પ્રત્યુત્તર રૂપ જવાબો 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'માં ગાથા ૯૨ થી ૧૧૮માં ગુરુ-શિષ્ય સંવાદ દ્વારા અદભુત રીતે સમજાવ્યા છે. આ પાંચે પદની સમજણ પ્રાપ્ત થયા પછી સુશિષ્ય, 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'માં 'શિષ્યબોધબીજપ્રાપ્તિકથન' અંતર્ગત પોતાનો પ્રતિભાવ આપતા કહે છે-

*ભાસ્યું નિજસ્વરૂપ તે, શુદ્ધ ચેતનારૂપ;*
*અજર, અમર, અવિનાશી ને દેહાતીત સ્વરૂપ*...ગાથા ૧૨૦

આ ગાથા દ્વારા શિષ્ય કહે છે કે હે પરમ કૃપાળુ સદ્ગુરુદેવ, આપના અનરાધાર કૃપાપ્રસાદથી મને આત્માનો અનુભવ થયો. (પ્રથમ પદ: આત્મા છે) અને તે અજર, અમર, અવિનાશી ને દેહથી તદ્દન ભિન્ન ભાસ્યો (બીજું પદ: આત્મા નિત્ય છે)

*કર્તા ભોકતા કર્મનો, વિભાવ વર્તે જ્યાંય;*
*વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્તા ત્યાંય*...ગાથા ૧૨૧

આ ગાથા દ્વારા શિષ્ય આત્માના કર્તા તથા ભોક્તા પદની અનુભૂતિ થઈ તેનું પ્રમાણ આપે છે. આ કથન પરની અપેક્ષાએ કરવામાં આવ્યું છે. હવે શિષ્ય સ્વ ની અપેક્ષાએ કર્તા તથા ભોક્તા પદ જણાવે છે.

*અથવા નિજપરિણામ જે, શુદ્ધ ચેતનારૂપ;*
*કર્તા ભોકતા તેહનો, નિર્વિકલ્પ સ્વરૂપ*...ગાથા ૧૨૨

હવે મોક્ષ તથા મોક્ષપદની સમજણથી જે શ્રી સદ્ગુરુ દ્વારા પ્રાપ્ત થઈ તેનું વર્ણન કરે છે.

*મોક્ષ કહ્યો નિજશુદ્ધતા, તે પામે તે પંથ;*
*સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ*...ગાથા ૧૨૩

**'અમૂલ્ય તત્ત્વવિચાર'પદમાં વ્યક્ત થતું સત્પુરુષનું મહિમાગાન**

પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે આ 'અમૂલ્ય તત્ત્વવિચાર' ક્યારે અનુભવમાં આવશે ? તેનું સમાધાન તેઓશ્રીએ આપેલું છે તે પંક્તિઓ જોઈએ.

*સાયંકાળ થયા પછી વિશેષ શાંતિ લેજે.*

*તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું?*
*નિર્દોષ નરનું કથન માનો 'તેહ' જેણે અનુભવ્યું.*

શ્રીમદ્જી કહે છે કે તે અનુભવ પ્રાપ્ત કરવા, કોનું વચન પ્રમાણભૂત ગણી સત્ય માનવા યોગ્ય છે? એમ પ્રશ્ન થાય તેનો ઉત્તર એ છે કે જેને તે આત્મતત્ત્વનો સાક્ષાત અનુભવ થયો છે અને અજ્ઞાનાદિ મહાદોષ જેના ટળી ગયા છે એવા નિર્દોષ પ્રત્યક્ષ જ્ઞાની પુરુષનું કથન પ્રમાણભૂત ગણી તે જ માન્ય કરો. શ્રીમદ્જી વચનામૃત પત્રાંક ૫૨માં કહે છે કે:

'જેના એક રોમમાં કિંચિત પણ અજ્ઞાન મોહ કે અસમાધિ રહી નથી તે સત્પુરુષના વચન અને બોધ માટે કંઈ પણ નહીં કહી શકતાં તેના જ વચનમાં પ્રશસ્તભાવે પુનઃ પુનઃ પ્રસક્ત થવું એ પણ આપણું સર્વોત્તમ શ્રેય છે.'

આજ વાત અધ્યાત્મયોગી આનંદઘનજી મહારાજ શ્રી ધર્મનાથ ભગવાનના સ્તવનમાં કરે છે.

*'પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે, દેખે પરમ નિધાન;*
*હૃદય નયણ નિહાળ જગધણી, મહિમા મેરુ સમાન.'*

આજ વાત શ્રીમદ્જી હાથનોંધ ૧ (૬૧)માં લખે છે-

'સર્વ કરતાં વીતરાગના વચનને સંપૂર્ણ પ્રતીતિનું સ્થાન કહેવું ઘટે છે, કેમકે જ્યાં રાગાદિ દોષનો સંપૂર્ણ ક્ષય હોય ત્યાં સંપૂર્ણ જ્ઞાનસ્વભાવ પ્રગટવા યોગ્ય નિયમ ઘટે છે.

સત્પુરુષનું મહિમાગાન કરતા શ્રીમદ્જી વચનામૃતાજી પત્રાંક ૭૬માં લખે છે-

'બીજું કાંઈ શોધ મા, માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યે જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.' આગળ કહે છે કે 'એક સત્પુરુષને રાજી કરવામાં, તેની સર્વ ઈચ્છાને પ્રશંસવામાં, તે જ સત્ય માનવામાં આખી જિંદગી ગઈ તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદર ભવે અવશ્ય મોક્ષે જઈશ.'

શ્રીમદ્જી તેમના ૧૭મા વર્ષ પહેલાના લખાણમાં લખે છે.

*મંત્ર તંત્ર ઔષધ નહિ, જેથી પાપ પલાય;*
*વીતરાગ વાણી વિના, અવર ન કોઈ ઉપાય.*

આમ બધા ધર્મમાં સત્પુરુષ રૂપી ભગવાનનો મહિમા ગાયેલો છે.

આમ નિર્દોષ નર એટલે કે સત્પુરુષ કે સદ્ગુરુ, કે પૂર્ણ વીતરાગના વચનોને લક્ષમાં લેવા અને તેને આરાધવા. અત્યારે આ કાળમાં તીર્થંકરોના વિરહ છે પરંતુ સદ્ગુરુ તો આ કાળમાં વિદ્યમાન છે તો તેમનું શરણું લઈ અને તેમની આજ્ઞા ઉઠાવવી અને જન્મ સફળ કરવો તેવી જાતની ભલામણ આ પંક્તિઓમાં કરેલી છે.

કબીરજીએ સદ્ગુરુનું મહાત્મ્ય ગાતા 'કબીર વાણી વિલાસ'માં ફરમાવ્યું છે:

*'કુંભે બાંધ્યું જળ રહે, જળ વિણ કુંભ ન હોય;*
*જ્ઞાને બાંધ્યું મન રહે, ગુરુ વિણ જ્ઞાન ન હોય.'*

(જળ જેમ ઘડામાં બંધાઈને રહે છે, પણ તે ઘડો બનવામાં પ્રથમ જળ વગર તે બનતો નથી. તેમ જ્ઞાન વડે મન બંધાય છે, જીતાય છે, વશ થાય છે, સ્થિર થાય છે, તે જ્ઞાન સદ્ગુરુ વગર પ્રાપ્ત થતું નથી.)

ગુરુનું મહિમાગાન કરતા પૂજ્ય ગંતાસતીજી કહે છે કે:

*'છે પીંડ અને બ્રહ્માંડથી પરે ગુરુ' અને 'સદ્ગુરુ વચનના થાઓ અધિકારી...'*

સત્પુરુષરૂપી ભગવાનનું માહાત્મ્ય અનેક ધર્મોમાં પણ ગવાયેલું છે.

**'અમૂલ્ય તત્ત્વવિચાર' પદમાં અપાયેલ હિતશિક્ષા**

મહાન તત્ત્વદૃષ્ટા શ્રીમદ્જીએ આ અનુપમ કૃતિની છેલ્લી બે પંક્તિઓમાં આત્માને તારવાની ભલામણ કરી છે. સર્વ જીવોમાં પરમાત્મ તત્ત્વ જોવાની, બ્રહ્મ જોવાની અને તે પછી વ્યવહાર કરવાની ભલામણ આપી છે. તો ચાલો આ મહાન કૃતિની અંતે અપાયેલી હિતશિક્ષાને સમજીએ અને તે અમલમાં મૂકવાનો પ્રયત્ન કરીએ.

*રે! આત્મા તારો! આત્મા તારો! શીઘ્ર એને ઓળખો,*
*સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો.*

શ્રીમદ્જી કહે છે કે ભવ્યો, તમે તમારા આત્માને તારો, અરે! આત્માને તારો; તેનો આ ભીષણ અને ભયંકર એવા ભવાબ્ધિથી ઉદ્ધાર કરો. તેને શીઘ્ર, વિના વિલંબે, વિના પ્રમાદે ઓળખો, અનુભવો, અને 'સર્વ જીવ છે સિદ્ધ સમ' એ જ્ઞાનીનું કથન વિચારીને સર્વ આત્માઓમાં સમદૃષ્ટિ દો. એમ આત્મદૃષ્ટિ, આત્મ-અનુભવ, આત્મરમણતા પામી આ માનવભવ સફળ કરી પરમ કૃતાર્થ થાઓ.

સર્વાત્મમાં સમદૃષ્ટિ રાખવાની વાત ફક્ત જૈન ગ્રંથોમાં જોવા મળે છે તેવું નથી, જૈનેતર ગ્રંથોનું શિક્ષણ પણ આ જ છે. તેઓની વાક્યરચના કે ઉપદેશ વ્યવસ્થા અલગ રીતે હોય પરંતુ તે સઘળા ઉપદેશનો સાર એક જ છે. જેમકે વેદાંત દર્શનમાં સર્વત્ર બ્રહ્મ જોવાની વાત તે પણ આ જ સિદ્ધાંતને અનુરૂપ છે. ખ્રિસ્તી ધર્મમાં પણ એક પરમ પિતાના સૌ સંતાન છે અને બધામાં પરમાત્માનો અંશ રહેલો છે તે પણ આજ સિદ્ધાંત પ્રતિપાદિત કરે છે. ઈસ્લામ ધર્મ પ્રેમ અને શાંતિનો પ્રચાર કરે છે (હકીકતમાં ઈસ્લામ શબ્દનો અર્થ જ શાંતિ થાય છે) પરસ્પર પ્રેમ, સમદૃષ્ટિ વગર શક્ય જ નથી.

શ્રીમદ્ શંકરાચાર્યજી આ જ વાત કરતા 'મોહ મુદ્ગર' સ્તોત્રમાં ફરમાવ્યું છે કે:

*'તારામાં, મારામાં, અને બીજા બધા સ્થળે માત્ર એક સર્વવ્યાપી પ્રભુ બિરાજે છે.'* શ્લોક ૨૪નો અનુવાદ.

આમ આ કાવ્યમાં સર્વત્ર 'અમૂલ્ય તત્ત્વવિચાર'નું દર્શન થાય છે.

✶ ✶ ✶

Email : atmarpitdevang@gmail.com

*આજના દિવસમાં આટલી વસ્તુને બાધ ન અણાય તો જ વાસ્તવિક વિચક્ષણતા ગણાય–આરોગ્યતા, મહત્તા, પવિત્રતા, ફરજ.*

# ‘પૂર્ણ માલિકા મંગલ’ એક અદ્ભુત રચના

☐ સૂર્યવદન ઝવેરી

*[ શ્રી સૂર્યવદન ઝવેરી એક જ્ઞાનયોગી સાધક તરીકે સુપ્રસિદ્ધ છે. તેમણે શ્રી આનંદઘનજીના પદો અંગે ખૂબ ચિંતન કર્યું છે. તેઓએ શ્રીમદ્‌જીના ‘પૂર્ણ માલિકા મંગલ’ નામક ‘મોક્ષમાળા’ અંતર્ગત રચનાનું અહીં સુંદર રસદર્શન કરાવ્યું છે. ]*

શ્રીમદ્‌જીએ એમના જીવન દરમિયાન ઘણી બધી ગદ્ય અને પદ્ય રચનાઓ રચી છે. તે સઘળીય કૃતિઓની શરૂઆત એમણે એમની કાચી (સગીર) કિશોરાવસ્થા, માત્ર સોળ વર્ષની વયથી જ કરેલ હતી. બાળવયમાં જ થયેલ ઘણાં બધાં પૂર્વભવોનું જાતિસ્મરણ જ્ઞાન છે. (કહેવાય છે કે ૮૦૦ કે ૯૦૦ પૂર્વભવનું જ્ઞાન થયું હતું.)

એઓશ્રીની પદ્યાત્મક આધ્યાત્મિક રચનાઓ છંદોબદ્ધ ગેય હોવાથી અત્યંત પ્રસિદ્ધ છે. પ્રસિદ્ધ ગેય કૃતિઓ ‘આત્મસિદ્ધિ’ જે ૧૪૨ ગાથાની રચના અને ‘અપૂર્વ અવસર’ જે ૨૧ ગાથાની રચના છે, જે ઘણીબધી વ્યક્તિઓને કંઠસ્થ છે.

‘અપૂર્વ અવસર’ના અપૂર્વ ગાનમાં જ્યાંથી સમ્યગ્ પુરુષાર્થના ઉપાડની શરૂઆત થાય છે તેવા ચોથા ગુણસ્થાનકથી માંડીને ચૌદમા ગુણસ્થાનક અને સિદ્ધાવસ્થાની – તે તે અવસ્થાની તાદશ ભાવદશાનું ભવ્ય ભાવગાન છે. એ કૃતિનું સંક્ષિપ્ત એટલે જ સોળ વર્ષની ટીનેજર કિશોરાવસ્થાની પહેલ વહેલી રચના ‘ભાવનાબોધ-મોક્ષમાળાનો શિક્ષાપાઠ-૧૦૮ (પાના ક્રમાંક ૨૪૪).

**પૂર્ણમાલિકા મંગલ**

આ રચના અત્યંત અદ્ભુત અને આશ્ચર્યકારક છે કારણ કે સપ્તાહના રવિવારથી લઈ શનિવાર સુધીના સાતેય વારોને માત્ર બે જ ગાથા અને આઠ પંક્તિઓની ચૌદે ગુણઠાણા ને સિદ્ધાવસ્થાને ગૂંથી લઈને રચાયેલ ઉપજાતિ છંદની અત્યંત ગેય રચના, કે જેમાં સિદ્ધાવસ્થા સહિત સર્વ ચૌદ ગુણ સ્થાનકોની દશાનું વર્ણન છે. એવી જ ગેય રચના મુનિવર્ય મહામહોપાધ્યાય યશોવિજયજીની ‘આનંદ કી ઘડી આયી સખી રે...’ સ્તવનની છે.

**પૂર્ણમાલિકા મંગલ**

**તપોપધ્યાને રવિરૂપ થાય,**<br>
**એ સાધીને સોમ રહી સુહાય;**<br>
**મહાન તે મંગળ પંક્તિ પામે,**<br>
**આવે પછી તે બુધના પ્રણામે.-૧.**<br>
**નિર્ગ્રંથ જ્ઞાતા ગુરુ સિદ્ધિદાતા,**<br>
**કાં તો શુક્ર પ્રપૂર્ણ ખ્યાતા;**<br>
**ત્રિયોગ ત્યાં કેવળ મંદ પામે,**<br>
**સ્વરૂપ સિદ્ધે વિચરી વિરામે.-૨.**

આવી રચનાઓને કારણે જ લોકહૃદયમાં અને ખાસ કરીને મહાત્મા ગાંધીબાપુના હૃદયમાં કવિશ્રી રાયચંદભાઈ તરીકેનું સ્થાન સાંપડયું છે.

તપોપધ્યાને એટલે ઉપધાન અર્થાત્ લોકહૃદયમાં ઉપ+ધ્યાન અર્થાત્ ઉપ કહેતા સમીપમાં રહેલ નિજાત્માના ધ્યાન વડે કરીને આત્મા અભ્યંતર તપથી તપીને લાલચોળ રવિ (રવિવાર) રૂપ એટલે કે સૂર્યરૂપ થાય છે. તેથી કરીને આત્મદ્રવ્ય (નિજાત્મા) ઉષ્માદાયક, અંધકારનાશક તેજસ્વી થાય છે. અજ્ઞાનરૂપ અંધકારનો–મિથ્યાત્વનો નાશક થાય છે અને અનંતાનુબંધી પ્રકારના કષાયને સૂકવીને ખંખેરી (ઉખેડી) નાખનાર થાય છે. રવિરૂપ પ્રકાશક, સ્વ-પર પ્રકાશક, સર્વ પ્રકાશક અને સર્વોચ્ચ પ્રકાશક થાય છે.

તેમ થતાં, તે સાધનાને સાધીને સોમ (સોમવા–ચંદ્ર સમાન) અર્થાત્ ચંદ્ર સમાન શીતળ અને સુધા (અમૃત) પાન કરનાર અને કરાવનાર થાય છે, કારણ કે ચર્મચક્ષુ, જ્ઞાનચક્ષુ બને છે અને કષાયમાંથી અનંતાનુબંધી રસ ટળી જતાં – આત્મ સાક્ષાત્કાર થતાં, સ્વ-પરનું ભેદજ્ઞાન થતાં, વિવેક આવવાથી આકુળતા–વ્યાકુળતા ટળી જાય છે ને નિરાકુળતા શાંતતા – આવે છે. પલટાતા-પરિવર્તનશીલ પર્યાયની વિનાશીતા-ક્ષણિકતા-અનિત્યતાનો બોધ થયેથી નિત્યનો-નિજાત્માની અક્ષયતાની નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિ થાય છે. તેથી તે અત્યંત શોભાયમાન થઈ રહે છે.

આવો શાંત શોભાયમાન થયેલ આત્મા પછી મંગલ–એટલે કે મં-મમ-અહંને ગાળી-ઓગાળી નાખનાર અને મંગ અર્થાત્ સુખને આનંદને લાવનારી મંગલ (મંગળવાર) પંક્તિ કહેતાં ઉપશમક કે ક્ષપક શ્રેણિ કે જે મોક્ષને હણનાર, મોહનો ક્ષય કરી મુક્તિ સુખદાયક શ્રેણિ–પંક્તિને પામે છે. એ રાગ-દ્વેષની ગ્રંથિ (ગાંઠો)ને ભેદી–છેદીને વીતરાગતા-સર્વજ્ઞતા-નિર્વિકલ્પતાને લાવી આપતા બુધ (બુધવાર) બુદ્ધ થતાં પ્રણમ્ય-વંદનીય થાય છે.

અપયાગમ અતિષયથી નિર્મોહી–વીતરાગ થતાં જ્ઞાનાતિશય

*જો આજે તારાથી કોઈ મહાન કામ થતું હોય તો તારા સર્વ સુખનો ભોગ પણ આપી દેજે.*

પ્રગટે છે જે પૂજ્યાતિશય તથા વચનાતિશયને પામે છે. પૂજ્યાતિશય અને વચનાતિશયથી નિર્ગ્રંથ જ્ઞાતા એવા સિદ્ધિદાતા ગુરુ બને છે.

વીતરાગ-સર્વજ્ઞ-નિર્વિકલ્પ એ સાચા હિતોપદેશક થાય છે, જેથી તે સિદ્ધિપદ-પરમપદ મેળવવામાં માધ્યમ-નિમિત્તરૂપ થઈને નિર્ગ્રંથ જ્ઞાતા ગુરુ, સિદ્ધિપદ દાતા થાય છે. ગુરુ એટલે ગુરુવાર–બૃહસ્પતિ.

બધાનું બધું જ જાણનાર કેવળજ્ઞાની અને રાગ-દ્વેષની ગ્રંથિના ભેદક જે વીતરાગ હોય છે તે સર્વોચ્ચ ન્યાયાધીશ અને સાચા હિતોપદેશક જ નિર્ગ્રંથ જ્ઞાતા ગુરુ સિદ્ધિદાતા બને છે અથવા તો પ્રકાશક (તેજસ્વી), સ્વ-પર પ્રકાશક, સર્વ પ્રકાશક, સર્વોચ્ચ પ્રકાશક તેજસ્વી શુક્ર (શુક્રવાર) જેવા પરિપૂર્ણ વિશ્વખ્યાતા અર્થાત્ વિશ્વ પ્રકાશક બની રહે છે.

જેમ શુક્રનો તારો (Star) બધું જ પ્રકાશનારો પરમ તેજસ્વી તારલો છે, તેમ લોકાલોક જે છ (૬) દ્રવ્યમય વિશ્વ આખાને ઓળખાવનારા પરિપૂર્ણ વિશ્વખ્યાતા (વિશ્વ સમસ્તને ખ્યાતિ આપનારા ઓળખાવનારા પ્રકાશક) શુક્ર સમાન બની રહે છે. અહીં તેરમા સયોગી કેવલિ ગુણઠાણા સ્થિત સાધકદશાનું વર્ણન છે.

સૂર્ય (રવિ) સમ આત્માની ઊગ્ર અભ્યંતર તપની સાધના–નિજાત્મ ધ્યાનથી તેજસ્વીતા–વિવેક પ્રગટે છે. અર્થાત્ સમકિતિ થઈને સોમરૂપ ચંદ્રમા સમાન શીતળ અને સુધાકર રહી સૌમ્ય બની સુહાય એટલે કે શોભાયમાન થાય છે. ચોથા અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાને આરોહણ કરે છે. ત્યાંથી પાંચમા દેશવિરતિધરના શ્રાવક ગુણઠાણે પદાર્પણથી દેદિપ્યમાન થઈ વિકાસ સાધતા સાધતા પાંચમેથી સાતમા–છઠ્ઠા ગુણસ્થાનની ઝૂલણ દશા એવી મુનિદશા પામીને સાતિશય અપ્રમત્તતાથી મંગલ પંક્તિ એટલે કે શ્રેણિને પામે છે. એ શ્રેણિના પરિણામે વીતરાગ–સર્વજ્ઞ થતાં બુદ્ધ (બુધવાર) બનતા પ્રણમ્ય–વંદનીય–પૂજ્ય બને છે. વીતરાગ સર્વજ્ઞ સર્વોચ્ચ ન્યાયાધીશને કોણ નહિ નમે? એ જ તો સાચું નિમિત્ત સર્વોત્કૃષ્ટ આલંબન એવું ગુરુપદ (ગુરુવાર) છે. એ પદ શુક્રના તારલાની સમાન તેજસ્વી વિશ્વખ્યાતાનું પદ છે. જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને છઠ્ઠા કાળદ્રવ્યની સૂક્ષ્મતા અને વિરાટતા કે વિશાળતાને, સર્વજ્ઞ (કેવળજ્ઞાની) તેરમા ગુણસ્થાનવર્તી સયોગી કેવળી, સશરીરી, સાકાર–અરિહંત પરમાત્મા સિવાય કોણ ઓળખાવી શકે?–કોણ ખ્યાતિ (પ્રસિદ્ધિ) આપી શકે?

સયોગી કેવળી તેરમા ગુણસ્થાનવર્તી આત્મા, આયુષ્યની સમાપ્તિકાળની પૂર્વે ચૌદમા અયોગી કેવળી ગુણ ઠાણે આરોહણ કરી મન-વચન-કાય ત્રિયોગને મંદ મંદ કરતો જઈને અયોગી એટલે કે યોગ વ્યાપારનો સદંતર અભાવ કરીને અવકાશ–પોલાણને પૂરી દઈ આત્મપ્રદેશોને ચરમશરીરના ૨/૩ ભાગ જેટલાં સંકોચી ઘનિષ્ઠ બનાવી સ્થિર કરે છે અને આયુષ્ય સમાપ્ત થતાં જ, છ હ્રસ્વ સ્વરાક્ષરોના ઉચ્ચારણ માત્ર જેટલાં સમયમાં જ સિદ્ધદશા–કર્મ મુક્ત અવસ્થાને પામીને એક સમયમાં જ ઋજુગતિથી લોકાગ્ર શિખરે સિદ્ધલોકમાં જઈ સાદિ–અનંત (શાશ્વતકાળ) કાળ માટેની કાયમી પરમ સ્થિર દશામાં સ્વરૂપસ્થ થાય છે, જ્યાં પર્યાયની સાદશતા અને આત્મપ્રદેશની તથા ઉપયોગ સ્થિરત્વની અકંપદશા– નિષ્તરંગતાની દશામાં સચ્ચિદાનંદ સ્થિતિમાં સ્વરૂપ રમણતામાં રહે છે.

અહીં શનિવારનો સ્પષ્ટ ઉલ્લેખ ન કરતાં કવિશ્રીએ સાંકેતિક નિર્દેશ કર્યો છે. 'ત્રિયોગ ત્યાં કેવળ મંદળ પામે'ના ગાનથી શનિનો નિર્દેશ કર્યો છે. શનિ ગ્રહની ગતિ પણ અન્ય ગ્રહોની ગતિની અપેક્ષાએ મંદ મંદ હોય છે.

પ્રસ્તુત વિષયક આટલી વિચારણા બાદ શ્રીમદ્જીની અત્યંત લોકપ્રિય અને સર્વશાસ્ત્રના સાર સમાન કૃતિ 'આત્મસિદ્ધિ' વિષેની નિમ્ન રજૂઆત અપ્રસ્તુત ન ગણાશે. ✱✱✱

૮૦૨, સ્કાય હાઈ ટાવર, શંકર લેન, મલાડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૬૪. ટેલિફોન: ૨૮૦૬૭૭૬૭.
મોબાઈલ: ૦૯૮૬૯૭૧૨૨૩૮.

## જૈન સાહિત્ય જ્ઞાનસત્ર ૧૫ સંપન્ન

સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લીટરરી રિસર્ચ સેંટર મુંબઈ દ્વારા ડૉ. રતનબેન ખીમજીભાઈ છાડવા પ્રેરિત જૈન સાહિત્ય જ્ઞાનસત્ર ૧૫ સંપન્ન થયું.

સંયોજક ગુણવંત બરવાળિયાએ જ્ઞાન-સત્રનો વિષય 'વિનય'ની પૂર્વભૂમિકા જણાવી. વિવિધ ધર્મોમાં આ વિષયની વિભાવનાઓના અર્થ અંગેની વાત અધ્યક્ષ સ્થાનેથી ડૉ. કુમારપાળ દેસાઈએ કરી હતી. આ જ્ઞાનસત્રમાં ડૉ. ગુણવંત બરવાળિયા સંપાદિત શોધપત્રોનો ગ્રંથ 'વિનયધર્મ', 'જૈન દર્શનમાં કેળવણી વિચાર' અને 'ઉપકાર વંદનાવલી' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. ભારતીય સંતવાણીમાં વિનયધર્મ પર ડૉ. નિરંજન રાજગુરુએ વિવિધ ભજનોની પ્રસ્તુતિ રસપ્રદ રીતે કરી હતી.

જ્ઞાનસત્રમાં ૫૫ થી વધુ વિદ્વાનોએ ભાગ લીધો હતો. સુરેશ ગાલા, પાર્વતીબેન ખીરાણી વગેરેએ સત્ર સંચાલન કર્યું હતું.

# સત્સંગ અને 'સત્' તત્ત્વ

☐ ડૉ. કુમારપાળ દેસાઈ

*[ શ્રીમદ્ રાજચંદ્રજીએ કરેલી તાત્ત્વિક વિચારણાઓમાં સત્સંગ અને 'સત્' તત્ત્વ વિશેની એમની વિચારણા વિશિષ્ટ અને મૌલિક છે. સત્સંગને 'આત્મા'નું પરમહિતૈષી ઔષધ' કહે છે તો સત્ તત્ત્વને સર્વ જીવને માટે હિતકારી ગણાવે છે. એમની આ બે આગવી વિચારધારા એમના જીવનમાં અને વચનોમાં કઈ રીતે પ્રગટ થાય છે, તેનો અહીં રસપ્રદ આલેખ આપવામાં આવ્યો છે. ડૉ. કુમારપાળ દેસાઈ પ્રસિદ્ધ વક્તા અને લેખક છે. હાલમાં જ રણજિતરામ ચંદ્રકથી સન્માનિત થયા છે. તેમની કલમના જાદુથી 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો સુપરિચિત છે.].*

ભારતીય તત્ત્વ-વિચારધારામાં પ્રત્યેક સંતોએ સત્સંગનો મહિમા કર્યો છે, પરંતુ શ્રીમદ્ રાજચંદ્રએ એ સત્સંગ-વિચારમાં નવીન દર્શન આપ્યું છે, પરિણામે સત્સંગ એ માત્ર જ્ઞાનયોગ કે ભક્તિયોગ સુધી સીમિત રહેવાને બદલે સાધકના અંતરંગ જીવનનું પરિવર્તન સાધીને એના આત્માને સત્યરંગથી પરિપ્લાવિત કરે છે. મોક્ષસાધનામાં સત્સંગને માનભર્યું સ્થાન આપે છે.

પ્રત્યેક ક્રાંતદૃષ્ટા વિભૂતિ તત્ત્વવિચારને પોતીકી મૌલિક દૃષ્ટિથી જુએ અને મૂલવે છે. એ રીતે શ્રીમદ્ રાજચંદ્રે સત્સંગને સાચા સુખની ગંગોત્રી કહીને એને આધ્યાત્મિક જીવનવિકાસના આવશ્યક અંગરૂપ દર્શાવ્યું છે.

આ વિચારધારામાં સૌપ્રથમ તો એમણે કુસંગ અને સત્સંગ વચ્ચેની ભેદરેખા દર્શાવી. આપણું મન જાતજાતના સંગ કરતું હોય છે. ક્યારેક એને રાગમાં આનંદ આવે છે, ક્યારેક એને ગાનમાં આનંદ આવે છે, તો ક્યારેક એ મન તાનમાં આનંદિત થતું હોય છે. ક્યારેક સ્વાદિષ્ટ ભોજન, વૈભવશાળી મકાન, અમર્યાદ સત્તા એના મનનો કબજો લે છે અને પછી અને એમાં રાચી-રાજી રહે છે. પરંતુ શ્રીમદ્ રાજચંદ્ર સ્પષ્ટ કહે છે કે આવા સ્થૂળ આનંદો એ સત્સંગ નથી. બલ્કે કુસંગ છે. સત્સંગ માટે સાધકમાં મુમુક્ષા હોવી જોઈએ. ધર્મ વિશેની આતુરતા કે જિજ્ઞાસા નહીં, બલ્કે મુમુક્ષા, આત્મસિદ્ધિ મેળવવાની તડપન હોય. દુન્યવી ભાવોમાં ડૂબેલી વ્યક્તિને સ્થૂળ સત્સંગો પ્રિય, મનભાવન અને આકર્ષક લાગશે. પરંતુ શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે નિશ્ચય માનજો કે તે સત્સંગ નથી, પણ કુસંગ છે. આવો કુસંગ જીવનને વિકૃતિ અને કષાયમાં ડુબાડી દે છે, કદાગ્રહમાં ફસાવી દે છે અને કુસંગી કર્મો માનવીને દુ:ખી દુ:ખી કરી દે છે.

આ સત્સંગમાં મિથ્યા આગ્રહ, સ્વચ્છંદપણું, પ્રમાદ અને ઈન્દ્રિયવિષયો અવરોધરૂપ બને છે. સ્વયં શ્રીમદ્ રાજચંદ્રજીએ જોયું કે જીવનમાં જેમ જેમ વિકાસ થતો ગયો તેમ તેમ તેઓ જીવનને અનાસક્ત ભાવે જોતા થયા. એમણે નોંધ્યું છે કે, 'જીવનમાં સાચું સુખ રાગમાં નહીં પણ વાસ્તવિક સુખ વિરાગમાં છે.' માણસની પ્રવૃત્તિ આ વિરાગ દૃષ્ટિવાળી હોવી જોઈએ. એ અભિગમથી વ્યક્તિ જીવન જીવે, તો એને માટે ઉપાધિ એ સમાધિ બની જશે. આથી સત્સંગનો મહિમા વર્ણવતી વખતે શ્રીમદ્ રાજચંદ્રે એમ કહ્યું, 'સત્સંગ દ્વારા સાધક ઇચ્છિત સિદ્ધિ પામી શકે છે. જીવનમાં પવિત્ર થવા માટે આ સત્સંગ જ શ્રેષ્ઠ સાધન છે.' 'મોક્ષમાળા'ના ચોવીસમા શિક્ષાપાઠમાં તો તેઓ ત્યાં સુધી કહે છે કે, 'સત્સંગની એક ઘડી જે લાભ દે છે તે કુસંગના કોટ્યાવધિ વર્ષ પણ લાભ ન દઈ કતાં અધોગતિમય મહાપાપો કરાવે છે તેમજ આત્માને મલિન કરે છે.' આવી વ્યક્તિ ભલે સંસારની વચ્ચે જીવતી હોય, પરંતુ એની દૃષ્ટિ તો સંસારમાંથી નિવૃત્તિની હોવી જોઇએ, ત્યાગ અને વૈરાગ્યલક્ષી જીવનઅભિગમ ધરાવતી હોવી જોઈએ. સર્વપ્રથમ આગમ 'શ્રી આચારાંગ સૂત્ર'માં કહ્યું છે, 'કામનાઓ પર વિજય પામનાર વસ્તુત મુક્ત પુરુષ છે.'

કેટલાક લોકો એમ કહેતા હોય છે કે આજીવિકાની ઉપાધિમાંથી ફુરસદ જ મળતી નથી, ત્યાં વળી સત્સંગનો સમય ક્યાંથી કાઢવો? કોઈ એવું કારણ આગળ ધરે કે પહેલાં રોજિંદા જીવનની ઘટમાળ-જીવનનિર્વાહ—માટે પુરુષાર્થ કરવાનો હોય, પછી સત્સંગની વાત થાય. પહેલી ચિંતા પેટની હોય, પછી પરમાત્માની વાત. ભૂખ્યા પેટે ભજન ન થાય. શ્રીમદ્ રાજચંદ્રે માનવીના દંભ અને પ્રમાદને બરાબર પારખ્યો છે અને એમના જીવનના એક પ્રસંગ દ્વારા એ સચોટ રીતે પ્રગટ થાય છે.

એક વાર તેઓ શ્રી ઝવેરચંદભાઈ શેઠના નિવાસસ્થાને બોધ આપતા હતા. એમની વૈરાગ્યપ્રેરક વાણી સાંભળ્યા પછી પ્રાગજીભાઈ જેઠાભાઈ નામના સજ્જને વ્યવહારની લાક્ષણિક ઢબે કહ્યું.

'સાહેબ! ભક્તિ તો ઘણી કરવી છે, પણ ભગવાને આપેલું પેટ ખાવાનું માગે છે તેથી કરીએ શું?'

આ રીતે પ્રાગજીભાઈએ એવું દર્શાવવા પ્રયાસ કર્યો કે માણસને સૌ પ્રથમ અર્થોપાર્જનની જરૂર છે. પહેલાં એનો વિચાર કરવો જોઇએ, પછી આવી આધ્યાત્મિક વાતો થઈ શકે. એ ન હોય, તો

આ સઘળી આધ્યાત્મિક વાતોનો કોઈ અર્થ નથી.

પ્રાગજીભાઈના પ્રશ્નનો શ્રીમદ્ રાજચંદ્રે માર્મિક જવાબ આપ્યો. એમણે કહ્યું, 'તમારા પેટને અમે જવાબ દઈએ તો?'

પ્રાગજીભાઈએ ભોજન અને આજીવિકાની વાત આગળ ધરી હતી, એ જ વાતને લઈને શ્રીમદ્ રાજચંદ્રે પોતે જેમના નિવાસસ્થાનમાં બિરાજમાન હતા તે શ્રી ઝવેરચંદ શેઠને કહ્યું, 'તમે જે ભોજન કરતાં હો તે પ્રાગજીભાઈને બે વખત આપજો. તેઓ ઉપાશ્રયના મેડા ઉપર બેસીને નિરાંતે ભક્તિ કરે, પણ શરત એટલી કે નીચે કોઈનો વરઘોડો જતો હોય કે સ્ત્રીઓ ગીત ગાતી જતી હોય તો બહાર જોવા જવું નહીં, સંસારની વાતો કરવી નહીં, કોઈ ભક્તિ કરવા આવે તો ભલે આવે, પણ એ સિવાય બીજી કોઈ વાત કરવી કે સાંભળવી નહીં.'

શ્રીમદ્‌ની આ વાત અને શરત સાંભળીને પ્રાગજીભાઈ બોલ્યા, 'ઓહ! અમારાથી એ પ્રમાણે રહેવાય નહિ.'

આના પ્રત્યુત્તરમાં શ્રીમદે અત્યંત માર્મિક વાત કરી. અધ્યાત્મની અવગણના કરવા માટે ઓઢેલા દંભના આવરણને ભેદી નાખ્યું, એમણે કહ્યું, 'આ જીવને ભક્તિ કરવી નથી એટલે પેટ આગળ ધરે છે. ભક્તિ કરતાં કોણ ભૂખે મરી ગયું? જીવ આમ છેતરાય છે.'

શ્રીમદ્ રાજચંદ્રજીએ વર્તમાન સમયમાં જોવા મળતી તર્કછલના અને આડંબર જોયાં. એની પાછળનું અજ્ઞાન અને દંભ પણ જોયાં અને તેથી જ એમણે સાધકને માટે સત્સંગને ઘણું મહત્ત્વ આપ્યું. આ સત્સંગ દ્વારા કોઈ સામાન્ય આનંદની પ્રાપ્તિ નહીં, બલ્કે આત્માનંદની પ્રાપ્તિની વાત કરી. એમની દૃષ્ટિએ સત્સંગ એટલે જીવનમાં અસંગતા અને આત્મામાં સત્યનિષ્ઠા.

સત્સંગના સંદર્ભમાં એમણે આત્મરોગ, આત્મહિત અને આત્મયોગની વાત કરી. આત્મરોગ એટલે સત્સંગનો અભાવ. આત્મહિત એટલે સત્સંગપ્રાપ્તિથી સધાતું આત્માનું હિત. આત્મયોગ એટલે સત્સંગથી પ્રાપ્ત થતી સિદ્ધિ. આમ સત્સંગ દ્વારા આત્મરોગમાંથી મુક્તિ મળે છે અને આત્મયોગ તરફ ગતિ થતાં મોક્ષનું પરમ માધ્યમ પ્રાપ્ત થાય છે.

જો સત્સંગનો લેશ પણ અંશ ન મળે તો શું થાય? આને વિશે સ્વયં શ્રીમદ્ રાજચંદ્રજીએ વવાણિયામાં વીતેલા પોતાના બાળપણને અનુલક્ષીને લખ્યું છે, 'સત્સંગનો લેશ અંશ પણ નહિ મળવાથી બિચારો આ આત્મા વિવેકઘેલછા ભોગવે છે.'

આવા સત્સંગ મંડળમાં કોઈ દંભી વ્યક્તિ આવી પ્રવેશે તો? એને સત્સંગ પ્રત્યે સાચો ભાવ ન હોય, પરંતુ માત્ર 'પોતે આધ્યાત્મિક છે' એવો દેખાડો કરવાના ભાવથી આવી જાય તો શું થાય?

શ્રીમદ્ રાજચંદ્ર સૂચવે છે કે આની ઝાઝી ફિકર કરવાની જરૂર નથી. હકીકતમાં આવી વ્યક્તિનું સાચું રૂપ અલ્પ સમયમાં જ પ્રકાશિત થઈ જાય છે. આવી માયાવી વ્યક્તિ સત્સંગમાં આવે તો એનો કયો સ્વાર્થ સધવાનો છે? આમાં કંઈ પેટ ભરવાની, વિલાસની, પ્રમાદની કે મિથ્યા આગ્રહની તો કોઈ વાત હશે નહીં. આથી આવી વ્યક્તિ એકાદ વખત આવી જાય તો પણ બીજી વાર આવશે નહીં. પરિણામે સત્સંગમાં કોઈ કુસંગી આવી જાય તો એનાથી સત્સંગમાં કોઈ આડખીલી સર્જાતી નથી, બલ્કે કુસંગીની સાચી ઓળખ સહુને મળી જાય છે.

કોઈ એમ કહે છે કે સત્સંગમાં સહુ સાથે હોય, તેમ અનિષ્ટ કરનારા પણ સાથે મળીને કામ કરતા હોય છે. વિષયી માણસો પણ સમાન રીતે વાસના, કામના કે વિષયનો વિચાર કરતા હોય છે. આવી દુષ્ટ પ્રવૃત્તિ કરનારાઓ એકબીજાને વારંવાર મળતા હોય છે અને એકબીજાનો સંપર્ક–સમાગમ રાખે છે. આવા સમાગમને સત્સંગ કહી શકાય ખરો! એનો તલસ્પર્શી ઉત્તર આપતાં શ્રીમદ્ કહે છે કે આવો સમાગમ એ માત્ર 'પરસ્પર સ્વાર્થબુદ્ધિ'થી અને 'માયાના અનુસંધાનથી' થયેલો હોય છે. આથી આવો સમાગમ એ માત્ર સ્વાર્થસાધક વાસનાભૂખને સંતોષવા માટેનો હોય છે અથવા તો ધન કે સત્તા આંચકી લેવા માટે હોય છે. આવા માયાવશ ભેગા થયેલા લોકો સ્વાર્થ સિદ્ધ ન થાય તો પરસ્પર લડતા, ઝઘડતા અને વખત આવ્યે એકબીજાની નિર્દયપણે હત્યા કરતા હોય છે. આ રીતે આ સમાગમની પાછળ અનિષ્ટ હેતુ, દુષ્ટ ઇચ્છા અને અંગત સ્વાર્થ રહેલાં હોય છે. જ્યારે સંતનો સમાગમ તો નિર્દોષ હોય છે. આ નિર્દોષ અને સમ-સ્વભાવથી સમાગમ મુનિશ્વરો પાસેથી પ્રાપ્ત થાય છે. ધર્મધ્યાનપ્રશસ્ત અલ્પારંભી પુરુષ પણ આ રીતે કેટલેક અંશે નિર્દોષ અને સમ-સ્વભાવી સમાગમ કરતા હોય છે.

ઈષ્ટ ભાવનાની પ્રાપ્તિ માટેનો મેળાપ અને અનિષ્ટ હેતુને પાર પાડવા એકથી થયેલી દુષ્ટ મંડળી એ બંને તદ્દન ભિન્ન બાબત છે. શ્રીમદ્ રાજચંદ્ર 'મોક્ષમાળા'ના ચોવીસમા શિક્ષાપાઠમાં એક લાઘવભર્યા સૂત્રાત્મક વાક્યથી કહે છે–'જ્યાં સ્વાર્થ અને 'માયા-કપટ' છે ત્યાં સમ સ્વભાવતા નથી; અને તે સત્સંગ પણ નથી.'

વળી આ સત્સંગ એ જગતને બતાવવાના બાહ્ય હેતુ, ભૌતિક પ્રાપ્તિ કે સ્થૂળ કામનાથી કરવામાં આવે, તો તે સહેજે ફળદાયી થતો નથી. એનું કારણ શું? સૌથી મહત્ત્વની બાબત એ છે કે જો સત્સંગની પાછળ કપટ અને માયા હોય તો જીવનમાં એકાંત સર્જાતું નથી. આ એકાંત વિશે શ્રીમદ્ રાજચંદ્રે એક નવી જ વિભાવના આપી છે. સામાન્ય રીતે એકાંત એટલે

*કંઈ પરોપકાર, દાન, લાભ કે અન્યનું હિત કરીને આવ્યો હો તો આનંદ માન, નિરભિમાની રહે.*

માનવસમુદાયથી દૂર રહીને વ્યક્તિ એકલી હોય તે. પરંતુ શ્રીમદ્ તો સમૂહમાં સત્સંગ કરતા માનવીને ભીતરમાં અધ્યાત્મભાવો જગાડતું એકાંત સર્જવાનું કહે છે. સત્સંગમાં સમાન શીલ અને સ્વભાવ ધરાવતી વ્યક્તિઓનો સમાગમ થતો હોય છે. એમની વચ્ચે આચાર અને વિચારનું સામ્ય હોય છે. વળી તેઓ એક નિશ્ચિત પ્રયોજનથી જોડાયેલા હોય છે અને તે મુમુક્ષુતાથી. આથી આવો મુમુક્ષુઓનો પરસ્પરનો સહવાસ પ્રત્યક્ષ મુમુક્ષમાં એક વિશિષ્ટ એકાંત સર્જે છે. એ સમૂહમાં હોવા છતાં એની આધ્યાત્મિક ભાવનાઓ ભિન્ન ભિન્ન હોય છે. આ એકાંતનું સર્જન સમૂહમાં કોઈ સંત-સમાગમ થાય ત્યારે સર્જાતું હોય છે.

મુમુક્ષુના આ એકાંતમાં અધ્યાત્મનું પુષ્પ ખીલે છે. શ્રીમદ્ રાજચંદ્ર સ્વયં કેવી રીતે જીવન વ્યતીત કરતા હતા તે જોવા જેવું છે. તેઓ નિવૃત્તક્ષેત્રમાં હોય ત્યારે પ્રથમ પહોરે વનમાં ધ્યાન, બીજા પ્રહરે સ્વાધ્યાય, ત્રીજા પ્રહરે આહાર વગેરે અને વળી ચોથા પ્રહરે વનમાં ધ્યાન કરતા હતા. રાત્રિના શેષ પ્રહરમાં સ્વાધ્યાય અને સતત ધૂન ચાલતી. એ રીતે દિવસરાત અપ્રમત્તપણે ગાળતા હતા. આથી તેઓએ 'મોક્ષમાળા'ના ચોવીસમા શિક્ષાપાઠમાં નોંધ્યું છે કે 'તત્ત્વજ્ઞાનીઓએ મુખ્ય બોધ એવો કર્યો છે કે, સર્વ સંગપરિત્યાગ કરી, અંતરમાં રહેલા સર્વ વિકારથી પણ વિરક્ત રહી એકાંતનું સેવન કરો. તેમાં સત્સંગની સ્તુતિ આવી જાય છે.'

આજે માણસ ટોળામાં ફેરવાઈ રહ્યો છે, ત્યારે સત્સંગમાં રહેલી વ્યક્તિ પોતાની વિશિષ્ટ આધ્યાત્મિક મુદ્રાથી ઉલ્લાસમય એકાંતનું સર્જન કરતી હોય છે.

પરમ આત્મજ્ઞાની વ્યક્તિ પ્રત્યેક ભાવને પોતાની અનુપમ દૃષ્ટિથી જોતી, પામતી અને આલેખતી હોય છે. પર્વતની તળેટી પર ઊભા રહીને જોનારને માત્ર આજુબાજુની સૃષ્ટિ દેખાય છે, જ્યારે શિખર પર ચડીને સૃષ્ટિ નિહાળનારને વિરાટ જગતનું દર્શન થતું હોય છે. આવું વિરાટ જગતનું આધ્યાત્મિક દર્શન શ્રીમદ્ રાજચંદ્રમાં જોવા મળે છે. એમનાં પ્રત્યેક વચન એ ગહન આત્મજ્ઞાન અને ઊંડા આત્માનુભવમાંથી પ્રગટે છે, તેથી એકાંતમાં સર્જાતા સત્સંગનો એક વિશિષ્ટ અર્થ શ્રીમદે આપ્યો છે. કેટલાક સત્સંગ એટલે જ્યાં સમૂહમાં ભજન અને ભક્તિ ચાલે તેને સત્સંગ કહે છે. કેટલાક કથાશ્રવણને સત્સંગ કહે છે. ક્યાંક સારા વિચાર ધરાવતી વ્યક્તિઓનાં આદાન-પ્રદાનને સત્સંગ કહેવામાં આવે છે. પરંતુ શ્રીમદ્ રાજચંદ્ર આ પ્રચલિત ભાવનાને તદ્દન જુદા સ્વરૂપે દર્શાવીને એક આગવું દર્શન આપે છે.

સત્સંગની નવીન વ્યાખ્યા આપતાં તેઓ કહે છે કે 'આત્માને સત્યનો રંગ ચઢાવે તે સત્સંગ.' 'આત્માને આત્માનો રંગ ચડાવે તે સત્સંગ.' જગતની વિભૂતિઓએ સત્યની ઉપાસના કરી છે. સોક્રેટિસ સત્યને કાજે હસતે મુખે ઝેરનો પ્યાલો ગટગટાવી ગયા. મહાત્મા ગાંધીએ સદૈવ સત્યની પ્રતિષ્ઠા કરી. પોતાની આત્મકથાને 'સત્યના પ્રયોગો' એવું નામ આપીને જીવનનું પરમ લક્ષ્ય સત્યપ્રાપ્તિ છે એવું સૂચન કર્યું. 'પ્રશ્નવ્યાકરણ' નામના આગમગ્રંથમાં કહ્યું છે કે, 'સચ્ચં લોગમ્મિ, સારભૂયં, ગંભીરતરં મહીસમુદ્દાઓ' અર્થાત્ 'આ લોકમાં સત્ય જ સાર તત્ત્વ છે તે મહાસમુદ્રથી પણ ગંભીર છે.' જ્યારે શ્રીમદ્ રાજચંદ્રજીએ એક સ્થળે એમ કહ્યું, 'પરમ સત્યનું અમે ધ્યાન કરીએ છીએ.'

જીવનમાં પરમલક્ષ્ય છે સત્યપ્રાપ્તિનું. સામાન્ય રીતે વ્યક્તિ તથ્યને જોતી હોય છે. પોતાની આસપાસની હકીકતને જોતી હોય છે, પરંતુ એને પાર રહેલું પરમસત્ય દેખાતું નથી. સામાન્ય વ્યક્તિને સ્મશાનભૂમિ કેવી લાગે છે? એને એમાં કશું નવું ન લાગે. વધુમાં વધુ ક્ષણિક એવા સ્મશાન-વૈરાગ્યનો અનુભવ થાય. જ્યારે શ્રીમદે સ્મશાનભૂમિ જોયા પછી જે ભાવ પ્રગટ કર્યા તે અનન્ય છે. આમાં લૌકિક દૃષ્ટિ અને અલૌકિક દૃષ્ટિનો ભેદ પ્રગટ થાય છે. અહીં તથ્ય અને સત્ય વચ્ચેનો તફાવત જોવા મળે છે.

એક વાર શ્રીમદ્ મુંબઈના નિવાસસ્થાન દરમિયાન ફરવા નીકળ્યા હતા. ફરતાં ફરતાં સ્મશાનભૂમિ આવતાં પોતાની સાથે ફરવા આવેલા સજ્જનને શ્રીમદે પૂછ્યું, 'ભાઈ! આ શું છે?'

પેલા સજ્જને સ્વાભાવિક રીતે જવાબ આપ્યો, 'આ તો સ્મશાનભૂમિ છે.'

આ સાંભળી શ્રીમદે માર્મિક વચનો કહ્યાં, 'અમે તો આખી મુંબઈ નગરી સ્મશાન સમાન જોઈએ છે.'

આમ વીતરાગી શ્રીમદ્‌ને જગતનું અણુ માત્ર પણ ગમવાપણું નહોતું. સામાન્ય માનવીને મુંબઈ નગરી મોહમયી લાગતી હતી, જ્યારે શ્રીમદ્‌ને એ નગરી અમોહ સ્વરૂપે ભાસતી હતી.

આ રીતે સત્સંગમાં આત્મસિદ્ધિને તેઓ મહત્ત્વની માને છે. જેના વડે આત્મસિદ્ધિ થઈ શકે નહિ, તે સત્સંગ નથી. પછી ભલે એ સત્સંગ કોઈ શાસ્ત્ર સાથેનો હોય. કોઈ ગુરુ સાથેનો હોય કે કોઈ જ્ઞાની સાથેનો હોય. આમ સત્સંગમાં કેન્દ્રસ્થાને આત્મસિદ્ધિની વાત મૂકીને પ્રચલિત શબ્દના અતિપ્રચલિત અર્થને તેઓ નવી આભા આપે છે. આનું ઉદાહરણ આપતાં શ્રીમદ્ કહે છે કે મલિન વસ્ત્રની મલિનતા જેમ સાબુ અને જળ દૂર કરે છે, તે જ રીતે આત્મામાં રહેલી મલિનતાને શાસ્ત્રબોધ અને સત્પુરુષોનો સમાગમ દૂર કરે છે અને તે રીતે આત્મશુદ્ધિ થાય છે.

'જેવો સંગ તેવો રંગ' એ પ્રચલિત કહેવતનો મર્મ ઘણો ઊંડો છે. કેટલાક સંગ મનને આકર્ષનારા હોય છે, દુર્બુદ્ધિને ઉત્તેજનારા હોય છે, ખોટું કરીને ફાવી જઈશું એવું વિચારનારા હોય છે. આવા

કુસંગનું પરિણામ અંતે તો વ્યક્તિને ભોગવવું જ પડે છે. આ રીતે બાહ્ય પ્રલોભનો તરફ જેટલું આકર્ષણ હોય, બાહ્ય જગત પ્રત્યે જેટલી આસક્તિ હોય અને બાહ્ય વસ્તુઓ માટે જેટલું મમત્વ હોય, તો તે કુસંગરૂપ હોવાથી સત્સંગમાં વિરોધક બને છે. આવું કુસંગનું જીવન ક્ષુદ્ર વાતોમાં, બનાવટી પ્રપંચોમાં અને વેરઝેરમાં વ્યતીત થતું હોય છે, આથી જ 'પ્રશ્નવ્યાકરણ' નામના આગમશાસ્ત્રમાં કહ્યું છે, 'ઇહલોએ તાવ નટ્ઠા, પરલોએ વિ ય નટ્ઠા' અર્થાત્ 'વિષયાસક્ત જીવ આ લોકમાં વિનાશ પ્રાપ્ત કરે છે અને પરલોકમાં પણ.'

આત્માને સત્સંગ સાંપડે તો જ સારું શું અને ખોટું શું? એનો એને ખ્યાલ આવે છે. સત્સંગના અભાવે એ સત્યને જાણી શકતો નથી. સત્સંગ પ્રાપ્ત થાય ત્યારે જ એને ખ્યાલ આવે છે કે બાહ્ય વસ્તુઓનું એનું આકર્ષણ કુસંગરૂપ છે. ધીરે ધીરે એ પણ સમજ જાગે છે કે જેમ જેમ આત્માનુભવ વધતો જશે, તેમ તેમ બાહ્યવસ્તુમાંથી વ્યક્તિની આસક્તિ દૂર થતી જશે અને એને સમજાશે કે એક અવિનાશી આત્મા સિવાય બીજું બધું નશ્વર છે. આ રીતે 'સત્સંગથી પ્રાપ્ત થયેલું એક વચન અમૂલ્ય લાભ આપે છે' એવો શ્રીમદ્‌નો બોધ છે.

સત્સંગના બે પ્રકાર છે. એક સત્સંગ તે ઉત્તમ શાસ્ત્રોમાં નિરંતર એકાગ્ર રહેવું અર્થાત્ શાસ્ત્રમાંથી બોધ પામવાનો પ્રયાસ કરવો તે. એનો બીજો પ્રકાર એ સત્પુરુષોનો સમાગમ છે. ઉમદા શાસ્ત્રબોધ પામીએ તે પણ સત્સંગનું કારણ છે. સત્ શાસ્ત્રોનાં વાચન દ્વારા સત્સંગ પ્રાપ્ત થાય છે. ઘણી વાર વ્યક્તિ ધર્મ તરફ વળે છે, પણ શાસ્ત્ર તરફ વળતી નથી. એ અમુક ધર્મનું પાલન કરતો હોય છે, પરંતુ એ વિશેનું એનું શાસ્ત્રજ્ઞાન અતિ અલ્પ હોય છે. એ હિંદુ કહેવાતો હોય, પણ ઉપનિષદનો અભ્યાસી ન હોય કે ગીતાનું અધ્યયન કર્યું ન હોય તેવું પણ બને. જૈન ધર્મનાં ક્રિયાકાંડો કરતો હોય, પરંતુ એનું ધર્મવિશ્વ માત્ર ક્રિયાકાંડ સુધી જ સીમિત રહી જાય છે અને આગમશાસ્ત્રો કે તત્ત્વજ્ઞાનના ગ્રંથોથી એ વિમુખ હોય. શ્રીમદ્ રાજચંદ્રે એમના સ્વજીવનમાં શાસ્ત્રજ્ઞાન પર ઘણો ભાર મૂક્યો હતો. તેઓ કહેતા કે તમે સમજ્યા વગરની ક્રિયાઓ કરો છો એ તો જડ ક્રિયા કહેવાય. એમણે ધર્મના તત્ત્વને સમજવાની વાત પર સતત ભાર મૂક્યો અને પોતાનાં પત્રો તેમજ કાવ્યો દ્વારા ધર્મના તત્ત્વની વાત રજૂ કરી. આમ વ્યક્તિ જ્યારે શાસ્ત્ર પાસે જઈને એનું ઊંડું અવગાહન કરે છે, ત્યારે એની સમક્ષ અનેક નવાં નવાં અર્થો, મર્મો અને રહસ્યો પ્રગટવા માંડે છે. આંતરચેતનાની જાગૃતિ સાથે અધ્યાત્મનો પ્રકાશ પથરાય છે. 'શ્રીમદ્ ભગવદ્‌ગીતા' હોય કે 'આગમસૂત્રો' હોય, પણ જમાને જમાને સંન્યાસીઓ અને વિદ્વાનોએ એનાં મર્મો પ્રગટ કર્યાં છે. જીવનમાં સતશાસ્ત્રનું વાંચન એ સત્સંગ બને છે.

સત્સંગની પ્રાપ્તિ દુર્લભ છે. કેવો સત્સંગ મહાદુર્લભ ગણાય તે વિશે શ્રીમદ્ રાજચંદ્રે માર્મિક આલેખન કર્યું છે. તેઓ કહે છે. 'જ્યાં શાસ્ત્રોના સુંદર પ્રશ્નો થાય, જ્યાં ઉત્તમ જ્ઞાન, ધ્યાનની સુકથા થાય, જ્યાં સત્પુરુષોનાં ચરિત્ર પર વિચાર બંધાય, જ્યાં તત્ત્વજ્ઞાનના તરંગની લહરીઓ છૂટે, જ્યાં સરળ સ્વભાવથી સિદ્ધાંતવિચાર ચર્ચાય, જ્યાં મોક્ષજન્ય કથન પર પુષ્કળ વિવેચન થાય એવો સત્સંગ તે મહાદુર્લભ છે.'

આવા દુર્લભ સત્સંગમાં શાસ્ત્રના સુંદર પ્રશ્નો ઊઠતા હોય અને તેના ઉત્તરો મેળવતા હોય. જ્ઞાનની ઉત્તમ વાત થતી હોય. જૈનદર્શનમાં જ્ઞાન મોખરે છે અને તેથી જ 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર' નામના તીર્થંકર ભગવાન મહાવીરની અંતિમ દેશના ધરાવતા આગમગ્રંથમાં કહ્યું છે 'પઢમં જ્ઞાન તઓ દયા', અર્થાત્ પહેલું જ્ઞાન છે, પછી દયા છે. સાચું જ્ઞાન ન હોય તો વ્યક્તિ સાચી અહિંસા કે દયા પાળી શકતો નથી. એક અન્ય સ્થળે શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે, 'જ્ઞાનની સંપન્નતાથી જીવ બધાં પદાર્થો–સ્વરૂપને જાણી શકે છે.' આમ જગતના બધા પદાર્થોને અને તાત્ત્વિક સ્વરૂપને જાણવા માટે જ્ઞાનની આવશ્યકતા છે. આવા સત્સંગમાં ધ્યાનની સુકથા થાય છે. વ્યક્તિ આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાંથી મુક્ત થઈને ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં જીવે છે.

આવા સત્સંગમાં સત્પુરુષોનાં ચરિત્ર જાણવા મળે છે અને ચરિત્ર ચારિત્ર્ય ઘડે છે. તે દૃષ્ટિએ સત્સંગમાં આવનાર મુમુક્ષુનું ચારિત્ર્ય એનાથી ઘડાય છે. આ સત્પુરુષોએ સત્યને કાજે વેઠેલી મુસીબતો, ધર્મને કાજે કરેલાં સમર્પણો અને મૂલ્યને કાજે કરેલી સરફરોશી પ્રેરણાદાયી બને છે. વળી તત્ત્વજ્ઞાનની એમાં વાતો ચાલતી હોય છે અને નિર્મળ બુદ્ધિથી સિદ્ધાંતોનો વિચાર થયો હોય છે. મોક્ષ તરફ લઈ જતા કથન પર પુષ્કળ વિવેચન થતું હોય એવો સત્સંગ વ્યક્તિને સાંપડે ત્યારે એનું જીવન ધન્ય બની જતું હોય છે. વિ. સં. ૧૯૪૬માં ૨૨ વર્ષની વયે પોતાના ચિત્તમાં ચાલતી તત્ત્વજ્ઞાનની તરંગલહરી વિશે શ્રીમદ્ રાજચંદ્રે નોંધ્યું છે, 'રાત્રિ અને દિવસ એક પરમાર્થ વિષયનું જ મનન રહે છે. આહાર પણ એ જ છે. નિદ્રા પણ એ જ છે. શયન પણ એ જ છે.'

સત્સંગ એટલે સજ્જનોનો સંગ. પરંતુ અહીં તો શ્રીમદે પરમ સત્સંગની વાત કરી છે જેનું પ્રત્યક્ષ ફળ મોક્ષ છે. આ પરમ સત્સંગનો મર્મ દર્શાવતા શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક ૪૪૯ માં કહે છે: 'સર્વ પરમાર્થનાં સાધનમાં પરમ સાધન તે સત્સંગ છે. સત્પુરુષનાં ચરણ સમીપનો નિવાસ છે.'

પરમાર્થ ઉપર પ્રીતિ અને અનાદિકાળના અજ્ઞાનના વિસ્મરણ માટે સત્સંગ એ સર્વોત્કૃષ્ટ અને અનુપમ સાધન છે. આજે જગતમાં

ચોતરફ વિકાર જોવા મળે છે. અખબારો, સામયિકો, ટેલિવિઝન અને વિજ્ઞાપનો તેમજ પાશ્ચાત્ય સ્વચ્છંદયુક્ત જીવનશૈલીને કારણે આજે માનવચિત્ત પર કામદેવે વિજય મેળવ્યો છે. જીવનકલ્યાણરૂપી શિવને ચલાયમાન કરવાનો કામદેવનો પ્રબળ પ્રયાસ આજે વર્તમાન વિશ્વમાં ચાલી રહ્યો છે. શ્રીમદે દર્શાવ્યું કે સત્સંગ એ કામ બાળવાનો બળવાન ઉપાય છે. આનું કારણ એ છે કે સત્સંગમાં મુમુક્ષુ જ્ઞાની પુરુષને જુએ છે અને સત્પુરુષ પ્રત્યેના આદરને કારણે એની દૃષ્ટિ બદલાય છે. અગાઉ એને નારીદેહ પ્રત્યે રાગ હતો, તે નષ્ટ થતો જાય છે. કયા દેહનું દર્શન આકર્ષક? એને સત્પુરુષનું દર્શન પાવનકારી જણાશે. એ જ રીતે જ્ઞાની પુરુષનાં વચનનાં શ્રવણને લીધે સ્ત્રીનું શરીર એને દેખાતું નથી. એ તો એના આત્માને જુએ છે. જ્ઞાનીપુરુષ પાસેથી સાધક દેહ અને આત્માની ભિન્નતા સમજે છે અને એ જાણ્યા પછી એ જેમ પોતાના દેહ અને પોતાના આત્માની ભિન્નતાને પ્રમાણે છે, એ જ રીતે અન્યના દેહ અને આત્માની ભિન્નતાને જોઈ શકે છે. આથી નારીદેહ જોતાં એને માંસ, હાડકાં વગેરેથી રચાયેલો માત્ર દેહ માને છે. એની દૃષ્ટિ આત્મા તરફ હોય છે અને આને પરિણામે એને વિષયાદિ તુચ્છ લાગે છે. સત્પુરુષ પાસેથી પોતાના આત્માને જાણનાર મુમુક્ષુ બીજાના આત્માને પણ ઓળખતો થાય છે અને જ્ઞાની પુરુષના બોધને કારણે એના રાગો ધીરે ધીરે સમીસાંજના આથમતા સૂર્યની માફક ઓછા થવા લાગે છે અને નિરંતર સત્સંગથી નષ્ટ થઈ જાય છે.

ભારતીય સંસ્કૃતિમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થની વાત કરવામાં આવી છે. સત્સંગ એ કામનો નાશ કરીને મોક્ષ માટેનું પરમ સાધન બને છે. આથી જ શ્રીમદે કહ્યું, 'જેમ પૃથ્વી પર તરાય નહીં તેમ સત્સંગથી બૂડાય નહીં.' વ્યક્તિ જમીન પર તરી શકતો નથી, તરવા માટે તો એને પાણી જોઈએ. એ જ રીતે સત્સંગ એ એવી બાબત છે કે જે વ્યક્તિના જીવનને ક્યારેય ડુબાડશે નહિ. અર્થાત્ સત્સંગ એ માનવ-જીવનનો તારક છે, એને કષાયોથી ઉગારનારો અને ઊર્ધ્વ ભૂમિકાએ લઈ જનારો છે. આ જ સત્સંગની ચમત્કૃતિ છે. અંતે શ્રીમદ્ રાજચંદ્રજી સત્સંગને 'આત્માનું પરમ હિતૈષી ઔષધ' કહે છે. એટલે કે આવા સત્સંગથી આત્માનું પરમ હિત સધાય છે. આ હિત કઈ રીતે સધાય? સત્ સમાગમથી, નિરંતર સત્સંગથી સાચી મુમુક્ષુતા પ્રાપ્ત કરતાં આત્માને મહાપુરુષના યોગથી આત્મનિષ્ઠપણું પ્રાપ્ત થાય છે. આવો સત્સંગ પામવો એ જીવનમાં અતિ દુર્લભ છે. જો એ અતિ દુર્લભ જીવનમાં મળી જાય તો જીવન તરી જાય છે. શ્રીમદ્ રાજચંદ્ર એક સ્થળે કહે છે, 'ક્ષણભરનો પણ સત્પુરુષનો સમાગમ તે સંસારરૂપ સમુદ્ર તરવાને નૌકારૂપ છે, એ વાક્ય મહાત્મા શંકરાચાર્યનું છે અને તે યથાર્થ જ લાગે છે.'

## 'સત્'તત્ત્વ

શ્રીમદ્ રાજચંદ્રે આવી જડ સાંપ્રદાયિક દીવાલો સમાજમાં જોઈ હતી અને એ દીવાલો દૂર કરવા માટે એમણે ઉપદેશ આપ્યો. સંપ્રદાયવાદીઓ પોતાના અનુયાયીઓના ચિત્તને વધુ ને વધુ સંકુચિત બનાવે છે અને પછી પોતાનો સંપ્રદાય સૌથી મહાન અને અન્ય સંપ્રદાય તુચ્છ કે હીન એવા ખ્યાલો ફેલાવે છે. આવી સાંપ્રદાયિકતાને કારણે સાધક સત્ સુધી પહોંચી શકતો નથી. એ મતાંધતા કે મતાગ્રહમાં જકડાઈ જાય છે. આ પકડને કારણે સાધક સત્યથી વેગળો ચાલ્યો જાય છે. એ અજ્ઞાનમાં રાચે છે અને રાગદ્વેષમાં ડૂબી જાય છે. આવી વ્યક્તિઓ સતત એવો બોધ આપે છે કે એમના માર્ગે ચાલવાથી જ વ્યક્તિનું કલ્યાણ થશે. બીજા માર્ગો અકલ્યાણ સાધશે અથવા તો નર્કની યાતના આપશે.

આથી જ શ્રીમદ્ રાજચંદ્રે દર્શાવ્યું કે વ્યક્તિએ સંપ્રદાયની પકડમાંથી મુક્ત થવું જોઈએ અને જો એ સંપ્રદાયની પકડમાંથી મુક્ત થાય તો જ એને સત્ તત્ત્વની પ્રાપ્તિ થઈ શકે. એ સાચું છે કે ધર્મમાં મતમતાંતરો હોય છે અને એ અનાદિકાળથી આવા મતમતાંતરોમાં માનનારા પોતાના મતને સાચો ઠેરવવા પ્રયાસ કરતા હોય છે. હકીકતમાં આ મતભેદોની પાછળ અનેક કારણો હોય છે. દેશ અને સમયની પરિસ્થિતિ આમાં કારણભૂત હોય છે. આવા દૃષ્ટિભેદોને કારણે જ કેટલાક ધર્મના અમુક તત્ત્વને મહત્ત્વ આપે છે અને કેટલાક ધર્મના અન્ય તત્ત્વને મહત્ત્વ આપે છે. કેટલાક 'યથા દેહે તથા દેવે' એમ કહે છે, તો કેટલાક દેહની આળપંપાળ કરવાની વાતનો જ અસ્વીકાર કરે છે. કોઈ ક્રિયામાં ધર્મ જુએ છે, તો કોઈ તપમાં, કોઈ જ્ઞાનને જ ધર્મ માને છે, તો કોઈ ભક્તિને જ સર્વસ્વ ગણે છે.

આવી રીતે જુદાં જુદાં દર્શનો વચ્ચે પણ વિચારધારાનો ભેદ જોવા મળે છે. આ દર્શનો એમ કહે છે કે એમનું દર્શન જ તમને મોક્ષ આપશે, વૈશેષિક દર્શનમાં માનનારો હોય કે સાંખ્યમાં શ્રદ્ધા ધરાવનારો હોય, બૌદ્ધ મતવાદી હોય કે જૈન હોય, ઈસ્લામને અનુસરનારો હોય કે ખ્રિસ્તી ધર્મને પાળનારો હોય, એ બધા એમ કહે છે કે અમે કહીએ છીએ તે જ સાચું છે. અમારો મત અને અમારો ધર્મ સાચા છે અને એ જ માર્ગે તમારું કલ્યાણ નિહિત છે. જો આવું હોય તો બીજા બધા મત ખોટા ગણાય. બીજી બાજુ સર્વને સત્ય માનીએ તો તે પણ ખોટું છે. જો એક ધર્મમત સત્ય છે એમ ઠેરવીએ તો બીજા બધાને અસત્ય કહેવા પડે અને એ વાત સાચી ઠેરવવી પડે.

સાધકનો હેતુ તો એ ધર્મમાં રહેલા 'સત્' તત્ત્વની ખોજનો હોવો જોઈએ, નિજપદની પ્રાપ્તિ કરાવવાનો હોવો જોઈએ. આવા નિજપદની પ્રાપ્તિ કરવા માટે કોઈ સંકુચિતતામાં ડૂબી જવાની જરૂર નથી. આથી જ શ્રીમદે કહ્યું છે, 'વાડામાં કલ્યાણ નથી,

અજ્ઞાનીના વાડા હોય. જેમ લોઢું પોતે તરે નહીં અને બીજાને તારે નહીં તેમ.'

અજ્ઞાની વ્યક્તિઓ આવા વાડાઓમાં ખૂંપી જાય છે, જ્યારે અજ્ઞાની વ્યક્તિ સત્ તત્ત્વની ખોજ કરે છે. એક અર્થમાં કહીએ તો એ જુદા જુદા ઉપદેશોમાં રહેલા મૂળભૂત તત્ત્વને શોધે છે અને તેથી જ વ્યાસ, વાલ્મીકિ, શંકર, ગૌતમ, પતંજલિ, કપિલ અને યુવરાજ શુદ્ધોદનના ઉપદેશનું રહસ્ય શું છે, તે અંગે તેઓ કહે છે કે આ બધા લોકો આપણને એટલું જ કહે છે, 'અહો લોકો! સંસારરૂપી સમુદ્ર અનંત અને અપાર છે. એનો પાર પામવા પુરુષાર્થનો ઉપયોગ કરો.'

શ્રીમદ્ કયા ગ્રંથોનો પરિચય રાખવો તે દર્શાવતાં કહે છે, 'સત્પુરુષોનાં ચરિત્રો અને માર્ગાનુસારી (સુંદરદાસ, પ્રીતમ, અખો, કબીર આદિ) જીવોનાં વચનો, અને જેનો ઉદ્દેશ આત્માને મુખ્ય કહેવા વિષે છે, એવા (વિચારસાગર, સુંદરદાસના ગ્રંથ, આનંદઘનજી, બનારસીદાસ, કબીર, અખા વગેરેનાં પદ) ગ્રંથોનો પરિચય રાખવો, અને એ સૌ સાધનામાં મુખ્ય સાધન એવો શ્રી સત્પુરુષનો સમાગમ ગણવો.'

વેદ, ઉપનિષદ અને શ્રીમદ્ ભગવદ્ગીતાનું વાચન કરનાર શ્રીમદ્ રાજચંદ્ર સ્વામીનારાયણ સંપ્રદાયના 'શિક્ષાપત્રી' ગ્રંથ વિશે પણ વાત કરે છે અને નોંધે છે કે એમાં કોઈ અંદેશો લાગે તો એ વિશે વિચાર કરવો જોઈએ અથવા તો સમાધાન મેળવવા માટે જરૂર પડે કોઈને પૂછવું જોઈએ. વળી 'શિક્ષાપત્રી' ગ્રંથના પ્રયોજન વિશે વિચાર કરીને એમાંથી મુમુક્ષુએ શું પ્રાપ્ત કરવું જોઈએ એ વિશે તેઓ કહે છે, 'શિક્ષાપત્રી ગ્રંથમાં મુખ્ય ભક્તિનું પ્રયોજન છે. ભક્તિના આધારરૂપ એવા વિવેક, ધૈર્ય અને આશ્રય એ ત્રણ ગુણનું તેમાં વિશેષ પોષણ કર્યું છે. તેમાં શૌર્ય અને આશ્રયનું પ્રતિપાદન વિશેષ સમ્યક્ પ્રકારે છે, જે વિચારી મુમુક્ષુ જીવે સ્વગુણ કરવા યોગ્ય છે.'

આ રીતે તેઓ સર્વદર્શનોને સમાદર આપીને એમાંથી સાર કાઢવાનું કહે છે અને આ બધા જ દર્શનકારો એમના ઉદ્દેશથી સમાન હોય તેવું લાગે છે. આમ, શ્રીમદ્ રાજચંદ્રે એક દર્શન કે એક ધર્મ સત્ય, બાકીનાં અસત્ય એમ કહેવાને બદલે એ દર્શનોમાં નિહિત તત્ત્વોનો મહિમા કરે છે. એ તત્ત્વો આપણા જીવનમાં આવે એટલે ધર્મ આવે. દયા, સત્ય આદિનું પાલન થાય, નિજસ્વરૂપની પ્રાપ્તિ માટેનો પુરુષાર્થ જાગે, મતાગ્રહોએ જન્માવેલી ગ્રંથિઓમાંથી મુક્તિ થાય, તો જ વ્યક્તિને ધર્મ પામી શકે.

વળી પોતાની પાસે શાસ્ત્ર હોય તેથી ધર્મ પામ્યો છે તેમ ન કહી શકાય. એ ધર્મ એના જીવનમાં પ્રગટવો જોઈએ. તેઓ દર્શાવે છે કે મિથ્યાભિમાની જીવ ઘણી વાર 'પોતાની પાસેના જૈન ધર્મના શાસ્ત્રમાં બધું જ છે અને એવાં શાસ્ત્રો મારી પાસે છે એવો ગર્વ ધારણ કરીને બેસી રહે અને એના વાસ્તવિક જીવનમાં ક્રોધ, માન, માયા, લોભ વગેરે પ્રવર્તતા હોય તો તે વ્યક્તિ ધાર્મિક નથી.

તો પછી ધર્મ છે શું? શ્રીમદ્ રાજચંદ્રની દૃષ્ટિએ ધર્મ એ તો મહાસાગર છે. એ કોઈનો ઈજારો નથી. જે ધર્મપાલન કરે છે એનો ધર્મ છે.

શ્રી દશવૈકાલિક સૂત્રના નવમા અધ્યાયમાં કહ્યું છે,

गुणेहिं साहू अगुणेहिं ऽ साहू गेण्हाहि साहूगुण मुंच ऽ साहू।
वियाणिया अप्पगमप्पएणं जो रागदोसेहिं समो स पुज्जो।।

(ગુણોથી સાધુ થવાય છે અને અવગુણોથી અસાધુ થવાય છે. માટે સાધુ-ગુણોને (સાધુતાને) ગ્રહણ કરો અને અસાધુ-ગુણોનો (અસાધુતાનો) ત્યાગ કરો. આત્માને આત્મા વડે જાણીને જે રાગ તથા દ્વેષમાં સમભાવ ધારણ કરે છે તે પૂજનીય બને છે.)

આ બાબત શ્રીમદ્ રાજચંદ્રજીના મુનિશ્રી લલ્લુજી (શ્રી લઘુરાજ સ્વામી) સાથેના પ્રસંગમાં જોવા મળે છે. મુનિશ્રી લલ્લુજી (લઘુરાજ સ્વામી)એ સત્સમાગમ થાય તે માટે મુંબઈમાં ચાતુર્માસ કર્યો હતો. એક વાર એમણે પોતાના ત્યાગને દર્શાવવા શ્રીમદ્ રાજચંદ્રને કહ્યું કે, મેં કુટુંબ, વૈભવ, સાધનસંપત્તિ, વૃદ્ધ માતા, બે પત્ની, એક પુત્ર આદિનો ત્યાગ કરીને દીક્ષા લીધી છે.

મુનિરાજના ત્યાગનો આવો ગર્વ ઓગાળી નાખવા શ્રીમદ્ તાડૂકીને બોલ્યા, 'શું ત્યાગ્યું છે? એક ઘર છોડી કેટલાં ઘર (શ્રાવકોનાં) ગળે નાખ્યાં છે? બે સ્ત્રીનો ત્યાગ કરી કેટલી સ્ત્રીઓ પ્રત્યે દૃષ્ટિ ફરે છે? એક પુત્ર ત્યાગી કેટલાં છોકરાં પ્રત્યે પ્રીતિ થાય છે?'

આ સાંભળી મુનિશ્રી લલ્લુજીને સ્વદોષોનું દર્શન થયું. બાહ્ય ત્યાગનો અહમ્ ઓગળી ગયો. અત્યંત લઘુતાપૂર્વક મુનિરાજે કહ્યું, 'હું ત્યાગી નથી.'

ત્યાં જ શ્રીમદ્ બોલી ઊઠ્યા, 'મુનિ, હવે તમે ત્યાગી છો.'

આ રીતે શ્રીમદ્ રાજચંદ્રે દર્શાવ્યું કે અમુક ધર્મનું શાસ્ત્ર વાંચવું એનો અર્થ એ નથી કે તમે અમુક ધર્મના અનુયાયીઓ બનો. એનો અર્થ તો એ છે કે એમાંનો ઉપદેશ ગ્રહણ કરો. જ્ઞાની પુરુષની વાણીને એકાંત દૃષ્ટિએ ગ્રહણ કરીને એનો અહિતકારી ગર્વ લેવો નહીં, કારણ કે એ જ્ઞાની પુરુષની વાણી તો સર્વજીવને માટે હિતકારી હોય છે. આમ મૂળ તત્ત્વમાં ક્યાંય ભેદ નથી. માત્ર આપણી દૃષ્ટિમાં ભેદ છે તેમ સમજવું જોઈએ. તેથી જ તેઓ કહે છે: 'તું ગમે તે ધર્મમાં માનતો હોય, તેનો મને પક્ષપાત નથી, માત્ર કહેવાનું તાત્પર્ય એ કે, જે રાહથી સંસારમળ નાશ થાય, તે ભક્તિ, તે ધર્મ અને તે સદાચારને તું સેવજે.'

✱ ✱ ✱

૧૩ બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન: ૦૭૯ ૨૬૬૦૨૬૭૫. મોબાઈલ: ૦૯૮૨૪૦ ૧૯૯૨૫.






# બે સાધકો :આચાર્ય બુદ્ધિસાગરજી અને શ્રીમદ્ રાજચંદ્રજીના જીવનમાં અધ્યાત્મ

☐ ડૉ. રેણુકા પોરવાલ

*[ડૉ. રેણુકા પોરવાલે આચાર્ય બુદ્ધિસાગરસૂરિ પર પીએચ.ડી. કર્યું છે. તેમણે ત્યાર બાદ ડૉ. સાગરમલ જૈનના માર્ગદર્શનમાં શિલ્પશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. હાલમાં જ મથુરાના જૈન શિલ્પો-સ્થાપત્ય વિશેનું કલાત્મક અને સંશોધનસભર પુસ્તક પ્રગટ થયું છે. ]*

**વિષય પ્રવેશ :**

ઓગણીસમી સદીનો ઉત્તરાર્ધ અને વીસમી સદીનો પૂર્વાર્ધ રાજકીય તથા ધાર્મિક જાગૃતિનો સમય હતો. સામાજિક પ્રગતિના એ ઉષ:કાળમાં પ્રજા પણ ચેતનવંતી બનવા લાગી. જૈન આત્માર્થી ગુરુઓ–શ્રી મુલચંદજી, શ્રી રાજેન્દ્રસૂરિજી, શ્રી બુટેરાયજી, શ્રી આત્મારામજી વગેરે સાધુઓએ જૈનસમાજને અંધશ્રદ્ધાથી બહાર લાવવાનું ભગીરથ કાર્ય કર્યું. તેમના પછી જૈન શાસનને નવજીવન બક્ષવા ઘણા સાધકો અને સાધુઓ થયા એમાં અગ્રક્રમે આચાર્યપ્રવર બુદ્ધિસાગરજી અને મહાન તત્ત્વજ્ઞાની શ્રીમદ્ રાજચંદ્રજી હતા. આ બંને આત્માર્થી ઉપાસકોએ ઘણી અલ્પ આયુષ્ય અવધિમાં ભારતીય સમાજને નવપલ્લવિત કર્યો.

**ઉભય ઉપાસકોએ સમાજને અર્પેલ અધ્યાત્મની ભેટ :**

આચાર્ય બુદ્ધિસાગરજી મહારાજનો જન્મ વિ. સં. ૧૯૩૦માં અને દેહવિલય વિ. સં. ૧૯૮૧માં થયો, જ્યારે શ્રીમદ્જી વિ. સં. ૧૯૨૪માં જન્મ્યા અને વિ. સં. ૧૯૫૭માં દેવલોક થયા. આચાર્યશ્રીનું આયુષ્ય એકાવન વર્ષનું હતું જ્યારે શ્રીમદ્જીનું આયુષ્ય ફક્ત તેંત્રીસ વર્ષ. બંને મહાપુરુષોનું વિચરણ સ્થળ મોટેભાગે ગુજરાત અને મુંબઈ રહ્યું.

તેમણે જીવનમાં આત્મિક સાધનાથી મેળવેલ સિદ્ધિઓના ખજાનાને લોકો સમક્ષ ઉપદેશની ચાવી થકી ખુલ્લો મૂક્યો, વધુમાં જનસાધારણને યોગની ભૂમિકાથી સમાધિ સુધીનો માર્ગ ચિંધ્યો. એમાં મુખ્યત્વે અધ્યાત્મ શું છે, એ કેવી રીતે મેળવવું, જૈન તત્ત્વોની જ્ઞાન પ્રાપ્તિ, સમાજના કુરિવાજને દૂર કરવાના ઉપાયોની ચર્ચા, વગેરે વિષયોનો સમાવેશ સરળ શૈલીમાં છે. ગરીબ હોય કે તવંગર બધા એમાં રાચવા લાગ્યા. જો ભક્ત દૂર રહેતો હોય તો એને ઉપદેશ આપવા માટે આ ફિલોસોફરોએ પત્રો લખવાનો માર્ગ માધ્યમ-મીડિયા તરીકે અપનાવ્યો જેથી જ્યારે ભક્ત મુશ્કેલીમાં હોય તો એમાંથી એને જીવન જીવવા માટેનું રસાયણ અચૂક મળી જાય. બંને સાધકોએ લખેલા પત્રોનું લિસ્ટ વિશાળ છે. એમાં અધ્યાત્મ, ગુણાનુરાગ અને સામાજિક ક્રાંતિનો પડઘો નજરે પડે છે.

એક અગત્યની વાત એ છે કે આ બંને આત્માર્થી સાધકોને, તેમના ભક્તોએ શ્રીમદ્ કહીને સંબોધ્યા છે પરંતુ વર્તમાનમાં શ્રી બુદ્ધિસાગરજી યોગનિષ્ઠ અથવા આચાર્ય બુદ્ધિસાગરજી તરીકે જાણીતા છે, જ્યારે શ્રીમદ્જી અને કૃપાળુદેવ સંબોધન શ્રી રાજચંદ્રજીના પર્યાય બન્યા છે.

**આચાર્યશ્રી અને કૃપાળુદેવના પત્રસંગ્રહો :**

આચાર્યશ્રીએ તેમના ભક્તોને બોધ આપવા જે પત્રો લખ્યા હતા તેનો સંગ્રહ *પત્રસદુપદેશ* ભાગ ૧, ૨ અને ૩માં છે ઉપરાંત *'તીર્થયાત્રાનું વિમાન'* એક પુસ્તક જેટલું જ વિશાળ છે. એમાં શ્રાવકે તીર્થયાત્રામાં કેવા ગુણો ધારણ કરવા એનું વિસ્તારથી વર્ણન છે. કૃપાળુદેવના પત્રોમાં *આત્મસિદ્ધિશાસ્ત્ર*નું સ્થાન એક શાસ્ત્ર સમકક્ષ છે. તેમના આવા પત્રોની સંખ્યા અનેક છે પરંતુ આ પત્ર એક જ બેઠકે નિર્માણ થયેલ વિશિષ્ટ વિશાળ કૃતિ છે તેમાં છલકાતો બોધ એક સદી પછી પણ ભક્તોને ચૌદ ગુણસ્થાનકો પર ઉત્તરોત્તર પ્રગતિના પગથિયાં ચઢાવવા સક્ષમ છે.

આચર્યશ્રીના *પત્રસદુપદેશ* ભાગ એકમાં ૨૪૪ પૃષ્ઠો, ભાગ બેમાં ૫૪૪ પૃષ્ઠો અને ભાગ ત્રણમાં ૯૦ પૃષ્ઠોનો સમાવેશ છે. ગુરુદેવે શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ, શ્રી જીનવિજયજી, મો. દ. દેસાઈ, શેઠ લાલભાઈ દલપતભાઈ, લોકમાન્ય તિલક વગેરે મહાનુભાવોને સમય સમયે પત્રો દ્વારા આશિષ અને ઉપદેશ આપ્યા તેનો સંગ્રહ આ ગ્રંથોમાં છે. તેઓ શ્રી જીનવિજયજીને એક પત્રમાં લખે છે-

*'સારામાં હો નમ મન સદા – ધર્મનાં કાર્ય ધારો,*
*આશીઃ એવી સફળ બનશો – જ્ઞાનમાં હો વધારો,*
*જ્ઞાતવ્યોને પ્રતિદિન લખી – ફર્જ સાચી બજાવો,*
*બુધ્યબ્ધિ સત હૃદયઘટમાં – મિત્રનો હો વધાવો.'*

કેવા સુંદર આશીર્વાદ ગુરુજીએ જીનવિજયજીને આપ્યા! આવો જ પ્રેમાળ બોધ તેમણે તેમના ભક્તોને પત્રોમાં આપ્યો છે.

આચાર્ય બુદ્ધિસાગરજીએ અધ્યાત્મના અનુભવરસનો આનંદ લોકો ચાખે અને દેહ પ્રત્યેનો રાગ ઓછો થયા પછી વીતરાગી અવસ્થામાં આનંદની અનુભૂતિ કરાવતી સંવેદના દેવી હોય એનું સુંદર વર્ણન ભજનસંગ્રહોમાં આપ્યું છે. તેમનું એક ભજન છે-

**ખરી એ પ્રભુ પામ્યાની નિશાની:**

દેહાધ્યાસ રહે નહિ મનમાં હોય ન તાણાતાણી



*સત્પુરુષ વિદુરના કહ્યા પ્રમાણે આજે એવું કૃત્ય કરજે કે રાત્રે સુખે સુવાય.*

આંખોમાં અમૃત દિલમાં દયા બહુ, વૃત્તિ નહિ અભિમાની,
ખરી એ પ્રભુ પામ્યાની નિશાની, સાત્વિક જ્ઞાન,
ને સાત્વિક ભક્તિ આનંદ ઓઘ કમાણી...

શ્રીમદ્જી પણ 'શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર'માં આત્માર્થીઓના લક્ષણ આ પ્રમાણે જ ઓળખાવે છે, જેમકે-

*કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષા,*
*ભવે ખેદ પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ...*
*છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ*
*નહિ ભોકતા તું તેહનો એ જ ધર્મનો મર્મ.*

આ પ્રમાણે શ્રીમદ્જીએ પોતે આત્માનુભવમાંથી જે સ્ફૂરાયમાન થયું તેને સરળતાથી સમજાય એવી કૃતિમાં સમાવિષ્ટ કર્યું જે સમ્યક્જ્ઞાનનો નિચોડ છે–આત્મસિદ્ધિશાસ્ત્ર. **એકસોબેંતાળીસ** દોહા એક જ બેઠકે કશી પણ છેકછાક વિના કે શાબ્દિક સુધારા વગર ફક્ત **આત્મિક સિદ્ધિ**ના આધારે જ રચાય.

**ઉભય સાધકોના ગહન ચિંતનાત્મક ગૂઢ રહસ્ય સભર સર્જનમાં વ્યક્ત થતી મોક્ષ કાંક્ષા અને બોધ :**

ઉચ્ચકક્ષાના અધ્યાત્મજ્ઞાન વડે શોભતા આ શાસ્ત્રજ્ઞ સર્જકોએ પોતાની વાહવાહી કરાવવા માટેનો વિચાર કદી કર્યો નથી. તેમની રચનાઓ તો લોકો આત્મવંચના કરે અને મોક્ષ માર્ગે સંચરે એ માટે હતી. આચાર્યશ્રી બ્રહ્મચારી હતા, પચ્ચીસ વર્ષની ભર યુવાનીમાં દીક્ષા લીધી હતી. કૃપાળુદેવે ગૃહસ્થજીવનમાં પ્રવેશ કર્યો તથા વ્યાપારની અનેક જવાબદારીઓ સંપૂર્ણ સત્યનિષ્ઠાથી નિભાવી. બંને ભેખધારી મહાપુરુષો મનથી નિર્લેપ થઈ સાધના માટે પહાડો, જંગલો, નદીની કોતરોમાં એકાંતવાસે રહી ધ્યાન અને સાધનામાં આરુઢ થતાં. અહીં તેઓ ચિંતન અને મનન કરતાં કરતાં બે-ત્રણ દિવસ સુધી આત્માની મસ્તીમાં તલ્લીન રહેતાં. જેવો તેમની ગેરહાજરીનો અણસાર ભકતો અનુભવે કે તુર્ત જ તેમને શોધવા નીકળે. જ્યારે મેળાપ થાય ત્યારે પણ આ બંને આત્માર્થીજનો મૌન સાધતા.

કૃપાળુદેવને દીક્ષા લેવાની તીવ્ર ઈચ્છા હતી પરંતુ માતાની સંમતિ ન હોવાથી ગૃહસ્થ રહી સાધુજીવન ગુજાર્યું. બંને ઉપાસકોએ પોતે અધ્યાત્મથી મેળવેલ સિદ્ધિ અને ધર્મના ગૂઢ રહસ્યો અને તત્ત્વજ્ઞાનને ગ્રંથસ્થ કર્યા. અતિ ગહન એ ગ્રંથોનો પાદુર્ભાવ આત્મિક સ્ફુરણાથી થયો હોવાથી એમાં જીવન જીવવાના અનેક રહસ્યો ઉજાગર થાય છે.

આચાર્યશ્રીએ તેમના ૧૪૦ ઉપરાંત ગ્રંથોમાં અધ્યાત્મ અને તત્ત્વજ્ઞાન ઠાંસી ઠાંસીને ભર્યા છે. તે જ પ્રમાણે શ્રીમદ્જીની ઘણી રચનાઓને શાસ્ત્રનો દરજ્જો મળેલ છે જેમાં *આત્મસિદ્ધિ શાસ્ત્ર, અપુર્વ અવસર, મોક્ષમાળા, ઉત્તરાધ્યયન સૂત્ર, ભાવના બોધ,* વગેરે મુખ્ય છે.

આચાર્યશ્રીએ આનંદઘનજીના એકસોઆઠ આધ્યાત્મિક પદોનું વિવેચન *'આનંદઘનપદ ભાવાર્થ'*માં કર્યું. તેમાં આજના યુગને અધ્યાત્મની શ્રેષ્ઠતા અને જરૂરિયાત દર્શાવવાનો સમય પાકી ગયો જણાતાં, એ ગ્રંથની પ્રસ્તાવનામાં ૨૫૧ પૃષ્ઠોમાં આનંદઘનજીનું જીવન તથા અધ્યાત્મજ્ઞાનની આવશ્યકતા એ શીર્ષકથી ૧૨૦ પૃષ્ઠોમાં આત્મજ્ઞાનનો મહિમા આપ્યો. જેથી ભવિષ્યમાં પણ વાચકો એ વાંચે અને શુદ્ધ બુદ્ધ જ્ઞાની બને. આ ગ્રંથમાં તેઓ જણાવે છે કે-

*અધ્યાત્મ સૂર્ય જેવું પ્રકાશમાન હોવાથી અંધકારરૂપ અવગુણને ભેદવા સમર્થ થાય છે. જ્યારે હૃદય અધ્યાત્મજ્ઞાનની ખુમારીથી આનંદિત થાય ત્યારે તે બાહ્યપદાર્થોમાં સુખ મેળવવા પ્રયત્ન કરતું નથી પરંતુ આત્મિક સુખ મેળવવા ઝંખે છે.*

આચાર્યશ્રીએ અહીં કલિકાલ સર્વજ્ઞ દ્વારા રચિત યોગશાસ્ત્ર, શ્રી મુનિસુંદરસૂરિ રચિત કલ્પદ્રુમ, ઉપાધ્યાયજીનું અધ્યાત્મસાર, વગેરે ગ્રંથોના ઘણાં શ્લોકો સમજાવી અધ્યાત્મજ્ઞાનની પુષ્ટિ કરી છે.

**બંને સાધકોનું ગાંધીજી સાથે મિલન અને ચર્ચાઓ :**

આચાર્ય બુદ્ધિસાગરજી અને શ્રીમદ્ બંને જુદા જુદા સમયે ગાંધીજીને મળ્યા હતા. ગાંધીજી પણ આત્મલક્ષી ઉભય ઉપાસકોને મળીને ઘણાં પ્રભાવિત થયા. આચાર્યશ્રી અને અન્ય સાધુઓ ગાંધીજીના આમંત્રણને માન આપીને તેમના અમદાવાદ આશ્રમમાં પગલાં કર્યા હતા અને ગાંધીજી સર્વ જૈનસાધુઓને પગે લાગ્યા. તેમણે હરિજન ઉત્કર્ષ અને બીજા ઘણાં ઘણાં સમકાલીન વિષયો પર આચાર્યની સાથે ચર્ચાઓ કરી. કૃપાળુદેવની ગાંધીજી સાથે મુલાકાત મુંબઈમાં થઈ હતી. તેઓ શ્રીમદ્જીની અવધાન શક્તિથી ઘણાં પ્રભાવિત થયા હતા.

**ઉભય ઉપાસકોની અંતિમ અવસ્થા અને સમાધિ મરણ :**

બંને સાધકોને પોતાના મૃત્યુની આગોતરી જાણ થઈ ગઈ હતી. અંત સમયે સર્વને ખમાવી આત્મસમાધિમાં લીન બન્યા. ઉભય ત્યાગી-વૈરાગી મહાત્માઓએ અલ્પ વયે આત્માનુભવરસનું પાન કર્યું હતું. એ અમૃતબિંદુનો સ્વાદ ભવ્યજનો પણ સ્વપ્રયત્ને પામી શકે માટે આત્માને સ્વભાવમાં સ્થિર રાખવાનો માર્ગ દર્શાવ્યો. તેમણે અર્પેલ આત્મિક ઉપદેશોનો રસાસ્વાદ લઈ આજે પણ એમના ભક્તો ચૈતન્યનો સાક્ષાત્કાર કરે છે.

✶ ✶ ✶

૧૧૦૫, ઝેનીથ ટાવર. પી. કે. રોડ, મુલુંડ (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૮૦
મોબાઈલ: ૯૮૨૧૮ ૭૭૩૨૭. ઈમેલ: renuka45@gmail.com

# શ્રીમદ્ રાજચંદ્રજી અને જૈન સંતો

□ શ્રી ગુણવંત બરવાળિયા

*[ તેઓ સી.એ. છે, અને અનેક ધાર્મિક-સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. તેમણે શ્રી પ્રાણગુરુ-ફિલોસોફીકલ એન્ડ લીટરરી ટ્રસ્ટના ઉપક્રમે ૧૫ થી વધુ જ્ઞાનસત્રો યોજ્યા છે. અનેક સામયિકોના સંપાદનમાં પણ સક્રિય છે. ]*

શ્રી યુગપુરુષ શ્રીમદ્જીનો જન્મ કૃષ્ણભક્ત કુટુંબમાં થયો પરંતુ જૈનોના પ્રતિક્રમણ સૂત્રમાંનો ક્ષમાનો ભાવ તેમના અંતઃતલને સ્પર્શી ગયો અને જૈનદર્શન પ્રતિ રુચિ થઈ.

આ રુચિને કારણે જ તેમના લખાણોમાં ઠેર ઠેર તેમણે મહાવીર ધર્મનો મહિમા કર્યો છે એટલું જ નહિ તેમણે આત્માનુરાગી વીતરાગ ધર્મને ઉજાગર કરવાનો સમ્યક્ પુરુષાર્થ કર્યો છે તે એમના જીવન-કવનના દર્શનમાં પ્રતીત થયા વિના રહેતું નથી.

એ જ કારણે આત્મધર્મમાં માનનારા ઘણાં મુમુક્ષો સાધુચરિત ગૃહસ્થો અને મુનિઓ એ કાળમાં શ્રીમદ્જી પ્રત્યે આકર્ષાયા હતા. તેમાં લલ્લુજી મહારાજ, મુનિશ્રી દેવકરણજી, ન્યાયાધીશ ધારશીભાઈ, શ્રી સૌભાગ્યભાઈ, શ્રી જુઠાભાઈ, શ્રી પોપટલાલ, શ્રી અંબાલાલ, શ્રી મનસુખભાઈ, શ્રી કૃષ્ણદાસ, શ્રી ત્રિભોવનભાઈ, શ્રી પ્રાણજીવનદાસ વિગેરે.

ત્યારપછી પણ જૈન સંતો અને સાધુચરિત પુરુષોને શ્રીમદ્જી પ્રતિ સતત આકર્ષણ રહ્યું.

વર્તમાને કેટલાક જૈન સંત-સતીજીઓ અને સાધુચરિત ગૃહસ્થો, વિદ્વાનો અને મુમુક્ષો શ્રીમદ્જીને પૂજ્યભાવે જુએ છે એટલું જ નહિ તેમને માટે શ્રીમદ્ રાજચંદ્રજીનું પાવન જીવન-કવન સંશોધનનો વિષય બની ગયો છે. તેમનું આ સંશોધન સ્વ-પર માટે કલ્યાણકારી બની ગયું.

મુનિશ્રી સંતબાલજીના અંતેવાસી સંતસાથી દુલેરાય માટલીયાએ નોંધ્યું છે કે શ્રીમદ્ રાજચંદ્ર, મહાત્મા ગાંધીજી અને પૂ. કવિવર્ય શ્રી નાનચંદ્રજી મહારાજ એ નામથી જોઈએ તો ત્રણ અલગ અલગ વિભૂતિઓ હતી પરંતુ એ ત્રણેના જન્મ અને કાર્ય એક જ મિશન (હેતુ) માટે હતા. નામથી ભલે ત્રણ ગણાય પણ અનેકાંતવાદ, સત્ય, અહિંસા અને અપરિગ્રહનું તેમનું મિશન એક હતું.

શ્રીમદ્જીનું મિશન-

*'યથા હેતુ જે ચિત્તનો, સત્ય ધર્મનો ઉદ્ધાર રે,*
*થશે અવશ્ય આ દેહથી એમ થયો નિરધાર રે.'*

સત્ય ધર્મથી જ સાચું સ્વપર શ્રેય એકીસાથે સાધી શકાય, સર્વસંગ પરિત્યાગી જૈન નિર્ગ્રંથ મુનિ બનીને પોતાના દેહથી સત્ય ધર્મનો ઉદ્ધાર કરવાના હતા પરંતુ તે કાળ પહેલાં જ તેમનું અવસાન થયું. આખા જગતના ઉદ્ધાર માટે તેઓ મુનિપણું ઇચ્છતા હતા. એક પ્રસંગે તેમણે મુનિ દેવકરણ સાથેના વાર્તાલાપમાં કહેલ કે મુનિનું જીવન જગહિતાર્થે છે. શ્રીમદ્જી આખાયે જગતમાં સત્ય, અહિંસા કે દયા અને અપરિગ્રહના ગુણોને જગતમાં પ્રતિષ્ઠિત કરવા માગતા હતા. એમના અવસાન પછી આ કામ પ્રત્યક્ષ વ્યવહારમાં ગાંધીજીએ ઉપાડી લીધું.

શ્રીમદ્જીની કાર્યવાહીને ધર્મની વ્યાસપીઠ પર આગળ ધપાવવાનું પાત્ર કવિવર્ય પૂ. નાનચંદ્રજી મહારાજ બને છે જે ગુજરાત દ્વારા ભારતની ધર્મવ્યાસપીઠ પર અજોડ કાર્ય કરી જાય છે. તેઓ શ્રીમદ્જીની વાડાબંધી વિરોધી હિલચાલના અને માનવતાના સફળ પુરસ્કર્તા બને છે. સંવત ૧૯૫૭ના ફાગણ સુદ ત્રીજના અંજાર ગામે થનાર પોતાની સાધુ દીક્ષા માટે એ દીક્ષાર્થી જતા હતા ત્યારે એમને મોરબીમાં શ્રીમદ્ રાજચંદ્રજીના દર્શન થયા હતા. 'સંતશિષ્યની જીવનસરિતા' પુસ્તકના પૃષ્ઠ નંબર ૪૩ પર આ પ્રસંગાલેખનમાં એ રીતે નોંધાયું છે કે 'નાગરદાસભાઈ (નાનચંદ્રજી મહારાજ સાહેબ)ના હૃદયમાં શ્રીમદ્ માટે સદ્ભાવભર્યો સુવિચારણાનો ચમકારો જાગી ઉઠ્યો અને પોતાના સર્વસંગ ત્યાગના ભાવિજીવન માટે અમીટ છાપ મૂકી ગયો.'

મહાત્મા ગાંધીજીની રાજનીતિની કાર્યવાહી અને નાનચંદ્રજીની ધર્મનીતિની કાર્યવાહી આ બન્ને પાત્રની કાર્યવાહી પુનઃ પુનઃ વિચારણીય બની રહે છે, કારણકે શ્રીમદ્ રાજચંદ્ર પોતાના દેહે સત્ય ધર્મનો ઉદ્ધાર જગત જીવો પ્રત્યેના પરમ કારુણ્યમય ભાવથી અને સદ્ધર્મની ભક્તિથી ઇચ્છતા હતા.

સંતબાલજીના ગુરુદેવ શ્રી નાનચંદ્રજી મહારાજે એમના આગમજ્ઞાન અને સ્વાનુભવથી સ્પષ્ટ જોયું કે ભગવાન મહાવીરની આજ્ઞાને નિશ્ચય પરમાર્થ કે તાત્વિક કે તત્ત્વદષ્ટિથી શ્રીમદ્ રાજચંદ્ર વાસ્તવિક બનાવી રહ્યા છે. તત્ત્વ પ્રમાણે પોતાનું જીવન જીવી અન્ય સાધુઓ અને મુમુક્ષુઓને પ્રેરણા આપી રહ્યા હતા અને વ્યવહાર દૃષ્ટિથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના અનુસંધાન ગાંધીજી રાજચંદ્ર પાસેથી પ્રેરણા લઈ જીવનના સર્વક્ષેત્રોમાં સત્ય, અહિંસા, સંયમ અને તપના સામુદાયિક પ્રયોગો દ્વારા મહાવીરના

*જેમ બને તેમ આજના દિવસ સંબંધી, સ્વપત્ની સંબંધી પણ વિષયાસક્ત ઓછો રહેજે.*

મંગલ ધર્મને આચરી આચરાવી રહ્યા હતા તેથી આ બે વિભૂતિના મિશનને આગળ ધપાવી જૈન સાધુની મર્યાદામાં રહીને પોતાનું મિશન બનાવ્યું હતું.

લીમડી સંપ્રદાયના આ સ્થાનકવાસી સંતે શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજીના મિશનને આત્મસાત્ કરી લઈ અને પ્રસાર કર્યો. સ્વયંએ વસ્ત્રોમાં ખાદી અપનાવી હતી અને શ્રીમદ્જીના સાહિત્ય અને ગાંધી વિચારધારાનું ઊંડું અધ્યયન કર્યું હતું.

કવિવર્ય નાનચંદ્રજી મહારાજના શિષ્ય મુનિ સંતબાલજીએ મુંબઈના એક ચાતુર્માસમાં 'અપૂર્વ અવસર' પદ પર સળંગ વ્યાખ્યાનો આપ્યા. એમણે કહેલું કે 'અપૂર્વ અવસર' પદ પર બોલતા મારા મનમાં એ પદ પ્રત્યે આકર્ષણ રહ્યું છે અને ગાતી વેળાએ જરા આર્દ્રતા સાથે શાંતરસનું વેદન અનેકવાર થયું છે. એમાં જેમ જેમ ઊંડા ઉતરાય તેમ તેમ સુષુપ્ત આત્માને ઢંઢોળી કોઈ નવા જગતમાં દોરી જતું હોય એવો ભાસ મને ઘણી વાર થયો છે. એ પદમાં સાધુજીવન અને સાધુતામય જીવન બન્નેનો સંગમ છે. શ્રીમદ્ રાજચંદ્રનો ઝોક સાધુતામય જીવન વિશે વિશેષ છે. એથી જ એ કહેતા 'અંતઃકરણમાં નિરંતર એમ આવ્યા કરે છે કે પરમાર્થરૂપ થવું અને અનેકને પરમાર્થ સાધ્ય કરવામાં સહાયક થવું એજ કર્તવ્ય છે. અધિક શું કહેવું? પરના પરમાર્થ સિવાય દેહ જ ગમતો નથી.'

પાછળથી મુનિશ્રી સંતબાલજીએ શ્રીમદ્જીકૃત 'અપૂર્વ અવસર' કાવ્યનું રસદર્શન અને વિવેચના કરતું 'સિદ્ધિના સોપાન' નામક પુસ્તક લખ્યું જેમાં ગુણસ્થાનકના તબક્કાનું સુપેરે રહસ્યોદ્ઘાટન કરી નિરૂપણ કર્યું છે.

૧૯૭૦માં મુનિશ્રી સંતબાલજીએ વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ અંતર્ગત ચીંચણી તા. દહાણુમાં મહાવીરનગર આંતરરાષ્ટ્રીય કેન્દ્રની સ્થાપના કરી. આ કેન્દ્રમાં ચાર વિભાગો સૂચિત કર્યા.

(૧) શ્રીમદ્ રાજચંદ્ર વિભાગ
(૨) મહાત્મા ગાંધી વિભાગ
(૩) મુનિશ્રી નાનચંદ્રજી વિભાગ
(૪) પંડિત જવાહરલાલ નહેરુ વિભાગ

શ્રીમદ્ રાજચંદ્ર વિભાગ માટે મુનિશ્રીએ નોંધ્યું છે કે - 'આ કેન્દ્રમાં એમનું નામ એટલા માટે મુખ્ય રહેશે કે તેઓ વિશ્વવંદ્ય વિભૂતિ ગાંધીજીને પ્રેરણા દેનાર પુરુષો પૈકી પ્રથમ કોટીના પ્રેરણાપાત્ર પુરુષ હતા. આ વિભાગમાં શ્રીમદ્ના જૈનધર્મના વિચારોનું તથા દુનિયાના તમામ ધર્મોનું શિક્ષણ આપવાનું હતું. સર્વધર્મને લગતી ઉપાસનાની પ્રવૃત્તિઓ તથા નિવૃત્ત થયેલા લોકો આધ્યાત્મિક સાધનામાં પોતાનો સમય ગાળવા માગતા હોય તેમને માટે નાત-જાતના ધર્મ કે દેશના ભેદભાવ વગર આવાસો–રહેવાની વ્યવસ્થા કરવાની હતી.

મુનિશ્રીએ સ્થાપેલા શ્રીમદ્ રાજચંદ્ર વિભાગ અંતર્ગત શ્રીમદ્ સાહિત્યના કેટલાક પ્રકાશનો થયા છે. વર્ષમાં બે વાર આ કેન્દ્રમાં શ્રીમદ્ રાજચંદ્ર સ્વાધ્યાય શિબિરનું આયોજન થાય છે.

અવારનવાર મુમુક્ષુ આદરણીય ગોકુળભાઈના સ્વાધ્યાયની શિબિરોનું આયોજન થાય છે. સંતબાલજીના 'અપૂર્વ અવસર' પરના વ્યાખ્યાનોના પુસ્તક 'સિદ્ધિના સોપાન'ની એક આવૃત્તિનું વિમોચન રાજસોભાગ સત્સંગ મંડળ સાયલાના અધિષ્ઠાતા પૂજ્યશ્રી નલિનભાઈના હસ્તે કરવામાં આવેલ.

કેન્દ્રમાં રાષ્ટ્રસંત પૂ. શ્રી નમ્રમુનિ મસા.ની નિશ્રામાં સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન સેંટર દ્વારા યોજાયેલ જૈન સાહિત્ય જ્ઞાનસત્રમાં 'શ્રીમદ્ રાજચંદ્રના પત્ર અને કાવ્ય સાહિત્યમાં વ્યક્ત થતું 'અધ્યાત્મ' વિષય પરની બેઠક, રાજચંદ્ર મિશન, ધરમપુરના પરમ શ્રદ્ધેય પૂ. શ્રી રાકેશભાઈના અધ્યક્ષસ્થાને યોજાયેલ.

મુનિશ્રીએ શ્રીમદ્ રાજચંદ્ર વિશે, સ્વ. અરવિંદભાઈ અને પુષ્પાબહેનને લખેલા સમગ્ર પત્રોનો સંચય 'સંતબાલજી પત્ર સરિતા' નામે પ્રગટ થયો છે.

મુનિશ્રી સંતબાલજીએ નોંધ્યું છે કે 'સામાન્ય જન સમાજમાં એક એવી છાપ છે કે જૈન ધર્મ કર્મ ત્યાગ તરફ ઝોક આપતો ધર્મ છે પણ સદ્ભાગ્યે શ્રીમદે પોતાના ગાંધીજી જેવા સાથી દ્વારા સમાજગત સાધનોને ઝોક આપ્યો. આ વાત જ્યારે શ્રીમદ્જીના અનુરાગીજનો માનવા લાગશે ત્યારે શ્રીમદ્જીના નામે જેમ ભક્તિ અને જ્ઞાનધારાઓ વિકસી છે તેમ કર્મધારા પણ વિકસશે જ.

સ્થાનકવાસી-ગોંડલ સંપ્રદાયના સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુના શિષ્ય પરમ દાર્શનિક જયંતમુનિજી મહારાજ સાહેબે શ્રીમદ્જીના સાહિત્યનું ખૂબ દોહન કર્યું. વર્ષો સુધી ઝારખંડના પેટરબારમાં આય હૉસ્પિટલ, શાળાઓ, સાધના કેન્દ્ર વિગેરેની સ્થાપના કરી શ્રુતની સાધના સાથે જૈન ધર્મમાં સેવા ભાવને ઉજાગર કર્યો.

પરમ દાર્શનિક પૂજ્ય જયંતમુનિએ લખેલ 'શ્રી આત્મસિદ્ધિ મહાભાષ્ય' વિશે ડૉ. આરતીબાઈ મહાસતીજી લખે છે; 'અધ્યાત્મનિષ્ઠ પ્રજ્ઞાપુરુષ શ્રુતસ્થવિર, સંયમ સ્થવિર, વ્યયસ્થવિર પરમ દાર્શનિક ગુરુદેવે દર્શન શાસ્ત્રનો તલસ્પર્શી અભ્યાસ કર્યો છે, પરંતુ તેમનું પરમ અને ચરમ લક્ષ આત્મશુદ્ધિ અને આત્મસિદ્ધિ જ રહ્યું છે. તેઓએ પોતાની તીક્ષ્ણ પ્રજ્ઞાનો પ્રયોગ આવા અધ્યાત્મસભર શાસ્ત્રોને સમજવામાં કર્યો છે. આત્મસિદ્ધિ શાસ્ત્ર તેમની અનુપ્રેક્ષા માટેનું કેન્દ્રબિંદુ બની રહ્યું છે.'૧

પૂજ્યશ્રીએ પ્રત્યેક ગાથાની પૂર્વ ભૂમિકા રૂપ ઉપોદ્ઘાત, ત્યારપછી ગાથાના પ્રત્યેક શબ્દનો ભાવાર્થ અને ગૂઢાર્થ, ત્યાર પછી ગાથાનો આધ્યાત્મિક ભાવ અને અંતે ગાથાના સારભૂત

ઉપસંહારનું નિરૂપણ કર્યું છે. આ મહાભાષ્યનું વિવેચન અધ્યાત્મયોગીરાજ શ્રીમદ્‌જીની ઉચ્ચતમ આત્મસ્થિતિ તથા ભાષ્યકારની અનુપ્રેક્ષાનું દર્શન કરાવે છે.

'આત્મસિદ્ધિ શાસ્ત્ર' અધ્યાત્મ સાહિત્યના બહુમૂલ્ય રત્નહારનું સ્થાન ધરાવે છે. જ્યારે કોઈ શ્રેષ્ઠ ઝવેરી તે રત્નની કિંમત આંકે ત્યારે તેનું મૂલ્ય સમાજમાં વિશેષ પ્રગટ થાય છે. ખરેખર! ભાષ્યકાર આત્મસિદ્ધિ રૂપ રત્નહારની કિંમત આંકનાર એક શ્રેષ્ઠ ઝવેરી છે. તેઓશ્રીએ કરેલા વિસ્તૃત વિવેચનથી આ શાસ્ત્રના એક એક પદ રત્નની જેમ ઝળકી ઉઠ્યા છે.

શ્રીમદ્‌જીના આત્મલક્ષી ચિંતન અને વિચારમંથન પછી તેઓની આંતરછીપમાં આત્મસિદ્ધિ નામનું મોતી પાક્યું. પૂજ્ય બ્રહ્મચારીજીએ આત્મસિદ્ધિને સુર-સરિતા રૂપ ગંગાની ઉપમા આપી છે. પરમ દાર્શનિક પૂ. જયંતમુનિજીએ 'શ્રી આત્મસિદ્ધિ ભાષ્ય' લખીને આ ગંગા-મંદાકિનીના પાવન પ્રવાહમાં આપણને અભિસ્નાન કરાવવાનો પરમ ઉપકાર કર્યો છે. એક એક ગાથાનું રસદર્શન આત્મસાત કરતાં મુમુક્ષુ સાધકો અને વિદ્વાનોના છત્રીસે કોઠે દીવા ઝળહળશે એવી શ્રદ્ધા છે.

શ્રીમદ્ રાજચંદ્ર વિરચિત 'અપૂર્વ અવસર'ની વિવૃત્તિનું આલેખન પૂજ્યશ્રી જયંતમુનિજીએ કર્યું જે લખાણ 'અલૌકિક ઉપલબ્ધિ' નામે ગ્રંથસ્થ કરવામાં આવ્યું. એ પ્રસંગે મુનિશ્રી નોંધે છે કે આપણે જે પરમાર્થપૂર્ણ કાવ્યનું પ્રકાશન કરી રહ્યા છીએ તેનો સામાન્ય અર્થ ભાવાર્થ તો સમજી શકાય તેવું છે પરંતુ તેના અપ્રગટ રહેલા ગુઢાર્થ ભાવો, અણવદ્યા, વણકથ્યા રહી જાય છે. જેનું મંથન કે વલોણું કરવાથી તે ભાવો પ્રકાશ રૂપે પ્રગટ થઈ આપણને પરમ ધોધ પૂરો પાડે છે.

આ પદના રચયિતા કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી, રાજચંદ્રજી મટીને જ્ઞાનચંદ્રજી બની કેવળ જ્યોતિર્મય ભાવે આપણી સમક્ષ ચમકી રહ્યા છે એટલે પદ અને 'પદ'ના કર્તા બંને ઘણી વિશેષતાથી ભરપૂર છે.

આ કાવ્યમાં જે પ્રાર્થના છે તે પ્રભુ ચરણ આધિન થઈ કહેલી નથી, પરંતુ સ્વતંત્ર ચેતનાનું જાગરણ કરી સ્વયં આંતરશક્તિ જગાડવા માટેની પ્રાર્થના છે.

પર્વતીય પ્રદેશમાં પર્વત અને જંગલોમાં વહેતી સલીલા, જળધારા શ્રીમદ્‌જીના અંતર ક્ષેત્રમાં વહેતી જ્ઞાનધારા કાવ્યરૂપે જનસમાજને એક મહા નદી રૂપે અપાર જળરાશિ ગોચર થાય છે. શારદાપુત્ર તરીકે તેઓએ મા શારદાની ઉત્તમ સેવા બજાવી છે. ગુજરાતી સાહિત્યમાં આવા ઉત્તમ પદોનો ઉમેરો કરી ગુજરાતી ભાષાને ચમકાવી છે. સાહિત્યિક ક્ષેત્રોમાં તેઓ ઉત્તમ સ્થાને બિરાજ્યા છે.

પૂજ્ય જયંતમુનિ વાંચણી અને વ્યાખ્યાનમાં કેટલાય વિષયના સંદર્ભમાં શ્રીમદ્ રાજચંદ્રજીના તત્ત્વજ્ઞાન અને જીવનનો ઉલ્લેખ કરતા.

સૌરાષ્ટ્ર કેસરી ગુરુપ્રાણ પરિવારના અધ્યાત્મયોગિની પૂ. બાપજીના શિષ્યરત્ના પૂજ્ય ડૉ. તરુલતાબાઈ મહાસતીજીએ કબીર, આનંદઘનજી, બનારસીદાસ અને શ્રીમદ્ રાજચંદ્રજીના તત્ત્વજ્ઞાન, જીવન અને સાહિત્ય પર સંશોધનાત્મક શોધ પ્રબંધ લખી મુંબઈ યુનિવર્સિટીમાં ૧૯૭૬માં Ph.D. કર્યું.

શ્રીમદ્‌જીના સાહિત્યનો સતત સ્વાધ્યાય કરવાને કારણે મદ્રાસ (ચેન્નઈ) ચાતુર્માસમાં તેમણે 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' પર પ્રવચનો આપ્યા. શ્રી સંઘે એ વ્યાખ્યાનોનો ગ્રંથ 'હું આત્મા છું' રૂપે પ્રગટ કર્યો. એ ગ્રંથ ખૂબ જ લોકપ્રિય બન્યો અને તેનું અંગ્રેજીમાં `I am the soul'રૂપે ભાષાંતર પણ પ્રગટ થયું. હિંદીમાં પણ આનો અનુવાદિત ગ્રંથ પ્રગટ થયો. ગુજરાતીમાં શ્રી પ્રાણગુરુ સેંટર દ્વારા તેની સાતમી આવૃત્તિ પ્રકાશિત થઈ આ ગ્રંથની લોકપ્રિયતા દર્શાવે છે. દેશ-વિદેશના કેટલાય સ્વાધ્યાય વર્તુળોમાં આ ગ્રંથની નિયમિત વાંચણી-સ્વાધ્યાય થતો હોય છે.

'હું આત્મા છું' વ્યાખ્યાતા ગુરુણી લલિતાબાઈ મ.સ. પૂ. બાપજી ગ્રંથ વિશે લખે છે કે – 'આ વ્યાખ્યાનોમાં અલંકારી ભાષા વાપરી શબ્દોના સાથિયા પૂર્યા વગર જ વિષયની રજૂઆત કરવામાં આવી છે. જો કે આત્મસિદ્ધિનો વિષય સહજતાથી ભરેલો છે, સાથે સાથે આ વ્યાખ્યાનકારની દરેક પ્રવૃત્તિમાં સહજતા અને


## 'પ્રબુદ્ધ જીવન' હવે ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ

૧૯૨૯ થી માર્ચ ૨૦૧૫ સુધી 'પ્રબુદ્ધ જીવન'ના બધાં જ અંકો સંસ્થાની વેબસાઈટ www.mumbai–jainyuvaksangh.com ઉપર આપ વાંચી શકશો. તેમજ ડી.વી.ડી. સ્વરૂપે પણ આ બધાં અંકો ઉપલબ્ધ છે.

જિજ્ઞાસુ અને પુસ્તકાલયોને આ ડી.વી.ડી. **વિના મૂલ્યે** અમે અર્પણ કરીશું.

આ ડી.વી.ડી.ના સૌજન્યદાતા

૧. ફોરમ ઑફ જૈન ઈન્ટેલેકચ્યુઅલ
હસ્તે-અંજના રશ્મિકુમાર ઝવેરી અને મયૂર વોરા.

૨. નિર્મળાનંદ જ્યોત, રેખા-બકુલ નંદલાલ ગાંધી

**સંપર્ક : સંસ્થા ઑફિસ - ૦૨૨-૨૩૮૨૦૨૯૬**

સરળતા દેખાય છે. વ્યાખ્યાનકારની ભાવભરેલી ભાષા જિજ્ઞાસુજનોના હૃદયને ભીંજવી આત્માનુભૂતિ સુધી લઈ જશે.'

પરમ દાર્શનિક જયંતમુનિ મ.સા.એ 'હું આત્મા છું'ને દેવતાઈ અરિસા જેવો મહાગ્રંથ કહ્યો. આત્મસિદ્ધિને સુવર્ણ પર કંડારવાનું કામ ઘણાં સાધકો, દ્રવ્યાનુયોગીઓ, મનીષી આત્માઓએ કર્યું. અમારા તરુલતાજીએ પણ આજ સુવર્ણ સ્પર્શ કરી તેમના ઉપર નકશી કરી છે. 'અધ્યાત્મસાર' કહી શકાય એમણે નિશ્ચયની વાણીને અર્હમ્ રૂપે પરિણમવાની વાત કરી, વાણીના સારને પ્રગટ કર્યો છે. આખો ગ્રંથ એક ખાનદાન પુત્રવધૂની જેવી સંસ્કારરૂપ અલંકારયુક્ત કોઈ નૂતન પ્રતિભાવવાળી શારદાની પ્રતિકૃતિ જેવો છે. કાવ્યમય મધુરતાથી પીરસાયેલા તત્ત્વજ્ઞાનથી આ ગ્રંથ અમૃત ભંડાર જેવો બની ગયો છે.

'હું આત્મા છું'ના દરેક પ્રકરણના અંતે 'આત્મચિંતન'ની કાવ્યાત્મક શૈલીમાં લખાયેલી કેટલીક પંક્તિઓ મૂકી છે જે 'હું આત્મા છું'ના રાજમાર્ગ તરફ જતી પગદંડી જેવી ભાસે છે.

આત્મધર્મની પરિક્રમા સમી 'આત્મચિંતન'ની આ સુવર્ણ રેણુની એક નાનકડી પુસ્તિકા પણ પ્રગટ થઈ. સાધકો નિત્યક્રમમાં દરરોજ એક એક 'આત્મચિંતન' વાંચે છે. અત્યાર સુધીમાં લગભગ વીશ હજાર પુસ્તિકાઓ પ્રગટ થઈ છે જે દેશ વિદેશના મુમુક્ષુઓ સ્વાધ્યાયમાં ઉપયોગમાં લે છે.

પૂ. ડૉ. તરુલતાજીએ શ્રીમદ્ રાજચંદ્રજીના પત્રો, પદો, કાવ્યોના વિવેચનને લગતા અનેક પ્રવચનો પણ આપ્યા છે.

રાષ્ટ્રસંત પૂજ્યશ્રી નમ્રમુનિ મ.સાહેબ મહિનાઓ સુધી 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' પર વાંચણી કરેલ. મંદિર માર્ગી પૂજ્યશ્રી કેસરસુરિ મહારાજ સાહેબના શિષ્ય ભુવનતિલકસૂરિ અને પૂજ્ય ભાનુવિજયજી મ.સાહેબે શ્રીમદ્‌ના સાહિત્યનું ઊંડું અધ્યયન કરેલું.

પૂજ્ય શ્રી ભાનુવિજયજીની પ્રેરણાથી સાગોડિયા (પાટણ)ના સર્વ મંગલ આશ્રમમાં શ્રીમદ્‌જીના ચિત્રપટનું સ્થાપન થયેલ અને ત્યાં સ્વાધ્યાય પણ થાય છે. પૂજ્યશ્રીના આત્મસિદ્ધિનું રસદર્શન કરતા વિવેચનના ગ્રંથો પણ પ્રગટ થયા છે.

પૂજ્ય મુક્તિદર્શનસૂરિએ પણ શ્રીમદ્‌જીના સાહિત્યનું ઊંડું અધ્યયન કરેલ.

શ્વે. મૂ. પૂ. પૂ. વિચક્ષણાજી મહાસતીજીના શિષ્યા પૂ. મણિપ્રભાજી જેમણે ભગવાનની કેવળજ્ઞાન ભૂમિ ઋજુવાલિકામાં ભગવાનની ગોદોહ આસન પ્રતિમાજી પ્રતિષ્ઠિત કરાવી તે મહાવીર મંદિરના પ્રણેતાએ શ્રીમદ્‌જીના તત્ત્વજ્ઞાન પર ઘણું જ ઊડું ચિંતન કરેલ અને વ્યાખ્યાનો પણ ફરમાવે છે.

આમ ઘણા બધા જૈન સંતોએ યુગપુરુષ શ્રીમદ્ રાજચંદ્રજીના વિવિધ સાહિત્ય સ્વરૂપોનો આત્મસાત કરી તત્ત્વજ્ઞાનને સાધકો અને મુમુક્ષો સમક્ષ અભિવ્યક્ત કર્યું છે.

✷ ✷ ✷

**સંદર્ભગ્રંથ :**

'સંતશિષ્યની જીવન સરિતા',
'સંતબાલજીની જીવન સાધના',
'બે વિરલ વિભૂતિ-શ્રીમદ્ અને ગાંધીજી',
'હું આત્મા છું',
'આત્મચિંતન',
'અલૌકિક ઉપલબ્ધિ',
'આત્મસિદ્ધિ ભાષ્ય'.

gunvant.barvalia@gmail.com
Mobile : 09820215542.

## આનંદઘનના પદોની દ્વિતીય શ્રેણીની પ્રસ્તુતિ

૧૭મી સદીના પરમ સંત અધ્યાત્મયોગી, અવધૂત, પ્રખર જ્ઞાની, યુગાવતાર, યોગીરાજ શ્રીમદ્ આનંદઘનજી, જેમણે મતભેદ, ગચ્છભેદ, જાતિભેદમાં પડ્યા વગર શાસનને એક નવી ઊંચાઈએ લઈ ગયા. આવા મહાપુરુષના ચરણમાં કોટિ કોટિ ત્રિવિધ ભાવથી વંદના કરતાં એમની કથા, સ્તવન, સજ્જાય અને પદો પ્રસ્તુત કરવાનો આ પ્રયાસ છે. પહેલા પ્રયોગની સફળતા પછી એ અનુભવ થયો કે આનંદઘનજી આજે પણ વર્તમાનમાં છે. એમને સાંભળતાં આનંદનો અનુભવ થયો. સર્વ જીવોએ બ્રહ્માનંદ અને આત્માનંદની અનુભૂતિ માટે આનંદઘન બનવું પડે.

ઇશ્વરની કૃપાથી આપણે આનંદઘનના પદોની દ્વિતીય શ્રેણીની પ્રસ્તુતિ **૧૪ એપ્રિલ, શુક્રવાર, સાંજે ૭ વાગે** નહેરુ ઑડિટોરિયમ, વરલીમાં કરીશું, આવો સહુ કોઈ આનંદના સહભાગી બનીએ અને આનંદ અનુભવ કરી પોતાને આનંદઘન બનાવીએ.

**આત્મીય 'પ્રબુદ્ધ જીવન'ના વાચક મિત્રો,**

છેલ્લા કેટલાક સમયથી જન્મે અજૈન એવા શ્રી કુમાર ચેટરજી જૈન ધર્મના સ્તવનો, પદો, મંત્રો વિગેરે સંગીત દ્વારા ભાવસભર દેશ તથા વિદેશમાં જૈન તત્ત્વને, ફીલોસોફીને લોકો સુધી પહોંચાડે છે અને તેમાં ઓતપ્રોત થઈ ગયા છે.

આવતી તા. ૧૪-૦૪-૨૦૧૭ના રોજ નહેરૂ ઓડીટોરિયમમાં પૂ. આનંદઘનજીના પદો સંગીત તથા Colour effect દ્વારા રજૂ કરવાના છે એનો લાભ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના લઈ તેઓના આ ઉમદા કાર્યને પ્રોત્સાહિત કરવા તથા યથાશક્તિ Donation દ્વારા જોડાવવા આપ સર્વેને વિનંતી છે. Passes ઑફિસ ઉપરથી first come first basis ઉપર મળશે.

**નીતિન સોનાવાલા**
ઉપપ્રમુખ
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

ગાંધી વાચનયાત્રા

# શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધી : અપૂર્વ વ્યક્તિત્વો, અપૂર્વ સંબંધ અને અપૂર્વ પુસ્તકો

□ સોનલ પરીખ

*[ સોનલ પરીખ મહાત્મા ગાંધીના કુટુંબ સાથે સંકળાયેલા છે. તેઓ કાવ્યો, વાર્તાઓ આદિનું સર્જન કરે છે. ગાંધી વિચારમાં ઊંડો રસ ધરાવે છે. આ લેખમાં તેમણે શ્રીમદ્ અને ગાંધીના સંબંધો અને પુસ્તકોનો પરિચય કરાવ્યો છે. ]*

૧૯૮૫ના ઑગસ્ટમાં પહેલી વાર થયેલી પર્યુષણ વ્યાખ્યાન-માળામાં 'શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધી' આ વિષય પર નેમચંદ ગાલાએ વ્યાખ્યાન આપ્યું ત્યારે તેના અધ્યક્ષીય ઉપસંહારમાં શ્રી. અમૃતલાલ યાજ્ઞિકે કહ્યું કે આજે પણ આપણી ધર્મસંસ્કૃતિનું હાર્દ સમજવા માટે શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજીનો પત્રવ્યહાર ખૂબ ઉપયોગી થઇ પડે તેવો છે. આટલેથી ન અટકતાં તેમણે નેમચંદ ગાલાને એ વિશે લખવા અપીલ કરી. તેમણે પુસ્તક લખ્યું. બે વર્ષમાં તેની બે આવૃત્તિ થઇ. બીજી આવૃત્તિ થયાને ત્રણ દાયકા વીતી ચૂક્યા છે, પણ આજે પણ નેમચંદ ગાલા લિખિત 'શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધી' પુસ્તક શ્રીમદ્ અને ગાંધીજી વિશે જાણવા માટેનો ઓથેન્ટિક સૉર્સ ગણાય છે. (પ્રકાશક આર. આર. શેઠ, પાનાં ૧૨૭.) આ પુસ્તકમાં શ્રીમદ્‌ના જીવનની રૂપરેખા, ગાંધીજીની શ્રીમદ્‌ને મળ્યા સુધીની જિજ્ઞાસુ ભૂમિકા, શ્રીમદ્ સાથેની મુલાકાત, પ્રત્યક્ષ તેમજ ધર્મચર્ચા તેમ જ પત્રો વિશે અત્યંત શ્રદ્ધાપૂર્વક છતાં આધારભૂતતાપૂર્વક માહિતી આપવામાં આવી છે.

એવું જ બીજું પુસ્તક એ જ નામથી ૨૦૦૩માં પ્રગટ થયું, જેનું લેખન-સંપાદન કુમારપાળ દેસાઇએ કર્યું છે. આ પુસ્તકની પાંચ આવૃત્તિ થઇ. પાંચમી આવૃત્તિ ૨૦૦૭માં પ્રગટ થઇ હતી. (પ્રકાશક – રાજસોભાગ સત્સંગ મંડળ, સાયલા.) આ પુસ્તકની સંવર્ધિત આવૃત્તિમાં ઉપર જણાવી તે વિગતો ઉપરાંત અન્ય સામગ્રી જેમ કે શ્રીમદ્‌ના ઉપદેશને અનુલક્ષીને અભય, સત્સંગ, મોક્ષ, કરુણા, સુખ, આત્મધર્મ, મતભેદનો લોપ, સત્ તત્ત્વ જેવા વિષયો પરના લેખો મૂકાયેલા છે.

શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી વિશે એમ તો વારંવાર લખાતું-ચર્ચાતું રહ્યું છે, પણ અહીં આપણે આ બંને પુસ્તકોમાંથી ઉપસતાં આ બંને વિભૂતિઓના સંબંધો અને તેમનાં વિરલ વ્યક્તિત્વો વિશે વાત કરીએ.

શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધી. બંને શક્તિના પુંજ. વિરલ વિભૂતિઓ. બંને મહાનતાના ઉચ્ચ શિખરોને આંબી ગયા. સાગરનું ઊંડાણ અને આકાશનો વ્યાપ માપવા મુશ્કેલ છે તેમ આ બંને વિભૂતિઓનાં જ્ઞાન અને વ્યક્તિત્વનો પાર પામવો મુશ્કેલ છે. એક આત્મસાક્ષાત્કારના શિખરે સ્થિર, બીજા જનસેવાના સમુદ્રના મરજીવા.

આ બંનેનું એક સદી પહેલાં ભારતની ભૂમિ પર એકત્ર હોવું એ એક યોગાનુયોગ માત્ર ન હતો. એ તો હતો એક અપૂર્વ અવસર.

શ્રીમદ્‌નો જન્મ ૧૮૬૭માં વવાણિયા ગામે થયો. ગાંધીજી પોરબંદરમાં ૧૮૬૯માં જન્મ્યા. ૧૮૯૧ની સાલમાં ઇંગ્લૅન્ડથી બેરિસ્ટર થઈને આવેલા બાવીસ વર્ષના મોહનદાસ ગાંધી અને રેવાશંકર જગજીવનની પેઢીમાં સોનાચાંદીનો વેપાર કરતા ચોવીસ વર્ષના કવિ રાયચંદભાઈ પહેલીવાર મળ્યા હતા. એ મુલાકાત એક ઇતિહાસ સર્જી ગઈ હતી. શ્રીમદ્‌નું શતાવધાનીપણું જોઇ ગાંધીજીને ઘણું આશ્ચર્ય થયું. પણ તેઓ ખરા પ્રભાવિત ત્યારે થયા જ્યારે તેમણે જોયું કે ઝવેરાતની પેઢી સંભાળતા આ તેજસ્વી યુવાન કવિના ઢાળિયા પર હિસાબના ચોપડા સાથે ધર્મનાં પુસ્તક પણ હોય છે અને મોટા સોદા કર્યા પછી સમય મળે કે તરત તે ધર્મની વાત કરે છે. તેમનો સદા જાગ્રત આત્મા અને અણીશુદ્ધ ચારિત્ર્ય જોઈ ગાંધીજીએ પોતાની ધર્મસંબધી શંકાઓ શ્રીમદ્ સમક્ષ રજૂ કરવા માંડી.

કેવી હશે આ બે અજબ યુવાનોની અજબ મુલાકાતો!

ત્યાર પછી ગાંધીજી દક્ષિણ આફ્રિકા ગયા. ત્યાંથી તેમને શ્રીમદ્ સાથે પત્રવ્યવહાર ચાલતો. તેમાં તેઓ પોતાને ધર્મ વિશે થતા પ્રશ્નો મૂકતા. શ્રીમદ્ એ પ્રશ્નોનું વિશદ્ સમાધાન કરતા અને અમુક ગ્રંથો વાંચવાનું સૂચવતા. આ પત્રવ્યવહારમાંના ત્રણ પત્રો જ અત્યારે મળે છે. આ પત્રો શ્રીમદે ગાંધીજીને તેમની જિજ્ઞાસાના પ્રત્યુત્તરરૂપે લખેલા છે. પહેલામાં ગાંધીજીએ આત્મા, ઈશ્વર, મોક્ષ, પુનર્જન્મ, આર્યધર્મ, વેદ, ગીતા, યજ્ઞ, ખ્રિસ્તી ધર્મ, ઇસુ, પ્રલય, અવતાર, ભક્તિ જેવા વિષયો પર પૂછેલા સત્યાવીસ પ્રશ્નોના જવાબ

છે, બીજામાં આત્મજ્ઞાન સમજાવ્યું છે અને ત્રીજામાં આર્ય આચારવિચારની વાત છે. કુલ ૨૦૦ જેટલા પત્રો હતા – આ બધા પત્રો સચવાયા હોત તો એ એક અમૂલ્ય ખજાનો બની રહેત. આ પત્રવ્યવહારનું પરિણામ એ આવ્યું કે હિંદુ ધર્મ પરની ગાંધીજીની હલી ગયેલી શ્રદ્ધા સ્થિર થઈ.

ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી પહેલીવાર ભારત આવ્યા ત્યારે શ્રીમદ્ વવાણિયા હતા. મુલાકાત થઈ નહીં. બીજી વાર આવ્યા ત્યારે શ્રીમદ્નું અવસાન થઈ ચૂક્યું હતું. ગાંધીજી શ્રીમદ્ના પરિવારને મળ્યા હતા. શ્રીમદ્ના ભાઈ મનસુખભાઈ સાથે તેમની મૈત્રી થઈ હતી. તેમની પાસેથી આત્મસિદ્ધિશાસ્ત્ર મેળવી ગાંધીજી દક્ષિણ આફ્રિકા લઈ ગયા હતા. આશ્રમની પ્રાર્થનામાં તેના પદો ઘણીવાર ગવાતા.

બંને મળ્યા ત્યારે શ્રીમદ્ ૨૪ વર્ષના હતા. તેમનું દેહાવસાન ૩૩મા વર્ષે થયું પણ ૨૯મા વર્ષથી તેઓ સાવ અંતર્મુખ થઈ ગયા હતા. એટલે પાંચેક વર્ષનો આ પ્રત્યક્ષ-પરોક્ષ સંપર્ક હતો. શ્રીમદ્ની ગાંધીજી પર સૌથી પહેલી અને કદાચ સૌથી ગાઢ અસર પડી હતી. શ્રીમદ્-ગાંધીજીનો સંબંધ માર્ગદર્શક – મુમુક્ષુનો હતો, તે ગાંધીજીએ વારંવાર સ્વીકાર્યું છે, પણ તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે હું તેમને મારા ગુરુ કહી શકતો નથી. શ્રીમદ્ અને ગાંધીજીની કક્ષાની વ્યક્તિઓ કોઈને ગુરુ કરે નહીં અને કોઈના ગુરુ થાય નહીં.

આ બંને વિભૂતિઓને સાથે સાથે વિચારવાનું ઘણું રસપ્રદ છે. ગાંધીજી કહેતા કે મારું જીવન એ જ મારો સંદેશ. શ્રીમદ્નું જીવન પણ ખુદ એક સંદેશ હતું. સંસારના આધિવ્યાધિઉપાધિ વચ્ચે પણ સમતા રાખી શકાય, આત્મકલ્યાણનાં ઊંચાં શિખરો સર કરી શકાય તે તેમણે બતાવ્યું. તેમનાં વચનોમાં હૃદયપરિવર્તનની શાંત તાકાત છે. ભૌતિક પ્રાપ્તિઓમાં અટવાતા માનવીને, અંતર્મુખ થવાનું આહ્વાન છે. 'આત્મામાં શૌર્ય ઉપજાવી વિકારને હટાવવાનો છે, મુમુક્ષુએ આ કદી ન ભૂલવું.' ગાંધીજી કહેતા કે કુરુક્ષેત્ર પોતાની અંદર જ છે. માણસે પોતાના દુર્ગુણો પર વિજય મેળવવાનો છે. તેમનામાં હૃદયપરિવર્તનની અને પ્રતિભાઓને સંગઠિત કરવાની શાંત તાકાત હતી.

શ્રીમદે સમન્વય માર્ગ પસંદ કર્યો હતો. કહેતા કે મોક્ષમાર્ગ તો દરેક કાળમાં એકસરખો છે. તેઓ શુષ્ક જ્ઞાન કે જડ ક્રિયાકાંડને મહત્ત્વ ન આપતા. ભેદદૃષ્ટિ કે મતાગ્રહમાં ન માનતા. તેઓ જિન દર્શનને શ્રેષ્ઠ માનતા પણ અન્ય દર્શનનું ખંડન ન કરતા. ગાંધીજી પોતાને સનાતની હિંદુ કહેવડાવવામાં ગૌરવ અનુભવતા પણ અન્ય ધર્મોનો પણ તેટલો જ આદર કરતા. આભટછેટ, આચરણ વગરના સિદ્ધાંતો કે જડ ક્રિયાકાંડ તેમને પસંદ ન હતા.

બંને ગૃહસ્થાશ્રમી હતા, પણ સ્વપત્ની પરત્વે પણ સંયમ પાળતા. શ્રીમદ્ના દાંપત્ય વિશે માહિતી મળતી નથી, ગાંધીજી-કસ્તૂરબા બાંસઠ વર્ષના લગ્નજીવન દરમ્યાન સાથે જ હતા, પણ દક્ષિણ આફ્રિકામાં થયેલા ઝૂલુ બળવાના કાળથી તેમણે બ્રહ્મચર્ય પાળવા માંડ્યું હતું. પોતાના આ નિર્ણય પર શ્રીમદ્ની અસર હોવાનું ગાંધીજી કહે છે. બેમાંથી કોઇએ સાધુનો વેશ કે તિલક-કંઠી ધારણ કર્યાં ન હતાં પણ તેમના જેવા વિરક્ત સાધુપુરષો ત્રણે કાળમાં ભાગ્યે જ જોવા મળે.

શ્રીમદ્ કહેતા કે અધ્યાત્મમાર્ગની પહેલી શરત છે અભય. વિકટ વનોમાં તેઓ એકલા ચાલ્યા જતા, સાધના કરતા. ગાંધીજીના અગિયાર મહાવ્રતમાં અભય પણ છે. માણસને મુખ્ય ભય મરણનો હોય છે. શ્રીમદ્ કહેતા, 'અભયના સાધક માટે પહેલી શરત દેહથી પર થવાની છે. દેહની આસક્તિ, ભૌતિક સુખની ઇચ્છા જ દેહને તડપાવે છે. આયુષ્યબંધ પ્રમાણે જીવનનો અંત થવાનો છે. ગાંધીજીએ મીરાબહેનને લખેલું કે 'મૃત્યુ વિયોગ નથી, મૃત્યુથી તો માણસ દેહના પોતાના બંધનોમાંથી મુક્ત થાય છે.' ભાગલા વખતના કોમી દાવાનળ વચ્ચે ગાંધીજી એકલા ચાલ્યા જતા. મૃત્યુના દિવસે તેમણે કહ્યું હતું, 'જો હું સામી છાતીએ ગોળી ઝીલું ને રામનામ લેતો મરું તો હું સાચો મહાત્મા.' ભયનું કારણ છે પરિગ્રહ. લાખો રૂપિયાનો વેપાર કરતા શ્રીમદ્ અને પોતાની સહીના પણ પાંચ રૂપિયા દેશના ફાળા માટે ઊઘરાવી લેતા ગાંધીજી બંને અપરિગ્રહી હતા.

ઇસુ-બુદ્ધ જેવી વિભૂતિઓની જેમ કરુણા આ બંનેનો સ્વભાવ હતો. બંને અહિંસાને પરમ ધર્મ ગણતા. એકાંત અને અપ્રમત્ત સાધના બંનેને પસંદ હતી. શ્રીમદ્ વનોમાં, ગુફાઓમાં ચાલ્યા જતા. ગાંધીજી લોકોની વચ્ચે પોતાનું એકાંત મેળવી લેતા, નિઃસંગ થઈ શકતા.

દેહાતીત હોવા છતાં બંને દેહનું મહત્ત્વ સમજતા. શ્રીમદ્ દેહને આત્માનું મંદિર, મોક્ષનું સાધન માનતા. 'બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો, તોયે અરે ભવચક્રનો આંટો નહીં એકે ટળ્યો.' ગાંધીજી દેહને સેવાનું સાધન સમજતા. દેહને લાડ ન લડાવતા, પણ કુશળ કારીગર જેમ પોતાના ઓજારને બરાબર રાખે અને તેનાથી સારામાં સારું કામ લે તેમ તેઓ પોતાના દેહને સાચવતા અને વાપરતા.

શ્રીમદ્ કહેતા, 'તું ગમે તે ધર્મ પાળે, જે રસ્તે સંસારમળનો નાશ થાય તે રસ્તે જજે.' ગાંધીજી માનવધર્મને શ્રેષ્ઠ માનતા. છેક છેવાડાના માનવીને સમાનતા અને ગરિમાથી જીવવાનો અધિકાર અપાવવા તેઓ જિંદગીભર મથ્યા.

ગાંધીજી અને શ્રીમદ્ બંનેએ ઘણું લખ્યું છે, બંને પોતાની ભાષાને

**(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૯૩)**

# મહોપાધ્યાય યશોવિજયજીકૃત 'સમકિત સડસઠ બોલની સજ્ઝાય' અને શ્રીમદ્ રાજચંદ્રકૃત 'આત્મસિદ્ધિશાસ્ત્ર' સાથે તુલનાત્મક અધ્યયન

☐ ડૉ. ભાનુબેન જે. શાહ (સત્રા)

*[ડૉ. ભાનુબેન જે. શાહે કવિ ઋષભદાસના 'સમકિતસાર રાસ' પર પીએચ.ડી. કર્યું છે, વિવિધ રાસાઓના સંપાદનો કર્યા છે તેમ જ સાહિત્ય સમારોહ, પરિસંવાદ આદિમાં સક્રિયપણે ભાગ લે છે.]*

**કવિ પરિચય :**

શ્રી યશોવિજયજી મહારાજ વિક્રમની ૧૦મી શતાબ્દિમાં થઈ ગયા. તેમના જીવન વિષે અનેક દંતકથાઓ અને કિંવદંતીઓ લોકજીભે રમી રહી છે પરંતુ ૧૭મી શતાબ્દિમાં જ રચાયેલા નાનકડા ગ્રંથ **'સુજશવેલી ભાસ'**માં ઉપાધ્યાયજીનું જીવનવૃત્તાંત સંક્ષેપમાં પ્રાપ્ત થાય છે. ગુર્જર ભૂમિના **પાટણ**ની પાસે આવેલા કનોડા ગામના વતની **નારાયણ** શ્રેષ્ઠી અને **સૌભાગ્યદેવી** શેઠાણીના તેઓ પુત્ર હતા. તેમનું બાળપણનું નામ **જશવંત** હતું. નાનાભાઈનું નામ **પદ્મસિંહ** હતું. વિ. સં. ૧૬૮૮માં તે સમયના પ્રખર વિદ્વાન **મુનિરાજ નયવિજયજી**ની જ્ઞાન-વૈરાગ્ય સભર વાણી સાંભળી ત્યાગ-વૈરાગ્યના સંસ્કારો જાગૃત થતાં માતા-પિતાએ તેજસ્વી જશવંતને સહર્ષ દીક્ષાની અનુમતિ આપી. પાટણમાં દીક્ષા લઈ તેમનું નામ **'મુનિ યશોવિજયજી'** પડ્યું. નાનાભાઈ પદ્મસિંહે પણ મોટાભાઈનું અનુસરણ કર્યું. વિ. સં. ૧૬૯૯માં અવધાનના પ્રયોગો કરી યશોવિજયજીએ જનતાને અપૂર્વસ્મરણ શક્તિનો પરિચય કરાવ્યો. તેમની તેજસ્વી પ્રતિભા જોઈ શેઠ **ધનજીસૂરા**એ નવ્યન્યાયનો અભ્યાસ કરવા કાશી મોકલ્યા. તેમનો સંપૂર્ણ ખર્ચ પોતાના માથે ઉપાડ્યો. કાશીમાં વિદ્વાન ભટ્ટાચાર્ય પાસે ષડ્દર્શનનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. ચાર વર્ષ આગ્રામાં રહી પરદાર્શનિકોના વિવિધ શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યો. અનેક વિદ્વાનોને વાદમાં હરાવ્યા. ન્યાય કુશળતા મેળવી. સં. ૧૭૧૮માં ઉપાધ્યાય પદથી અલંકૃત થયા. તેમણે એક એકથી ચઢિયાતા ગ્રંથોનું સર્જન કરી જિનશાસનને શોભાવ્યું છે. તેમના વિપુલ સાહિત્યના સર્જનના કારણે લોકોમાં **'લઘુહરિભદ્ર'** તરીકે પ્રસિદ્ધ થયા.

તેમણે સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી અને રાજસ્થાની ભાષામાં મૌલિક સાહિત્ય સર્જન કર્યું છે. તેમણે વિદ્વદ્ભોગ્ય અને લોકભોગ્ય સાહિત્યમાં લેખિની ચલાવી છે. તેઓ પ્રખર તાર્કિક હોવાથી જ્યાં ત્યાં તર્કહીનતા કે સિદ્ધાંતોનો વિસંવાદ દેખાયો ત્યાં નિર્ભયપણે સમાલોચન કરતા અચકાયા નથી. તેમના અધ્યાત્મ મત પરીક્ષા, દેવ ધર્મ પરીક્ષા, પ્રતિમાશતક વગેરે એવા નયરહસ્ય વગેરે અનેક દાર્શનિક ગ્રંથો એમની વિલક્ષણ પ્રતિભાનો પરિચય કરાવે છે. આ ઉપરાંત ગુજરાતી ભાષામાં રચેલા સવાસો, દોઢસો અને સાડા ત્રણસો ગાથાનાં સ્તવનો, યોગદષ્ટિની સજ્ઝાયો, દ્રવ્ય-ગુણ પર્યાયનો રાસ પણ વારંવાર મનન કરવા જેવા છે. એમના શ્રેષ્ઠ ગ્રંથો જ્ઞાનસાર, અધ્યાત્મસાર, અધ્યાત્મોપનિષદ આદિ, જે ઉપાધ્યાયજીની નિર્મળ પ્રજ્ઞા અને આંતરવૈભવનો આહ્‌લાદક પરિચય કરાવે છે. એમના સમકાલીન કવિઓએ આવા મહાન જ્ઞાની, આત્મસાધક સંત પુરુષને **'કલિકાલ કેવલી'** તરીકે પ્રશંસ્યા છે.

તેમની વહાવેલી પવિત્ર જ્ઞાનગંગામાંથી મારુગુર્જર ભાષામાં રચિત **'સમકિત સડસઠ બોલ'**ની સજ્ઝાયનું પરિશીલન પ્રસ્તુત છે.

પ્રસ્તુત સજ્ઝાયની રચના માટે ઉપાધ્યાયજીએ પૂ.હરિભદ્રસૂરિજી કૃત **'સમ્યક્ત્વ સપ્તતિ'** (દર્શન વિશુદ્ધિ) ગ્રંથનો આદર્શ સ્વીકાર્યો છે. તેના આધારે ૭૦ ગાથામાં અક્ષર દેહ આપી સજ્ઝાયને પદ્ય રૂપે ઢાળી છે.

વિધર્મીઓના આક્રમણ વચ્ચે ધર્મચેતનાને ઉર્જાવાન બનાવવા લોક અનુગ્રહાર્થે પ્રસ્તુત સજ્ઝાયનું કવન થયું છે. નરસિંહ મહેતાના વૈષ્ણવજન કાવ્યમાં 'સ્થિતપ્રજ્ઞ'ના લક્ષણ અભિપ્રેત છે. તેમ પ્રસ્તુત સજ્ઝાયમાં જૈનતત્ત્વનાં લક્ષણો અભિપ્રેત છે.

જૈનત્વનું આદિ બિંદુ, શ્રમણાચાર – શ્રાવકાચારનું પ્રથમ સોપાન, આત્માનો અતુલ અનુપમેય – અનન્ય ગુણ એટલે **'સમકિત!'** તે સમ્યક્ત્વ, સમ્યગ્દર્શન, આત્માનુભૂતિ જેવા પર્યાયવાચી નામોથી ઓળખાય છે. વિવિધ આગમોમાંથી સમકિત સંબંધી માહિતી એકત્રિત કરી તેને એક ગ્રંથમાં ઢાળવા હરિભદ્રસૂરિજીએ કરેલો અથાગ પ્રયાસ અત્યંત પ્રશંસનીય છે. ઉપાધ્યાયજીએ તેના આધારે બાર અધિષ્ઠાનોમાં સજ્ઝાય રચી છે.

૪ સદ્ગુણા + ૩ લિંગ + ૧૦ વિનય + ૩ શુદ્ધિ + ૫ દૂષણ + ૮ પ્રભાવના + ભૂષણ + ૫ લક્ષણ + ૬ જયણા + ૬ આગાર + ભાવના + ૬ સ્થાન. આમ, પેટાભેદનો સરવાળો ૬૩ થતો હોવાથી કૃતિનું 'સમકિતના સડસઠ બોલની સજ્ઝાય' એવું નામાભિધાન રાખવામાં આવ્યું છે, જે યોગ્ય છે.

પ્રશમરસની આ કૃતિમાં અંત્યાનુપ્રાસ સુનિયોજિત છે. વળી, શબ્દાલંકાર, અર્થાલંકાર, રૂપક, ઉપમા, યમક જેવા અલંકારોથી કૃતિને મઠારવામાં આવી છે. શબ્દોનું માધુર્ય એવું છે કે જાણે કલકલ વહેતું ઝરણું! હરિગીત છંદોબદ્ધ આ સજ્ઝાયમાં સજ્ઝાયકારે વિવિધ દેશીઓનું નિરૂપણ કરી સ્વયંની સંગીતજ્ઞતા અને સંગીતપ્રિયતા દર્શાવી છે. આ કૃતિમાં સંક્ષિપ્તીકરણ, સૂત્રાત્મકતા, અર્થગંભીરતા જેવા ગુણો ઉડીને આંખે વળગે છે.

પ્રારંભમાં રૂપક અલંકાર પ્રયોજી મંગલાચરણ અને વિષયવસ્તુનું નિરૂપણ થયું છે.

**'સુકૃતવલ્લી કાદંબિની સમરી સરસ્વતી માત;**
**સમકિત સડસઠ બોલતી, કહીશું મધુરી વાત.'...૧**

સુકૃતરૂપી વેલને પાંગરવા માટે વર્ષાઋતુ સમાન માતા સરસ્વતીની કૃપા યાચના કવિશ્રી દ્વારા થઈ છે. ત્યારપછી સમકિતની પ્રાપ્તિ કરાવવામાં સદ્ગુરુનો મોટો ફાળો હોવાથી ઉપાધ્યાયજી કહે છે – **'સમકિતદાયક ગુરુ તણો પચ્ચુવયાર ન થાય.'** એમ કહી સદ્ગુરુનો અનહદ ઉપકાર સ્મરે છે. શ્રી ઠાણાંગસૂત્રના ત્રીજા સ્થાને કહ્યું છે કે, માતા-પિતા,ગુરુ અને શેઠનો ઉપકાર કદી વાળી ન શકાય; કવિ તે શાસ્ત્રોક્ત ઉક્તિને અનુસર્યા છે.

શ્રીમદ્ રાજચંદ્રજી 'આત્મસિદ્ધિશાસ્ત્ર'માં કહે છે, **'સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત.'** આમ, શ્રીમદ્જી આત્મસ્વરૂપના દર્શન અને પ્રેરક એવા સદ્ગુરુને વંદન કરી મંગલાચરણ કરે છે, આમ, બન્ને કૃતિકારોએ સદ્ગુરુને મંગલાચરણમાં સ્તવ્યા છે. વળી, નિસર્ગ સમકિત જ્ઞાનાવરણીય અને મોહનીય કર્મનો ક્ષયોપશમ થતા સ્વયં થઈ શકે પરંતુ અધિગમ સમકિત પ્રાપ્તિમાં સહાયક સદ્ગુરુ જ થાય છે. નયસાર, વંકચૂલ, મહારાજા શ્રેણિક, પરદેશી રાજા આદિને સમકિત પમાડનાર સદ્ગુરુ જ હતા. જૈન દર્શનમાં સમકિત પમાડનારા ગુરુનો અનન્ય મહિમા છે. તેથી મંગલચરણમાં સદ્ગુરુની સ્તવના થાય તે ઉચિત છે.

સમકિતની પ્રાપ્તિ યશોવિજયજીના શબ્દોમાં, **'દર્શન મોહના વિનાશથી થાય છે.' (૭)** શ્રીમદજી કહે છે કે - **'જાતાં સદ્ગુરુ શરણમાં સહજ પ્રયાસે જાય' (૧૮); 'આત્મભ્રાંતિ સમ હો નહીં, સદ્ગુરુ વૈદ્ય સુજાણ.' (૧૨૯)**

આત્મભ્રાંતિ એ મિથ્યાત્વ છે. જે જીવને ધોબીપછાડ આપે છે. મિથ્યાત્વના સદ્ભાવમાં મોહનીય કર્મ નબળું ન બને છે. મોહનીય કર્મની મુખ્ય બે પ્રકૃતિ છે. દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય. દર્શન મોહનીયમાં વિપરીત શ્રદ્ધા હોય. ચારિત્ર મોહનીયમાં સત્ય સમજાય છતાં આચરણની ખામી હોય. મિથ્યાત્વ એ દર્શન મોહનીય કર્મની પ્રકૃતિ છે. સદ્ગુરુ ગ્રંથિભેદ કરાવી ક્ષાયિક સમકિત પ્રાપ્ત કરાવે છે. આત્માને અનાદિકાળથી લાગેલ ભવરોગથી મુક્ત કરાવી નિરોગી બનાવે છે.

દર્શન મોહનો ક્ષય થતાં જીવને ક્ષાયિક સમકિતનું નજરાણું મળે છે. આ સર્વ શ્રેષ્ઠ સમકિત છે. જે એકવાર આવ્યા પછી જીવના આધ્યાત્મિક ગુણોની વૃદ્ધિ કરે છે. અરે! જીવ સ્વધામ (મોક્ષપુરી)માં પહોંચે છે ત્યારે પણ સાથે જ રહે છે. તેની સ્થિતિ સાદિ અનંત છે. સમકિત પ્રાપ્તિનો અભિપ્રાય બન્ને કવિઓનો એક સમાન છે.

ઉપાધ્યાયજીએ પ્રથમ અધિકારમાં ચાર પ્રકારની સદ્દહણા કહી છે. (૧) નવ તત્ત્વના પરમાર્થને જાણો (અંધશ્રદ્ધાને છોડો) (૨) સદ્ગુરુની (દાસભાવે) સેવા કરો (૩) ઢીલા આચારવાળા કે અજ્ઞાનીથી છેટાં રહો. (૪) પરદર્શનીનો સંગ ત્યાગ કરો.

બીજા અધિકારમાં દૃષ્ટાંતો પ્રયોજી સમકિતીનાં ત્રણ લિંગ (ચિહ્ન) દર્શાવ્યાં છે–

(૧) **શુશ્રૂષા:** સંગીત રસિક જેમ મોકો મળતાં સંગીત સાંભળવામાં એકતાન બને છે, તેમ સમકિતી અવસરે જિનવાણી શ્રવણ કરવામાં એકચિત્ત બને છે.

(૨) **ધર્મરાગ:** જેમ ઘેબરનું ભોજન બ્રાહ્મણને અનહદ પ્રિય હોય છે, તેમ સમકિતીને સંયમની તીવ્ર ઝંખના હોય છે. દા. ત. અભયકુમાર જાકારો મળે તેની જ રાહ જોઈ રહ્યા હતા. જેવો પિતાએ જાકારો આપ્યો તેવા જ સંયમની ભાવના સાકાર કરી.

(૩) **વૈયાવચ્ચ:** જેમ વિદ્યાસાધક અપ્રમત્ત ભાવે વિદ્યા શીખે, તેમ સમકિતી અપ્રમત્તભાવે સાધુની સેવા કરે. તેમાં વેઠ ન ઉતારે. દા. ત. નંદીષેણ મુનિની અવ્વલ નંબરની વૈયાવચ્ચના વખાણ સુધર્માસભામાં થયા.

ત્રીજા અધિકારમાં અરિહંત, સિદ્ધ, આચાર્ય આદિ ૧૦નો વિષય દર્શાવેલ છે. વિનય એ ધર્મનું મૂળ છે. વ્યક્તિ પ્રત્યે જો હૃદયમાં બહુમાન ન હોય તો વિનયમાં ખોડખાંપણ વર્તાય છે. લોકોત્તર વિનય તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરાવે છે. વિનયથી જ સદ્ગુરુની કૃપા અને કૃપાથી સમકિત પ્રાપ્ત થાય છે.

ચોથા અધિકારમાં મન-વચન-કાય શુદ્ધિ છે. પાંચમા અધિકારમાં શંકા, કાંક્ષા, વિતિવિધાન (ધર્મકરણીનાં ફળમાં સંદેહ), અન્ય પાખંડીઓની પ્રશંસા, અન્ય દર્શનીઓનો પરિચય. આ પાંચ સમકિતના અતિચાર અથવા દૂષણ છે. શાસ્ત્રકારો કહે છે – '**संकाए सम्मतं नासई** – શંકાથી સમકિતનું વમન થાય છે.' કાંક્ષાના સંદર્ભમાં ઉપાધ્યાયજીએ માર્મિક ટકોર કરી છે. **'પામી સુરતરુ પરગડો, કિમ બાઉલ ભજીએ ?'** અહીં અન્ય ધર્મની ચમકદમક જોઈ સ્વધર્મથી ચ્યુત ન થવાનો સંદેશો છુપાયેલો છે.

છઠ્ઠા અધિકારમાં આઠ પ્રકારના પ્રભાવકની સાથે જૈન ઇતિહાસના બંધબેસતા ખુમારીવંત મહાપુરુષોનાં નામોલ્લેખ થયા છે.

(૧-૨) નંદિષેણ મુનિ (પ્રતિદિન દશને બોધનાર) (૩) વાદી

પ્રભાવખ: વલ્લભીપુર નરેશ શિલાદિત્યના ભાણેજ મલ્લવાદી (૪) નૈમત્તિક અષ્ટાંગ નિમિતજ્ઞ ભદ્રબાહુસ્વામી (૫) તપસ્વી પ્રભાવક: વિષ્ણુકુમાર મુનિ, ચંપાશ્રાવિકા (૬) વિદ્યા અને મંત્ર પ્રભાવક: વજસ્વામી (૭) સિદ્ધ પ્રભાવક કાલકાચાર્ય (૮) કવિ પ્રભાવક: સિદ્ધસેન દિવાકર.

પ્રસ્તુત વિષયની છણાવટ કરવામાં આ દૃષ્ટાંતો અત્યંત ઉપયોગી થયા છે, જે કવિશ્રીની વિદ્વતા છતી કરે છે.

સાતમા અધિકારમાં સમકિતની શોભામાં અભિવૃદ્ધિ કરનાર પાંચ ભૂષણ છે. (૧) પ્રત્યેક અનુષ્ઠાનમાં કુશળતા (૨) તીર્થ સેવા (૩) ભક્તિ (૪) ધર્મમાં દઢતા (૫) શાસન પ્રભાવના. આ પાંચે ભૂષણથી અન્ય જીવો પ્રભાવિત થઈ જૈનધર્મી બને છે.

આઠમા અધિકારમાં પાંચ લક્ષણો છે. (૧) ઉપશમ: કષાયોની ઉપશાંતતા (૨) સંવેગ: મોક્ષાભિલાષા (૩) નિર્વેદ: સંસારથી છુટકારો (૪) અનુકંપા: દયા (૫) આસ્થા: સિદ્ધાંતોમાં અટલ, વિશ્વાસ. આ પાંચે લક્ષણો હોય તેનું સમકિત શુદ્ધ હોય, કોઈ ખામી ન હોય.

શ્રીમદ્જીએ ગા. ૩૮માં સમકિતી જીવની અંતરદશામાં આ પાંચ લક્ષણો દર્શાવ્યાં છે.

**'કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ પ્રાણીયા, ત્યાં આત્માર્થ નિવાસ.'**

નવમા અધિકારમાં છ પ્રકારની જયણા (યતના) અને દશમા અધિકારમાં છ આગાર (છૂટછાટ) છે. સમકિતી ઉત્સર્ગ માર્ગે સુદેવ-સુગુરુ અને સુધર્મનો જ આરાધક હોય પરંતુ જો રાજા, જનસમૂહ, ગુરુ આદિ વડીલ, દેવ કે આપત્તિના કાળમાં તે ફસાય ત્યારે બળાત્કારે કોઈ મિથ્યાત્વી દેવ-દેવીને વંદન કરવાં પડે તો અપવાદ માર્ગનું સેવન કરતાં સમકિત સુરક્ષિત રહે છે. જેમ કે – રાજાજ્ઞા થતાં કાર્તિક શેઠને તાપસ સમક્ષ નીચા નમી પોતાની પીઠ પર ગરમાગરમ ખીરની થાળી મૂકી તેને જમાડવો પડ્યો. તાપસને દૃઢધર્મી શેઠને નમાવવાનો સંતોષ થયો પરંતુ શેઠ તો તે સમયે પોતાની મુદ્રિકામાં રહેલા અરિહંત પરમાત્માને જ ભાવથી વંદન કરતા હતા. આમ, બાહ્યવલણ જુદું હોવા છતાં જો આંતરિક ભાવો જૈનત્વના હોય તો સમકિતમાં છેદ પડતો નથી.

અગિયારમા અધિકારમાં સમકિતની છ ભાવના છે; જે સમકિતને ભાવિત કરે છે. બારમા અધિકારમાં સમકિત પ્રાપ્તિમાં સહાયક અને સમકિતને ખેંચી લાવનાર છ સ્થાનનો ઉલ્લેખ થયો છે. ઉપાધ્યાયજીએ આ છ સ્થાન ઉપર એક સ્વતંત્ર કૃતિ રચી છે તેથી તેનો પ્રસ્તુત સજ્ઝાયમાં વિસ્તાર કર્યો નથી. તેમની મારુગૂર્જર ભાષામાં **'સમ્યક્ત્વ ષટ્સ્થાન ચોપાઈ;'** જે ગદ્ય-પદ્ય ઉભય સ્વરૂપે છે. તેમાં સ્વરચિત બાલાવબોધ – ટબો ગુજરાતી ભાષામાં રચ્યો છે, જે મૂળ ગ્રંથને સમજવા માટે સરળ છે. તેમાં ગણધરવાદનો પ્રભાવ પડ્યો છે. પ્રભુ મહાવીર સ્વયં ષટ્દર્શનોના અભિપ્રાયો જણાવી બાલાવબોધમાં તેનું ખંડન કરે છે. સ્યાદ્વાદ શૈલીમાં તેમની વિદ્વતા ઉજાગર થાય છે. ત્યાં ખંડન-મંડન છે પરંતુ અન્ય દર્શનોની ટીકા, આલોચના કે કિન્નાખોરી જેવી અસહિષ્ણુતા કે અભદ્રતા નથી.

આ ઉપરાંત સિદ્ધસેન દિવાકરે 'સન્મતિ તર્ક પ્રકરણ'; હરિભદ્ર સૂરિજીએ 'ધર્મબિંદુ' ગ્રંથમાં છ સ્થાનોને ભાવવાહી શૈલીમાં ગૂંથ્યા છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'માં સરળ ગુજરાતી ભાષામાં, લોકભોગ્ય બને એ રીતે પદ્યમાં ષટ્સ્થાનોનું નિરૂપણ કર્યું છે.

**'આત્મા છે તે નિત્ય છે, છે કર્તા નિજ કર્મ;**
**છે ભોકતા વળી મોક્ષ છે, મોક્ષ ઉપાય સુધર્મ'**...૪૩

૧૪૨ ગાથામાં વિસ્તૃત, સંવાદાત્મક શૈલીનું આ કાવ્ય જાણે ગીતામાં અર્જુન અને શ્રી કૃષ્ણનો સંવાદ! અભ્યાસુ, તત્ત્વજિજ્ઞાસુ અને વિનયી શિષ્યની શંકા અને જ્ઞાની ગુરુના ઉત્તરથી શંકાનું માર્મિક અને રોચક રીતે સમાધાન આત્મસિદ્ધિ શાસ્ત્રમાં થયું છે. આ કૃતિમાં જૈનત્ત્વનું ઊંડાણ છે, વ્યવહાર–નિશ્ચયની જુગલબંદી છે.

ભારતમાં મુખ્યત્વે છ દર્શન છે (૧) વેદાંત (૨) જૈન (૩) બૌદ્ધ (૪) સાંખ્ય (૫) યોગ (૬) નૈયાયિક – જૈન દર્શન સિવાયના અન્ય દર્શનો એકાંતવાદી છે. જૈન દર્શન અનેકાંતવાદી છે. શ્રીમદ્જી કહે છે–

**'દર્શનષટે શમાય છે, આ ષટ્ સ્થાનકમાંહિ'...૬૨૮**

તેવી જ રીતે આનંદઘનજી મહારાજ કહે છે–

**'જિનવરમાં સઘળા દર્શન છે, દર્શને જિનવર ભજના રે;**
**સાગરમાં સઘળી તટિની સહી, તટિનીમાં સાગર ભજના રે.'**

જેમ સાગરમાં બધી જ નદીઓનો સમાવેશ થઈ જાય પણ નદીમાં સાગરનું પાણી હોય અથવા ન પણ હોય, તેમ જિનદર્શનમાં સર્વ દર્શનોનો સમાવેશ થઈ જાય છે પરંતુ અન્ય દર્શનોમાં જિનદર્શનની ભજના છે.

શ્રીમદ્જી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં શિષ્યના માધ્યમે ષટ્સ્થાનોની શંકા વ્યક્ત કરી સદ્ગુરુના માધ્યમે સર્વ સાધારણ જીવોને શ્રદ્ધામાં સ્થિર કરવા તેનો પ્રત્યુત્તર આપે છે. જાણે ગણધરવાદની પ્રતિછાયા!

પ્રથમ આત્મા છે. (ગા. ૪૬ થી ૪૯) આ સ્થાન સંબંધી તર્ક કરતાં શિષ્ય પોતાની મૂંઝવણ ઠાલવતાં કહે છે;

**'અથવા દેહ જ આત્મા, અથવા ઇન્દ્રિય પ્રાણ;**
**મિથ્યા જુદો માનવો, નહીં જૂદું એંધાણ.'...૪૬**

આત્મા અરૂપી છે. ઈન્દ્રિય ગ્રાહ્ય પણ નથી તેથી દેહથી આત્માને ભિન્ન માનવામાં શિષ્યને આપત્તિ થાય છે. કારણકે આત્માને

*કોઈએ તને કડવું કથન કહ્યું હોય તે વખતમાં સહનશીલતા-નિરુપયોગી પણ*

ઓળખવા માટે કોઈ જુદું એંધાણ નથી. શું આત્મા છે? દેહ જ આત્મા છે; એવી અભ્યાસુ શિષ્યની ધારણાનું ગુરુ દ્વારા કારણ દર્શાવી ખંડન થાય છે.

**'ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;**
**પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસિને સ્થાન.'...૫૦**

આત્મા અને દેહનો ચિરકાળનો સંબંધ છે. વાટે વહેતાં જીવ પાસે તૈજસ-કાર્મણ શરીર હોય છે. અનંતકાળ પ્રવાહમાં 'દેહ તે જ હું છું.' એવી નિરંતર સ્મરણદશાની કારણે દેહ અને આત્મા એકરૂપ ભાસે છે પરંતુ આ બન્ને સ્વતંત્ર દ્રવ્યો છે. આત્મા ચૈતન્ય સ્વરૂપ છે. દેહ જડ છે. પુરુષની કમ્મરમાં લટકતી તલવાર મ્યાનમાં સમાઈ જતાં માત્ર મ્યાન રૂપ દેખાય છે, તેમ જીવ જે શરીરમાં જાય તેના નામે, વર્ણે અને જાતિએ ઓળખાય છે. શ્રીમદ્જી કહે છે–

**'જડ-ચેતન બે ભિન્ન છે, એકપણું પામે નહીં ત્રણે કાળ દ્રવ્ય ભાવ.'**

ત્રણે કાળમાં જડ કદી ચેતન ન બને અને ચેતન કદી જડ ન બને. હવે માર્મિક દલીલ કરતાં ગુરુ કહે છે–

**'આત્માની શંકા કરે, આત્મા પોતે આપ.'...૫૮**

આત્મા નથી એવો સંદેહ કરનાર પણ ખુદ આત્મા જ છે. કેવું સખેદાશ્ચર્ય! પુદ્ગલાનંદી પોતે પોતાને જ ભૂલી ગયો છે. આવું સંવેદન આત્મા સિવાય થાય જ નહીં. જેમ અરીસામાં પડતા પ્રતિબિંબમાં પ્રતિબિંબિત પદાર્થનો અવશ્ય સ્વીકાર કરવો જ પડે, તેમ શંકા-જિજ્ઞાસા આદિ ઉઠતી લહેરમાં આત્માને સ્વીકારવો જ પડે છે. દેહ જડ છે તેથી તેમાં જ્ઞાનશક્તિ નથી. જ્ઞાનનો સ્રોત્ર ચૈતન્ય (આત્મા)માં જ હોય છે.

આત્માના અસ્તિત્વની શ્રદ્ધા કરાવી શ્રીમદ્જી આત્માની નિત્યતાનું પ્રતિપાદન (ગા. ૬૦ થી ૭૦) કરે છે.

ચાર્વાક દર્શનના સિદ્ધાંતથી પ્રભાવિત થયેલા શિષ્ય કહે છે.

**'દેહ યોગથી ઉપજે, દેહ વિયોગે વિનાશ'...૬૦**

દેહ દ્વારા આત્માની ઉત્પત્તિ થાય છે અને દેહના વિનાશથી આત્માનો પણ નાશ થાય છે.

ચાર્વાક દર્શનાનુસાર પૃથ્વી, પાણી, તેઉ (અગ્નિ), વાઉ (વાયુ) આ ચાર ભૂતોના સંયોગથી શરીર બને છે. તેમાં આત્મા નામનું તત્ત્વ ઉત્પન્ન થાય છે. જેમ કે–ધતૂરાનાં ફૂલ, ગોળ ઇત્યાદિમાં માદકતાનો ગુણ ન હોવા છતાં સર્વ પદાર્થો ભેગાં થતાં તેમાં માદકતા આપોઆપ ઉત્પન્ન થઈ જાય છે, તેમ પૃથ્વી આદિ ચાર ભૂતોમાં ચૈતન્યશક્તિ નથી પરંતુ તેના સંયોજનથી ચૈતન્યશક્તિ સ્વયં પ્રગટે છે.

જૈન મતાનુસાર ધંતૂરાના ફૂલ, ગોળ આદિમાં નશીલો પદાર્થ છે. તેનું સેવન કરતાં નશો ચડે છે. અરણીના કાષ્ટના ઘર્ષણથી અગ્નિ ઉત્પન્ન થાય છે અર્થાત્ અગ્નિ તત્ત્વ તેમાં સમાયેલું છે. પૃથ્વી આદિ ભૂતોમાં ચૈતન્ય નથી માટે તેના સમૂહથી આત્મા ઉત્પન્ન ન થાય. વળી, દેહ પ્રથમ ન બને પરંતુ જીવ ઉત્પત્તિના સમયે ઓજ આહાર ગ્રહણ કરી તે શક્તિ દ્વારા શરીરની ઉત્પત્તિ કરે છે. આજનું વિજ્ઞાન પણ ત્રણ માસના ગર્ભમાં આત્માનો નિષેધ કરે છે પરંતુ આત્મા વિના ગર્ભની વૃદ્ધિ થાય કઈ રીતે?

બૌદ્ધ દર્શનના પ્રભાવથી શિષ્ય આત્માને ક્ષણિક (ગા. ૬૬) માને છે. ગુરુ શંકાનું સમાધાન કરતાં કહે છે,

**'દેહ માત્ર સંયોગ, વળી જડ રૂપી દૃશ્ય'...૬૨**

દેહ તે પરમાણુઓનો સંયોગ છે. દેહ અને આત્માઓનો અવિનાભાવી સંબંધ નથી પરંતુ સંયોગ સંબંધ છે. પરંતુ આત્મા કોઈ સંયોગથી ઉત્પન્ન થતો નથી. ચૌદ પ્રકારના સંમૂર્ચ્છિમ જીવને જન્મ લેવા લાયક પરિસ્થિતિનું નિર્માણ થતાં જીવો તેમાં જન્મે અને તેમાં જ મરે છે પરંતુ કોઈ નવો આત્મા ઉત્પન્ન થતો નથી.

આજે વિજ્ઞાને રોબોટ બનાવ્યો છે. તેમા માનવ શરીર કરતાં વધુ કામ કરવાની ક્ષમતા જરૂર છે પરંતુ જીવત્વની ખામી છે. જીવની નિત્યતાની સિદ્ધિ કરતાં ગુરુદેવ કહે છે–

**'ક્રોધાદિ તરતમ્યતા, પૂર્વ જન્મ સંસ્કાર તે.'...૬૭**

જગતમાં દેખાતી વિભિન્નતા, વિચિત્રતા તે ગત જન્મના સંસ્કાર છે. સાપમાં ફૂંફાડો મારવાના સંસ્કાર, પ્રાણીઓમાં કષાયોની ઓછી-વધુ માત્રાનું મુખ્ય કારણ પૂર્વ જન્મના કર્મ છે. પૂર્વ જન્મનું શરીર સાથે નથી આવતું પરંતુ આત્મા કાયમ રહે છે તેથી તે સંસ્કારો સાથે આવે છે. કર્માનુસાર આત્મા ચારે ગતિઓમાં પરિભ્રમણ કરે છે પરંતુ આત્મ તત્ત્વ દરેક અવસ્થામાં સાથે અને એકરૂપ રહે છે. ઉત્પત્તિ અને નાશ પદાર્થના પર્યાયમાં થાય છે. દ્રવ્ય (આત્મા) શાશ્વત રહે છે. આત્મા અનાદિ અનંત છે. તેનો કદી નાશ થતો નથી.

આત્માને ક્ષણિક કે અનિત્ય માનતાં કર્મ સિદ્ધાંતનો છેદ થશે, આત્માએ કરેલ સુકૃત્ય કે દુષ્કૃત્યનું ફળ કોને મળશે? સાધનાનું શું પ્રયોજન? સાધનાનું ફળ તેને ન મળતાં કોઈ બીજાને મળશે. આપણે વ્યવહારમાં પણ જોઈએ છીએ કે, 'જે કરે તે પામે.' આમ, દ્રવ્યથી આત્મા નિત્ય છે અને પર્યાયથી આત્મા અનિત્ય છે અર્થાત્ આત્મા નિત્યાનિત્ય છે.

ત્રીજા અને ચોથા સ્થાનમાં કર્તૃત્વ અને ભોક્તૃત્વનું પ્રતિપાદન અને અકર્તૃત્વ–અભોક્તૃત્વનું નિરસન છે.

શિષ્યની શંકા છે કે આત્મા અકર્તા અને અભોક્તા છે. ઈશ્વર દ્વારા જગતમાં સર્વ થાય છે. શિષ્યના માનસપટ પર સાંખ્ય, વેદાંત અને યોગ–નૈયાયિકનો પ્રભાવ વર્તાય છે.



*દિવસની ભૂલ માટે રાત્રે હસજે, પરંતુ તેવું હસવું ફરીથી ન થાય તે લક્ષિત રાખજે.*

પ્રબુદ્ધ જીવન

વેદાંત દર્શનના મતે બ્રહ્મ સત્ય છે. જગત મિથ્યા છે. સિંહ પાણીમાં પોતાનું પ્રતિબિંબ જોઈ ભ્રમિત થઈ જઈ આ બીજો સિંહ છે એવું માની અહીંતહીં શોધે છે, તેમ માનવી અજ્ઞાન દશામાં અબદ્ધ આત્માને બદ્ધ માની બંધનથી મુક્ત થવા તપશ્ચર્યાદિ સાધના કરે છે. આ અજ્ઞાનદશા વેદાંતશ્રવણ, તત્ત્વજ્ઞાન અને કૈવલ્ય પ્રાપ્તિથી દૂર થાય છે.

સાંખ્ય દર્શનાનુસાર પ્રકૃતિ અને પુરુષ બે મુખ્ય તત્ત્વ છે. પ્રકૃતિ સત્ત્વ, રજસ્, તમસ્, એમ ત્રિગુણાત્મક છે. પ્રકૃતિ જ કર્તા છે. જેમ નર્તકી નૃત્ય દેખાડી ચાલી જાય છે, તેમ પ્રકૃતિ કામાદિ રૂપ વિલાસો પુરુષને દેખાડી પાછી ફરે છે. પ્રકૃતિના વિકારોનો વિલય થવો એ જ મોક્ષ છે. જો પુરુષ પ્રથમથી જ શુદ્ધ હોય તો સાધના–આરાધનાથી શું સરે?

**યોગ–નૈયાયિક** દર્શનો આત્માના અસ્તિત્વને સ્વીકારે તો છે પરંતુ સૃષ્ટિના કર્તારૂપ ઈશ્વરમાં શ્રદ્ધા ધરાવે છે. તેમના મતે જગતમાં જે કંઈ પણ થઈ રહ્યું છે તે ઈશ્વરની પ્રેરણાથી જ થઈ રહ્યું છે તેથી જીવ કંઈ કરતો નથી પરંતુ ઈશ્વર તેની પાસે કરાવે છે.

ગુરુદેવ શંકાનું નિરાકરણ (ગા. ૭૧થી ૭૮) કરતાં કહે છે. આત્મામાં રાગ-દ્વેષનાં સ્પંદનો ઉઠે છે, ત્યારે તે કંપનમાં ચુંબકીય શક્તિ ઉત્પન્ન થાય છે. જે અવકાશમાં રહેલા કાર્મણ વર્ગણાના પુદ્ગલોને પોતાની તરફ ખેંચે છે. આ કર્મ પુદ્ગો લોહચુંબકની જેમ ખેંચાઈને આત્મા સાથે સંલગ્ન થાય છે. જડ કર્મોમાં સ્વયં ખેંચાવાની શક્તિ નથી તેમજ અનાયાસે આત્માને વળગી પડતા નથી. જો ચેતન (આત્મા) રાગાદિ ભાવો ન કરે તો કર્મથી બંધાય નહીં. આમ, કર્મબંધ આત્માની પ્રેરણાશક્તિથી થતો હોવાથી જીવ કર્મનો કર્તા બને છે. ભાવ કર્મ કારણ છે અને દ્રવ્યકર્મ તેનું કાર્ય છે.

વળી, કર્મનો કર્તા ઈશ્વર નથી કારણ કે ઈશ્વર એટલે પરમ શુદ્ધ સ્વભાવ. જે એક ક્ષણ પણ વિભાવમાં ન જાય. માત્ર પોતાના અખૂટ ઐશ્વર્યનો હંમેશાં આનંદ માણતો હોય આવો ઈશ્વર એકને સારા અને બીજાને માઠા-નરસા કર્મની પ્રેરણા શા માટે આપે? માટે ઈશ્વર કર્તૃત્વ ઘટી શકતું નથી.

વ્યવહાર નયથી સંસારી આત્મા કર્મનો કર્તા છે. નિશ્ચય નયથી આત્મા જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ ગુણોનો કર્તા–ભોકતા છે. શુદ્ધ નિશ્ચયનયથી આત્મા અકર્તા છે, જે નિર્વિકલ્પ સિદ્ધદશા છે.

શ્રીમદજી આત્માના ભોક્તૃત્વ સંબંધી કહે છે–

**'ઝેર સુધા સમજે નહીં, જીવ ખાય ફળ થાય;**
**એમ શુભાશુભ કર્મનું, ભોકતાપણું જણાય.'**...૮૩

મદિરાના સેવનની માનવી ઉપર અસર થાય છે. તેના જ્ઞાનતંતુઓ શિથિલ બની જાય છે. ઓપરેશનના ટેબલ ઉપર સૂતેલા માણસને ડૉક્ટર એનેસ્થેસિયા આપે ત્યારે જ્ઞાનતંતુઓ સુષુપ્ત થતાં તે મૃતવત્ બની જાય છે. વળી, વિષનું સેવન કરવાથી મૃત્યુ થાય જ્યારે ઉત્તમ પદાર્થોનું સેવન કરવાથી જીવનશક્તિ વધે છે. પદાર્થોની અસર આત્માની સંવેદન શક્તિ ઉપર થાય છે, તેમ શુભાશુભ કર્મોની અસર આત્મા ઉપર થાય છે.

**'શુભ કરે ફળ ભોગવે, દેવાદિ ગતિમાંય;**
**અશુભ કરે નરકાદિ ફળ, કર્મ રહિત ન ક્યાંય.'**...૮૮

આત્મા શુભ કર્મના ફળ સ્વરૂપે દેવ–મનુષ્યની સુગતિ પ્રાપ્ત કરી સુખનો ઉપભોગ કરે છે. જ્યારે અશુભ કર્મના ફળ સ્વરૂપે નરક– તિર્યંચ જેવી દુર્ગતિમાં જઈ તે દુઃખ ભોગવે છે. આમ, ચારે ગતિઓનું પરિભ્રમણ ત્યાં સુધી ચાલુ રહે છે જ્યાં સુધી તે કર્મથી સર્વથા રહિત ન બને. આખરે શુભાશુભ કર્મ એ પણ આશ્રવ જ છે. શુભાશુભ ભાવોની નિવૃત્તિ વિના ગતિઓનું આવાગમન ન અટકે. ગતિઓના છેદ વિના મોક્ષ ન મળે.

આમ, આત્મા સ્વયં કર્મ કરે છે અને તેને ભોગવે પણ સ્વયં છે.

પંચમા સ્થાનમાં શ્રીમદ્જી 'મોક્ષ' છે એવી સિદ્ધિ કરતાં કહે છે–

**'તેહ શુભાશુભ છેદતાં, ઉપજે મોક્ષ સ્વભાવ.'...૯૦**

શુભાશુભ ભાવોમાં પ્રવેશવું એ આત્માની વિભાવ દશા છે. માત્ર જ્ઞાતા-દૃષ્ટા (જોવું અને જાણવું) ભાવમાં રહેવું એ આત્માનો સ્વભાવ છે. જ્ઞાતા દૃષ્ટા ભાવનો ચરમ વિકાસ થતાં શુદ્ધ સ્વરૂપ પ્રગટે છે, જે સિદ્ધોનું સ્વરૂપ છે. તે જ આપણું સ્વરૂપ છે. તેનો માર્ગ બતાવતાં શ્રીમદ્જી કહે છે–

**'દેહાદિક સંયોગનો, આત્યંતિક, વિયોગ;**
**સિદ્ધ મોક્ષ શાશ્વત પદે, નિજ અનંત સુખભોગ.'**...૯૧

દેહ, ઈન્દ્રિય, મન આદિ સર્વ સંયોગોનો આત્યંતિક (પુનઃ સંયોગ ન થાય એવો પુરુષાર્થ) વિયોગ થતાં આત્મા શુદ્ધ સ્વરૂપને આંબી શકે છે. આ અવસ્થા જ સિદ્ધપદ છે. જ્યાં સાદિ અનંતકાળ સુધી રહી નિજ સ્વભાવના સુખભોગનો લ્હાવો લૂંટે છે.

ઉપાધ્યાયજીએ 'ષટ્સ્થાન ચોપાઈ'માં મોક્ષના ચાર કારણો દર્શાવ્યા છે.

(૧) **પૂર્વ પ્રયોગ :** કુંભાર લાકડીથી જોરથી ચાકડો ઘૂમાવે છે. લાકડી ખસેડી લેવા છતાં ચાકડો ફરતો રહે છે, તેમ કર્મથી મુક્ત આત્મા એક સમય ગતિશીલ રહે છે. તે એક સમયમાં સિદ્ધશિલાએ લોકાગ્રભાગે પહોંચે છે.

(૨) **અસંગદશા :** માટીનો લેપ કરેલ તુંબડું માટી ઓગળી જતાં પાણીની સપાટી પર તરે છે, તેમ કર્મનો સંગ દૂર થતાં જીવ લોકાકાશની ઉપલી સપાટીએ ગમન કરે છે.

(૩) **બંધ વિચ્છેદ :** કોષમાં રહેલું એરંડાનું બીજ કોષનું બંધન



*અયોગ્ય રીતે આજે તારી કોઈ શક્તિનો ઉપયોગ કરીશ નહીં,-મર્યાદાલોપનથી કરવો પડે તો પાપભીરુ રહેજે.*

તૂટતાં ઉડીને બહાર નીકળે છે, તેમ કર્મ બંધન ખસતાં જીવ ઉર્ધ્વગમન કરે છે.

(૪) **અગ્નિશિખા:** અગ્નિશીખાનો સ્વભાવ ઊંચે ચડવાનો છે, તેમ કર્મ ભારથી હળવો બનેલો જીવ ઉર્ધ્વગમન કરે છે.

આમ, મોક્ષ છે તેની સિદ્ધિ થાય છે, ત્યાર પછી મોક્ષના ઉપાયનું નિરૂપણ અને અનુપાયવાદનું નિવારણ છે.

કેટલાક દર્શનો એકાંત નિયતિવાદને માની મોક્ષના ઉપાયનો નિષેધ કરે છે. પરંતુ જો મોક્ષ કાર્ય છે તો તેનું કારણ પણ અવશ્ય હોવું જ જોઈએ.

શ્રીમદ્જી કહે છે–

**'કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ;**
**હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ.'**...૧૦૩

દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીયના ક્ષયથી અનુક્રમે બોધિબીજ (સમકિત) અને વીતરાગતા પ્રાપ્ત થાય છે. એ જ મોક્ષનો અચૂક ઉપાય છે.

વાચક ઉમાસ્વાતિજી કહે છે – 'સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગ:' અર્થાત્ ૧૧

આનંદઘનજી કહે છે – આ છ એકાંતવાદી દર્શનો જિનવરમાં અંગો છે. જ્યારે તે સ્યાદ્વાદ સૂત્રમાં ગૂંથાય છે ત્યારે સત્ય પ્રમાણ બને છે.

**ઉપદેશ:** જે એકાંતવાદનો ત્યાગ કરી અનેકાન્તને સ્વીકારે છે તે શુદ્ધ સમકિતી બની શકે છે. ષટ્સ્થાનો પર જામેલી શુદ્ધ, શ્રદ્ધા સમકિત પ્રાપ્તિમાં મદદરૂપ બને છે અને પ્રાપ્ત સમકિતને ટકાવવા સડસઠ બોલનું અનુસરણ અતિ આવશ્યક છે. એ દૃષ્ટિએ પ્રસ્તુત બન્ને કૃતિઓ ગાગરમાં સાગર સમાન અમૂલ્ય છે, જે વામનમાંથી વિરાટ બનાવવાની ક્ષમતા ધરાવે છે. આ કૃતિઓ દિવ્યતાની જ્યોતિ – જ્ઞાનજ્યોતિ પ્રગટાવવામાં કારગત નીવડે તેમ છે.

**જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ કહેવાયું હોય તો મિચ્છામિદુક્કડં.** ✱ ✱

**ડૉ. ભાનુબેન જે. શાહ (સત્રા)**, મોબાઈલ: ૯૮૯૨૪૨૨૫૩૫

### શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધી: અપૂર્વ વ્યક્તિઓ, અપૂર્વ સંબંધ અને અપૂર્વ પુસ્તકો (અનુસંધાન પાના ૮૭ નું ચાલુ)

અતિક્રમી ગયેલા છે. તેજસ્વી વિચારો પ્રબળ પ્રવાહ જેવા હોય છે. પોતાનો માર્ગ કંડારી લે. પુરાણા ઘસાયેલા શબ્દો અને અભિવ્યક્તિઓ તેમને ચાલે નહીં. 'અપૂર્વ અવસર', 'આત્મ-સિદ્ધિશાસ્ત્ર'ની ભાષા ત્યારે પ્રચલિત ભાષા કરતા અનોખું તેજ ધરાવે છે. ગાંધીજીની ભાષાએ તો સાહિત્યમાં એક યુગ સર્જ્યો છે.

બંનેની સાધના મૂળભૂત રીતે એક છતાં તેમનું વિશ્વમાં પ્રગટીકરણ જુદી જુદી રીતે થયું. શ્રીમદ્ નિજસ્વરૂપમાં લીન થયા, ગાંધીજી વિશ્વસમસ્તમાં વિસ્તર્યા. તેમનાં આ અમર વચનો આ સત્યને સ્પષ્ટ કરે છે: 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે, ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો, સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને વિચરશું કવ મહત્પુરુષને પંથ જો' અને 'હું તમને એક મંત્ર આપું છું. જ્યારે સંદેહ થાય અથવા અહંકાર માથા પર ચડી બેસતો લાગે ત્યારે આ કસોટી અજમાવો: જે સૌથી ગરીબ, સૌથી અસહાય તમે જોયો હોય, તેને યાદ કરી પોતાના દિલને પૂછો – મારા આ કામથી એનું શું ભલું થશે – અને તમને માર્ગ મળી જશે.' બંને મહાપુરુષોને અને તેમના વિશે ચિંતનમનન કરનારા સૌને શ્રદ્ધાપૂર્વક વંદન. ✱ ✱ ✱

*મોબાઈલ: ૯૨૨૧૪૦૦૬૮૮*

### શ્રીમદ્ રાજચંદ્ર અને વેદાંત દર્શન

(અનુસંધાન પાના ૯૬થી ચાલુ)

સ્વામીથી માંડી ટી. યુ. મહેતા જેવા અનેક વિદ્વાનોની સમીક્ષાનો આ ગ્રંથને લાભ મળેલો છે.

**સંદર્ભ સૂચિ**

૧. શ્રીમદ્ રાજચંદ્ર, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ, આવૃત્તિ અગિયારમી, ૨૦૧૨, પૃષ્ઠ ૫૧૯. ૨. શ્રીમદ્ રાજચંદ્ર, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ, આવૃત્તિ અગિયારમી, ૨૦૧૨, પૃષ્ઠ ૧૭૧. ૩. શ્રીમદ્ રાજચંદ્ર, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ, આવૃત્તિ અગિયારમી, ૨૦૧૨, પૃષ્ઠ ૩૯૯. ૪. શ્રીમદ્ રાજચંદ્ર, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ, આવૃત્તિ અગિયારમી, ૨૦૧૨, પૃષ્ઠ ૩૯૯. ૫. શ્રીમદ્ રાજચંદ્ર, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ, આવૃત્તિ અગિયારમી, ૨૦૧૨, પૃષ્ઠ ૭૪૫. ૬. શ્રીમદ્ રાજચંદ્ર, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ, આવૃત્તિ અગિયારમી, ૨૦૧૨, પૃષ્ઠ ૪૬૩. ૭. શ્રીમદ્ રાજચંદ્ર, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ,આવૃત્તિ અગિયારમી, ૨૦૧૨, પૃષ્ઠ ૪૧૪. ૮. શ્રીમદ્ રાજચંદ્ર, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ, આવૃત્તિ અગિયારમી, ૨૦૧૨, પૃષ્ઠ ૮૦૨. ૯. શ્રીમદ્ રાજચંદ્ર, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ, આવૃત્તિ અગિયારમી, ૨૦૧૨, પૃષ્ઠ ૪૧૦. ૧૦. શ્રીમદ્ રાજચંદ્ર, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ, આવૃત્તિ અગિયારમી, ૨૦૧૨, પૃષ્ઠ ૭૨૩. ૧૧. શ્રીમદ્ રાજચંદ્ર, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ, આવૃત્તિ અગિયારમી, ૨૦૧૨, પૃષ્ઠ ૮૦૨.૧૨. શ્રીમદ્ રાજચંદ્ર, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ, આવૃત્તિ અગિયારમી, ૨૦૧૨, પૃષ્ઠ ૪૬૩. ૧૩. શ્રીમદ્ રાજચંદ્ર, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ, આવૃત્તિ અગિયારમી, ૨૦૧૨, પૃષ્ઠ ૪૬૩. ૧૪. શ્રીમદ્ રાજચંદ્ર, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ, આવૃત્તિ અગિયારમી, ૨૦૧૨, પૃષ્ઠ ૫૧૭. ✱ ✱ ✱

'કદંબ', બંગલો, ૩૫, પ્રોફેસર સસાયટી, મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર,
ફોન નં.: 02692--233750. સેલ નં.: 09727333000



*સદ્ગુણથી કરીને જો તમારા ઉપર જગતનો પ્રશસ્ત મોહ હશે તો હે બાઈ, તમને હું વંદન કરું છું.*

# શ્રીમદ્ રાજચંદ્ર અને વેદાંતદર્શન

❑ ડૉ. નરેશ વેદ

*[વેદ અને હિન્દુ શાસ્ત્રોના અભ્યાસી, પ્રખર ચિંતક, પ્રભાવક વક્તા છે. ૪૫ વર્ષની શૈક્ષણિક કારકીર્દિમાં ગુજરાતની કૉલેજોમાં પ્રાધ્યાપક તરીકે, સરદાર પટેલ યુનિવર્સિટીના અધ્યક્ષ તરીકે અને ગુજરાતની એકેડેમિક સ્ટાફ કૉલેજના ડાયરેક્ટર તરીકે સેવા આપી છે.]*

શ્રીમદ્ પ્રકૃતિએ તત્ત્વશોધક હતા. જીવ, જીવન, જગત, જગદીશ્વર શું છે, જીવનમાં મનુષ્યનાં કર્મ અને ધર્મ કેવાં હોવાં જોઇએ, જીવનની કૃતાર્થતા શામાં હોઈ શકે એ વિશે એમણે સતત વાંચ્યું, અને ચિંતવ્યું હતું. મનુષ્ય-જીવનનું અંતિમ ધ્યેય શું હોવું જોઇએ એ સમજવા માટે એમણે જૈનદર્શન અને વેદાંતદર્શનના ગ્રંથોનું તથા કુરાન, ઝંદ અવસ્તા વગેરે અન્ય ધર્મના ગ્રંથોનું વાચન અનુવાદ દ્વારા કર્યું હતું. એ તત્ત્વાભિનિવેશી હતા. તત્ત્વનો તાગ લેવા તેઓ સતત મનોમંથન કરતા રહેતા હતા.

એમણે સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, પૂર્વ અને ઉત્તર મીમાંસા જેવા છ ભારતીય દર્શનોનો અભ્યાસ કર્યો હતો. રામાયણ અને ભાગવત ઉપરાંત ભગવદ્ગીતા, પંચીકરણ, યોગવાસિષ્ઠ, મણિરત્નમાળા જેવા વેદાંતના ગ્રંથોનું અધ્યયન પણ કર્યું હતું. માતૃપક્ષે જૈન અને પિતૃપક્ષે વૈષ્ણવ વિચારવારસો પામેલા હોવાથી એમના મનમાં વેદાંત દર્શન અને જૈન દર્શનની તુલના સતત ચાલ્યા કરતી હતી. એમનો પક્ષપાત આ બંને દર્શનો તરફ હતો. એમણે જે કાવ્યો રચ્યાં છે એ વાંચતાં તો તેઓ વેદાંતી કવિ જ જણાય, જ્યારે એમના સમગ્ર વાઙ્મયનો અભ્યાસ કરતાં તેઓએ જૈનદર્શનનું હાર્દ પૂરું પીછાણ્યું અને સ્વીકાર્યું હતું, એમ લાગે છે. એમની આ મનોમંથન અને વિચારચંક્રમણની પ્રક્રિયા દ્વારા નોંધ વહીઓ રૂપે, પત્રો રૂપે, વાર્તાલાપોરૂપે, કાવ્યોરૂપે અને 'મોક્ષમાળા', 'ભાવનાબોધ' અને 'આત્મસિદ્ધિશાસ્ત્ર' જેવી રચનાઓ રૂપે જે કાંઈ પ્રગટ થયું છે, તેમાંથી એમની જે છાપ ઉપસે છે તે પ્રખર તત્ત્વશોધકની છે. જ્યાં લગી આત્મતત્ત્વ ચિહ્નિત થયું નહીં, મોક્ષરૂપ સમજાયું નહીં, ત્યાં લગી, તેઓ આજીવન સાધના કરતા રહ્યા હતા.

આમ તો એમણે જાનદર્શનના આચારાંગ, સૂત્રકૃતાંગ જેવા સૂત્રગ્રંથોનું, તેમજ તત્ત્વાર્થ, ઉત્તરાધ્યયન, સમયસાર, પ્રવચનસાર જેવા પાયાના ગ્રંથોનું તથા આચાર્ય હરિભદ્રસૂરિ અને અન્ય જૈન સૂરિઓએ લખેલા 'ષડદર્શનસમુચ્ચય', 'આનંદઘન ચોવીશી', 'ઉપમિતિભવપ્રપંચ', 'ક્ષપણાસાર', 'ગોમ્મતસાર', 'નયચક્ર', 'લબ્ધિસાર', 'સમ્મતિતર્ક', 'સર્વાર્થસિદ્ધિ', 'સ્વરોદયજ્ઞાન' અધ્યયન કર્યું હતું. એ જ રીતે એમણે 'જ્ઞાનેશ્વરી ગીતા', 'દાસબોધ', 'નારદ ભક્તિસૂત્ર', 'પરમાત્મપ્રકાશ', 'પાતંજલયોગ', 'પ્રવીણસાગર', 'પ્રાણવિનિમય', 'બાઈબલ', 'મનુસ્મૃતિ', 'મોહમુદ્ગર', 'યોગદૃષ્ટિ સમુચ્ચય', 'વિચારસાગર', 'વૈરાગ્યશતક', 'શિક્ષાપત્ર', જેવા ગ્રંથોનું પણ અધ્યયન કર્યું હતું. ઉપરાંત એમણે અન્ય ભારતીય દર્શનો સાથે જૈનદર્શનને સરખાવી, એમાં જે વિચારભેદ છે, તેની ચર્ચા કોઈ જાતનો આવેશ કે નિંદાભાવ દાખવ્યા વિના એક તત્ત્વમીમાંસક રૂપે કરી છે. એમની એ વિચારણામાં કેન્દ્રીય વિષય આત્મતત્ત્વ અને મોક્ષતત્ત્વને સમજવાનો રહ્યો હતો. અન્ય ભારતીય દર્શનોમાં અને વિશેષ કરીને પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસામાં એ વિષયોની જે છણાવટ થઈ છે તેની એમના વિચારકોષ અને ચિત્કોષ ઉપર ઘણી અસર પડી જણાય છે. તેથી બંને દર્શનોના અસલી મુદ્દાઓ પકડીને તેઓ પોતાનો અભિમત ઘડતા રહ્યા હોય એમ જણાય છે.

એક નોંધમાં તેમણે જણાવ્યું છે કે, 'મારા મનમાં એમ રહે છે કે વેદોક્ત ધર્મ પ્રકાશવો અથવા સ્થાપવો હોય તો મારી દશા યથાયોગ્ય છે. પણ જિનોક્ત ધર્મ સ્થાપવો હોય તો હજુ એટલી યોગ્યતા નથી, તો પણ વિશેષ યોગ્યતા છે.'[૧] બીજી એક નોંધમાં તેઓ લખે છે: 'વેદ, વેદાંત, સપ્તસિદ્ધાંત, પુરાણ, ગીતા કરિ જો જ્ઞેય, જાતને યોગ્ય/આત્મા હૈ તિસકો જબ જાન્યા તબ વિશ્રામ કૈસે ન હેવે?'[૨] ત્રીજી નોંધ જુઓ: 'જિનાગમમાં પ્રત્યેક આત્મા માની પરિમાણમાં અનંત આત્મા કહ્યા છે અને વેદાંતમાં પ્રત્યેક કહેવામાં આવી, સર્વત્ર ચેતનાસત્તા દેખાય છે તે એક જ આત્માની છે, અને આત્મા એક જ છે, એમ પ્રતિપાદન કર્યું છે; 'તે બેય વાત મુમુક્ષુ પુરુષે જરૂર કરી વિચારવા જેવી છે.'[૩] ચોથી નોંધ જુઓ: 'વેદાંત અને જિનાગમ એ સૌનું અવલોકન પ્રથમ તો ઉપદેશજ્ઞાનપ્રાપ્તિ અર્થે જ મુમુક્ષુ જીવે કરવું ઘટે છે. કારણ કે સિદ્ધાંતજ્ઞાન જિનાગમ અને વેદાંતમાં પરસ્પર ભેદ પામતું જોવામાં આવે છે.[૪] આ નોંધ પણ જોઇએ: 'વેદાંત છે તે શુદ્ધનયઆભાસી છે. શુદ્ધનયઆભાસવાળા 'નિશ્ચયનય' સિવાય બીજા નયને એટલે 'વ્યવહારનય'ને ગ્રહણ કરતા નથી. જિન અનેકાંતિક છે, અર્થાત્ તે સ્યાદ્વાદી છે.'[૫] વળી તેઓ નોંધે છે: 'વેદાંતાદિ દર્શનનો લક્ષ આત્મજ્ઞાન ભણી અને સંપૂર્ણ મોક્ષ પ્રત્યે જતો જોવામાં આવે છે, પણ તેનો યથાયોગ્ય નિર્ધાર સંપૂર્ણપણે તેમાં જણાતો નથી, અંશે જણાય છે, અને કંઈ કંઈ તે પણ પર્યાયફેર દેખાય છે. જોકે વેદાંતને વિષે ઠામઠામ આત્મચર્યા જ વિવેચી છે, તથાપિ તે ચર્ચા સ્પષ્ટપણે અવિરુદ્ધ છે, એમ હજુ સુધી લાગી શકતું નથી. એમ પણ બને કે વખતે વિચારનાકોઈ ઉભયભેદથી વેદાંતનો આશય બીજે સ્વરૂપે સમજવામાં આવતો હોય અને તેથી વિરોધ ભાસતો હોય, એવી આશંકા પણ ફરી ફરી ચિત્તમાં કરવામાં આવી છે, વિશેષ વિશેષ આત્મવીર્ય પરિણમાવીને તેને અવિરોધ જોવા માટે વિચાર કર્યા કરેલ છે, તથાપિ એમ જણાય છે કે વેદાંત જે પ્રકારે આત્મસ્વરૂપ

*મહાવીરના બોધને પાત્ર કોણ? જ્યારે સ્વદોષ દેખે ત્યારે તેને છેદવાને ઉપયોગ રાખનાર.*

કહે છે, તે જ પ્રમાણે આત્મ સ્વરૂપ નથી; કોઈ તેમાં મોટો ભેદ જોવામાં આવે છે; અને તે તે પ્રકારે સાંખ્યાદિ દર્શનોને વિષે પણ ભેદ જોવામાં આવે છે.'[૬] આગળ નોંધે છે: 'વેદાંત અને જિનસિદ્ધાંત એ બેમાં કેટલાંક પ્રકાર ભેદ છે. વેદાંત એક બ્રહ્મસ્વરૂપે સર્વ સ્થિતિ કહે છે. જિનાગમમમાં તેથી બીજો પ્રકાર કહ્યો છે.[૭] 'વેદાંત કહે છે: આત્મા એક જ છે, જિન કહે છે આત્મા અનંત છે. વેદાંત કહે છે: 'આ સમસ્ત વિશ્વ વંધ્યાપુત્રવત છે, જિન કહે છે: આ સમસ્ત વિશ્વ શાશ્વત છે.'[૮] 'આત્મ સ્વરૂપ જગત નથી, એવી વેદાંતે વાત કહી છે અથવા ઘટે છે, પણ બાહ્ય જગત નથી એવો અર્થ માત્ર જીવને ઉપશમ થવા અર્થે માનવો યોગ્ય ગણાય.'[૯] વળી નોંધે છે: 'વેદાંતવાળા બ્રહ્મમાં સમાઈ જવારૂપ મુક્તિ માને છે, તેથી ત્યાં પોતાને પોતાનો અનુભવ રહેતો નથી.[૧૦] વળી નોંધ મળે છે: 'સાંખ્ય (દર્શન) કહે છે કે બુદ્ધિ જડ છે. પતંજલિ, વેદાંત એમ જ કહે છે. જિન કહે છે કે બુદ્ધિ ચેતન છે. પતંજલિ કહે છે કે નિત્ય મુક્ત એવો એક ઈશ્વર હોવો જોઇએ. સાંખ્ય (દર્શન) ના કહે છે. જિન ના કહે છે.[૧૧] મતલબ કે વેદાંતને માન્ય માયિક ઈશ્વરના અસ્તિત્વને માનવાનો તેઓ ઈન્કાર કરે છે.

અઠ્યાવીસ વર્ષની વયે એમણે કરેલી નોંધો પૈકીની એક નોંધમાં તેઓ કહે છે: વેદાંતાદિમાં આત્મસ્વરૂપની જે વિચારણા કહી છે, તે વિચારણા કરતાં શ્રી જિનાગમમાં જે આત્મ સ્વરૂપની વિચારણા કહી છે, તેમાં ભેદ પડે છે.'[૧૨] આત્મા વિશેના વેદાંત અને જિનાગમના ખ્યાલની તુલના કરતાં તેઓ જણાવે છે કે વેદાંતદર્શન અને જૈનદર્શનમાં આત્માને નિત્ય અપરિમાણી અને સાક્ષીરૂપ માન્યો છે તે બાબત સમાન છે. પણ જૈન દર્શન એથી આગળ વધીને આત્માને અનિત્ય, પરિમાણી અને સાક્ષી-કર્તારૂપ માને છે, ત્યાં વેદાંતદર્શનથી એનો ખ્યાલ જુદો પડે છે. આથી આગળ વધીને એમણે આત્માના ખ્યાલ સાંખ્ય, યોગ, નૈયાયિક અને બૌદ્ધ દર્શનોમાં કયાં મળતો આવે છે અને ક્યાં જુદો પડે છે, એની વિચારણા પણ કરી છે. તેઓ એવા અભિપ્રાય ઉપર પહોંચ્યા છે કે 'સર્વ વિચારણાનું ફળ આત્માનું સહજસ્વભાવે પરિણામ થવું એ જ છે. સંપૂર્ણ રાગ-દ્વેષના ક્ષય વિના સંપૂર્ણ આત્મજ્ઞાન પ્રગટે નહિ એવો નિશ્ચય જૈને કહ્યો છે, તે વેદાંતાદિ કરતાં બળવાન પ્રમાણભૂત છે.[૧૩] જૈનદર્શન અને વેદાંતદર્શન વચ્ચેની સમાનતા અને જુદાપણાની આટલી સ્પષ્ટ વાત કર્યા પછી પણ એક પત્રમાં તેઓ એક મહત્ત્વનું વિધાન કરે છે: 'જૈન દર્શનની રીતિ જોતાં સમ્યગ્દર્શન અને વેદાંતની રીતિએ જોતાં કેવળજ્ઞાન અમને સંભવે છે.[૧૪]

અત્યાર સુધી આપણે શ્રીમદ્ વેદાંતદર્શન અને જૈનદર્શન વિશે વિચારતા અને માનતા હતા તેની આપણે વાત કરી. હવે આપણે શ્રીમદ્‌ની શબ્દસાધના અને અધ્યાત્મસાધનામાં વેદાંતદર્શન કેવું વણાયું છે તેની વિચારણા કરીશું. એ માટે પ્રથમ આપણે વેદાંતદર્શનની જે ઉપપત્તિઓ છે તે પ્રથમ સંક્ષેપમાં જોઈશું અને પછી શ્રીમદ્‌માં એનું અનુસંધાન ક્યાં અને કેવું છે સ્પષ્ટ કરીશું.

મનુષ્ય જીવનમાં અહંતા અને મમતામાં ઘેરાયેલો રહે છે, કામ-ક્રોધ, લોભ-મોહ, મદ-મત્સરથી પીડીતો રહે છે, રાગ-દ્વેષમાં ઉલઝતો રહે છે, આધિ-વ્યાધિ-ઉપાધિથી ત્રસ્ત થતો રહે છે, આધિભૌતિક-આધિદૈવિક-આધ્યાત્મિક સમસ્યાઓથી દુ:ખ-દર્દ, તાપ-સંતાપ અનુભવતો રહે છે. આ ત્રિવિધ તાપમાંથી મુક્તિ અને અને પરમાનંદરૂપ અક્ષય સુખની કામના કરતો રહે છે. એની આવી જે કાંઈ દશા છે એના મૂળમાં એનું અજ્ઞાન છે. એ અજ્ઞાનનો નાશ કેવળ યથાર્થ જ્ઞાનથી જ થાય. એવું જ્ઞાન એટલે આત્મજ્ઞાન. એ તેનું પ્રાપ્તવ્ય છે. એની પ્રાપ્તિ આત્મસ્વરૂપના જ્ઞાનથી થાય. એવું જ્ઞાન આંતરસાધના દ્વારા થાય. એવી સાધના કરવા ઇચ્છતા સાધકે મલ, વિક્ષેપ, અને આવરણ જેવા અવરોધકો હટાવવા માટે વિવેક, વૈરાગ્ય, શમદમ જેવી ષટ્‌સંપત્તિ અને મુમુક્ષતા જેવાં સાધનચતુષ્ટયનો આશરો લેવો પડે. ક્ષુવૃત્તિ છૂટી મુમુક્ષુવૃત્તિ જાગ્રત થતાં મૃણમય અવસ્થામાંથી ચિન્મય અવસ્થા ભણી યાત્રા કરવી પડે. એ યાત્રામાં સાધકે તપ, ત્યાગ, તિતિક્ષા, સહિષ્ણુતા, સમતા, ધૈર્ય જેવા ગુણો વિકસાવતા જઈ અંતઃકરણની શુદ્ધિ કરી, વૃત્તિઓનો નિરોધ કરી. યમ-નિયમના સહારે સમાધિ અવસ્થા પ્રાપ્ત કરી આત્મ પરમાત્મા સાથે યોગ સાધી, જીવનમુક્તિ પ્રાપ્ત કરી, બ્રાહ્મી અવસ્થા હાંસલ કરવી જોઇએ. નિત્ય અને અનિત્ય વસ્તુના વિવેક વડે અનિત્ય સંસારના સુખદુ:ખાત્મક બધા વિષયોમાંથી મમતારૂપ બંધનનો નાશ થઈ જતાં જે સ્થિતિનો અનુભવ થાય છે તે મોક્ષ છે. માણસે ખરું સુખ અને ખરો આનંદ શોધવા માટે પોતાનું અને જગતનું ખરું સ્વરૂપ શું છે તે સમજવાની મથામણ કરવી જોઇએ. જે એક તત્ત્વમાંથી જીવ અને જગતની ઉત્પત્તિ થઈ છે અને તે એક તત્ત્વમાં જ પાછો તેમનો લય થવાનો છે એવા આત્માનુભવમાં, શુદ્ધ એકત્વના, આત્મા-પરમાત્માના અદ્વૈત વિચારમાં પૂર્ણ સત્ય સમાયેલું છે–એમ વેદાંતદર્શન પ્રતિપાદિત કરે છે.

શ્રીમદ્ વેદાંત અપેક્ષિત આત્માર્થી હતા. મોક્ષમાર્ગના પ્રવાસી હતા. ધર્મવિચારમાં નિમગ્ન રહેતા ધર્મિષ્ઠ તો હતા જ, સાથોસાથ ગૂઢ જ્ઞાની હતા. વૃત્તિથી વૈરાગી હતા, પ્રવૃત્તિથી તપસ્વી હતા. પ્રબળ પુરુષાર્થી હતા. આત્મચિંતન કરી આત્મસાધન વડે આત્મદર્શન પ્રાપ્ત કરવા માટે તેમણે મોટો પુરષાર્થ કર્યો હતો. જૈનદર્શનમાં કહેવાયેલા વાંચવું, પૂછવું, વારંવાર ચિંતવવું, ચિત્તને નિશ્ચયમાં આણવું અને ધર્મકથાઓનો મર્મ ગ્રહણ કરવો એ ઉપાયો તો અજમાવેલા જ, ઉપરાંત, વેદાંતદર્શને પ્રબોધેલાં શ્રવણ, મનન અને નિદિધ્યાસનનાં સોપાનો પણ સર કરેલાં. જેટલા પુરુષાર્થી હતા એટલા સાહસિક પણ હતા. અખિલ બ્રહ્માંડમાં ચાલી રહેલી પરમ ચૈતન્યની લીલા નિહાળવામાં દેહ, વેષ, દશાનું ભાન ભૂલી દીવાના બનવાનું સાહસ એમણે કરેલું. એમના Vision, Mission અને Passion સ્પષ્ટ હતા. એમનું લક્ષ્ય હતું આત્મસિદ્ધિ



*ચાલ્યું આવતું વૈર આજે નિર્મૂળ કરાય તો ઉત્તમ, નહીં તો તેની સાવચેતી રાખજે.*

વડે મોક્ષપ્રાપ્તિ, એમનો પુરુષાર્થ હતો સર્વાંશે રાગદ્વેષ મુક્ત થવાનો. ભાડે મળેલા મનુષ્યશરીર વડે મોક્ષ પ્રાપ્ત કરવાનું જ કર્તવ્ય અને ગંતવ્ય હોય તો એ માટે આંતરસાધનામાં વિઘ્નરૂપ બનતાં અંતરાયોનો ત્યાગ કરવામાં એમની ખુમારી અને ખુદ્દારી હતી. તેથી દેહને લક્ષ્યપ્રાપ્તિનું સાધન ગણી, અનાયાસ પ્રાપ્ત થયેલી વિદ્યાઓનો અને વેપારવણજનો વ્યાસંગ છોડી, સર્વ સંબંધબંધન છેદીને એકાંતિક આંતરસાધનામાં રત રહેવાનું શહૂર એમણે દાખવ્યું હતું.

સાત વર્ષની વયે નિહાળેલી મરણઘટનાથી જાગ્રત થઈ, સોળ વર્ષની વયે 'હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું? કોના સંબંધે વળગણા છે? રાખું કે પરિહરું?' એનો શાંતભાવે વિચાર -વિવેક કરવા લાગેલા અને અઢારની વયે 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે, ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો' એવી ધખનામાં જીવતા, ઓગણીસથી સત્તાવીસની વયે ગૃહસ્થાશ્રમ અને વેપારવણજના કાળને ઉપાધિકાળ અનુભવતા, અઠ્ઠાવીસથી તેંત્રીસની વય સુધી મનવાંછિત તપશ્ચર્યામાં આગળ ધપેલા આ જીવની જીવનધાતુ સરેરાશ મનુષ્યથી જુદી હતી. એ તપસ્વી પુરુષે પોતાની તપશ્ચર્યા વડે જે દૈવત ખીલવ્યું તે અનન્ય સાધારણ હતું.

એ સમયે એમની દેહમનની દશા કેવી હતી, તે એમના શબ્દોમાં જ જોઇએ: 'એક પુરાણપુરુષ અને પુરાણપુરુષની પ્રેમ સંપત્તિ વિના એમને કંઈ ગમતું નથી. એમને કોઈ પદાર્થમાં રુચિમાત્ર રહી નથી...જેમ હરિએ ઈચ્છેલો ક્રમ દોરે તેમ દોરાઈએ છીએ. હૃદય પ્રાયે શૂન્ય જેવું થઈ ગયું છે...એક પ્રકારે પૂર્ણ ઘેલછા છે...જેનું ઠેકાણું નથી એવી અમારી દશા છે...અમારો દેશ હરિ છે, જાત હરિ છે, કામ હરિ છે, દેહ હરિ છે, નામ હરિ છે, સર્વ હરિ છે' જો આ શબ્દો શ્રીમદ્‌ના છે એમ જાણતા ન હોઇએ તો આપણે એને ચૈતન્ય મહાપ્રભુ, મીરાં, અંડાલ, લલ્લ, દાદુ કે દયાળના જ માનીએને!

પોતે અપેક્ષ્યો હતો એવો અપૂર્વ અવસર જ્યારે આવશે ત્યારે પોતાની દશા કેવી હશે, એના વિશે એક પત્રમાં તેઓ લખે છે: 'રોમ રોમ ખુમારી ચડશે, અમરવરમય જ આત્મદૃષ્ટિ થઈ જશે. એક 'તુંહિ તુંહિ' મનન કરવાનો પણ અવકાશ નહીં રહે ત્યારે અમરવરના આનંદનો અનુભવ થશે. અત્રે એ જ દશા છે. રામ હૃદયે વસ્યા છે, અનાદિનાં ખસ્યાં છે. સુરતી ઇત્યાદિક હસ્યાં છે. આ પણ એક વાક્યની વેઠ કરી છે.'

શ્રીમદ્‌ના પોતાના જીવનકવનમાં આ દર્શનો કેવાં વણાઈ ગયાં હતાં તે આપણે જોયું. હવે એક સમર્થ ઉદાહરણ વડે આપણી સ્થાપનાને દૃઢ કરીએ. ઓગણત્રીસની વયે એક જ બેઠકે એમણે રચેલું આત્મસિદ્ધિ નામનું નાનું ગ્રંથપ્રકરણ એમના વેદાંતી અને દાર્શનિક વિચારનો ઉત્તમ નમૂનો છે. ગુજરાતી ભાષામાં દોહરા છંદમાં ૧૪૨ ગાથાઓમાં રચેલા આ કાવ્યના નિરૂપ્યમાણ વિષય ઉપર જ ઈષત્ દૃષ્ટિપાત કરીએ. ક્રિયાજડ અને શુષ્ક જ્ઞાનીનાં લક્ષણો, ત્યાગ-વૈરાગ્ય અને આત્મજ્ઞાનનો અન્યોન્ય સંબંધ, આત્માર્થી અને મતાર્થીનાં લક્ષણો, સદ્‌ગુરુનાં લક્ષણો, એમનું શરણ, નિજ સ્વરૂપની પ્રાપ્તિમાં એમની સહાય, આત્માના અસ્તિત્વ વિશેની શિષ્યની શંકા અને તેનું આપવામાં આવેલું સમાધાન, આત્મા નિત્ય છે કે કેમ: શંકા અને સમાધાન, આત્મા કર્મનો કર્તા છે કે કેમ: શંકા અને સમાધાન, કર્મનું ભોકતાપણું: શંકા અને સમાધાન, જીવનો કર્મથી મોક્ષ: શંકા અને સમાધાન, મોક્ષનો ઉપાય: શંકા અને સમાધાન, મોક્ષમાં જાતિ-વેષનો ભેદ નહીં, જિજ્ઞાસુનાં લક્ષણો, પરમાર્થ સમકિત, ચારિત્ર, કેવળજ્ઞાન અને અનાદિ વિભાવનો નાશ, ધર્મનો મર્મ, આત્માનું ખરું સ્વરૂપ, શિષ્યને બાધબીજ પ્રાપ્તિ, છ પદના ઉપદેશનું રહસ્ય, સદ્‌ગુરુ પરત્વે શિષ્યની અપૂર્વ ભક્તિ, શિષ્યના પ્રતિભાવો અને ઉપસંહાર.

વેદાંતના તમામ ગ્રંથોનો વિષય છે આત્મતત્ત્વ અને મોક્ષતત્ત્વની પ્રાપ્તિ. આ રચનાનો વિષય પણ એ જ છે. એની નિરૂપણ પદ્ધતિ પણ ઉપનિષદોની માફક ગુરુ-શિષ્યની સંવાદની છે. શિષ્ય દ્વારા ગુરુને આત્માના સ્વરૂપ, આત્માના કતૃત્વ, ભોક્તૃત્વ, જીવનો કર્મથી મોક્ષ સંભવિત ખરો કે કેમ, મોક્ષનો ઉપાય શો–જેવા પ્રશ્નોના ગુરુએ એવા જ નાસાગ્ર (સીધા) અને મુદ્દાસર આપેલા ઉત્તરો, એવી પ્રશ્નોત્તરની રીત વેદાંતનાં ગ્રંથો જેવી જ છે. એમાં વેદાંતની માફક કર્મ અને ધર્મનાં રહસ્યોનું નિરૂપણ છે, સદ્‌ગુરુની અનિવાર્યતા અને ઉપકારકતાનું આલેખન છે. આયુર્વેદ જે રીતે ચાર આર્ય સત્યો દ્વારા જ્ઞાન આપે છે: (૧) રોગ છે. (૨) રોગનું કારણ છે. (૩) તેનું નિદાન છે. (૪) તેનો ઉપચાર છે. એ જ રીતે બૌદ્ધદર્શન જે ચાર આર્ય સત્યો દ્વારા જ્ઞાન આપે છે: (૧) જીવનમાં દુ:ખ છે. (૨) દુ:ખનું કારણ છે. (૩) તેનું નિદાન શક્ય છે. (૪) તેનો ઉપચાર છે. એ જ રીતે આ રચનામાં શ્રીમદ્ આત્માસંબંધી જ્ઞાન આપવા છ આર્ય સત્યો પ્રગટ કરે છે: (૧) આત્મા છે. (૨) તે નિત્ય છે. (૩) તે કર્તા છે. (૪) કર્તા હોવાથી તે પરિણામોનો ભોકતા પણ છે. (૫) કર્મબંધનથી મુક્તિ શક્ય છે. (૬) આત્માનો મોક્ષ છે, એનો ઉપાય પણ છે.

આત્માને વિષય બનાવી એના ઉદ્ધાર સુધીના સોપાનો દર્શાવતો આ ગ્રંથ, વેદાંતના પાયારૂપ ઉપનિષદો જેવો જ ઉપનિષદ ગ્રંથ છે. એમાં કોઈ એક ધર્મ, સંપ્રદાય, પંથ કે મતની વાત નથી. એમાં તમામ પાર્થિવ બાબતોથી ઉપરવટ જતી પારમાર્થિક અંતિમ સત્યની વાત છે. જે અનુભૂતિમૂલક છે, ધારણામૂલક નથી. એટલે તો 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' ગ્રંથને આદરણીય પંડિત સુખલાલજીએ 'આત્મોપનિષદ' કહીને ઓળખાવ્યો છે. અન્ય શતાધિક ઉપનિષદોનું પ્રકાશન કરનાર અમદાવાદના સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલયે 'આત્મોપનિષદ' નામે જ એનું પ્રકાશન કર્યું છે. અને પંડિત સુખલાલજી ઉપરાંત, કાનજી-

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૯૩)

*તેમ નવું વૈર વધારીશ નહીં, કારણ વૈર કરી કેટલા કાળનું સુખ ભોગવવું છે એ વિચાર તત્ત્વજ્ઞાતાઓ કરે છે.*

જૈન પરંપરાના પુનરુધ્ધારકો

# પંડિત સુખલાલજી : વિરલ દાર્શનિક પ્રતિભા

❑ આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી

*[ સાહિત્યના ઇતિહાસના પાનાં પર કેટલાંક મહાપુરુષો એવા થઈ ગયા છે, જેણે પરંપરા, સંસ્કૃતિ, સમાજમાં પોતાનું આગવું પ્રદાન કર્યું છે. તેમના આ પ્રદાનને ફરી એકવાર આ શ્રેણી અંતર્ગત યાદ કરવાનો પ્રયત્ન કરીએ છીએ. દર્શન, અધ્યાત્મ, સંશોધનમાં તેમણે ભજવેલી ભૂમિકાને કારણે આપણી પરંપરા વધુ સુદૃઢ અને સમૃદ્ધ બની છે. –**તંત્રી** ]*

જૈન ધર્મ તત્ત્વજ્ઞાન, સ્થાપત્ય, ત્યાગ, ચારિત્ર્ય અને શ્રેષ્ઠ દાનભાવનાની ઉજ્જવળ પરંપરા ધરાવે છે. જૈન ધર્મે પોતાની આ પરંપરામાં એવું વિરલ પ્રદાન કર્યું છે કે સૈકાઓ પર્યંત તે વિભૂતિઓ ભુલાતી નથી.

પંડિત સુખલાલજી જૈન દર્શનના જ નહીં, પણ ભારતીય દર્શનોના શ્રેષ્ઠ વિદ્વાન હતા. અસાધારણ બુદ્ધિપ્રતિભા ધરાવતા પં. સુખલાલજી મૂળ સૌરાષ્ટ્રના વઢવાણ શહેરના હતા. જન્મથી ૧૬ વર્ષની વય સુધી તેમની નેત્રજ્યોતિ ઝળહળતી હતી. શીતળાના રોગમાં આંખો ગઈ અને પંડિતજી સ્વયં કહે છે તેમ અંતરની આંખો ઊઘડી ગઈ. જન્મે જૈન અને કુટુંબ ધાર્મિક એટલે ઘરે અવારનવાર મુનિવરો પધારે. તેમની ભક્તિનો લાભ મળે. તેમની સાથે અનેક જાતની વાતો પણ થાય. મુનિઓ સમજાવે કે તમે ધાર્મિક અભ્યાસ કરી લો, જેથી જીવન વ્યતીત કરવામાં સરળતા રહેશે. સુખલાલજી બાળપણથી વિરલ પ્રતિભા ધરાવતા હતા. તેમને થતું હતું કે જૈન ધર્મનો ઊંડાણથી અભ્યાસ કરવો છે. એક મુનિ મહારાજ ઘરે આવ્યા ત્યારે તેમની પાસેથી 'રઘુવંશ'ની નકલ આઠ દિવસ માટે લીધી અને તેના દસ સર્ગ કંઠસ્થ કરી લીધા!

એ જમાનામાં એમ કહેવાતું કે કિશોર વયના છોકરાઓને વિજયધર્મસૂરિજી મહારાજ ઉપાડી જાય છે.

એ સમયે વિજયધર્મસૂરિજી મહારાજ થોડાક સાધુઓ અને ૧૨ કિશોર વયના છોકરાઓની ટોળી લઈને કાશી પહોંચ્યા. એ છોકરાઓની ટોળીમાં સુખલાલજી અને બેચરદાસ દોશી પણ હતા.

અત્યંત તેજસ્વી વિદ્યાર્થી હતા એ કિશોરો.

પં. બેચરદાસજી કહેતા કે વિજયધર્મસૂરિજી કાશીથી કલકત્તા વિહાર કરીને જવાના હતા. ત્યાં પાંચ યુવાનોની દીક્ષા હતી. અમે પણ વિદ્યાર્થીઓ સાથે હતા. સુખલાલજી પ્રજ્ઞાચક્ષુ હતા. બેચરદાસજી ચાલતાં ચાલતાં વાંચે અને મોટેથી બોલે, સુખલાલજી સાંભળે. આ રીતે બન્નેએ શ્રી હેમચંદ્રાચાર્યની લઘુવૃત્તિના ૬,૦૦૦ શ્લોકો કંઠસ્થ કરી લીધા. પં. બેચરદાસજી એમ પણ કહેતા કે અમે રસ્તામાં એકબીજાનો હાથ પકડીને ચાલતા. સૂત્રોની એક બીજા સાથે ચર્ચા કરતા અને એમ કરીને સંસ્કૃત અને પ્રાકૃતનો અભ્યાસ કરી લીધો.

કાશીમાંથી તૈયાર થઈને પં. સુખલાલજી અજમેર, બિકાનેર, પાલણપુર વગેરે સ્થળોએ જૈન મુનિઓને ભણાવવા માટે પહોંચ્યા. જીવન યાપન કરતી વખતે આજીવિકા પણ નિભાવવાની હોય છે. પં. સુખલાલજી અનેક સ્થળે પહોંચ્યા, પણ તેઓ કહેતા કે, 'ઉત્તમ વિદ્યાર્થી તરીકે થોડાક સ્થાનકવાસી સાધુઓ જ મળ્યા.' તે સમયે પં. સુખલાલજી વાચક ઉમાસ્વાતિજીકૃત 'તત્ત્વાર્થ સૂત્ર'નું ચિંતન મનન કરતા. તત્ત્વાર્થ સૂત્ર જૈન ધર્મનો સર્વપ્રિય પ્રતિનિધિ ગ્રંથ છે. આકર ગ્રંથ છે. અદ્ભુત ગ્રંથ છે એ. પંડિતજીને લાગ્યું કે આ ગ્રંથનું વિશેષ સ્પષ્ટીકરણ એવી રીતે કરવું જોઈએ કે અભ્યાસીઓનો તે આવશ્યક ગ્રંથ બની રહે. પં. સુખલાલજીએ તત્ત્વાર્થ સૂત્રનું ગુજરાતી કર્યું અને તેની દીર્ઘ પ્રસ્તાવના પણ લખી. તત્ત્વાર્થ સૂત્રની આ વિવેચનાએ પં. સુખલાલજીને વિશ્વભરમાં ખ્યાતિ આપી. કાકા કાલેલકર, પં. સુખલાલજી, પં. બેચરદાસજી, ગુજરાત વિદ્યાપીઠમાં શિક્ષક તરીકે જોડાયા અને તે સમયે કાકા કાલેલકરે તેમને થોડાક પ્રશ્નો લખીને મોકલ્યા. આ પ્રશ્નોત્તર પં. સુખલાલજીના દર્શન અને ચિંતન ગ્રંથમાં નિહાળવા મળે છે અને તેઓ ધર્મ તત્ત્વને કેટલી વિશિષ્ટ દૃષ્ટિથી પારખે છે તે આપણને સમજાય છે.

પં. સુખલાલજી જૈન ધર્મ વિશ્વવ્યાપક બને તેવું ઝંખતા હતા. જૈન ધર્મની મહાનતા રૂઢિચુસ્ત લોકોએ ઝાંખી કરી છે એવું તેઓ માનતા હતા. પં. સુખલાલજી સુધારક નહોતા. તેઓ સુધાર વિચારક હતા. ડૉ. રમણલાલ ચી. શાહ તેમના 'વંદનીય હૃદયસ્પર્શ' નામના ગ્રંથમાં નોંધે છે કે: 'એક વાર હું અને પંડિતજી બહાર જતા હતા. મેં તેમનો હાથ પકડ્યો હતો. સરિત કુંજનું આંગણું વટાવતાં પહેલાં એમણે કહ્યું કે ઊભા રહો, પછી હાથ

જોડીને તેમણે કશુંક ગણ્યું.

મેં પૂછ્યું કે, 'તમે શું કર્યું?'

પંડિતજી કહે કે, 'ત્રણ નવકાર ગણ્યા.'

મેં આશ્ચર્ય વ્યક્ત કર્યું તો પંડિતજી કહે કે, 'શ્રી નવકાર મંત્ર મહાન મંત્ર છે, શ્રદ્ધા વગર આપણું જીવન ટકી જ ન શકે. બહારગામ જતા કે કોઈ પણ કામ માટે જતાં હું હંમેશાં મનમાં નવકાર ગણી લઉં છું, પછી આગળ વધું છું!'

આવા હતા પંડિતજી.

પુરાતત્ત્વાચાર્ય જિનવિજયજી અને આગમ પ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી સાથે ગાઢ સંબંધ ધરાવતા પં. સુખલાલજી જીવનની પ્રત્યેક પળ ચિંતન અને અભ્યાસ સાથે જોડીને બેઠા હતા. આજીવન નિર્મળ બ્રહ્મચર્યના પાલક પં. સુખલાલજી જૈન ધર્મનું તત્ત્વ અને ભારતીય ધર્મનું તત્ત્વ મૌલિક રીતે સમજાવતા. તેમને મહાત્મા ગાંધીજી પ્રત્યે ખૂબ આદર હતો. કોઈ જૈન મુનિ મળવા આવે કે કોઈ પ્રશ્ન પુછાવે તો ખૂબ રાજી થતા. ઘણી વાર ફરિયાદના સૂરમાં બોલતા કે જૈન મુનિઓએ અભ્યાસ પ્રત્યે વિશેષ લક્ષ્ય આપવું જોઈએ. નવનિર્માણ આંદોલન વખતે તેમણે વિદ્યાર્થીઓનો પક્ષ લઈને ચીમનભાઈ પટેલ સરકારને ચીમકી આપી હતી. તો તે સમયે તમામ વિદ્યાર્થીઓને એક સાથે પાસ કરી દેવા માટે સરકારની યોજના તરફ અણગમો પણ દાખવ્યો હતો. જીવન સંધ્યાએ મુનિ જિનવિજયજી સરિત કૂંજમાં આવ્યા ત્યારે તેમને કેન્સર થયાનું નક્કી થયું. પં.સુખલાલજી વિહ્વળ થઈ ગયા.

પં. સુખલાલજી વીસમી સદીના વિશિષ્ટ દાર્શનિક વિદ્વાન છે. તેમના ગ્રંથો દેશ વિદેશના અભ્યાસીઓને આજે પણ પ્રેરણાનો પંથ ચીંધે છે.

સોળ વર્ષની વયે આંખ ગુમાવેલો એક કિશોર પોતાના વિશિષ્ટ પુરુષાર્થથી કઈ કક્ષા સુધી પહોંચે છે તે પંડિત સુખલાલજીનું જીવન જોઈએ છીએ ત્યારે સમજાય છે.

દેશના અનેક માન અકરામ પામેલા, દેશની અનેક યુનિવર્સિટીઓ તરફથી ડી. લિટ્‌ની પદવી પામેલા, સુખલાલજી નવું નવું શીખવાની હંમેશાં કોશિશ કરતા. ભારત સરકારે આ વિશિષ્ટ પ્રતિભાનું 'ભારત રત્ન' પદ અર્પણ કરીને બહુમાન કરવું જોઈતું હતું. આવી મહાન પ્રતિભાઓ કેટલા સૈકા પછી મળતી હોય છે!

* * *

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયેલ અનુદાનની યાદી

**સંઘના આજીવન સભ્યો**

| | |
|---|---|
| ૫૦૦૦ | શ્રી બિપિન આર. શાહ |
| ૫૦૦૦ | શ્રી છોટાલાલ જે. શેઠ |
| ૫૦૦૦ | શ્રી મહેન્દ્ર હેમરાજ શાહ |
| ૫૦૦૦ | શ્રીમતિ કલ્પનાબેન સુરેન્દ્ર શાહ |
| ૫૦૦૦ | શ્રીમતી જયાબેન હસમુખ શાહ |
| ૫૦૦૦ | શ્રી આર. એમ. જૈન |
| ૫૦૦૦ | શ્રી વિરેશ એમ. જસાણી |
| **૩૫૦૦૦** | **કુલ રકમ** |

**કિશોર ટીમ્બડીયા કેળવણી ફંડ**

| | |
|---|---|
| ૨૫૦૦૦ | શ્રી જમનાદાસ પ્રભાશંકર અને શ્રીમતી ગુલાબ-જમનાદાસ શેઠ ચેરિટિ ટ્રસ્ટ |
| ૧૦૦૦ | શ્રી હિમાંશુ રતિલાલ પાલેજવાળા |
| **૨૬૦૦૦** | **કુલ રકમ** |

**'પ્રબુદ્ધ જીવન' નીધિ ફંડ**

| | |
|---|---|
| ૫૦૦૦ | શ્રીમતિ સુહાસિનિ રમેશભાઈ કોઠારી હસ્તે: રમાબેન મહેતા |
| **૫૦૦૦** | **કુલ રકમ** |

**જનરલ ડોનેશન**

| | |
|---|---|
| ૫૦૦૦ | શ્રી સૌમિલ એન. મહેતા |
| ૨૦૦૦ | શ્રી રમેશભાઈ અમૃતલાલ મહેતા |
| ૧૨૫૦ | શ્રી વિનોદ જે. વસા લાઈફ મેમ્બરની રૂએ 'પ્રબુદ્ધ જીવન'ના હકદાર હોવા છતાં તેઓએ પાંચ વર્ષના લવાજમ પેટે સંસ્થાને સહર્ષ અનુદાન આપેલ છે. |
| ૧૦૦૦ | શ્રી રવિન્દ્ર એમ. ડેઢીયા |
| **૯૨૫૦** | **કુલ રકમ** |

**શ્રી દત્ત આશ્રમ અને સેવા ટ્રસ્ટ**

**ચેક અર્પણ કર્યા પછી પણ દાન પ્રાપ્ત થયું છે.**

| | |
|---|---|
| ૨૫૦૦૦ | શ્રીમતિ કાંતાબેન મહાસુખલાલ પરીખ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૨૫૦૦૦ | લાયન્સ ક્લબ ઑફ ગેટવે ચેરિટી ફંડ હસ્તે ઉષાબેન શાહ |
| ૨૪૦૦૦ | એચ. ડી. ઈન્ડસ્ટ્રીઝ હસ્તે: કલ્પાબેન શાહ |
| ૫૦૦૦ | શ્રી ભરતભાઈ કાંતિલાલ પારેખ |
| ૫૦૦૦ | શ્રી સૂર્યકાંત પ્રાણલાલ શાહ |
| **૮૪૦૦૦** | **કુલ રકમ** |

**જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ**

| | |
|---|---|
| ૨૫૦૦૦ | લાયન્સ ક્લબ ઑફ ગેટવે ચેરિટી ફંડ હસ્તે ઉષાબેન શાહ |
| **૨૫૦૦૦** | **કુલ રકમ** |

*આ સઘળાંનો સહેલો ઉપાય આજે કહી દઉં છું કે દોષને ઓળખી દોષને ટાળવા.*

# આચાર્ય બુદ્ધિસાગરજીની સાહિત્યિક કૌશલ્યતા

☐ ડૉ. રેણુકા પોરવાલ

ભારતીય ભાષાઓને સમૃદ્ધ કરવામાં જૈન સાધુઓનું મહત્તમ યોગદાન સદીઓથી રહ્યું છે. આચાર્ય બુદ્ધિસાગર પણ તેમાંના જ એક સાધુ સંત, જેમણે ગુજરાતી ગદ્ય અને પદ્ય સાહિત્યમાં ઘણું જ વિશાળ અને વિશિષ્ટ સર્જન કર્યું. એમનું મોટાભાગનું સાહિત્ય બિનસાંપ્રદાયિક છે. એમાં લોકો માટેનો ઉપદેશ, બોધ, સૂચન, રોજીંદી જીંદગીમાં અધ્યાત્મ વગેરે બધું જ ઠાંસી ઠાંસીને ભર્યું છે. તેમનું કોઇપણ એકાદ પુસ્તક ખોલો તો એમાંથી કોઈ ને કોઈ બોધ વાચકની જાણ બહાર દિલોદિમાગ પર છવાઈ જાય. તેમની રચનાઓ તો ભક્તોને અગમ્ય અગોચર પ્રદેશમાં ખેંચી જઈ પારલૌકિક આનંદ કરાવવાની ક્ષમતા ધરાવે છે.

ગુરુદેવની અગણિત પદ્યરચનામાંથી ભજન, ગઝલ, કવ્વાલી, સ્તવન, પદ, વગેરે દરેકમાં તેમનું વિશાળ જ્ઞાન દૃષ્ટિગોચર થાય છે. આ લેખમાં આપણે ફક્ત ગુરુદેવની અલખનો નાદ જગાવતી ગઝલોને માણીશું. દરેક ગઝલ પર ગુરુદેવે શીર્ષક આપ્યું છે.

**મારી ત્યાગ દશા**

ત્યજ્યાં માતા પિતા, ભ્રાતા, ત્યજ્યા વ્હાલા સગા સર્વે.
ત્યજાઈ દેહની મમતા, નિરંજન નિત્ય નિર્ધાર્યો,
અકળ તારું સ્વરૂપ જોવા, ફકીરી વેશ લીધો મેં,
અમર દીવો હૃદયનો તું, શુભ ધ્યાને બહુ જોયો.
છૂપાયો તું છુપી રીતે, તથાપિ ઢૂંઢતો પ્રેમે
ખરી દૃષ્ટિ થકી ખોળ્યો, તથાપિ ભાસતો દૂરે
ઘણો સરૂપી તું, અનુભવ દૃષ્ટિથી જોયો.
સ્વયં શોધ્યો સ્વયં દીઠો, સ્વયં ગાયો સ્વયં ધ્યાયો.
સ્વયં સત્તા, સ્વયં વ્યક્તિ, સ્વયં રૂપાની સદા હું છું.
પૂરણમાં પૂર્ણ હું પોતે, પ્રકાશી જ્યોતિમય ભાસું.

ગુરુદેવને પ્રભુનો સાક્ષાત્કાર થયો એનું બયાન એમણે કર્યું છે. અજર, અવિનાશી આત્માને તેમણે સ્વયં શોધ્યો. તેનું શુદ્ધ સ્વરૂપ શુભ ધ્યાન જ્યોતિરૂપે અનુભવ્યું. (चिदानंद रूप: शिवोहम्।) વળી જ્યારે પૂર્ણમાં પૂર્ણનો પ્રાદુર્ભાવ થાય છે ત્યારે તે સ્વયં પ્રકાશે છે. 'इशावाश्यम्' ગ્રંથમાં આ જ વસ્તુ આલેખી છે. 'पूर्णात् पुर्णमुच्यते'।

આચાર્યશ્રીની ગઝલોની દુનિયામાં એક આખો ભજનસંગ્રહ ભાગ-૫ અને અન્ય સંગ્રહોમાં ૭ અને ૯મા ભાગમાં પણ ઘણી ગઝલોનો સમાવેશ છે. હૃદયના ઉંડાણમાંથી આપમેળે દ્રવતા ગૂઢ ભાવોને પ્રતિબિંબિત કરવા હોય તો શ્રેષ્ઠ માધ્યમ ગઝલ છે. ગઝલની વ્યાખ્યા જોઇએ તો જ્યારે હરણબાળ ઘાયલ થઈ પોતાના સ્વામીને આર્જવ ભાવે પુકારે તેને ગઝલ કહેવાય છે. આ માટે જ ગઝલના રચનાકાર હોય છે. પરંતુ જેને ઉદ્દેશીને રચના થઈ હોય તે ગેરહાજર હોય. ગુરુદેવની ગઝલોમાં વૈવિધ્ય છે–અલખનો નાદ, વીરરસમાં ભીંજાતી કવિતાઓ, દીક્ષાનો ઉદ્દેશ્ય, પ્રામાણિકતા, અમારો તું સદાનો બેલી, આત્મિક કાર્યની ઉન્નતિની દિશા વગેરે છે.

**અલખ ફકીરીની મસ્તાની (ગઝલ)**

'અમે ઉસ્તાદના ચેલા, ફકીરી વેષમાં ફરતા,
નથી દુનિયાતણી પરવા, અલખની ધૂનમાં રહેતા (૧)
જગાવીશું હૃદય ગુફા, ધ્રુજાવીશું વિકલ્પોને,
જગાવીશું ચિદાત્માને, નથી લેવું નથી દેવું. (૨)
થઈ અધ્યાત્મમાં નિષ્ઠા, કરીશું ધર્મ વ્યવહારો,
અલખના દેશમાં જાવા, સજીશું સાધનો સર્વે (૬)
જણાવીશું જીનાજ્ઞાને, પ્રભુના પંથમાં વહીશું,
કરી લે ચાહે તે દુનિયા, અમારે વીરનું શરણું.' (૧૦)

**આવતા અંકથી શરૂ થતી નવી શ્રેણી.. 'જો હોય મારો આ અંતિમ પત્ર તો...'**

પ્રબુદ્ધ વાચકો,

'પંથે પંથે પાથેય'નો વિસ્તાર આજે વિદ્વાનોની કલમના અનુભવ તરફ દોરી રહ્યો છે. શબ્દો, એ મનુષ્યની ગેરહાજરીમાં પણ સાક્ષાત્કાર કરાવતાં રહે છે. આપણી આસપાસ ચિંતકો, સાહિત્યકારો, મીમાંસકો, યોગીઓ સહુની હાજરી, હૃદયને શાતા આપે છે. તો એમની પાસેથી એક અંતિમ પત્ર લખાવવાની ઈચ્છા છે. જો આ અંતિમ પત્ર હોય તો પોતાના જીવનના અનુભવો-સમૃદ્ધિને વિદ્વાનો કયા શબ્દોમાં આપણી પાસે મુકી આપે? એમને પોતાના પ્રબુદ્ધ વાચકો પાસે સ્વજન બની હૃદય ઠાલવ્યું છે, વિચારો વહેતા કર્યા છે અને અનુભવો સીંચીને વારસા રૂપે આપણને ભેટ આપ્યા છે. તો ચાલો રાહ જુઓ આવતા મહિનાથી ચાલુ થતી આ શ્રેણીની, જેમાં વાંચશો... 'જો હોય મારો આ અંતિમ પત્ર તો...'

–તંત્રી

ગઝલના સ્વરૂપને કાયમ રાખી ગુરુદેવે ગઝલની રચના કરી. ગઝલના બાહ્ય સ્વરૂપમાં ગઝલની કડીઓ એકી સંખ્યામાં હોય છે. ઉપરાંત શબ્દોનું પુનરાવર્તન દરેક બીજી પંક્તિમાં મોટે ભાગે હોય છે. ઉપરોક્ત ગઝલમાં આચાર્યશ્રીએ પ્રભુ માટે 'ઉસ્તાદ' શબ્દ વાપર્યો જેથી ગઝલના આત્મિક સૌન્દર્યમાં વધારો થાય છે. પોતાને ગુરુદેવે ફકીરી વેશમાં ફરતા અવધૂત મસ્તરામ તરીકે ઓળખાવ્યો. અહીં તેમનું નિર્ભિક વ્યક્તિત્વ, ધ્યાન અને સાધનામાં રત રહેતા યોગી જેવું જણાય છે જે હર પળ અલખની ધૂનમાં જ રહે છે. સંસારના કાવાદાવાથી પર રહેતા તેમણે ધ્યાનના બળે કેટલી યોગ્યતા મેળવી હતી તે તેમની ગઝલોમાં વર્તાય છે. તેઓ જિનાજ્ઞા પ્રમાણે રહેતા હતા માટે દુનિયાદારીથી દૂર રહી કેવળ પ્રભુ મહાવીરના શરણમાં જ સર્વજ્ઞા અર્પણ કરી મસ્ત જીવન ગુજારતા એ તેમની કૃતિઓમાં સુપેરે નજરે પડે છે.

**'અમારો ધર્મ ફેલાવવા કરેલી પ્રતિજ્ઞા'**

અમારો ધર્મ ફેલાવા દીધી છે પ્રાણ આહુતિ
ઝુકાયો હું કરી યા હોમ, અમારી એ પ્રતિજ્ઞા છે. (૧)
બન્યો હું વીરનો ચેલો, બનાવીશું સકલ વીરો,
કર્યું અર્પણ જીવન સઘળું, અધિક નહિ ધર્મથી બીજું. (૨)
બનાવીશું બધાને જૈન, પ્રભુના તત્ત્વ દેખાડી,
બની બહાદૂર બનાવીશું, બુદ્ધયબ્ધિ ધર્મની સેવા. (૫)

આચાર્યશ્રીએ જૈન ધર્મનો સર્વત્ર પ્રચાર-પ્રસાર કરવા માટે 'યા હોમ' કરીને પ્રતિજ્ઞા લીધી, એમાં પ્રાણની આહુતિ આપી. મહાવીર સ્વામીના પોતે શિષ્ય બન્યા અને અનેકને પ્રભુનો સંદેશો પહોંચાડવાની નેમ રાખી. અંતમાં બધાને જૈન ધર્મના અહિંસા અને અનેકાંત જેવા તત્ત્વો દર્શાવી ધર્મની સેવા કરવાનું વ્રત લે છે.

ઉપરોક્ત ગઝલ પાંચ કડીની છે. એમાં ગુરુદેવે સ્થૂલ રીતે પોતાની પ્રતિજ્ઞા, અર્પણ અને સેવાકાર્ય બધું સમાવી દીધું. અહીં તેમણે ગઝલનું સંપૂર્ણ સ્વરૂપ પણ પૂર્ણ રીતે દર્શાવ્યું, જે નીચે મુજબ છે.

જૈન ધર્મની પ્રચારની પ્રતિજ્ઞા-એ ગઝલનો સૂર્યોદય છે જેને 'મત્લઅ' કહે છે. પ્રભુના શિષ્ય બન્યા. પ્રભુને જીવન અર્પણ કર્યું-એ ગઝલનો મધ્યાન્હ છે. પ્રભુના તત્ત્વ લોકોને દર્શાવી ધર્મની સેવા કરશું અને સર્વને જૈન બનાવીશું.-આ ગઝલનો સૂર્યાસ્ત છે જે 'મક્તઅ' કહેવાય છે.

આ પ્રમાણે ગુરુદેવે મોટાભાગની ગઝલો, તેના નિયમને આધીન રહીને તૈયાર કરી છે. નવીન પરિબળો ઝીલતી તેમની કાવ્યસૃષ્ટિ અદ્ભૂત કહી શકાય. ✷✷✷

૧૧૦૫, ઝેનીથ ટાવર, પી. કે. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૮૦
મોબાઈલ : ૯૮૨૧૮૭૭૩૨૭.

**સંજોગોવશાત કથાની તારીખ બદલાઈ છે.**

**નોંધ લેવા વિનંતી.**

**પ્રબુદ્ધ વાચકો, આચાર્યશ્રી બુદ્ધિસાગર સૂરિજીની સાહિત્ય સમૃદ્ધિ વિશે, આપણે છેલ્લા ત્રણેક અંકોથી માણી રહ્યા છીએ. જૂન ૧૬, ૧૭, ૧૮ તારીખે કર્મયોગી, ધ્યાનયોગી, અધ્યાત્મયોગી મસ્ત અવધૂત આચાર્યશ્રી બુદ્ધિસાગર સૂરીશ્વરજીના સાહિત્ય સર્જન વિશે ડૉ. કુમારપાળ દેસાઈ જ્ઞાનયુક્ત, ચિંતનયુક્ત, પ્રવાહી અને મર્મગામી વાણીમાં કથા કહેશે.**

**શ્રી ભગવાન મહાવીર જન્મકલ્યાણક દિવસ નિમિત્તે**
**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજિત**
**ડૉ. કુમારપાળ દેસાઈની જ્ઞાનસભર વાણી દ્વારા**

**।। બુદ્ધિસાગરજી મહારાજ કથા ।।**

તારીખ : ૧૬ જૂન, શુક્રવાર, સાંજે ૬-૩૦
૧૭ જૂન, શનિવાર, સાંજે ૬-૩૦
૧૮ જૂન, રવિવાર, સવારે ૧૦-૦૦

સ્થળ :
ભારતીય વિદ્યાભવન, ચોપાટી, મુંબઈ

**આ ત્રિદિવસીય કથાના સૌજન્યદાતા**

**શ્રી રાજ સોભાગ સત્સંગ મંડળ**
**સાયલા**
**સ્મૃતિઃ શ્રી સી. યુ. શાહ**

પ્રવેશપત્ર માટે જિજ્ઞાસુઓને સંઘની ઑફિસનો સંપર્ક કરવા વિનંતી-23820296.

## અભિવાદન

**ડૉ. સાગરમલ જૈનને શ્રી હેમચંદ્રાચાર્ય ચન્દ્રક પ્રદાન**

ડૉ. સાગરમલ જૈન એ જૈન વિદ્યાજગતનું એક મહત્ત્વપૂર્ણ, માઈલસ્ટોન જેવું નામ છે. વિદ્યાની અવિરત અને અવિરલ સાધના એ તેમના જીવનનું ધ્યેય છે, અને વિદ્યા-તપના માધ્યમથી જિન ધર્મની આરાધના દ્વારા આત્મહિત સાધવું એ તેમનું મુખ્ય લક્ષ્ય છે.

વિદ્યા-તપના ધર્મપરાયણ સાધક ડૉ. સાગરમલ જૈનને તેમની સુદીર્ઘ અને અદ્ભુત વિદ્યા સાધનાની અનુમોદના રૂપે આ ચંદ્રક પ્રાપ્ત થઈ રહ્યો છે.

# જ્ઞાન-સંવાદ

*[ 'પ્રબુદ્ધ જીવન'ના જ્ઞાનપિપાસુ વાચકો સાથેના સંવાદને ધ્યાનમાં લઈ જ્ઞાનયાત્રાને વધુ સઘન અને પારદર્શી બનાવવાના પ્રયત્નરૂપે એક નવી શ્રેણી શરૂ કરી છે. વાચક મિત્રો પોતાના સવાલો લખી અમને મોકલે. પંડિતજી કે જ્ઞાની ભગવંત પાસેથી ઉત્તર મેળવી અહીં છાપીશું. વધુમાં વધુ પાંચ સવાલ પૂછી શકાય. સવાલ ધર્મજ્ઞાનને આધારિત હોય જેથી અન્ય વાચકોને પણ એ જ્ઞાન મળે... આ અંકમાં મુંબઈના **શ્રી પ્રફુલ મોતીચંદ કાપડિયા** ના પ્રશ્નોના, **વિદ્વાન રશ્મિ ભેદા**એ આપેલા જવાબો પ્રકાશિત કર્યા છે. ]*

**સવાલ-૧.** આપણે પૂજા કરતી વખતે આપણા સ્વ. માતા-પિતા-Spouse વતી પણ પૂજા કરીએ તો શું એનું પુણ્ય એમના ભાગે જાય? આપણને મળે? કે એનું પરિણામ કંઈ જ નહીં?

**પ્રફુલ મોતીચંદ કાપડિયા, મુંબઈ**

**જવાબ-૧.** જૈન ધર્મ કર્મસિદ્ધાંતમાં માને છે. જે ક્રિયા કરે, એનું પુણ્ય કે પાપ એ વ્યક્તિને મળે. જે કોઈ કાર્ય કરે, તેનું શુભ કે અશુભ કર્મ એને બંધાય. એ ક્રિયા શુભ હોય તો પુણ્યકર્મ બંધાય અને અશુભ હોય, તો પાપકર્મ બંધાય. એનાથી મળતું પુણ્ય કે પાપનું ફળ એને જ ભોગવવું પડે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (અધ્યયન ૪)માં કહ્યું છે, 'સંસારી જીવ પોતાના બંધુજનો માટે જે સામૂહિક કર્મ કરે છે, તે કર્મના ઉદયે એટલે કે એનાં ફળ ભોગવવાના સમયે કોઈપણ ભાઈ-ભાંડુ ભાગ પડાવવા કે સંબંધ સાચવવા આવતા નથી. અર્થાત્ કર્મફળ ભોગવતા નથી.'

વ્યાવહારિક દૃષ્ટિએ જોઈએ તો તમે ભોજન લેતા હો, તેનું લોહી બીજાના શરીરમાં થાય તેવું બને કઈ રીતે? વૈદિક ધર્મમાં એમ કહેવાય કે તમને કોઈ ગ્રહ નડતો હોય, તો એ વ્યક્તિ વતી બ્રાહ્મણ કે પુરોહિત જાપ જપે તો તમારી ગ્રહશાંતિ થાય. પણ જૈનદર્શન પ્રમાણે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ પણ કરી શકતું નથી. હા, તમે એ વ્યક્તિના હિતચિંતક છો, તમે એ વ્યક્તિ પ્રત્યે માન ધરાવો છો, તમે કોઈ પ્રત્યે શુભ ચિંતવો, તો એના શુભ પડઘા પડે ખરા.

આ પ્રશ્ન અંગે મતમતાંતર હોઈ શકે. બીજી દૃષ્ટિએ પણ વિચારમાં આવે છે કે આપણા માતા-પિતા સ્વર્ગસ્થ થતાં આપણે એમની પુણ્યસ્મૃતિમાં પૂજા કરીએ છીએ. આપણામાં પૂજા કરવાના સંસ્કારબીજ આપણા માતાપિતાએ વાવ્યા હતા, તે એમના મળેલા સંસ્કારને કારણે આપણે પૂજા ભણાવીએ છીએ. એ દૃષ્ટિએ પૂજા કરવામાં એમની અનુમોદના તો છે. આથી એક માન્યતા પ્રમાણે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જો એમાં એમની અનુમોદના હોય, તો એ વ્યક્તિને એનો લાભ મળે. ઘણી વખત કોઈ વ્યક્તિ અત્યંત ગંભીર માંદગીમાં સપડાઈ ગઈ હોય, ત્યારે એની શાંતિ, સ્વસ્થતા માટે વેદનીય કર્મની પૂજા ભણાવવામાં આવે છે કે જેથી એમને એ વ્યાધિની પીડામાંથી શાંતિ પ્રાપ્ત થાય, આમ છતાં બીજી વ્યક્તિ કર્મની નિર્જરા તો કરી શકે નહીં. કર્મનું ફળ તો એને ભોગવવું જ પડે, અને કર્મક્ષય માટેનો પુરુષાર્થ પણ પોતાને જ કરવો પડે.

આ રીતે આ બાબતમાં જુદાં જુદાં દૃષ્ટિબિંદુ જોવા મળે છે, પણ એક બાબત તો ચોક્કસ છે કે મોક્ષમાર્ગમાં પુણ્ય પણ હેય છે એટલે કોઈ પણ ધર્મક્રિયા પુણ્ય લક્ષે નહીં, પણ આત્મલક્ષે થવી જોઈએ.

**સવાલ-૨.** 'પ્રબુદ્ધ જીવન'માં જ વાંચ્યું હતું કે નવકાર મંત્રનું સંક્ષિપ્ત સ્વરૂપ નમોર્હત્-સિદ્ધાચાર્ય-ઉપાધ્યાય છે તો આ મંત્રો સ્ત્રીઓ શા માટે બોલી નહીં શકે?

**જવાબ-૨.** આપનો બીજો સવાલ નવકાર મંત્રના સંક્ષિપ્ત સ્વરૂપનો છે. 'નમોર્હત્ સિદ્ધાચાર્ય ઉપાધ્યાય...' આ ચૌદ પૂર્વમાંથી ઉદ્ધારેલું છે, જેને ભણવાનો અધિકાર સ્ત્રીઓને નથી. સ્ત્રીઓ અગિયાર અંગ સુધી જ ભણી શકે છે. આ સૂત્ર આચાર્ય સિદ્ધસેન દિવાકરસૂરિજી રચિત છે, જેના માટે એમના ગુરુએ એમને ઊંચામાં ઊંચું પરાંચિત પ્રાયશ્ચિત્ત આપ્યું હતું. આચાર્ય સિદ્ધસેન દિવાકરસૂરિજીએ 'કલ્યાણમંદિર સ્તોત્ર' રચીને ઉજ્જૈનના રાજાને પ્રભાવિત કરીને જૈન ધર્મી બનાવ્યા હતા. એ પછી ગુરુએ એમને પાછા સંઘમાં લીધા. નવકારમંત્ર ચૌદ પૂર્વનો સાર ગણાય છે. આ બે વાત જુદી છે.

**સવાલ-૩.** કેટલાક કાઉસગ્ગ 'ચંદસુનિમ્મયલા' સુધી જ શા માટે ગણાય છે?

**જવાબ-૩.** લોગસ્સનો કાઉસગ્ગ શ્વાસોચ્છ્વાસની સંખ્યા પર આધારિત છે. આ યોગિક પ્રક્રિયા છે. 'ચંદેસુ નિમ્મલયરા' સુધી ૨૫ શ્વાસોચ્છ્વાસનો થાય છે, જ્યારે 'સાગરવર ગંભીરા' સુધીનો લોગસ્સ ૨૭ શ્વાસોચ્છ્વાસનો હોય છે. જ્યાં કોઈ તપની, ઓળીની આરાધના કરવાની હોય અથવા તો જ્યાં પ્રાયશ્ચિત્ત લેવાનું હોય, ત્યાં 'ચંદેસુ નિમ્મલયરા' સુધી ગણાય છે. જેમ કે 'ઇરિયાવહી સૂત્ર' જે ઇરિયાપથિકી ક્રિયા એટલે કે ગમનાગમનની ક્રિયા દરમિયાન અજાણતાં થઈ ગયેલી જીવ વિરાધના અંગેની

પ્રતિક્રમણ, પશ્ચાત્તાપની ક્રિયા છે. આથી અહીં જે કાયોત્સર્ગ કરાય છે ત્યાં 'ચંદેસુ નિમ્મલયરા' સુધીનો લોગસ્સ હોય છે અને જ્યાં વિઘ્ન દૂર કરવાનું હોય છે, રક્ષા કરવી હોય, ત્યાં લોગસ્સ 'સાગરવર ગંભીરા' સુધી ગણવાનો હોય છે.

આ બધાં સામાચારી છે, કોઈ સિદ્ધાંત નથી. એટલે દરેક ગચ્છમાં, સમુદાયમાં જે પ્રમાણે પરંપરા ચાલી આવતી હોય અને પૂર્વાચાર્યોએ માન્ય રાખી હોય, એ પ્રમાણે વર્ષોથી એ પરંપરા ચાલે છે.

**સવાલ-૪.** મેં ઘણી બુક રીફર કરી (પંચ પ્રતિક્રમણની) પણ એમાં ક્યાંયે તપચિંતામાંથી (૪ લોગસ્સ/૧૬ નવકાર)નો કાઉસગ્ગ સંપૂર્ણ કે ચંદેસુનિમ્મયલા સુધી–એનો ઉલ્લેખ ન મળ્યો તો જણાવશોજી.

**જવાબ ૪.** 'તપ ચિંતામણિ'ના કાઉસગ્ગમાં તપની ચિંતવના કરવાની છે. એના માટે વૈકલ્પિક રીતે ૧૬ નવકારનો કાઉસગ્ગ કરવાનો છે. ૪ લોગસ્સનો નહીં.

'આજે આ તિથિ છે (અષ્ટમી, ચતુર્દશી) કે કોઈ કલ્યાણક છે તો એના માટે ભગવાનની આજ્ઞા છ મહિનાના ઉપવાસ કરવાની છે, જે હું કરી શકતો નથી. એમાંથી એક એક દિવસ ઘટાડતો જાઉં, તો પણ મારી એવી શક્તિ નથી. મારી ભાવના હોવા છતાં મારા એવા પરિણામ પણ ઊંચા નથી કે હું ઉપવાસ કરી શકું, તો ઊતરતા ઊતરતા એક ઉપવાસ...બેસણા, સાઢપોરશી, પોરસી સુધીના તપ સુધી પણ કરવાની ભાવના આજની તિથિએ થતી નથી, વીર્ય ફોરાવતું નથી.'

છતાં જિનાજ્ઞામાં રહેવાના પ્રતીકરૂપે અણાહારી પદપ્રાપ્તિના લક્ષને જીવંત રાખવાના પ્રતીકરૂપે નમુક્કારસીનું તપ કરીશ અને આહાર સંજ્ઞાને તોડવા માટે પ્રયત્નશીલ રહીશ. એટલે ઉત્કૃષ્ટ તપથી જઘન્ય તપ સુધીની ભાવના ભાવવી એ તપ ચિંતવના છે. એનો કાઉસગ્ગ 'રાઈ પ્રતિક્રમણ'માં પચ્ચક્ખાણ પહેલાં કરવાનો હોય છે. એ તપ ચિંતવના ન આવડતી હોય, તેના માટે સોળ નવકારના કાઉસગ્ગની વૈકલ્પિક વ્યવસ્થા છે.

**સવાલ-૫.** ઘણાંને પૂછતાં જવાબ મળ્યો કે નવકાર મંત્ર તો સાશ્વતો છે પણ એની રચના કોણે અને ક્યારે કરી એનો જવાબ મળ્યો નહીં.

**જવાબ-૫.** ઉપરના પ્રશ્નના અનુસંધાનમાં આપના પાંચમા પ્રશ્નનો ઉત્તર આપું છું. નમસ્કાર મંત્ર પ્રવાહની દૃષ્ટિએ અનાદિ છે અને કાળની દૃષ્ટિએ એની રચના અર્થથી શ્રી તીર્થંકર દેવો અને સૂત્રથી શ્રી ગણધર ભગવંતો કરે છે. શ્રી નમસ્કાર મહામંત્ર (પાંચ પદ અને ચૂલિકા) અર્થથી શાશ્વત છે, પણ શબ્દથી ય શાશ્વત છે, તેમ પૂજ્ય આચાર્ય શ્રી સાગરાનંદસૂરીશ્વરજી તેમના 'સિદ્ધચક્ર' સામયિકમાં દર્શાવે છે.

એમ વિચારીએ તો નવકાર મંત્ર શાશ્વતો છે. જે કૃતિ શાશ્વત હોય, તો એની રચના ક્યારે થઈ અને કોણે કરી એ સવાલ ઊભો થતો નથી. જે કૃતિના રચયિતા હોય, તેનું કાળનિર્ધારણ થઈ શકે છે, તેથી તે શાશ્વત કહેવાય નહીં. જ્યારે નમસ્કાર મહા મંત્ર શાશ્વતો છે.

જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ લખાયું હોય તો મિચ્છા મિ દુક્કડમ્.

✱ ✱ ✱

**વિદ્વાન ડૉ. રશ્મિ ભેદા**
મોબાઈલ:૯૮૬૭૧૮૬૪૪૦


## પ્રબુદ્ધ જીવન

(ફોર્મ નં. ૪, રૂલ નં. ૮)

રજિસ્ટ્રેશન ઓફ ન્યૂઝપેપર રૂલ્સ ૧૯૫૬ અન્વયે 'પ્રબુદ્ધ જીવન'ની માલિકી અને તે અંગેની માહિતી.

| | |
|---|---|
| ૧. પ્રકાશન સ્થાન | :રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪. કામચલાઉ સરનામુ : ૩૩, મહમ્મદી મીનાર, ૧૪મીખેતવાડી,મુંબઈ-૪૦૦ ૦૦૪. |
| ૨. પ્રસિદ્ધિનો ક્રમ | :માસિક. દર મહિનાની ૧૬મી તારીખે |
| ૩. મુદ્રકનું નામ | :શ્રીમતી પુષ્પાબેન ચંદ્રકાંત પરીખ |
| ૪. પ્રકાશકનું નામ | :શ્રીમતી પુષ્પાબેન ચંદ્રકાંત પરીખ |
| રાષ્ટ્રીયતા | :ભારતીય |
| સરનામુ: | :રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪. |
| ૫. તંત્રી | :સેજલ એમ. શાહ |
| રાષ્ટ્રીયતા | :ભારતીય |
| સરનામું | :રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪. |
| ૬. માલિકનું નામ અને સરનામુ | :શ્રી મુંબઈ જૈન યુવક સંઘ :૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪. |

હું સેજલ એમ. શાહ આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૧૬-૩–૨૦૧૭ ☐ **સેજલ એમ. શાહ**, તંત્રી

# શ્રી દત્ત આશ્રમ જનસેવા ટ્રસ્ટમાં ચેક અર્પણ વિધિ

ઈ. સ. ૧૯૮૫ થી પ્રારંભ થયેલ શ્રી મુંબઈ જૈન યુવક સંઘની માનવસેવા અને શિક્ષણસેવાની પ્રવૃત્તિ અંતર્ગત પર્યુષણ દરમ્યાન એક સંસ્થા માટે ફંડ ભેગું કરવું, આ કાર્યના ભાગ રૂપે આ વર્ષે શ્રી દત્ત આશ્રમ જનસેવા ટ્રસ્ટની પસંદગી કરવામાં આવી હતી.

આપણી સંસ્થાના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી રમણભાઈ શાહે વિચાર્યું હતું કે પર્વના દિવસોમાં વ્યાખ્યાનમાળામાં જ્ઞાન ઉપાર્જન સાથે આવી કોઈ શૈક્ષણિક સંસ્થા માટે દાનની ટહેલ નાખવી જેથી સહુ કોઈ શક્તિ મુજબ યથાશક્તિ ફાળો નોંધાવી પોતાની કરુણા ભાવના પણ સંતોષી શકે અને સાથે સાથે આવી પસંદ કરેલ શૈક્ષણિક સંસ્થા હંમેશને માટે પગભર થઈ જાય.

આ વર્ષે પણ મુંબઈના દાતાઓને દત્ત આશ્રમ-ખેરગામની ટહેલ નાખતા પર્યુષણ વ્યાખ્યાનમાળામાં દાનની ગંગા વહી અને ઉપરોક્ત સંસ્થા માટે ૨૫ લાખ ૭૯ હજાર અને ૭૪૩ રૂપિયા ભેગા થયા. આ રકમનો ચેક ૫ મી ફેબ્રુઆરીએ ખેરગામમાં યોજેલ સમારંભમાં ટ્રસ્ટીગણને અર્પણ કર્યો.

સમારોહના અધ્યક્ષ શ્રી કાનજીભાઈ ભાલાળા મુખ્ય અતિથિ નિતિનભાઈ સોનાવાલા અને મુખ્યવક્તા ડૉ. હરિભાઈ દેસાઈ હતા. આ સંસ્થાને 'સુરત માનવ સેવા સંઘ-છાંયડો'નો સહયોગ પ્રાપ્ત થતાં બધી સમસ્યાઓનો ઉકેલ આવ્યો. 'છાંયડો'ના પ્રમુખ શ્રી ભરતભાઈ શાહ અહીં ભણતા બાળકોના આરોગ્યની વિશેષ કાળજી લે છે તથા તેમને કોઈપણ જાતની મુશ્કેલી ન આવે તેનું વિશેષરૂપે ધ્યાન રાખે છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી અઢાર મહાનુભાવો આ કાર્યક્રમમાં સહભાગી થવા માટે પધાર્યા હતા. પહેલાં આ સંસ્થા પૂજ્ય સ્વામી શ્રી ક્રિષ્નાનંદજી સંભાળી રહ્યા હતા. પરંતુ એમના અવસાન પછી નાણાંની ખૂબ તંગી આવી તેથી બાળકોનું ભોજન એક ટંક કર્યું. પાંચમું ધોરણ બંધ કર્યું તથા શિક્ષકોના પગાર ન અપાયા. આવા કપરા કાળમાં તેમની મદદે છાંયડો સંસ્થા આવી પરંતુ આવશ્યક વસ્તુઓનું લીસ્ટ ઘણું જ વિશાળ હતું અને શ્રી દત્ત આશ્રમ જન સેવા ટ્રસ્ટનો હાથ આપણા સહુની સંસ્થા શ્રી મુંબઈ જૈન યુવક સંઘે ઝાલ્યો. એ સંસ્થાને ભરપુર સન્માન સહિત મુંબઈના દાનવીરો પાસેથી એકઠી થયેલ રકમનું સંપૂર્ણ અનુદાન અર્પણ કર્યું. અહીં બસો વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

અહીં બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો જે અદ્‌ભુત હતો. તેમણે જેવી રીતે માનવ પિરામીડની આકૃતિ બને તેવી રીતે વિશાળ હાથી અને ઘોડા બનાવ્યા અને ચલાવ્યા. આદિવાસી લોકોના નિખાલસ સ્વભાવથી આકર્ષાયેલા કલ્પાબેન પોતે બાળકો માટે ઘણી ભેટો લાવ્યા હતા. પ્રેમાળ બાળકોએ સહુનું મન જીતી લીધું. સહુએ ત્યાં પણ પોતાનો અલગથી ફાળો નોંધાવ્યો, જેમાં પ્રવીણભાઈ સહુની મોખરે રહ્યા.

**–રેણુકા પોરવાલ**

## ઉત્તરાધ્યયન સૂત્ર ૧–૨–૩ની પરીક્ષાનું પરિણામ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી મે' ૨૦૧૪માં યોજાયેલ શિબિરના અનુસંધાને લિખિત પરીક્ષા યોજાઈ હતી.

આ પરીક્ષામાં ૭ શ્રાવકો અને ૯ શ્રાવિકાઓ મળીને – ૧૬ પરીક્ષાર્થીઓએ પેપરના જવાબો લખી મોકલ્યા હતા.

પેપરના જવાલો લખી મોકલનાર પ્રત્યેકને અભિનંદન.

પરીક્ષકની નોંધ: ૨૯ પ્રશ્નો ધરાવતું, ગ્રંથના ત્રણેય ભાગને આવરી લેતું પ્રશ્નપત્ર હતું, તેના જવાબો લખવામાં સ્વાધ્યાય માટે પત્રો, સમન્વય, સમજપૂર્વક ઉત્તરો આપવા માટે પરિશ્રમ લેનારને પુનઃ ધન્યવાદ.

પ્રશ્નના ઉત્તરોમાં વધુ પડતું લખાણ અને ક્યારેક ન જોઈતી વિગતો પણ મળે છે. અભ્યાસ માટેની કાળજી ઘણા ઉત્તરોમાં જોવા મળતી નથી.

**પરિણામ : પ્રથમ ત્રણ નંબર**

**૨૯૫ માંથી કુલ ગુણમાંથી મેળવેલ**

| | |
|---|---|
| ૧. શ્રી જયરાજ એસ. શાહ | ૨૫૬ |
| ૨. જાગૃતિબહેન એસ. મહેતા | ૨૪૦ |
| ૩. શ્રી દક્ષાબહેન કેતન શ્રોફ | ૨૨૨ |

**પરીક્ષાનું પરિણામ**

| | નામ | મેળવેલ ગુણ |
|---|---|---|
| ૧. | એકતાબહેન એમ. પરીખ | ૨૧૨ |
| ૨. | ડૉ. છાયાબહેન શાહ (બે બુક છે) | ૨૧૧ |
| ૩. | દક્ષાબહેન કેતન શ્રોફ | ૨૨૨ |
| ૪. | દક્ષાબહેન એન. વોરા | ૨૧૧ |
| ૫. | શ્રી હર્ષદભાઈ એમ. શાહ | ૧૪૯ |
| ૬. | હેમંતીબહેન એસ. ઝવેરી | ૨૦૨ |
| ૭. | જાગૃતિબહેન એસ. મહેતા | ૨૪૦ |
| ૮. | શ્રી જયરાજ એસ. શાહ | ૨૫૬ |
| ૯. | શ્રી લલિત ગાંધી | ૦૯૯ |
| ૧૦. | નીલાબહેન જયેશ શાહ | ૧૩૬ |
| ૧૧. | નીલાબહેન એન. કુવાડિયા | ૨૦૬ |
| ૧૨. | શ્રી રાજેશ સી. શાહ | ૧૬૧ |
| ૧૩. | સંગીતાબહેન બી. શાહ | ૧૩૫ |
| ૧૪. | શ્રી વલ્લભજી આર. મારુ | ૧૭૮ |
| ૧૫. | શ્રી વિમલ પી. શાહ | ૧૮૭ |
| ૧૬. | ઝવેરીલાલ એમ. દેઢિયા | ૦૭૪ |

**પરીક્ષક : રસિક એલ. મહેતા**

# ભાવ-પ્રતિભાવ

પર્યુષણ પર્વ વિશેષાંક-બાર ભાવનાનો અંક મળ્યો. સંકલન ઘણું જ સુંદર રીતે કરેલું છે. ૧૨ ભાવનાના નામ, તેની સામાન્ય સમજણ અને તે કોણે કોણે ભાવી હતી તેનો અભ્યાસ થોકડા શીખ્યા ત્યારે કર્યો હતો. આ અંકમાં એક એક ભાવના વિશે જાણ્યું. ભાવનાની સમજણ, તેની વિશાળતા, ગૂઢતા, ગહનતા અને આપણા જીવનમાં તેનું શું મહત્ત્વ છે તે આ અંક વાંચ્યા પછી સમજાયું છે. સામાયિક લઈને અંક વાંચવા બેસીએ અને ઓચિંતાની નજર ઘડિયાળ પર પડે તો ખ્યાલ આવે, અરે! સામાયિક તો ક્યારનીય નીપજી ગઈ છે. ખરેખર અંતિમ ધ્યેયના ધ્યાતા મોક્ષમાર્ગી જીવોને માટે આ અંક માર્ગદર્શક છે.

ખૂબ ખૂબ આભાર સાથે.

**–નલિની વોરા,** સાંતાક્રુઝ (પ), મુંબઈ-૪૦૦૦૫૪

***

'પ્રબુદ્ધ જીવન'નાં અંકોના પાછળના પૃષ્ઠોમાં આવતા અંગ્રેજી લેખો પણ ખાસ વાંચવા જેવા હોય છે.

જાન્યુ. '૧૭ના અંકની વાત કરું તો ડૉ. કામિની ગોગરીનો Self Study of Jainology અંગેનો લેખ વાંચનારને જૈનોલોજીનો અભ્યાસ કરવા પ્રેરે તેવો છે.

આ જ અંકમાંના શ્રી દિલિપભાઈ શાહના ફીલાડેલફીઆથી લખાયેલ લેખમાંથી એ જાણવા મળે છે કે ઉત્તર અમેરિકામાં જૈનોના બાળકો પાઠશાળાઓમાં જૈન ધર્મના તત્ત્વજ્ઞાન, ઇતિહાસ વ. વ. દરેક પાસાઓનો અભ્યાસ કરે છે. અને 'જૈના એકેડેમીક બાઉલ' દ્વારા થતી હરીફાઈ થકી રમતની સાથે સાથે જ્ઞાન મેળવે છે. આની સરખામણીમાં આપણે ત્યાંના મોટા ભાગના બાળકો, સારા જૈન જ નહીં, સારા માનવી બનવા માટે લગભગ નકામા શાળા-મહાશાળાના અભ્યાસને કારણે/બહાને દહેરાસર, ઉપાશ્રય કે પાઠશાળા જવાથી પણ વંચિત રહી જાય છે.

વળી, પ્રાચીબહેન શાહનો લેખ જે ખરેખર બધાએ વાંચવા જેવો છે. તેમની તા. ૧૦ ડિસેમ્બર, '૧૬ ની વાત, જે દિવસે ન્યુજર્સીના J.V.B.N.J. જ્ઞાનશાળા અને યુથ ફોરમના ઉપક્રમે ત્યાંના જૈન બાળકો 'હંગરવાન'માં ૧૨૫ 'ભાણાં' લઈને ન્યુ વાર્ક પેન્ન સ્ટેશને જાય છે અને એ ૧૨૫ ભાણાં જે રીતે ફક્ત ૨૦ મિનિટમાં ચપોચપ ઊપડી જાય છે, તે ખાસ જાણવાજોગ છે, એટલા માટે પણ કે અમેરિકા કરતાં અનેકગણો ભૂખમરો છતાં, આપણે ત્યાં આવું કશું થતું ભાગ્યે જ દેખાય છે.

એવી જ રીતે રેશ્માબહેન જૈનની The Seeker's Diaryમાંની વ્યવહાર શુદ્ધિ અંગેની વાત પણ વ્યાજબી જ છે; કારણ કે, ખૂબ જ ટૂંકમાં વાત કરીએ તો, જેઓ ભેટ-સોગાદ, ચાંદલા લેવાના વ્યવહારમાં માને છે તેઓ આપવાના વ્યવહારમાંથી 'છટકી' જવા પ્રયત્ન કરે તે બરાબર નથી. જો કે પશ્ચિમના દેશોના અનુકરણ જેવી આ Gifts અને Return Giftsની પ્રથા આપણે ત્યાં પણ દિવસે-દિવસે વધુ ને વધુ વ્યાપક થતી જાય છે. તે આપણા જેવા ગરીબ દેશ કે જ્યાં રોજેરોજ હજારો કે લાખો લોકોએ ભૂખ્યા-અર્ધભૂખ્યા પેટે સૂઈ જવું પડે છે ત્યાં કેટલી વ્યાજબી છે તે પણ વિચારવા જેવું છે. વળી, પશ્ચિમનાં દેશોમાં પણ, એમ કહેવાય છે કે આ ભેટ-સોગાદોમાંની ૫૦% તેના પેકેટ ખોલ્યા વગર જ કચરા પેટીઓમાં ફેંકી દેવાય છે, તે પણ ધ્યાનમાં રાખવા જેવું છે.

**–અશોક શાહ,** અમદાવાદ

***

Sir

This is with reference to Dr. Renuka Porwal's article about Jaina Ramayana in December, 2016 issue of `Prabudha Jivan', wherein, she has very beautifully narrated the origin of Jaina Ramayana.

In my humble opinion, the Jaina Ramayana, very aptly and in great detail, has also explained sufferings etc of Sita and others in the perspective of Jaina Karma Theory, showing their deeds etc in their previous births and this fact puts Jaina Ramayana in unique place amongst all, more than a hundred Ramayanas–with different names of the characters--popular in India and all of its neighbouring countries.

**–Ashok N.Shah, Ahmedabad**

## મુદ્રણ સુધારો

'પ્રબુદ્ધ જીવન'ના જાન્યુઆરી ૨૦૧૭ના અંકમાં 'નવ તત્ત્વ' લેખમાં જે પ્રુફની ભૂલો રહી જવા પામી છે એ નીચે પ્રમાણે છે-

**પાના નં. ૭,** પહેલી કોલમમાં અંતે 'હેય તત્ત્વોનો ત્યાગ અને ઉપાદેય તત્ત્વોનો આદર એ સમ્યગ્ ચારિત્ર છે.' એમ સુધારીને વાંચવું.

**પાના નં. ૮** ઉપર બીજી કોલમમાં

'દ્રવ્ય મોક્ષ–કર્મનો સર્વથા ક્ષય કરવો તે.

ભાવ મોક્ષ–તે કર્મનો ક્ષય થવામાં કારણરૂપ જીવનો જે પરિણામ એટલે કે સર્વ સંવરભાવ તે ભાવ-મોક્ષ.' આ પ્રમાણે સુધારીને વાંચવું.

**પાના નં. ૧૧** ઉપર પહેલી કોલમમાં બાહ્ય તપના પ્રકારો અંતર્ગત પાંચમા ક્રમે 'સંલીનતા' સુધારીને વાચવા વિનંતી.

**–ડૉ. રશ્મિ ભેદા, મુંબઈ**

જ્ઞાન વિક્ષેપ બદલ મિચ્છામિ દુક્કડમ્. **–તંત્રી**

*કોઈ ને કાંઈ દ્વેષથી કહેવાઈ જવાય તો પશ્ચાતાપ ઘણો કરજો, અને ક્ષમાપના માગજો. પછીથી તેમ કરશો નહીં.*

# સર્જન-સ્વાગત

**□ ડૉ. કલા શાહ**

પુસ્તકનું નામ : **માટીએ ઘડ્યાં માનવી**
(માનવતા કાજે ઝઝૂમનારા ખમીરવંતા માનવીઓની સંઘર્ષ કથા)
લેખક : કુમારપાળ દેસાઈ
પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-૧. ફોન-૨૨૧૪૪૬૬૩.
પ્રાપ્તિસ્થાન : ગૂર્જર સાહિત્ય ભવન,
રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૧.
મૂલ્ય-રૂા. ૧૫૦/-, પાના-૮+૧૫૨=૧૬૦,
આવૃત્તિ-પ્રથમ. ઇ. સ.૨૦૧૬.




માટીએ ઘડ્યાં માનવી -એટલે ધ્યેયસિદ્ધિ માટે જીવન જીવનારા એવા માનવીઓની સત્યકથા છે. આ માનવીઓએ જગતની વર્તમાન પરિસ્થિતિને જુદી દૃષ્ટિએ જોઈ છે અને એના ઉકેલ માટે આગવો માર્ગ અપનાવ્યો છે. આવા માટીએ ઘડ્યા માનવીઓ જગતની ધૂળમાં રત્નોની માફક વેરાયેલાં છે. એવા માનવ-રત્નોની આ કથા છે જેમણે પોતાના અંતરના અવાજને અનુસરીને પોતાના હેતુની સિદ્ધિ માટે આકરી તપશ્ચર્યા કરીને અંતે સફળતા મેળવી હોય.

આ માટે અથાગ પ્રયાસ કરતી વખતે એને ઊંચા પગારની નોકરી કે સુખ સાહ્યબી કે એશ આરામ ભર્યું જીવન સહેજે આકર્ષતું નથી. બલકે પોતાના નવા માર્ગે એકલવીરની માફક પ્રયાણ આદરીને પોતાની આગવી દુનિયા રચવા માગે છે. ધ્યેય સિદ્ધિને માટે અકલ્પ્ય એવા પડકારો ઝીલવા પડે છે. કોઈ પર્વતારોહકની જેમ એક એક ડગલું ભરીને પર્વતારોહણ કરતો જાય એ રીતે પોતાની શારીરિક મર્યાદાઓની વચ્ચેથી માર્ગ કાઢીને એ શિખર ભણી જતો હોય છે. આના માટે કોઈએ વૃદ્ધત્વની કે અંધત્વની સીમા ઓળંગવા સાહસ કર્યું, તો કોઈ જીવલેણ રોગ સામે એકલે હાથે ઝઝૂમનારા સંશોધકો પુરવાર થયા.

આ પુસ્તક પ્રત્યેક વ્યક્તિને માટીના માનવીઓની વાસ્તવિક સંઘર્ષકથાનો હૃદયસ્પર્શી ખ્યાલ આપે છે. અને આ કથાઓ એટલે ધરતીની ધૂળમાં રત્નોની માફક વેરાયેલાં માનવરત્નોની કથા. અશક્યને શક્ય કરનારા માનવીઓની કથાઓ.

x x x

પુસ્તકનું નામ : **ગુજરાતી કવિતા ચયન-૨૦૧૨**
સંપાદક : મનોહર ત્રિવેદી
પ્રકાશક : ઉષા ઉપાધ્યાય
પ્રકાશન મંત્રી : ગુજરાતી સાહિત્ય પરિષદ,
ગોવર્ધન ભવન, નદી કિનારે, 'ટાઈમ્સ' પાછળ,
આશ્રમ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯.
મૂલ્ય-રૂા. ૧૫૦/-, પાના-૨૦+૧૪૦=૧૬૦,
પ્રથમ આવૃત્તિ ઈ. સ. ૨૦૧૫.




'ગુજરાતી કવિતા ચયન : ૨૦૧૨'નું સંપાદન શ્રી મનોહર ત્રિવેદીએ કર્યું છે. આ સંપાદનને એમની કવિદૃષ્ટિનો લાભ મળ્યો છે. આ પુસ્તક દ્વારા કાવ્ય રસિકોને અને અભ્યાસીઓને સર્જાતી ગુજરાતી કવિતાનો સ્પષ્ટ આલેખ સાંપડે છે. એ દૃષ્ટિએ કાવ્યાસ્વાદ ઉપરાંત આ શ્રેણીનું એક દસ્તાવેજી મૂલ્ય પણ છે.

આ પુસ્તકમાં ચાર પ્રકારનાં કાવ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અછાંદસ, છંદોબદ્ધ કે લયાન્વિત છંદ, ગઝલ તથા ગીત.

